
ચતુરચતુરી ચાવિક



પૂ. આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબ

Sursundri Charitra

PART-2

Acharya
Ajit Sagar Suri

By Acharya Ajit Sagar Suri

(C) 1000

Price Rs.
20-00

Prakashak.
Shree Mahudi Swetamber Murtipujak
Trust
Mahudi

Printed By
Navprabhat Printing Press
Gheekanta Road
AHMEDABAD : 380001



યોગનિષ્ઠ આચાર્યશ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરેભ્યો નમઃ

શ્રીમાન્ ધનેશ્વરમુનિ વિરચિત

શ્રી સુરસુંદરી ચરિત્ર

ભાગ – ૪



પ્રસિદ્ધ વક્તા

આચાર્યશ્રીમદ્ અજિતસાગર સૂરીશ્વરજી મ.

પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :

શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વે. મૂ. પૂ.
ટ્રસ્ટ મહુડી
તા. વિજાપુર (ઉ. ગુ.)


(c) સર્વહક્ક પ્રકાશકને સ્વાધીન.

દ્વિતીય આવૃત્તિ
વીર સંવત ૨૫૧૩
વિ. સં. ૨૦૪૩
સને ૧૯૮૬

કિંમત :
૨૦–૦૦

મુદ્રક સહકાર :
નવનીતભાઈ જે. મહેતા
સાગર પ્રીન્ટર્સ
પાદશાહની પોળ, મોટીનું ડહેલું,
રીલીફરોડ, અમદાવાદ–૧

મુદ્રક :
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ નોવેલ્ટી સીનેમા પાસે,
અમદાવાદ–૩૮૦૦૦૧



પૂ.આ.શ્રીમદ્ અજીત સાગર સૂરિ-ચરણજી મ.સા.

પ્રકાશકીય

શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ટ્રસ્ટને સ્વ-પરમ પૂજ્ય, શાસન પ્રભાવક પ્રસિદ્ધ વક્તા આચાર્ય ભગવન્ત શ્રીમદ્ અજિતસાગર સૂરીશ્વરજી મ. સા. વિરચિત સંસ્કૃત ચરિત્ર ગ્રન્થો તથા ગુજરાતી ચરિત્ર ગ્રન્થોને પુનઃ પ્રકાશિત કરવાનું પુણ્યમયી કાર્ય કરવાનો મહાન અનુપમ લાભ મળ્યો, તે માટે આજે અવર્ણનીય આનંદ અનુભવે છે.

'ભીમસેન-ચરિત્ર'ની ત્રીજી આવૃત્તિનું પ્રકાશન કર્યા પછી ટુંક સમયમાં જ 'સુર-સુંદરી ચરિત્ર' ગ્રન્થને સાહિત્ય રસીક જનતા સમક્ષ રજૂ કરી 'એક કદમ આગે' બઢાવતા સવિશેષ આનંદ થાય, તે સ્વાભાવિક જ છે.

તદુપરાંત હવે પછી 'અજિતસેન-શીલવતી' સંસ્કૃત-ગ્રન્થ ટુંક સમયમાં જ પ્રકાશીત કરીશું.

તેમજ 'શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર' ભા. ૧-૨ ગુજરાતી પુસ્તકનું મુદ્રણ કાર્ય ચાલુ છે, જે થોડા સમય પછી પ્રકાશીત થશે.

'શ્રી કુમારપાલ ભૂપાલ-ચરિત્ર' ગુજરાતી ગ્રન્થ તથા 'શ્રી ચંદ્રરાજ-ચરિત્ર' સંસ્કૃત પ્રતનું પ્રકાશન કરવા અમો કૃતનિશ્ચયી છીએ.....

અનન્તાનન્ત પરમ તારક, પરમ ઉપકારક શ્રી તીર્થંકર જિનેશ્વર પરમાત્માના પરમ કલ્યાણકારી શાસનમાં જિનાજ્ઞાસાર ગર્ભિત, વૈરાગ્ય-રસ વહેતી ધર્મકથાઓમાં આત્માને રસ તરબોળ બનાવી જિનવાણીમાં પરમ શ્રદ્ધાનું ઉદ્ભાવન કરી, સમ્યગ્-જ્ઞાન યુક્ત શુદ્ધ ચારિત્રનું આલંબન પ્રાપ્ત કરી સંસારવર્તી દરેકે દરેક જીવો સત્ય સુખના સ્વામી બને,

એ જ એકમાત્ર શ્રદ્ધેય–ધ્યેયને મુખ્ય લક્ષ રાખી અનાદિ અનન્ત કાલિન અનન્તાનન્ત શ્રી તીર્થંકર ભગવન્તો તથા અનન્તાનન્ત આચાર્ય ભગવન્તો આદિ એ પ્રચુર રસાત્મક ધર્મકથાઓના અસ્ખલિત પ્રવાહને વહેતો રાખીને જે મહત્તમ ઉપકાર કર્યો છે, તે શત–સહસ્ર મુખથી પણ વર્ણવી શકાય તેમ નથી.

ચતુર્ગતિમય આ સંસાર અનન્તાનન્ત દુઃખોથી ખાણ છે... ક્યાંય પણ સુખનો તો છાંટોય નથી. હીન પુણ્યવન્ત પાપાત્માઓ અનેક પ્રકારે દુઃખની જ પરંપરાઓ પ્રાપ્ત કરે છે, તે તો એક સહજ રીતે સમજાય તેવી વાત છે,

પરંતુ જન્મની આરંભીને જ જ્યાં અખૂટ સુખના ભંડારો છલકાતા હોય છે, તેવા મહાન પુણ્યવન્ત આત્માઓને પણ એજ જન્મમાં કેવા કેવા પ્રકારના ભયંકર દુઃખોનો અસહ્ય અનુતાપ સહન કરવો પડે છે, તે જ્યારે ધર્મકથાનકોમાં અનુભવની એરણ પર ચઢીને જાણવા મળે છે,

ત્યારે વર્તમાનકાલિન શ્રદ્ધા–ભ્રષ્ટ; નીતિ–ભ્રષ્ટ અને સંસ્કાર–ભ્રષ્ટ જન–જીવનના ઝુઝાતા શ્રદ્ધા દીપને પુનઃ પ્રકાશીત કરે, નીતિ હીન અને સંસ્કાર–હીન માનવજીવનમાં નીતિ અને સત્સંસ્કારનું પુનઃ સંસ્કરણ પ્રસ્થાપિત થાય, તેવા સત્સાહિત્યનો જન–જન અને ઘટ–ઘટમાં પ્રચાર/પ્રસાર થાય, તેવા ઠોસ પ્રયત્નની તાતી જરૂર છે, તેનો સ્વીકાર કરવો જ રહ્યો.

નીતિ–ભ્રષ્ટ મડદાલ જીવન જીવવા માટે આ માનવ જીવન નથી, પરંતુ આત્માની અનન્ત શક્તિનું ઉત્થાન કરવા માટે જ આ મહામૂલ્યવાન માનવ જીવન છે. આત્માની અનન્ત શક્તિનું ઉત્થાન કરવા અને આત્માને મુક્તિના મંઝીલે પ્રસ્થાપિત કરવા માટે આત્મ–લક્ષી બનવાનો પરમ ઉત્કૃષ્ટ પુરુષાર્થ અન્તરમાં જાગૃત બને, તે માટે સર્વોત્કૃષ્ટ ધર્મકથા સાહિત્યનો આદર કરીએ.

પ્રસ્તુત ગ્રન્થના પુણ્ય પ્રકાશન કાર્યમાં પ્રેરણા કરનાર પરમ પૂજ્ય, શાસ્ત્ર વિશારદ, અષ્ટોત્તર શતાધિક ગ્રન્થરત્ન પ્રણેતા યોગનિષ્ઠ આચાર્ય ભગવંત શ્રીમદ્ **બુદ્ધિસાગર સૂરીશ્વરજી** મ. સા.ના પટ્ટધર પરમ પૂજ્ય, પ્રશમરસનિધિ, વાત્સલ્ય મૂર્તિ, આચાર્ય ભગવન્ત શ્રીમત્ **કીર્તિસાગર સૂરીશ્વરજી** મ. સા. ના પટ્ટધર પરમ પૂજ્ય પરમ શાસન પ્રભાવક, આચાર્ય ભગવન્ત શ્રીમત્ **સુબોધસાગર-સૂરીશ્વરજી** મ. સા. નો જેટલો પણ આભાર માનીએ, તેટલો અલ્પ જ ગણાશે.

તેમજ પરમ પૂજ્ય, પ્રશાન્તમૂર્તિ, આચાર્ય ભગવન્ત શ્રીમદ્ **મનોહર કીર્તિસાગર સૂરીશ્વરજી** મહારાજ સાહેબે મુદ્રણ કાર્ય અંગેના તમામ જવાબદારી ઉઠાવાને સુંદર માર્ગદર્શન આપી જે અવર્ણનીય મહત્તમ ઉપકાર કર્યો છે; તે માટે અમારા હૃદયના ભાવો વ્યક્ત કરવા અમારી પાસે કોઈ જ શબ્દો નથી, તે માટે અમો અન્તઃકરણ પૂર્વક લાચાર છીએ.

નવપ્રભાત પ્રિન્ટર્સના માલિકોનો તથા મુદ્રક સહકાર માટે નવનીતભાઈ જે. મહેતાનો આભાર માનીએ છીએ.

પ્રાન્તે પ્રસ્તુત સુર-સુંદરી ગ્રન્થમાં અંકિત કરેલા દિવ્ય અને ભવ્ય કથાગત ભાવોને આપણા જીવન પરમ શ્રદ્ધેય-ધ્યેય બનાવવા સફળ બનીએ; એજ શુભેચ્છા સહ વિરામ...

અનુક્રમણિકા

ક્રમાંક	વિષય	પત્રાંક
૧	ચિત્રગતિનું આકાશ માર્ગે પ્રયાણ	૩
૨	દેવનું આગમન	૪
૩	કુશળ પૃચ્છા અને પ્રશ્ન	૪
૪	ચિત્રગતિને દિવ્ય મણિ અર્પણ	૫
૫	શા માટે આપો છો ? કારણ કહો.	૫
૬	નભોવાહનથી દેહાંતભય	૬
૭	દેવો સત્યના પક્ષે.....	૮
૮	શત્રુઓને જીતવા.....	૯
૯	ભાવી અનર્થ	૧૧
૧૦	કનકમાલાની પાછળ નભોવાહન અને કનકમાલાનો સંતાપ	૧૩
૧૧	નભોવાહનની ઉગ્રતા	૧૭
૧૨	બાણ-પ્રયોગ અને શસ્ત્ર-પ્રયોગ	૧૯
૧૩	નાગિની વિદ્યા	૨૧
૧૪	ચિત્રવેગની દુઃસ્થિતિ	૨૩
૧૫	દેવનું આગમન	૨૭
૧૬	ચિત્રવેગનો પૂર્વભવ	૨૮
૧૭	આચાર્યશ્રીનો ઉપદેશ	૩૨
૧૮	સુધર્મનો વૈરાગ, દીક્ષા અને આચાર્ય પદ	૩૩
૧૯	ધનવાહનનાં વિષયાધિનતા	૩૬
૨૦	આચાર્યશ્રીનું આગમન અને ઉપદેશ	૩૮
૨૧	વિષયાસકત પ્રાણીની શી ગતિ ?	૪૨
૨૨	મહિલા સ્વરૂપ	૪૩
૨૩	ભર્તૃહરિનું અમરફલ	૪૫
૨૪	ગુરુનો ઉપદેશ અને ધનવાહનનો પરમ વૈરાગ્ય	૪૯
૨૫	અનંગવતી સહિત ધનવાહનની દીક્ષા	૫૦
૨૬	સુબંધુ અને સુલોચના	૫૨
૨૭	મતિમોહને દૂર કરનાર ભ્રમ વિનાશક ચૂર્ણ	૫૫
૨૮	બે ભગિની સાથે સુલોચનાનું મિલન અને પ્રવ્રજ્યા	૫૬
૨૯	મુનિ ધનવાહન અને સાધ્વી અનંગવતી ચારિત્ર પામી બીજા દેવલોક	૫૮

ક્રમાંક	વિષય	પત્રાંક
૩૦	દેવનો ઉપસર્ગ	૫૯
૩૧	ચિત્રવેગનું વૃત્તાન્ત	૬૧
૩૨	ચિત્રગતિ-પ્રિયંગુમંજરી	૬૨
૩૩	ઉપસર્ગ નિવારણ	૬૩
૩૪	મુનિ-રક્ષા	૬૪
૩૫	નાસ્તિક-કપિલ	૬૬
૩૬	કપિલનો પરાજય	૬૭
૩૭	કપિલને શિક્ષા-પલ્લીમાં ગમન	૬૮
૩૮	પદ્મરાજ અને સમરકેતુ-દીક્ષા	૭૦
૩૯	માર્ગ ભ્રષ્ટ મુનિઓ પલ્લીમાં	૭૦
૪૦	કપિલનો સમાગમ	૭૧
૪૧	દુષ્ટ કપિલનું ઘાતકીપણું	૭૩
૪૨	કપિલને દેવ-શિક્ષા અને બીજીનરકે-ગમન	૭૩
૪૩	પદ્મ-સમરકેતુ મુનિઓ દેવલોકમાં	૭૪
૪૪	ધનવાહનનો જન્મ-દીક્ષા	૭૫
૪૫	પુનઃ દેવ-પ્રશ્ન	૭૬
૪૬	ચિત્રવેગની દેવને કનકમાલાની પૃચ્છા	૭૮
૪૭	વિષ-ભક્ષણ	૭૮
૪૮	ચિત્રવેગની મૂર્ચ્છા	૮૦
૪૯	વિષય રાગની પ્રબળતા	૮૧
૫૦	કનકવતીનો સમાગમ	૮૩
૫૧	મૈત્રીનું લક્ષણ	૮૭
૫૨	દૂધ-જળ સરખી સજ્જન મૈત્રી	૮૭
૫૩	ચિત્રવેગને જીવનદાતા દેવ	૮૮
૫૪	દેવનો ઉપદેશ	૮૯
૫૫	ચિત્રવેગની માગણી	૮૯
૫૬	નભોવાહનનો વિદ્યાભંગ	૮૯
૫૭	દેવનો પ્રભાવ વિદ્યાસિદ્ધ	૯૦
૫૮	સિદ્ધકુટ શિખરે શાશ્વત તીર્થ શ્રી જિનેન્દ્ર ભક્તિ અઠ્ઠાઈ મહોત્સવ ધરણેન્દ્ર પાસે વિદ્યા-પ્રાપ્તિ	૯૦
૫૯	સુપ્રતિષ્ઠને દિવ્યમણિની પ્રાપ્તિ	૯૧
૬૦	દિવ્યમણિનો દિવ્ય-પ્રભાવ	૯૧
૬૧	ધનદેવને દિવ્યમણિ-અર્પણ	૯૧
૬૨	ધનદેવનું કુશાગ્રનગર તરફ પ્રયાણ	૯૩
૬૩	નૃપતિને ધનદેવની ભેટ	૯૩
૬૪	ધનદેવ સાગરશ્રેષ્ઠિનું મિલન	૯૪

ક્રમાંક	વિષય	પત્રાંક
૬૫	સાગરશ્રેષ્ઠિનું આમન્ત્રણ	૯૪
૬૬	શ્રીકાન્તાના રૂપમાં મોહિત ધનદેવ	૯૫
૬૭	ધનદેવમાં આસક્ત શ્રીકાન્તા	૯૬
૬૮	શ્રીકાન્તાને સર્પદંશ	૯૬
૬૯	અત્યંત વ્યાકુલ શ્રેષ્ઠિ પરિવાર	૯૭
૭૦	મંત્ર-પ્રયોગો	૯૭
૭૧	સાગરશ્રેષ્ઠિનું પત્નીને આશ્વાસન	૯૯
૭૨	મંત્ર નિષ્ફલતા અને ધનદેવનું આગમન	૯૯
૭૩	ધનદેવની શ્રીદત્તને પૃચ્છા	૯૯
૭૪	શ્રીદત્ત-ધનદેવનો વાર્તાલાપ	૧૦૦
૭૫	દિવ્યમણિ વડે ધનદેવે કરેલો વિષાપહાર	૧૦૧
૭૬	શ્રીકાન્તાનો ધનદેવ સાથે વિવાહ લગ્નોત્સવ	૧૦૧
૭૭	ધનદેવની વિદાય	૧૦૨
૭૮	સ્વદેશ-પ્રયાણ	૧૦૩

ક્રમાંક	વિષય	પત્રાંક
૭૯	સિંહગુફા નજીક ધનદેવનો નિવાસ	૧૦૩
૮૦	સુપ્રતિષ્ઠને મલવા ધનદેવનું ગમન	૧૦૪
૮૧	સિંહગુફાની ભયંકર હૃદય ભેદક સ્થિતિ	૧૦૪
૮૨	દેવશર્મા સાથે ધનદેવનું મિલન અને સુપ્રતિષ્ઠ વિષે પૃચ્છા	૧૦૫
૮૩	પલ્લી-દહનનું વૃતાન્ત અને દેવશર્માનો દેહાન્ત અન્તે નવકાર મંત્ર શ્રવણ	૧૦૮
૮૪	ધનદેવનો અન્તઃ પરિતાપ અને હસ્તિનાપુર પ્રતિગમન	૧૦૯
૮૫	શ્રીકાન્તા અને કમલાવતી દેવીનું મિલન	૧૧૦
૮૬	શ્રીકાન્તાને ગર્ભાધાન અને પુત્ર જન્મ	૧૧૨
૮૭	પ્રસૂતિ-કર્મ	૧૧૩
૮૮	જન્મ વધાઈ	૧૧૩
૮૯	અમારી ઉદ્ઘોષણા	૧૧૪
૯૦	ધનદેવનું રાજાને ભેટણું અને નિમન્ત્રણ-સ્વીકાર	૧૧૫

ક્રમાંક	વિષય	પત્રાંક
૯૧	ભોજન-વિધિ	૧૧૬
૯૨	પુત્રનામકરણવિધિ 'શ્રી-દેવઃ નામભિધાન	૧૧૭
૯૩	કમલાવતી-રાણીને પુત્ર-ચિંતા	૧૧૮
૯૪	પુત્ર-પ્રાપ્તિ માટે ઉપાસના	૧૨૦
૯૫	દર્ભાસન ઉપર અષ્ટમ તપ અભિગ્રહ	૧૨૧
૯૬	વિધુપ્રભદેવનું આગમન અને વાર્તાલાપ	૧૨૨
૯૭	કુંડલ-અર્પણ અને વિદાય	૧૨૩
૯૮	સ્વપ્ન-દર્શન	૧૨૩
૯૯	સ્વપ્નવેદી પુરુષોને સ્વપ્નાર્થ પૃચ્છા.	૧૨૪
૧૦૦	ધનદેવનું સ્વપ્નાર્થ કથન	૧૨૫
૧૦૧	દિવ્ય-મણિ-અર્પણ	૧૨૯
૧૦૨	ગર્ભોત્પત્તિ-	૧૩૦
૧૦૩	દોહદ સ્વરૂપ	૧૩૧
૧૦૪	મદોન્મત્ત હાથી	૧૩૨
૧૦૫	એકાકી-કમલાવતી	૧૩૩
૧૦૬	કમલાવતીની શોધ	૧૩૪
૧૦૭	સમરપ્રિય સુભટને પૃચ્છા	૧૩૫
૧૦૮	નિમિત્તકનું આગમન	૧૩૭
૧૦૮	સ્વપ્ન દર્શન	૧૩૯
૧૧૦	કમલાવતીનો સમાગમ	૧૪૦
૧૧૧	અનુભૂત વૃત્તાન્તકથન	૧૪૪
૧૧૨	અદ્‌ભૂત-સરોવર	૧૪૬
૧૧૩	શ્રીદત્તનું આગમન	૧૪૮
૧૧૪	કુશાગ્રનગર પ્રતિ-ગમન	૧૫૦
૧૧૫	ભયંકર વનપ્રદેશ	૧૫૧
૧૧૬	પુત્ર-જન્મ અને પુત્રરક્ષા	૧૫૬
૧૧૭	પુત્ર-અપહરણ અને કમલાવતીનો વિલાપ	૧૫૮
૧૧૮	તાપસીનું આગમન	૧૬૦
૧૨૯	તપસ્વિનીના આશ્રમમાં કુલપતિનો ઉપદેશ.	૧૬૨
૧૨૦	પુત્ર-અપહાર-પ્રશ્ન	૧૬૪
૧૨૧	સુરથકુમારનું આગમન	૧૬૫
૧૨૨	સુપ્રતિષ્ઠનો વિજય	૧૬૬
૧૨૩	સુરથકુમારનું સ્વદેશગમન	૧૬૮

ક્રમાંક	વિષય	પત્રાંક
૧૨૪	વન-પ્રવેશ	૧૭૦
૧૨૫	સુરથનો દુરાચાર	૧૭૧
૧૨૬	રાત્રીના સમયે કમ- લાવતીનું નિર્ગમન	૧૭૩
૧૨૭	કમલાવતીનું કૂવામાં પતન અને પતિ સાથે મિલન	૧૭૪
૧૨૮	સેંવક સમંતભદ્રનું આગમન અને નિવેદન	૧૭૯
૧૨૯	આકાશમાંથી દિવ્ય રૂપવાન યુવતિનું કુસુમાકર ઉદ્યાનમાં પતન...	૧૮૧
૧૩૦	સુરસુંદરીનું આગમન	૧૮૩
૧૩૧	સુરસુંદરીનું સ્વવૃ- ત્તાન્ત કથન	૧૮૪
૧૩૨	શોકાતુર સુરસુંદરીનું રૂદન અને કમલાવ- તીનો પ્રબોધ	૧૮૭
૧૩૩	હંસિકા અને સુર- સુંદરીનો વાર્તાલાપ	૧૯૯
૧૩૪	ચિત્રપટ્ટ-દર્શન અને મૂર્છા	૧૯૯
૧૩૫	સખીઓનો હાસ્ય વિનોદ	૨૦૦
૧૩૬	સુરસુંદરીની અકથ્ય આન્તર વેદના	૨૦૧
૧૩૭	સુરસુંદરીને શ્રીમતી સખીનું આશ્વાસન	૨૦૯
૧૩૮	આગમન નાસ્તિક- મતવાદિકા પરિવ્રાજિકા બુદ્ધિલા	૨૧૦
૧૩૯	નાસ્તિકમત ખંડન	૨૧૨
૧૪૦	બુદ્ધિલાનો ઉપહાસ અને કપટ	૨૧૫
૧૪૧	સુરસુંદરીના પિતા નરવાહન રાજાની ચિંતા.	૨૧૬
૧૪૨	શત્રુંજયરાજા સમક્ષ બુદ્ધિલાએ રજુ કરેલ સુરસુંદરીનું ચિત્ર પટ અને વર્ણન	૨૧૭
૧૪૩	શત્રુંજય રાજાની માંગણીનો તિરસ્કાર અને યુદ્ધ-પ્રારંભ	૨૧૮
૧૪૪	નગરીમાં વ્યાપક ખળભળાટ	૨૨૨
૧૪૫	સુરસુંદરીનુ અપહરણ	૨૨૪
૧૪૬	અપહરણકારકનું સુરસુંદરીને આશ્વા- સન-વૃત્તાન્ત	૨૨૫

ક્રમાંક	વિષય	પત્રાંક
૧૪૭	ચિત્રવેગ ચક્રવર્તી	૨૨૬
૧૪૮	ગુરુ સમાન અન્ય ઉપકારી કોણ ?	૨૨૮
૧૪૯	સંસારની અસારતા	૨૨૮
૧૫૦	ચિત્રવેગનો રાજ્યાભિષેક	૨૩૦
૧૫૧	વિષ-વૃક્ષ	૨૩૨
૧૫૨	વિષ-વૃક્ષ-ફળ ભક્ષણ અને મૂર્ચ્છા	૨૩૩
૫૫૩	તરૂણના ઉત્સંગમાં	૨૩૪
૧૫૪	પ્રિયંવદાનો મેળાપ અને પૃચ્છા	૨૩૬
૧૫૪	સુરસુંદરીને નવજીવન	૨૪૦
૧૫૬	દિવ્યમણિ-પ્રભાવે વિષાપહાર	૨૪૧
૧૫૭	ભયંકર વૈતાલનું આગમન સુરસુંદરીનું આકાશમાર્ગે અપહરણ	૨૪૨
૧૫૮	શત્રુંજયરાજાનો નગર ઘેરો	૨૪૮
૧૫૯	શત્રુંજયરાજાનું મસ્તક છેદન	૨૪૯
૧૬૦	ધનદેવનું આગમન-વૃત્તાન્ત	૨૫૧
૧૬૧	સમુદ્ર-વર્ણન	૨૫૪
૧૬૨	સમુદ્ર મધ્યે કોણ ?	૨૫૬
૧૬૩	મકરકેતુ !	૫૫૭
૧૬૪	વિદ્યા પ્રાપ્તિ સાધના-સિદ્ધિ	૨૫૯
૧૬૫	વિદ્યા સાધકનો ઘાત	૨૬૪
૧૬૬	યુવતિ-દર્શન	૨૬૫
૧૬૭	મૂર્ચ્છિત	૨૬૭
૧૬૮	શું પ્રિયવલ્લભા ?	૨૬૮
૧૬૯	વિષાપહાર	૨૬૯
૧૭૦	બાલાનું રૂદન	૨૭૧
૧૭૧	શોક નિવારણ	૨૭૨
૧૭૨	યુદ્ધ-સમારંભ	૨૭૩
૧૭૩	મકરકેતુનું સાહસ	૨૭૫
૧૭૪	વૈતાલ-આગમન અપહરણ	૨૭૭
૧૭૫	અકસ્માત ઉત્પાત	૨૭૮
૧૭૬	વહાણભંગ	૨૮૧
૧૭૭	દેવ-દર્શન	૨૮૩
૧૭૮	નમસ્કાર મહામંત્રના પ્રભાવે !	૨૮૫
૧૭૯	અમોઘ દેવ-દર્શન	૨૮૬
૧૮૦	સુરસુંદરી પશ્ચાતાપ મૂર્છા	૨૮૭
૧૮૧	પુત્ર-અપહરણ	૨૮૮
૧૮૨	કમલાવતી-વિલાપ	૨

ક્રમાંક	વિષય	પત્રાંક
૧૮૩	અમરકેતુ–રાજા	૨૮૯
૧૮૪	સુપ્રતિષ્ઠ–સૂરિ કેવલજ્ઞાન	૨૯૦
૧૮૫	ધર્મ–દેશના	૨૯૨
૧૮૬	પાપની–પ્રવૃત્તિ અને પાપનું ફળ	૨૯૩
૧૮૭	ધર્મથી રહિત જીવો	૨૯૮
૧૮૮	ધર્મના પ્રકાર	૨૯૮
૧૮૯	તત્ત્વના પ્રકાર	૨૯૮
૧૯૦	જીવ તત્વના ભેદ	૨૯૮
૧૯૧	અજીવ તત્ત્વના ભેદ	૨૯૯
૧૯૨	પુણ્ય તત્ત્વના ભેદ	૨૯૯
૧૯૩	પાપ તત્ત્વના ભેદ	૨૯૯
૧૯૪	આસ્રવ તત્ત્વના ભેદ	૨૯૯
૧૯૫	સંવર તત્ત્વના ભેદ	૨૯૯
૧૯૬	નિર્જરા તત્ત્વના ભેદ	૩૦૦
૧૯૭	બંધ તત્ત્વના ભેદ	૩૦૦
૧૯૮	યતિધર્મ	૩૦૦
૧૯૯	અમરકેતુરાજાનો પ્રશ્ન પુત્રને કોણ હરણ કરી ગયું ?	૩૦૩
૨૦૦	પૂર્વભવ	૩૦૩
૨૦૧	પરિવ્રાજિકા	૩૧૧
૨૦૨	કામી પુરુષો અકાર્ય કરતા ન અટકે	૩૧૩
૨૦૩	રાજ–શિક્ષા	૩૧૩
૨૦૪	કુમારનો અત્યાચાર	૩૧૪
૨૦૫	કનકરથ વિલાપ	૩૧૫
૨૦૬	ચૂર્ણના પ્રયોગ ઉન્મત્ત દશા	૩૧૬
૨૦૭	રાજા ભીક્ષા માટે પરિભ્રમણ	૩૧૭
૨૦૮	ધનવાહન–રાજા	૩૧૯
૨૦૯	દીક્ષાશ્રુત અને તપશ્ચરણ	૩૨૦
૩૧૦	સુધર્મ સૂરિ પાસે	૩૨૨
૨૧૧	ઉન્માદનાશક ચૂર્ણ	૩૨૨
૨૧૨	ચારિત્ર–ગ્રહણ	૩૨૩
૨૧૩	સ્ત્રી–વિરહ અને ઉન્માદ	૩૨૫
૨૧૪	મનોહર આશ્રમ	૩૨૬
૨૧૫	ઉપસર્ગ	૩૩૭
૨૧૬	સુરાધમ	૩૩૦
૨૧૭	કમલાવતી અને કાલભાણ અસુર	૩૩૨
૨૧૮	નભોવાહનની અજ્ઞાનતા	૩૩૫
૨૧૯	અજ્ઞાનથી અંધ આત્મા	૩૩૬

ક્રમાંક	વિષય	પત્રાંક
૨૨૦	પત્ની સહ ચિત્રવેગ અષ્ટાપદ ઉપર જિન દર્શન	૩૩૭
૨૨૧	વનનિકુંજમાં બાળક ? મકરકેતુ	૩૩૭
૨૨૨	સ્વયંપ્રભાદેવી તે સુંદરીગત જન્મના પિતાએ આ જન્મ માં અપહરણ કર્યું	૩૩૮
૨૨૩	ધિક્ -સંસાર	૩૩૮
	કાલભાણ અસુરે સમુદ્રમાં નાખ્યો અને સુરસુંદરીનું	
૨૨૪	અપહરણ	૩૩૯
	દેવનું ચ્યવન અને ધન દેવનું	
૨૨૫	વહાણ સમુદ્રમાં...	૩૩૯
૨૨૬	ધનદેવનો પ્રશ્ન...?	૩૪૦
૨૨૭	ધનવાહન કેવલી પાસે સુપ્રતિષ્ઠતની ૫૦૦ રાજપુત્રો સાથે દીક્ષા	૩૪૧
૨૨૮	નગર શોભા	૩૪૨
૨૨૯	સુરસુંદરી સખી પ્રિયવંદાને પૃચ્છા વિદ્યાચારણ મુનિ દમઘોષનો	૩૪૪
૨૩૦	ધર્મોપદેશ	૩૪૬
૨૩૧	અમરકેતુનો પ્રશ્ન	૩૪૮
૨૩૨	ધરણેન્દ્રનું આગમન	૩૪૯
૨૩૩	વિમલ મંત્રીનું દુષ્કૃત્ય	૩૫૦
૨૩૪	પ્રભંકર રાજાનું બાહુબલ	૩૫૧
૨૩૫	દીક્ષા	૩૫૧
૨૩૬	સાંઢના ઝપાટામાં અને વિમલના પુત્રોનો ઉપહાસ	૩૫૨
૨૩૭	ચક્રવર્તી–પદવી	૩૫૩
૨૩૮	માતા પિતાનો દર્શન અને વંદનની ઉત્કંઠા	૩૫૪
૨૩૯	પુત્રનુ સ્વાગત	૩૫૫
૨૪૦	પિતા પુત્રનો સમાગમ	૩૫૬
૨૪૧	નરવાહન રાજા	૩૫૮
૨૪૨	લગ્નનો નિર્ણય	૩૫૯
૨૪૩	વિવાહોત્સવ	૩૬૦
૨૪૪	આચાર્યના દર્શને અમરકેતુ	૩૬૧
૨૪૫	પૂજ્યશ્રીને પ્રશ્ન...મેં એવા શા પાપ કર્યા હશે ?	૩૬૨
૨૪૬	મૃગ–મૃગલી	૩૬૩

ક્રમાંક	વિષય	પત્રાંક
૨૪૭	બંધન–મુક્તિ	૩૬૫
૨૪૮	રાણીને જાતિસ્મરણ જ્ઞાન	૩૬૬
૨૪૯	ભવ વૈરાગ્ય–દીક્ષા	૩૬૭
૨૫૬	વિનય એજ મુખ્યસૂત્ર	૩૬૯
૨૫૧	ચિત્રવેગ મુનિ–સૂરિ પદ	૩૭૦
૨૫૨	મકરકેતુની ધર્મપ્રવૃત્તિ રાજ્યપાલન	૩૭૧
૨૫૩	સ્વપ્ન દર્શન	૩૭૪
૨૫૪	ઉદ્યાન વિહાર	૩૭૫
૨૫૫	પ્રશ્નોત્તર–વિનોદ	૩૭૬
૨૫૬	સર્પ–દંશ, વિધાતક–વિષ	૩૮૧
૨૫૭	દિવ્ય–મણિ	૩૮૩
૨૫૮	ગર્ભ–ધારણ	૩૮૪
૨૫૯	ગર્ભ ચિન્હ–પ્રસવકાળ	૩૮૫
૨૬૦	ગર્ભ–પ્રભાવ	૩૮૬
૨૬૧	મદનવેગનો ત્યાગ	૩૮૮
૨૬૨	અનંગકેતુકુમાર	૩૮૯
૨૬૩	વસંત સમય	૩૯૦
૨૬૪	અનંગકેતુનો વિવાહોત્સવ	૩૯૧
૨૬૫	જલવેગનો ઉપદ્રવ	૩૯૨
૨૬૬	મદનવેગની વિદ્યાસિદ્ધ	૩૯૩
૨૬૭	પરાજય	૩૯૪
૨૬૮	મદનવેગ શિક્ષા	૩૯૬
૨૬૯	મદનવેગનો છુટકારો	૩૯૭
૨૭૦	ધુમ્ર–મુખ યોગી	૩૯૯
૨૭૧	અદૃશ્ય અંજન વિદ્યા	૩૯૯
૨૭૨	અદૃશ્ય મદનવેગ	૪૦૦
૨૭૩	મકરકેતુનો વૈરાગ્ય	૪૦૧
૨૭૪	ચિત્રવેગ સૂરિ દેશના	૪૦૨
૨૭૫	પ્રશ્ન : પુત્ર વૈરનું કારણ ?	૪૦૩
૨૭૬	મકરકેતુ–વૈરાગ્ય અને દીક્ષા	૪૦૫
૨૭૭	દેહ બાળ્યો, અગ્નિએ મુનિએ ધ્યાનથી કર્મ બાળ્યા.	૪૧૦
૨૭૮	કેવળજ્ઞાન	૪૧૦
૨૭૯	ગ્રન્થકાર સૂચના	૪૧૧
૨૮૦	પ્રશસ્તિ	૪૧૨
૨૮૧	અન્તિમ શુભેચ્છાસહ શુભ ભાવના	૪૧૩

શ્રી સુરસુંદરી ચરિત્ર

ભાગ–૨



યોગનિષ્ઠ આચાર્યશ્રીમદ્
બુદ્ધિસાગર સૂરીશ્વરેભ્યો નમઃ

શ્રીમાન્ ધનેશ્વરમુનિ વિરચિત

શ્રી સુરસુંદરી ચરિત્ર

ભાગ – ૨

પ્રસિદ્ધ વક્તા :
આચાર્યશ્રીમદ્ અજિતસાગર
સૂરીશ્વરજી મ.

卐

ચિત્રગતિનું પ્રયાણ

હે **સુપ્રતિષ્ઠ**! આ પ્રમાણે મને કહીને **ચિત્રગતિ પ્રિયંગુમંજરી** સહિત આકાશમાર્ગે ચાલતો થયો અને અનુક્રમે તે પોતાના સ્થાનમાં પહોંચી ગયો.

ત્યારપછી હે **સુપ્રતિષ્ઠ**! તમાલવૃક્ષના પત્ર સમાન શ્યામ એવા આકાશમાં હું પણ **કનકમાલા** સહિત ઉપડી ગયો. નવીન અને વિકસ્વર કમલોના સમૂહવડે આચ્છાદિત અને નિર્મલ છે જલ જેમનાં,

તેમજ ઉત્તમ હંસોની શ્રેણીઓ વડે વિરાજીત એવાં વિશાલ સરોવરોને અવલોકન કરતો,

ફૂલના ભારથી નમી ગયેલી હજારો શાખાઓ વડે સુશોભિત એવાં વૃક્ષો જેમની અંદર રહેલાં છે,

કોયલની માફક મધુરશબ્દને ઉચ્ચારતા ગિરીંદ્રોના પ્રવાહોને જોતો,

કિંનર અને દેવોનાં જોડલાઓએ આશ્રય કરાયેલાં ચંદ્રકાંતમણિયોની મહાન્ કાંતિ વડે વ્યાપ્ત અને અતિ મનોહર એવાં ગિરિવરનાં મોટાં શિખરોનું ઉલ્લંઘન કરતો,

અનેક પ્રકારના વ્યાપારમાં ઉદ્યુક્ત થયેલા વિદ્યાધરોના સમુદાયથી વ્યાપ્ત અને આનંદમાં મગ્ન થયેલાં નર અને નારીઓના સમૂહથી ભરપૂર એવાં અનેક ગ્રામોનું અવલોકન કરતો કરતો હું દક્ષિણ દિશા તરફ ચાલતો હતો,

તેવામાં અનુક્રમે એક નિર્જન પ્રદેશ આવ્યો. તેટલામાં ત્યાં દૂરથી વિજળીની લતાસમાન કંઇક તેજસ્વી પદાર્થ અમારા જોવામાં આવ્યો.

એક તેજોમય દેવ

તે જોઈ મેં કહ્યું;

હે વલ્લભે ! આપણી સન્મુખ આવતું અતિ તેજસ્વી આ શું દેખાય છે ?

આ કોઇપણ પદાર્થ હોવો જોઇએ, એમ મારૂં માનવું છે.

તેણીએ કહ્યું, હે પ્રિયતમ ! સ્થિરપણું હોવાથી એને વિજળી કે ઉલ્કા તો કહી શકાય જ નહીં. પરંતુ દેવ અથવા દેવવિમાન હોવું જોઇએ.

હે **સુપ્રતિષ્ઠ** ! એ પ્રમાણે અમે બન્ને જણ અનુમાન કરતાં હતાં, તેટલામાં દીવ્ય શરીરધારી એક સુરવર એકદમ અમારી પાસે આવ્યો.

પ્રણામ કરી તે બોલ્યો;

હે **ચિત્રવેગ** ! તમે ખુશીમાં છો ?

હે ભદ્ર ! મને તમે ઓળખો છો કે નહીં ?

ત્યારપછી મેં તેને કહ્યું; હા હું સામાન્ય રીતે તમને જાણું છું, તમે કોઇપણ દેવ છો. વિશેષપણે હું આપને ઓળખતો નથી.

ત્યારપછી દેવ બોલ્યો. આપણો ઘણા સમયનો પરિચય છે, છતાં પણ મને તમે ઓળખતા નથી. પછી વિનયપૂર્વક પ્રણામ કરી મેં કહ્યું કે;

હે મહાભાગ ! તમારી સાથે મારો આ જન્મમાં તો પરિચય નથી. પરંતુ જો અન્ય ભવમાં હોય તો કહી શકાય નહીં.

વળી આપના દર્શનથી મારી દૃષ્ટિ બહુ પ્રફુલ્લ થઇ છે. હૃદય પણ પ્રમુદિત થયું છે. તે ઉપરથી હું જાણું છું

પૂર્વભવમાં કોઇપણ આપણો સંબંધ હોવો જોઇએ. એ પ્રમાણે મારૂં વચન સાંભળી તે દેવે અતિ તેજસ્વી એવા એક મણીને પ્રગટ કરી મને કહ્યું;

હે મિત્ર ! આ ઉત્તમ મણિરત્નને તું ગ્રહણ કર.

હે સુતનુ ! આ મણિ આપવા માટે જ હું તારી પાસે આવ્યો છું. માટે સર્પાદિક વિષને હરણ કરનાર એવા આ અમૂલ્ય મણિનો તું સ્વીકાર કર.

ત્યારબાદ મેં તેને કહ્યું;

હે સુરવર ! પ્રથમ તું મને એનો જવાબ આપ કે; કોઇપણ નિષ્કારણ પ્રવૃત્તિ હોતી નથી, એમ ઉત્તમ પુરૂષોનું કહેવું છે. તો તું શા કારણ માટે મને આ દિવ્ય મણિ આપે છે ? અને પૂર્વભવમાં તારી સાથે મારો કેવી રીતે સંબંધ હતો ?

પછી તે દેવ બોલ્યો.

હે સુભગ! તું જે પુછે છે, તેનું વૃત્તાંત બહુ મોટું છે. અત્યારે એનો કંઈ પ્રસંગ નથી, તેમજ તે તરફ લક્ષ રાખવાનું તારે પ્રયોજન નથી. સર્વ આપત્તિઓને દૂર કરવામાં સમર્થ એવા આ મણિને સુખેથી તું ગ્રહણ કર.

ત્યારપછી મેં કહ્યું;

હે સુરોત્તમ! મને કયાંથી આપત્તિ આવવાની છે? જેથી તે આપત્તિને દૂર કરવા માટે તમે મને આ મણિ આપો છો?

દેવ બોલ્યો.

હે સુંદર! તારૂં સર્વચરિત્ર પ્રજ્ઞપ્તિ વિદ્યાએ **નલોવાહન** રાજકુમારની આગળ કહ્યું છે.

પોતાની સ્ત્રીના અપહારથી તે બહુ જ કોપાયમાન થયો છે. તેમજ ક્રોધને લીધે જેનો અધરોષ્ટ વારંવાર ફરકયા કરે છે.

બહુ વિદ્યાધરોના પરિવારથી વીંટાએલો એવો તે **નલોવાહન** રાજા તારા વધને માટે પોતાના સ્થાનમાંથી નીકળ્યો છે.

તારી પાછળ ચાલતો ચાલતો હાલમાં તે તારી નજીકમાં આવી પહોંચ્યો છે.

માટે તેનાથી દેહાંત કરનારી એવી મોટી આપત્તિ તને આવી પડશે.

આ મણિના પ્રભાવથી તું ભયંકર આપત્તિને પણ તરી જઇશ.

માટે હે સુંદર ! પોતાના પ્રાણરક્ષણને માટે આ દિવ્ય મણિનો તું સ્વીકાર કર.

વળી આ દિવ્યમણિના પ્રભાવથી **નભોવાહન** રાજાની સર્વવિદ્યાઓ નષ્ટ પ્રાય થઇ જશે.

માટે લે.

આ મણિને પોતાના મસ્તક ઉપર કેશપાશની અંદર ગુપ્ત રીતે તું બાંધી રાખ. જેથી તારો કોઇપણ પરાજય કરી શકશે નહીં.

હે સુભગ ! તે **નભોવાહન** રાજા બહુ સમર્થ છે અને તે તને અનેક પ્રકારની વેદનાઓ કરશે. કદાચિત્ તે વેદનાઓ શાંત ન થાય તો, આ મણિના જલવડે બહુ સાવચેત રહીને તારે શરીરે સિંચન કરવું. એમ કરવાથી તરત જ સર્વવેદનાઓ નષ્ટ થઇ જશે અને શરીરની કાંતિ નવીન જેવી દીપવા લાગશે.

માટે હે ભદ્ર ! આ દિવ્યમણિ હંમેશાં તારે પોતાની પાસે રાખવો.

હે સુંદર ! હું પોતે જ પણ તે વિદ્યાધર થકી તારું રક્ષણ કરું, પરંતુ હાલમાં મારે એવું ભારે એક કામ આવી પડયું છે કે; તે કર્યા સિવાય મારે ચાલે

તેમ નથી. તેથી તે મારૂં કાર્ય કરીને જલ્દી પાછો હું અહીં આવીશ.

હું જે કહું છું, તે તારે સત્ય માનવું. એમાં અન્યથા ભાવ તારે કરવો નહીં. કારણ કે; દેવો સત્યને લીધે આવો પક્ષપાત કરે છે. કહ્યું છે કે :—

આ દુનિયામાં દેવને કંઈપણ સ્વાર્થ હોતો નથી; છતાં પણ તેઓ જે પક્ષપાત કરે છે;

રાજાઓ સ્વાધીન હોવા છતાં જે આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી;

પ્રચંડ તેજસ્વી એવા અગ્નિ વિગેરે પદાર્થો પણ જે શાંત થાય છે.

તેને ઉત્તમ પુરૂષો સત્યવચનોનું જ ફલ માને છે.

વળી એટલું તારે અવશ્ય ધ્યાનમાં રાખવું.

તે **નલોવાહન** વિદ્યાધર વિદ્યાના બળથી બહુજ ગર્વિષ્ઠ થયેલા છે. માટે એની સાથે તારે સંગ્રામમાં ઉતરવું નહીં. કારણ કે; તારા કરતાં તે વિદ્યામાં બહુ મોટો છે. જેને વિદ્યાઓ સિદ્ધ હોય છે, તેને કંઈ પણ બાકી રહેતું નથી.

દયાલુ માતા જેમ પોતાના બાલકોનું સંરક્ષણ કરે છે; તેમ વિદ્યાદેવી પોતાના આશ્રિતનું પાલન કરે છે.

પિતાની માફક હિતકાર્યમાં જોડી દે છે.

પોતાની સ્ત્રીની માફક કલેશને દૂર કરી હંમેશાં આનંદ આપે છે.

અનર્ગલ એવી સંપત્તિઓને વિસ્તારે છે.

સર્વદિશાઓમાં સત્કીર્ત્તિને ફેલાવે છે. એટલું જ નહીં, પરંતુ કલ્પલતાની માફક સિદ્ધ થયેલી સદ્‌વિદ્યા કયું કાર્ય સિદ્ધ નથી કરતી ? અર્થાત્ દરેક કાર્યની સિદ્ધિ થાય છે.

જો કે; પુરૂષત્વના અભિમાનવાળા પુરૂષોએ અન્યનો અપકાર સહન કરવો એ બહુ જ દુષ્કર છે.

તેમ છતાં ખાસ કારણ હોય તો પણ યુદ્ધનો આરંભ ન જ કરવો. કહ્યું છે કે;—

સામ, દામ અને ભેદ એ સમસ્ત અથવા એક એક વડે શત્રુઓને જીતવા માટે વિજીગીષુએ પ્રયત્ન કરવો. પરંતુ કોઈ દિવસ યુદ્ધ વડે વિજયની ઇચ્છા રાખવી નહીં.

આ નીતિવચન પણ તારે યાદ રાખવાલાયક છે.

કારણ કે; તેની સાથે જો તું યુદ્ધ કરીશ, તો તારા પ્રાણનો અવશ્ય નાશ થશે. માટે મારા વચન ઉપર વિશ્વાસ રાખી તારે યુદ્ધ સંબંધિ વિચાર પણ કરવો નહીં.

કારણ કે; કેસરીસિંહ હાથીના વધ માટે પોતાના હૃદયમાં કૂદવા માટે સંકુચિત થાય છે. તો શું એટલા માત્રથી એનું પરાક્રમ ઉપહાસને પાત્ર થાય છે ખરૂં ? અર્થાત્ નથી થતું.

તેમ તું પણ વિદ્યાઓ સિદ્ધ કર્યા બાદ પોતાનો અવસર આવે ત્યારે તને જેમ રૂચે તેમ કરજે.

શીઘ્રગામી પુરૂષ લતા ગૃહોની અંદર પરિભ્રમણ કરે છે, તો પણ તે જલદી ગમન કરી શકે છે.

હવે બહુ કહેવાની કંઈ જરૂર નથી.

આ દીવ્ય મણિ **નભોવાહન** રાજાની સર્વ વિદ્યાઓને પ્રભાવહીન કરી નાખશે. તો પછી તારે પોતાના શરીરે પ્રયાસ કરવાનું શું પ્રયોજન છે ?

એ પ્રમાણે બહુ આગ્રહપૂર્વક તે દેવે મને કહ્યું. એટલે મેં તેને હાથ જોડી પ્રયત્નપૂર્વક પ્રણામ કર્યા અને કહ્યું;

જેવી આપની આજ્ઞા.

દિવ્યમણિ પ્રદાન

ત્યારપછી તે સુરોત્તમ મારી ઉપર બહુ પ્રસન્ન થયો અને પોતાના હાથવડે બહુમાનપૂર્વક તે દીવ્ય મણિ મારા મસ્તક ઉપર તેણે બાંધ્યો. બાદ મારા શરીરની રક્ષા પણ તેણે કરી.

હે **સુપ્રતિષ્ઠ** ! તેણે આ દીવ્યમણિ મારા મસ્તકે બાંધ્યો એટલે એકદમ મારા હૃદયમાં ઘણો જ આનંદ થયો અને મારા શરીરમાંથી સમસ્ત ભય નષ્ટ થયા.

ત્યારપછી તે સુરોત્તમ સમગ્ર ભયથી મુક્ત,

સારભૂત એવા સ્નેહમાં મગ્ન,

કાંતા સાથે રહેલા એવા મને અનેક પ્રકારનાં વચન વિલાસ વડે હિતોપદેશ આપીને પોતાની કાંતિ વડે ગગનાં-

ગણુને દીપાવતો, રૂપ વડે કામદેવનો પરાજય કરતો અને શીઘ્રગમન કરતો એકદમ અદશ્ય થઈ ગયો.

ભાવી અનર્થ :

પરોપકારમાં બહુ રસિક એવો તે સુરોત્તમ મને દિવ્યમણિ આપીને અદશ્ય થઈ ગયો.

તેજ સમયે હું પણ મારી સ્ત્રી સહિત દક્ષિણ દિશા તરફ ચાલતો થયો.

પરંતુ મારા હૃદયમાં ચિંતા થવા લાગી.

તે **નલોવાહન** વિદ્યાધરનો મેં ઘણો અપરાધ કરેલો છે. તેથી તે મારી ઉપર બહુ ક્રોધાયમાન થયેલો છે, તો હવે તે શું કરશે ? એ હાલમાં કંઇ સમજાતું નથી અથવા એનાથી કંઈપણ બની શકે તેમ નથી.

કારણ કે તે સુરોત્તમે મારા શરીરની રક્ષા કરેલી છે. તેમજ આ દિવ્યમણિનો અલૌકિક પ્રભાવ પણ જાગ્રત છે. માટે ઘણી વિદ્યાઓના પ્રભાવથી ગર્વિષ્ઠ થયેલા તે વિદ્યાધરથી કોઈપણ મારો અપકાર થઈ શકે તેમ નથી.

તેમજ તેનો ક્રોધ પણ નિષ્ફલ થવાનો છે અથવા વૃથા આવા વિચાર કરવાની મારે કંઇ જરૂર નથી. પૂર્વના કર્મને અનુસારે જે કંઈ થવાનું હશે; તે અવશ્ય થયા વિના રહેશે નહીં.

વળી મારી પાસે દીવ્યમણિ રહેલો છે, તેનો પ્રભાવ એટલો બધો જાગરૂક છે કે; કોઈ પણ વિઘ્ન મને નડી

શકે તેમ નથી. તેમજ તે દૈવની સહાય પણ મને સારી રીતે મળેલી છે. તેમ છતાં પ્રાચીન પુણ્યનો ઉદય બલવાન્ છે; જેથી પોતાની ભવિતવ્યતા જે પ્રમાણે નિર્માણ કરેલી હશે, તે કોઇથી ન્યૂનાધિ થઇ શકે તેમ નથી; કહ્યું છે કે—

ગ્રીષ્મ ઋતુના પ્રચંડ તાપને લીધે બહુ તપી ગયેલો અને એજ કારણથી અતિશય તૃષા વડે બહુ વ્યાકુલિત ચિત્તવાળો એક હાથી પાણીની શોધમાં બહુ ફાંફાં મારતો હતો.

તેવામાં સ્વચ્છ જળથી ભરેલું એક તળાવ તેના જોવામાં આવ્યું. પાણી પીવાની ધુનમાં ને ધુનમાં એકદમ તે કરીંદ્ર અંદર ઉતર્યો કે, તરત જ કીનારાની પાસમાં પાણી સુકાઇ જવાથી કાદવ થઇ ગયો હતો; તેની અંદર એવી રીતે તે હાથી ખુંચી ગયો કે; પાણી પણ દૂર રહ્યું અને કાંઠો પણ મળી શકયો નહી. અર્થાત્ ત્યાંને ત્યાં સજ્જડ થઈ ગયો.

જો કે; તે હાથીને જલપાનની બહુ જ ભાવના હતી. પરંતુ દૈવયોગે ઉભયથી પણ ભ્રષ્ટ થયો. માટે મારે પણ અહીં અન્ય કંઇ વિચાર કરવાનું કંઇ પ્રયોજન નથી.

એ પ્રમાણે હું અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરતો તે સીધે રસ્તે જતો હતો, તેટલામાં મારી સ્ત્રીનું શરીર ભયને લીધે એકદમ કંપવા લાગ્યું; અને વ્યગ્રચિતે તે બોલી,

હે નાથ! આપણી પાછળ આવતો કોઈ પણ આ વિદ્યાધર દેખાય છે. ઘણું કરીને આ **નભોવાહન** રાજા હોવો જોઈએ. કારણ કે; બીજા ઘણા વિદ્યાધરો એની પાછળ આવતા દેખાય છે. એ ઉપરથી હું માનું છું કે, જરૂર આપણો શત્રુ આવી પહોંચ્યો.

કનકમાલાનો સંતાપ

હવે શત્રુ નજીકમાં આવ્યો છે. માટે હે પ્રિયતમ! આપને જે કંઇ ઉપાય કરવાનો હોય તે જલદી કરો, જેથી આપને કોઇ પ્રકારની પીડા થાય નહી, અને હું પણ વિરહના તીવ્ર દુઃખને સ્વાધીન થાઉં નહીં, તે સાંભળી મેં પણ પાછું મુખ વાળી તે તરફ જોઈને કહ્યું,

હે સુંદરી! તારું કહેવું સત્ય છે. **નભોવાહન** રાજાનો જ આ ઉપક્રમ દેખાય છે; પરંતુ તું આટલો ભારે ખેદ શા માટે કરે છે! જો કે; અનેક વિદ્યાધરોના પરિવાર સહિત આ વિદ્યાધરેંદ્ર અહીં એકદમ આવશે તો ભયની કંઈ સીમા રહેશે નહી.

પરંતુ હે સુંદરી! જાણ્યા પછી ભય રાખવો શા કામનો?

આ જગતની અંદર દરેક પ્રાણીઓએ જ્યાં સુધી ભય ન આવ્યો હોય ત્યાં સુધી ભયથી ડરવું જોઈએ. પરંતુ તે ભયનું આગમન થયા બાદ બીલકુલ ભયભીત થવાની જરૂર નથી.

પછી તો દેશ, કાળ અને સાધનાદિકનો વિચાર કરી પોતાને જેમ યોગ્ય લાગે તે પ્રમાણે પ્રવૃત્તિ કરવી જોઈએ.

હે સુતનુ! તારા સાંભળતાં જ તે સુરોત્તમે કહ્યું હતું.

નભોવાહન રાજા તારી પાછળ આવે છે. તો હવે શા માટે તું એને જોઇને ડરી જાય છે?

હે સુતનુ! દેવતાએ આપેલા આ દિવ્યમણીના પ્રભાવથી સર્વ સારું થશે. એને જોઈ ને તું બીલકુલ ખેદ કરીશ નહી. હવે

આપણે કોઇ બીજો ઉપાય કરીએ તેવો સમય રહ્યો નથી. કારણ કે; બહુ વેગથી ગમન કરતો એવો આ વિદ્યાધર હવે આપણી નજીકમાં આવી પહોંચ્યો છે. વળી આ વિદ્યાધર બહુ દૂર હોય તો પણ એનાથી આપણે નાસી શકીએ તેમ નથી. કારણ કે એની વિદ્યાનો પ્રભાવ બહુ અલૌકિક છે.

હે સુતનુ! આપણે તો હવે એની દૃષ્ટિગોચર થઇ ચૂકયાં છીએ, માટે ઉપાય સંબંધી કંઇ પણ ચિંતા કરવાની હવે જરૂર નથી.

હે પ્રિયે! મારા પ્રાચીન કર્મોના સંબંધ પ્રમાણે જેમ ભાવી હશે તેમ બનશે. આ જગતની અંદર બહું શોક કરવાથી ઇષ્ટ સિદ્ધિ થતી નથી. તો શા માટે વૃથા અપલાપ કરવો?

એમ મારું વચન સાંભળી તે બાલાએ સ્વાભાવિક બહુ ભીરૂ હોવાથી પોતાના નેત્રોમાંથી સ્થુલ અશ્રુ પ્રવાહ ચાલતા કર્યા; અને બહુ ભય તથા શોકને પ્રગટ કરતી તે ભીરૂ ફરીથી કહેવા લાગી.

હા ! નાથ ! હા ! પ્રાણવલ્લભ ! દુર્દૈવને લીધે પાપકારિણી એવી હું વાંસના ફલોદ્ગમની જેમ તમારા વિનાશને માટે થઇ પડી છું.

હે પ્રાણપ્રિય ! તે સમયે જો મેં મારા પ્રાણનો ત્યાગ કર્યો હોત તો, હે નાથ ! શું તમે આવી આપત્તિમાં પડત ખરા ?

હે સ્વામીન્ ! જો હું મારી માતાના ગર્ભમાંથી પડી ગઈ હોત, અથવા જો બાલ્ય અવસ્થામાં મરી ગઇ હોત તો મારા માટે આપને આ આપત્તિ ભોગવવી પડત નહીં,

આદ્યમાં મધુર એવો આપણો પરસ્પર ગુંથાયેલો આ ગાઢ પ્રેમ ખચરી (અશ્વતરી)ના ગર્ભની માફક દુરંત દુઃખનો હેતુ થઈ પડયો.

હે સ્વામિન ! હાલમાં તમે કર્મનો આશ્રય લઇ બહુ થાકી ગયા છો, તેથી આ દુઃસહ વેદનાના નિવારણ માટે કંઇ પણ ઉપાય ચિંતવતા નથી.

ત્યારબાદ પછી મેં કહ્યું

હે સુંદરી ! તારે કોઇ પણ ખેદ કરવો નહીં.

હે સુતનુ ! જે પુરૂષ અવિચારી સાહસ કાર્ય કરે છે, તેનું પરિણામ આવું જ આવે છે. વળી જે પોતાના અને પરના બળનો વિચાર કર્યા સિવાય કાર્યનો પ્રારંભ કરે છે; તે પુરુષ જરૂર અપમાન અને મરણને સ્વાધીન થાય છે. તેમજ વળી જે પુરૂષો નીતિપૂર્વક ચાલે છે, તેઓ કોઇ દિવસ આપત્તિઓમાં આવી પડતા નથી. એટલા જ માટે સત્પુરુષો નીતિનું ઉલ્લંઘન કરી રેખા માત્ર પણ ચલાયમાન થતા નથી. કહ્યું છે કે—

નીતિશાસ્ત્રના જાણકાર પુરુષો ભલે નિંદા કરે, અથવા સ્તુતિ કરે,

લક્ષ્મીની પ્રાપ્તિ થાય અથવા પોતાની ઇચ્છા પ્રમાણે મરણ કાલ તત્કાલ આવે અથવા યુગાંતરે થાય, તેની બિલકુલ દરકાર નહીં કરતા ધીરપુરુષો ન્યાય માર્ગથી ઉલટે રસ્તે ડગલું માત્ર પણ ચાલતા નથી.

એનું કારણ એટલું જ છે કે; અધર્મનો માર્ગ અવલોકવો નહી.

છતાં હે સુતનુ ! મેં તારૂં હરણ કર્યું તેથી મારામાં નીતિનો માર્ગ લેશમાત્ર પણ કયાં રહ્યો ? તેમજ પ્રેમને વશ થઇ આપણે રાજવિરુદ્ધ કાર્ય કરેલું છે.

માટે હે સુતનુ ! હવે આપત્તિ જોઇને વિષાદ કરવો નહીં. તેમ છતાં પણ હે સુંદરી ! કદાચિત્ દૈવ અનુકૂલ હશે તો આપણી આપત્તિ પણ સંપત્તિરૂપ થઈ જશે.

હે કમલાક્ષી ! આ શત્રુ બહુ બલવાન છે. એની આગળ કોઇનું પરાક્રમ ચાલી શકે તેમ નથી. પરંતુ પૂર્વોપાર્જીત પુણ્યની પ્રબલતા હોય તો જ તેનું નિવારણ થઈ શકે તેમ છે.

હે સુંદરી ! જો તેવું પુણ્ય હોય તો પુરુષાર્થ કરવાની કંઇ જરૂર નથી.

તેમજ જો કિંચિત્ માત્ર પુણ્ય ન હોય તો પણ પુરુષાતન કરવું વૃથા છે કારણ કે; વિજય મેળવવામાં પુણ્યને જ હું પ્રધાન માનું છું.

હે વલ્લભે ! એક બાજુ મારું પુણ્ય છે અને બીજી તરફ મદોન્મત્ત આ શત્રુ ઉભો છે. હવે આપણે અહીં જોવાનું છે કે; આ બન્નેમાંથી કોનો વિજય થાય છે ?

નભોવાહનનો સમાગમ

હે સુપ્રતિષ્ઠ ! મારી પ્રિયાની સાથે હું કેટલીક વાતચીત કરતો હતો; તેટલામાં બહુ ઝડપથી ચાલતો **નભોવાહન** રાજા અમારા નજીકના પ્રદેશમાં આવી પહોંચ્યો અને તરત જ તે ત્વરિતગતિએ મારી પાસે આવ્યો.

જેના હૃદયમાંથી ક્રોધાગ્નિની જ્વાલાઓ બહાર નીકળતી હતી. જેથી તેના ગંડસ્થલની કાંતિ બહુ શોકને સૂચવતી હતી. મારી ઉપર ક્રૂર દૃષ્ટિ કરી તે બોલ્યો.

રે ! રે ! અધમાધમ ! ઉભયલોકથી વિરુદ્ધ એવા આ કૃત્યનું આચરણ કરીને હવે તું કયાં જઇશ ?

રે ! રે ! પામર ! કોના બલથી આવું આ કાર્ય તેં આચર્યું છે ? મારી સ્ત્રીનું હરણ કરી હવે નાસવાના ઉપાય તું શોધે છે, પરંતુ હવે તું કોઈ પ્રકારે છુટવાનો નથી અને કસાઇના વાડામાં ગએલા સસલાની માફક હાલમાં તું મરણ પામીશ.

રે ! મૂઢ ! આવા અકૃત્યની બુદ્ધિ તને કયા અધમીએ આપી ?

અથવા દૈવ જ્યારે કોપાયમાન થાય છે, ત્યારે તે પુરુષને શું લાકડી લઇને મારે છે ?

રે ! મૂઢ ! હે પુણ્યહીન ! હે ઉત્પથગામી ! રે નિર્લજ્જ ! તારી ઉપર યમરાજા ખરેખર કુપિત થયો છે, તેથી આવું સાહસ કર્યું છે.

દુરાચાર ! જેના બલવડે તેં આ રાજવિરુદ્ધ કાર્ય કર્યું છે; તેનું નામ તું જલદી અહીં પ્રગટ કર ?

વળી તું કહી શકે; મને કહ્યું નહીં. આ હું પોતે જ મારા તીક્ષ્ણ એવા અર્ધચંદ્ર બાણ વડે તારા મસ્તકને છેદું છું; જો તારામાં કંઇપણ પરાક્રમ હોય તો યુદ્ધ કરવા તું તૈયાર થા. હવે તારું જીવન આવી રહ્યું છે

રે મૂર્ખ ! તને એટલો પણ વિચાર ન આવ્યો કે; બલવાનની સાથે વૈર કરવું, તે મરણની જ નિશાની છે. એમ કહી તેણે પોતાના ધનુષ તરફ દૃષ્ટિ કરી.

બાણ પ્રયોગ

હે **સુમતિષ્ઠ** ! બહુ રોષને લીધે લાલ નેત્રોને ધારણ કરતો **નભોવાહન** વિદ્યાધર એકદમ ધનુષ ચઢાવીને મારી ઉપર બાણના પ્રહાર કરવા લાગ્યો. હવે તે ધનુષ-માંથી છુટેલો બાણ બહુ વેગથી મારી નજીકમાં આવી; શિલા ઉપર અથડાએલાની માફક પશ્ચાત્ મુખે તરત જ તે પાછો વળ્યો.

તે જોઇ તે વિદ્યાધરના હૃદયમાં બહુ વિસ્મય થયો, જેથી એકદમ શંકિત થઇ ક્ષણમાત્ર કંઇક વિચાર કરીને તે બોલ્યો;

અરે ! અધમ ! તું એમ જાણતો હોઇશ; ક્ષુદ્રવિદ્યાના પ્રભાવથી મેં કેવું એનું બાણ નિષ્ફલ કર્યું છે ?

એમ તારા મનમાં તું ધારતો હોઇશ; પરંતુ મારા અગ્નિશસ્ત્ર વગેરેથી હાલમાં તું છુટવાનો નથી.

એ પ્રમાણે બોલતો તે વિદ્યાધર પોતાનાં સર્વ-શસ્ત્રોની રચના કરવા લાગ્યો, તેમજ મંત્રો ભણીને અનુક્રમે એક એક તે મારી ઉપર મૂકવા લાગ્યો.

સમંત્રક શસ્ત્ર

હે **સુમતિષ્ઠ** ! ક્રોધથી અંધ બનેલા પુરૂષોને કોઇપણ પ્રકારનો વિચાર હોતો નથી. માત્ર પોતાનો વિજય અને અન્યનો પરાજય તે તરફ તેઓનું લક્ષ્ય હોય છે.

ત્યારપછી વિષયરૂપી વિષથી ઘેરાઇ ગયેલા તે અધમે આગ્નેય નામે ભયંકર અસ્ત્રને મારી ઉપર છોડવાની તૈયારી કરી.

અનેક અગ્નિના કણિઆઓ જેની આસપાસ ઉછળી રહ્યા છે, સ્ફૂરણાયમાન એવી હજારો જ્વાલાઓ વીંટાઈ રહેલી છે અને અતિ ભયંકર એવું તે આગ્નેય અસ્ત્ર મારા વધને માટે એકદમ તેણે છોડયું.

તે પણ મારી પાસે આવ્યું તો ખરૂં, પરંતુ તે દિવ્ય મણીના પ્રભાવથી શક્તિહીન થઈ ગયું, તેમજ મારી પાછળ ભમીને એકદમ શાંત થઇ ગયું.

ત્યાર પછી તેણે અનુક્રમે વાયુ આદિક સર્વ શસ્ત્રો અનુક્રમે મારી ઉપર અજમાવી જોયાં.

પરંતુ તેઓ પણ મારા મણિના પ્રભાવથી દૂરથી જ લીન થઇ ગયાં. અર્થાત્ તે સમંત્રક અસ્ત્રોની કંઈપણ શક્તિ ચાલી નહીં.

ત્યારપછી અમોઘ શક્તિવાળાં છતાં પણ તે સર્વ શસ્ત્રોને નિષ્ફલ થયેલાં જાણીને તે રાજકુમારનું મુખ કાંતિહીન થઈ ગયું અને તેનું હૃદય વિસ્મયને લીધે ચકિત થઈ ગયું.

એક ક્ષણમાત્ર વિચાર કરી ફરીથી પણ તે બોલ્યો,

હે એચરાધમ! મારા ચમત્કારી મંત્ર, વિદ્યા કે ઔષધિના પ્રભાવથી આ સર્વ શસ્ત્રોનો પ્રભાવ મેં અટકાવ્યો છે, એમ તારા મનમાં તું ગર્વ કરીશ નહીં.

કારણ કે; આ મારાં અમોઘશસ્ત્રોને મંત્ર કે તંત્રવડે કોઈપણ હણવાને શક્તિમાન્ છે જ નહીં. પરંતુ આ મારા શસ્ત્રોએ જે તને ન હણ્યો તેનું કારણ તું સાંભળ. આ બહુ પાપકારી છે, એનું મૃત્યુ સુખથી થવું ન જોઈએ, અધર્મીઓનું મરણ તો બહુ દુઃખથી જ થવું જોઈએ.

માટે હે કુમાર! એને તો દુષ્ટ મરણથી જ તારે મારવો ઉચિત છે.

એ પ્રમાણે મને ઉપદેશ આપવાને માટે આ દિવ્ય અસ્ત્રોએ તને માર્યો નથી; પરંતુ તારી વિદ્યા વડે એમની શક્તિઓ લોપાઈ નથી.

હે મૂઢ! જોકે, હવે તું પાતાલમાં જઈશ તો પણ મારા પંજામાંથી છુટવાની આશા રાખીશ નહીં. અથવા મયૂર પણ ત્રીજી વાર ઉડતો સુખેથી પકડી શકાય છે.

રે! ખેચરાધમ! હાલમાં તું મારી દૃષ્ટિગોચર થયો છે. હવે હું નાસીને કયાં જવાનો છે?

હવે તું તને બહુ દુઃખી કરીને મારવાનો છું, એ વાત તારે નક્કી સમજવી.

એમ કહીને હે **સપ્રતિષ્ઠ**! બહુ ક્રોધના આવેશમાં આવેલા તે **નભોવાહને, નાગિની** વિદ્યાનું આવાહન કર્યું કે; તરત જ ઉગ્ર વિષ વિકારને ધારણ કરતા અને ભયંકર એવા સર્પોએ મારા અંગોમાં વીંટાઈને ક્રમો વડે રાગમાં આસક્ત થયેલા જીવની જેમ મને સજ્જડ બાંધી નાંખ્યો.

ત્યારપછી તે બંધનથી મારા શરીરે બહુ ભારે વેદનાઓ થઇ. તેમજ સર્પોના ભાર વડે આકાશમાંથી હું પૃથ્વી ઉપર પડી ગયો.

મારાં દરેક અંગો તીવ્ર વેદનાને લીધે અત્યંત વ્યાકુલ થઇ ગયાં હતાં,

આ શાલ્મલીવૃક્ષની નીચે બેભાન થઇ હું પડી રહ્યો,

ઉંચી ફણાઓ કરી દુષ્ટ વિષધરો મારા શરીરને બહુ મર્દન કરવા લાગ્યા, જેથી મારૂં શરીર તુટવા લાગ્યું અને એકદમ હું અચેતન થઇ ગયો.

મારી પ્રાણ પ્રિયા પણ દુઃસહ એવી મારી પીડાને જોઈ બહુ દુઃખી થઈ તે બીચારી ગદ્‌ગદ કંઠે રૂદન કરવા લાગી,

હા ! આર્યપુત્ર ! હા ! વલ્લભ ! આ અનર્થનું કારણ હું બની છું.

હા ! પાપિષ્ઠ એવી હું તે સમયે કામદેવના મંદિરની અંદર તેની સમક્ષ કેમ ન મરી ગઇ ?

હા ! પ્રિયતમ ! મારા માટે આપ આવી દુરંત વેદનાઓના ભોગ થઇ પડ્યા છો.

હા ! આર્યપુત્ર ! હાલમાં આપના વિરહથી મારૂં જીવિત રહેવાનું નથી.

હે ધનદેવ ! તે ચિત્રચેગ વિદ્યાધરનું એવું ભાષણ સાંભળીને તે સમયે મને સંકલ્પ ઉત્પન્ન થયો.

પ્રથમ જે સ્ત્રીના પ્રલાપનો શબ્દ મારા સાંભળવામાં આવ્યો, તે એની સ્ત્રી **કનકમાલાનો** જ નક્કી હોવો જોઇએ.

ત્યારપછી ક્ષણાંતર પછી જે પુરૂષનો શબ્દ મેં સાંભળ્યો તે એના શત્રુ **નલોવાહનનો** છે; અથવા આ નિરર્થક કલ્પના કરવાની મારે શી જરૂર છે! પ્રથમ અહીં રહીને હું જે કંઇ પોતાનું ચરિત્ર આ **ચિત્રવેગ** કહેશે તે સાંભળું.

એમ વિચાર કર્યા બાદ હે **ધનદેવ**! તેનાં સર્વ વચન સાંભળવા માટે મેં પ્રારંભ કર્યો.

ચિત્રવેગની દુઃસ્થિતિ

બહુ વેદનાથી પીડાતો **ચિત્રવેગ** બોલ્યો.

હે **સુપ્રતિષ્ઠ**! એ પ્રમાણે બહુ પ્રકારના વિલાપ કરતી અને દુઃખથી પીડાયેલી મારી સ્ત્રી **કનકમાલાને**, **નલોવાહન** ઉઠાવીને ઝડપથી ચાલ્યો ગયો.

ત્યારપછી દુઃસહ સર્પોએ કરેલી વેદનાથી કંપતો અને અધિકમાં સ્ત્રીના વિયોગથી ઉત્પન્ન થયેલા દુઃખ વડે અત્યંત તપ્ત હું બેહાલ રહ્યો છું.

તેટલામાં હે **સુપ્રતિષ્ઠ**! તમે બધુ મારા પુણ્યને લીધે આ સ્થાનમાં આવ્યા અને તમોએ આ દિવ્યમણીના જળ વડે મને અપાર વેદનામાંથી મુક્ત કર્યો.

માટે હે પરોપકારી! આપે મને જીવિતદાન આપ્યું છે, એમાં કંઇ સંદેહ નથી.

વળી આ મણીના પ્રભાવથી તે દુષ્ટસર્પો મને કરડી શકયા નહીં. અન્યથા આવા અપાર દુઃખથી પીડાતો હું કયાંથી જીવતો રહી શકત ?

યમરાજાના મુખસમાન ભયંકર સેંકડો ભુજંગોના પાશમાંથી કોઇપણ પ્રાણી બચી શકે ખરો ? માત્ર મણીનો પ્રભાવ મારો ઉદ્ધારક થઇ પડયો. હે **સુપ્રતિષ્ઠ** ! તમોએ જે મને પૂછયું હતું કે, તને આવી મોટી આપત્તિમાં કોણે નાખ્યો છે ? તે સર્વ મારી હકીકત મેં આપની આગળ સવિસ્તર નિવેદન કરી.

સુપ્રતિષ્ઠનો વિચાર

હે ધનદેવ ! તે સમયે આ પ્રમાણે બહુ અનીતિ-ભરેલું તે **ચિત્રવેગ** વિદ્યાધરનું વૃત્તાંત સાંભળી મેં મારા હૃદયમાં વિચાર કર્યો,

અહો ! આ પણ એક જોવા જેવું છે. આવા વિદ્વાન છતાં પણ પ્રેમના વશ થઈ વિષયમાં લુબ્ધ બનેલા પુરૂષો, આ સંસારમાં વિવિધ પ્રકારની આપદાઓ પામે છે.

પરલોકની વાર્તા તો દૂર રહી, પરંતુ રાગથી વિમોહિત ચિત્તવાળા તેમજ કાર્ય અને અકાર્યના જ્ઞાનથી ભ્રષ્ટ થયેલા પ્રાણીઓ, આલોકમાં જ મોટી આપત્તિયોને પામે છે.

આલોક અને પરલોકમાં સમગ્ર જીવોને શારીરિક અથવા માનસિક એવાં સર્વ અસહ્યદુઃખોનું મુખ્ય કારણ

ઘોર એવો રાગ જ કહેલો છે; અને તે રાગને લીધે જ લોકો અસાર એવા વિષયસુખમાં આસક્ત થાય છે.

જ્યાં સુધી પુરૂષો તત્ત્વજ્ઞાનથી અજ્ઞાત છે, ત્યાં સુધી તેઓ વિષયસુખને અનુસરે છે.

જ્યાં સુધી પ્રાણીઓના હૃદયમાં રાગસંબંધી આવી મૂઢતા સ્ફુરે છે, ત્યાં સુધી આ અસાર વિષયો સુખકારી લાગે છે. પરંતુ ગુરુના ઉપદેશ વડે જ્યારે તત્ત્વબોધ થાય છે અને પોતાના હૃદયમાં પુરતો વિચાર કરી, જેઓ સાર અને અસારનો વિવેક જાણે છે, તેઓને વિષયસુખ કે પરિગ્રહો ઉપર આસક્તિ રહેતી નથી.

માત્ર અજ્ઞાનતાને લઇને જ રાગાદિકને વશ થઇ અનંત વેદનાઓ વેઠવી પડે છે.

તેમજ આ દુનીયાંની અંદર દુર્લભ એવી મનુષ્ય-જાતિને વિષે ગાઢ પ્રેમથી બંધાયેલા જીવો રાગાંધ બની જે આપત્તિઓને અનુભવે છે, તેવાં દુઃખો નરકને વિષે પણ અશક્ય હોય છે.

વળી પ્રિયવસ્તુના વિયોગથી તપ્ત થયેલા પ્રાણીઓ વિપરીત આચારને આચરતા છતાં નરકસ્થાનમાં નારકીની માફક હંમેશાં બહુ દુઃખી થાય છે.

રાગથી મોહિત થયેલા જીવો આલોકમાં વધ, બંધન અને મરણાદિક અનેક પ્રકારની પીડાઓને ભોગવે છે. છેવટે મરીને તેઓ દુર્ગતિમાં ચાલ્યા જાય છે અને ત્યાં અનેક જાતનાં દુઃખોને સહન કરે છે.

ખરેખર રાગ એ દુઃખનું સ્વરૂપ છે, સમગ્ર આપત્તિઓનું કારણ પણ રાગ જ છે

રાગ વડે પીડાયેલા પ્રાણીઓ આઘોર સંસારમાં વારંવાર પરિભ્રમણ કરે છે.

પ્રાણીઓના હૃદયમાં જ્યાં સુધી રાગનો પ્રાદુર્ભાવ નથી થયો, ત્યાં સુધી જ પરમ સુખની આબાદી હોય છે. હૃદયની અંદર રાગનો પ્રવેશ થાય તો તરત જ હજારો દુઃખોનો ત્યાં નિવાસ થાય છે.

એ પ્રમાણે મેં મારા મનની અંદર વિચાર કરીને,

હે **ધનદેવ** ! મેં તને કહ્યું;

હે **ચિત્રવેગ** ! હાલમાં હવે તારે કોઈપણ પ્રકારનો શોક કરવો નહીં. કારણ કે; આ સંસાર હંમેશાં આવા દુઃખોનું સ્થાન ગણાય છે. માટે આપત્તિઓ પણ અનુક્રમે આવ્યા કરે છે.

તેમાં તારે શોક કરવો નહીં.

જરા, મરણ, રોગ અને ઈષ્ટવિયોગ જેમાં બહુધા રહેલા છે એવા આ સંસારમાં પ્રાણીઓને પોતાના કર્મને અનુસારે દુઃખ થયા કરે છે. તો શા માટે તું વિષાદમાં પડે છે ?

ત્યારપછી ચિત્રવેગ બોલ્યો. હે ભદ્ર ! મને બીજો કોઇ પણ ખેદ નથી. માત્ર એક જ ચિંતા મારા હૃદયમાં અસહ્ય દુઃખને ઉત્પન્ન કરી રહી છે

તે બીચારી રૂદન કરતી મારી સ્ત્રીને **નભોવાહન** રાજા અહીંથી બલાત્કારે કેવી રીતે અને કયાં લઇ ગયો હશે ? વળી હાલમાં તે જીવતી હશે કે કેમ ? એમ કેટલીક તેની અવસ્થા જાણવાને મને ચિંતા રહ્યા કરે છે, એમ તે વિદ્યાધર મને કહેતો હતો.

તેટલામાં હે **ભદ્ર ! ધનદેવ !** જે હકીકત ત્યાં બની તે તું સાંભળ.

દેવાગમન

કમલના પત્રસમાન નેત્રોને ધારણ કરતો, વિશાલ વક્ષસ્થલને વહન કરતો અને પોતાની કાંતિવડે દિગ્મંડલને ઉજ્વલ કરતો એક દેવ આકાશમાંથી નીચે ઉતર્યો.

પોતાની પાસે આવતા તે દીવ્યમૂર્ત્તિને જોઇ તે **ચિત્રવેગ** એકદમ ઉભો થયો અને તે દેવના પ્રભાવથી તેનું મુખકમલ એકદમ પ્રફુલ્લ થઇ ગયું;

બહુ વિનયપૂર્વક **ચિત્રવેગે** તે દેવને પ્રણામ કર્યા.

પછી તે દેવ સુખાસન ઉપર બેઠો અને બોલ્યો

હે ભદ્ર ! હાલમાં તું સુખી છે ? દિવ્યમણિના પ્રભાવથી તારી સર્વ આપત્તિઓ નિવૃત્ત થઇ ?

તે સાંભળી **ચિત્રવેગ** બોલ્યો. આપના પ્રભાવથી હાલમાં કુશળ છું. પરંતુ હાલમાં મને એક કૌતુક છે; તેનો તમે ખુલાસો કરો.

હે દેવ! પૂર્વભવમાં તમારી સાથે મારો સંબંધ કેવા પ્રકારનો હતો? વળી તે દીવ્યમણી આપીને તે સમયે કયા કાર્યને માટે બહુ ઉત્સુક થઇ તમે અહીંથી ગયા હતા?

તે સાંભળી દેવ બોલ્યો. હે સુતનુ! જે કાર્ય માટે હું અહીં આવ્યો હતો, તે વૃત્તાંત હું તને કહું છું. તે તું એકાગ્ર મનથી સાંભળ.

ધનભૂતિ સાર્થવાહ

આ જંબુદ્વીપમાં **ઐરવત** ક્ષેત્ર છે, તેમાં રહેલા આર્યદેશની અંદર **વિજયવતી** નામે નગરી છે, જેની સમૃદ્ધિ વડે દેવપુરી પણ નિર્માનપણું ધારણ કરે છે,

તે નગરીમાં પોતાની કીર્ત્તિ વડે સુપ્રસિદ્ધ એવો **ધનભૂતિ** નામે સાર્થવાહ રહેતો હતો. દાક્ષિણ્ય અને દયાનું તે સ્થાન ગણાતો હતો.

જૈનધર્મમાં હંમેશાં ઉદ્યોગી હતો. ચંદ્રની માફક કલાઓનો નિધાન, હાથીની માફક તે નિરંતર દાન (દ્રવ્ય–મદ) આપવામાં પ્રવર્ત્તમાન, દિવસની માફક હંમેશાં મિત્ર (સૂર્ય–વયસ્ય)નો સત્કાર કરનાર, પંડિતોના નેત્ર અને મનને સંતોષ આપનાર તે શ્રેષ્ઠી લોકોમાં બહુ માનવંત ગણાતો હતો.

તેમજ પ્રશાંત આકૃતિને ધારણ કરતી, પતિવ્રતા સ્ત્રીઓમાં પ્રશંસા કરવા લાયક, સત્ય, શીલ અને દયાવડે યુક્ત તેમજ અતિ મનોહર રૂપવાળી **સુંદરી** નામે જ્યાતિમતી તેની સ્ત્રી હતી.

નિરંતર તે દક્ષતિ બન્ને જણ વિશુદ્ધ એવા શ્રાવક-ધર્મને સમ્યક્ પ્રકારે પાલતાં હતાં, તેમજ સુપાત્ર એવા મુનિવરોની ભક્તિમાં તેમના દિવસો વ્યતીત થતા હતા.

જેમનો સમય ધર્મકર્મમાં નિર્ગમન થાય છે, તે પુરૂષોને જ આ દુનીયામાં જીવતા સમજવા.

આ જગત્માં દશ દૃષ્ટાંતથી દુર્લભ એવો મનુષ્ય-ભવ પામીને પણ જેના દિવસો ધર્મ વિનાના આવે છે અને ચાલ્યા જાય છે, તે પુરૂષ લોહકારની ધમેણની માફક કેવલ શ્વાસ લીધા કરે છે, તે જીવતો ગણાતો નથી. અર્થાત્ તેવા ધર્મહીન પુરૂષો પૃથ્વી ઉપર ભારભૂત ગણાય છે. એમ સમજી તે દંપતી બન્ને જણ સમ્યક્દેવ, ગુરૂ અને ધર્મની આરાધનામાં તત્પર રહેતા હતાં, તેમજ તે સુંદરી શેઠાણી પોતાના પતિને દેવ સમાન માનતી હતી.

સુધર્મ અને ધનવાહન.

પતિભક્તિમાં તત્પર એવી તે સુંદરીએ અન્યદા પ્રધાન સ્વપ્નોથી સૂચિત છે ભાગ્યસંપત્તિ જેની અને સામુદ્રિકશાસ્ત્રના નિયમ પ્રમાણે અનેક ઉત્તમ લક્ષણો વડે સંપૂર્ણ એવા એક પુત્રરત્નને જન્મ આપ્યો.

વળી તે પુત્ર રૂપમાં અનંગસમાન, તેજમાં સૂર્ય-સમાન, સૌમ્યતામાં ચંદ્રના બિંબસમાન અને સુખ આપવામાં જૈનધર્મસમાન હતો.

તે પુત્રના જન્મકાળથી બાર દિવસ થયા એટલે પોતાનાં માતાપિતાએ ઘણા આનંદ સાથે પોતાના

કુલવૃદ્ધોની સમક્ષ વિધિપૂર્વક **સુધર્મ** એવું તેનું નામ પાડયું.

અનુક્રમે તે બાલચંદ્રની માફક પ્રતિદિવસ પોતાનાં માતાપિતાના પ્રેમ સાથે વૃદ્ધિ પામવા લાગ્યો,

ત્યારબાદ કેટલોક સમય વ્યતીત થતાં તે ધર્મપત્નીને બીજો એક પુત્ર થયો, જેનું નામ **ધનવાહન** પાડવામાં આવ્યું,

બાદ તે **સુધર્મ** પણ આઠ વર્ષનો થયો.

સુદર્શન આચાર્ય

અન્યદા પોતાના પવિત્ર ચરણકમલ વડે પૃથ્વીને પવિત્ર કરતા, વિશુદ્ધ ઉપદેશ વડે ભવ્યજનોનો ઉદ્ધાર કરતા, દયાર્દ્રહૃદય વડે ક્રૂર પ્રાણીઓને પ્રશાંત કરતા, ઉગ્ર તપશ્ચર્યાના પ્રભાવ વડે રાગાદિક શત્રુઓને નિર્મૂલ કરતા, તેમજ સેંકડો મુનિઓ જેમના ચરણકમલની સેવામાં રહેલા છે એવા શ્રી **સુદર્શન** આચાર્ય તે નગરીમાં પધાર્યા.

વળી પ્રતિબંધરહિત છે વિહાર જેમનો, ચતુર્દશ પૂર્વના જાણકાર અને સર્વ ગુણોના આધારભૂત એવા તે આચાર્ય મહારાજે પૂર્વ તથા ઉત્તરદિશાના મધ્યભાગમાં એટલે ઇશાનકોણમાં રહેલા **નંદન** નામે ઉદ્યાનમાં નિવાસ કર્યો. સર્વ નગરવાસી લોકો પણ બહુ ભક્તિપૂર્વક સૂરીશ્વરને વાંદવા માટે તૈયાર થઈ બહાર નીકળ્યા.

અહો ! ગુરૂ વિના જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. તેમજ જ્ઞાનના અભાવે ધર્મનું સ્વરૂપ સમજાતું નથી.

ગુણરૂપી રત્નોનો સંગ્રહ કરવામાં સમુદ્રસમાન એવા સદ્ગુરૂઓનો સમાગમ આ દુનિયામાં ન હોય તો વિચક્ષણ પુરુષ પણ ધર્મને જાણી શકતો નથી,

જેમકે; વિશાલ અને સ્વચ્છ નેત્રવાળો પુરૂષ પણ અંધકારમાં રહેલી અનેક વસ્તુઓને દીપક વિના દેખી શકતો નથી. અર્થાત્ ફાંફાં માર્યા કરે છે; પરંતુ ઈષ્ટવસ્તુ મેળવી શકતો નથી.

વળી ધનભૂતિ શ્રેષ્ઠી પણ પોતાના પુત્રને સાથે લઈ ભક્તિ વડે ગુરૂવંદન માટે ચાલતો થયો, બાદ ઉદ્યાનની નજીકમાં ગયો એટલે દૂરથી વાહનનો ત્યાગ કરી તેણે અંદર પ્રવેશ કર્યો.

પછી વસ્ત્ર વડે ઉત્તરાસંગ કરીને પોતાના પુત્રસહિત તેણે ત્રણવાર ગુરૂને પ્રદક્ષિણાપૂર્વક ઉત્તમ ભક્તિ વડે વંદન કર્યું.

બાદ અતિ ભયંકર એવા આ સંસારરૂપી સમુદ્રમાં ડૂબતા પ્રાણીઓને તારવામાં નાવ સમાન ધર્મલાભ ગુરૂ મહારાજે આપ્યો, એટલે તે સાર્થવાહ અન્યમુનિઓને પ્રણામ કરી પૌરજન સહિત પૃથ્વી ઉપર બેઠો.

ધર્મોપદેશ

સુદર્શન આચાર્ય પોતાને ઉચિત એવા ભવ્ય આસન ઉપર વિરાજમાન હતા,

શ્રદ્ધાલુ જીજ્ઞાસુઓ અનિમેષ દૃષ્ટિ વડે સૂરીશ્વરના મુખારવિંદનું પાન કરતા હતા, અપૂર્વ શાંતિનો સમય જાણી દયાલુ સદ્ગુરૂએ ગંભીરનાદ વડે મોક્ષપુરીના માર્ગસમાન શ્રીજિનેંદ્રભગવાને કહેલા ધર્મને કહેવાનો પ્રારંભ કર્યો.

હે ભવ્ય પ્રાણીઓ ! સમ્યક્‌દર્શનરૂપ જેનું મૂળ છે, પંચમહાવ્રતરૂપ મોટો અને બહુ દૃઢ જેનો સ્કંધ છે, પાંચ સમીતિ, ત્રણ ગુપ્તિ, તપ અને સંયમાદિક જેની શાખા અને પ્રશાખાઓ વિસ્તરી રહી છે.

વિવિધ અભિગ્રહરૂપી ગુચ્છોથી વ્યાપ્ત,
મનોહર શીલાંગરૂપી પત્રોથી યુક્ત,
ઉત્તમ લબ્ધિરૂપી પુષ્પોવડે વ્યાપ્ત,
સ્વર્ગ અને મોક્ષાદિકનાં મનોહર સુખો વડે વિભૂષિત,

સંસાર સંબંધી તીવ્ર તાપો વડે તપી ગયેલા પ્રાણીઓને શરણરૂપ અને દુરંત દુઃખને વિદારવામાં અપૂર્વ કારણભૂત એવો ચારિત્રરૂપ કલ્પવૃક્ષ શ્રીજિનેંદ્ર-ભગવાનની આજ્ઞા વડે વિસ્તારપૂર્વક પ્રસરી રહ્યો છે.

વળી હે ભવ્યાત્માઓ ! ઇંદ્રિયોની ગતિ બહુ ચંચલ છે,

વિષયોની સંગતિ પણ કેવલ દુઃખનો જ હેતુ છે. ક્રોધાદિક કષાયો દુર્ગતિનું કારણ છે. એકવાર પણ જો પ્રમાદ સેવવામાં આવે તો તે પ્રમાદ જીવને ભવ-સમુદ્રમાં પાડે છે.

એમ બહુ પ્રકારે ભયંકર એવા સંસારનું સ્વરૂપ તે સભાની અંદર સ્પષ્ટ રીતે સૂરીશ્વરે પ્રકાશિત કર્યું.

બાદ અમૃતસમાન અતિમિષ્ટ અને ઉત્કૃષ્ટ એવું તે સૂરીશ્વરનું વચન સાંભળી વૈરાગ્યદશાને અનુભવતા સર્વ પરિષદ્‌ના લોકો ગુરૂને વંદન કરી પોતપોતાના સ્થાનમાં ગયા.

સુધર્મનો વૈરાગ્ય

ધનભૂતિશ્રેષ્ઠીનો પુત્ર **સુધર્મ** ગુરૂમહારાજનું વચનામૃતનું પાન કરીને ધર્મમાં વિશેષ પ્રીતિમાન્ થયા અને અસાર એવા આ સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છતાં, ગુરૂમહારાજને પ્રણામ કરી વિનયપૂર્વક બોલ્યો.

હે ભવોદધિતારક ! આ ભયંકર સંસારવાસના બંધનમાંથી મુક્ત કરનાર એવા હે જગદ્‌ગુરો ! જન્મ, જરા અને મરણના ભયથી કંટાળેલો હું મારા માતાપિતાની આજ્ઞાથી આપના ચરણકમલમાં સંસારતારિણી એવી ઉત્કૃષ્ટ દીક્ષાને ગ્રહણ કરવા ઈચ્છું છું, તે સાંભળી ગુરૂમહારાજ બોલ્યા.

હે ધર્મેચ્છુ ! વૈરાગ્યની દૃઢતા હોય તેમજ માતા-

પિતાની આજ્ઞા હોય તો, આ કાર્યમાં તારી ભાવના નિર્વિઘ્નપણે સિદ્ધ થાઓ.

બાદ તીવ્ર વૈરાગ્યવાન્ તે **સુધર્મ** પોતાના માતા-પિતાની આજ્ઞા લઈ ગુરૂની સેવામાં આવ્યો. ગુરૂએ પણ લાયક જાણી તેને દીક્ષા આપી.

બાદ ગુરૂએ તેમને બન્ને પ્રકારની શિક્ષા આપી. પોતે પણ બુદ્ધિમાન્ હોવાથી તેમાં બહુ પ્રવીણ થયા. તેમજ સંયમ, તપ અને વિનય કરવામાં બહુ ઉદ્યુક્ત થયા.

અનુક્રમે તે મુનિવર ગુરૂમહારાજના ચરણકમલમાં સૂત્રસિદ્ધાન્તનો અભ્યાસ કરવા લાગ્યા.

મહાબુદ્ધિશાલી હોવાથી તે મુનીંદ્ર સ્વલ્પકાલમાં સૂત્રો અને તેના અર્થમાં ઘણી સારી રીતે પ્રવીણ થયા.

દરેક વિધિવિધાનમાં વિદ્વાન્ થયા. ચૌદપૂર્વના જાણકાર થયા. તેમજ સર્વગુણોના આધારભૂત થયા.

બાદ સર્વમુનિઓ તેમજ પોતાના ગુરૂ પણ તેમને બહુ માનપૂર્વક જોવા લાગ્યા.

આ સર્વમાત્ર જ્ઞાનનો મહિમા છે. વળી જ્ઞાનથી અનેક ગુણો પ્રકટ થાય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે;–

આ દુનિયામાં વિશુદ્ધ એવું જ્ઞાન, મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવામાં સૂર્યસમાન કહ્યું છે,

વળી આ જગત્માં જ્ઞાનને નેત્રની ઉપમા આપેલી છે.

નીતિરૂપી નદીને પ્રગટ કરવામાં કુલ ગિરિસમાન તેમજ કામ, ક્રોધ, મોહ અને લોભરૂપી કષાયોને નિર્મૂલ કરનારૂં પણ જ્ઞાન છે.

વળી જ્ઞાન એ મોક્ષરૂપી પ્રમદાને વશ કરવામાં મંત્ર-સમાન છે તેમજ હૃદયને પવિત્ર કરનાર, સ્વર્ગપુરીના પ્રયાણમાં દુંદુભિ સમાન અને વિવિધ સંપદાઓનું કારણ પણ જ્ઞાન જ કહેલું છે."

અહો! આ જગતમાં જ્ઞાનનો મહિમા સર્વોત્તમ કહેલો છે અને જ્ઞાનના પ્રભાવથી જ પુરૂષની કિંમત અંકાય છે.

જ્ઞાન વિનાના પ્રાણીઓ ઉચ્ચકુલમાં જન્મીને પણ પશુની યોગ્યતાને છોડતા નથી.

જ્ઞાનીપુરૂષો સ્વ અને પરના ઉપકારી બને છે,

અજ્ઞાની લોકો ઉભયના પરમવૈરી બને છે, જ્ઞાની પુરૂષો લોકમાં પૂજ્યતાને પામે છે, રાજામહારાજાઓ પણ તેમની આજ્ઞામાં રહે છે.

આચાર્ય પદવી

સુદર્શનસૂરીશ્વરે પોતાના શિષ્ય **સુધર્મ**મુનિને જ્ઞાનાદિ ગુણો વડે સંપૂર્ણ હોવાથી સૂરિપદને લાયક જાણી ઉત્તમ મુહૂર્તમાં પોતાના સ્થાનમાં સ્થાપન કર્યા.

બાદ તે સૂરિ પણ સંલેખના સાધીને સુખસમાધિએ મોક્ષસ્થાનમાં ગયા.

મુનિઓના પરિવાર સહિત **સુધર્મ**સૂરિ પણ નાના પ્રકારના દેશોમાં ભવ્યજનોનો ઉદ્ધાર કરતા પુર, ગામ અને નગરોમાં વિહાર કરવા લાગ્યા.

નિરંતર પાંચ ધાવમાતાઓ જેનું પાલન કરે છે એવો **ધનવાહન** પણ વૃદ્ધિ પામવા લાગ્યો.

ધનવાહનનો વિમોહ

અનુક્રમે તે કુમાર અવસ્થાને પામ્યો તેમજ તે સર્વકલાઓમાં પ્રવીણ થયો.

કેટલોક સમય વ્યતીત થતાં માતાપિતાની દેખરેખ વડે કામિની જનનાં હૃદયને હરણ કરવામાં સમર્થ એવા યૌવનપણાને શોભાવવા લાગ્યો.

પિતાએ પોતાના પુત્રની શારીરિક સંપત્તિ જોઈ તેના માટે રૂપ અને ગુણાદિક વૈભવવડે પરિપૂર્ણ એવી ઉત્તમ કન્યાની ગોઠવણ કરી.

તે કન્યાનું નામ **અનંગવતી** છે. તેના પિતાનું નામ **હરિદત્ત** છે. તે દરેક શેઠીઆઓમાં પ્રધાન ગણાય છે, અને તે શ્રેષ્ઠી **શ્રીસુપ્રતિષ્ઠ**નગરમાં રહે છે.

વળી તે કન્યા બહુ વિનયવાળી છે. ઉત્તમ લગ્નમાં મોટા ઉત્સવ સાથે **ધનવાહન** કુમાર તે કન્યાને પરણ્યો અને તેણીને પોતાની સાથે લઇ તે પોતાના નગરમાં ગયો.

ત્યાર બાદ તે **ધનવાહન** તેણીના ઉત્તમ પ્રકારનું યૌવન, રૂપ અને સુકુમારતામાં લુબ્ધ થઇને વિષયમાં બહુ આસક્ત થયો છતો ગયેલા સમયને પણ જાણતા નથી.

કામી પુરૂષોની ચેષ્ટાઓ આ દુનિયાથી વિપરીત હોય છે, એટલા જ માટે આ જગતમાં કામી પુરૂષને આંધળાની ઉપમા આપી છે અને તે કામીપુરુષ સર્વથા વિવેકહીન ગણાય છે.

જગતમાં અંધપુરૂષ માત્ર પોતાની આગળ રહેલી દૃશ્યવસ્તુને દેખતો નથી અને કામાંધપુરૂષ તો વસ્તુતઃ જે દૃશ્યવસ્તુ છે તેને દેખતો નથી, એટલું જ નહીં પરંતુ જે પદાર્થ વસ્તુગત નથી તેને દેખે છે.

જેમકે; અશુચિથી ભરેલાં એવાં સ્ત્રીઓનાં નેત્રાદિક અંગોમાં મોગરો, કમલ, પૂર્ણચંદ્ર, કલશ અને સુશોભિત એવી લતાઓનો તથા પલ્લવોનો આરોપ કરીને આનંદ માને છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, વિષયાસક્ત પુરૂષોની સ્થિતિ ધર્મમાર્ગમાંથી પલટાઈ જાય છે.

સુધર્મમુનિનું પુનરાગમન

ત્યારપછી એક દિવસ ભૂતલને પવિત્ર કરતા, પરમ કૃપાલુ શ્રીમાન **સુધર્મમુનિરાજ** ત્યાં **વિજયવતી** નગરીમાં વર્ષારાત્રના પ્રારંભમાં પધાર્યા.

પોતાની સાથે મુનિઓનો પરિવાર બહુ વિસ્તારવાળો હતો. વર્ષાકાલ નજીકમાં હોવાથી ચાતુર્માસની સ્થિતિ તેમની અહીં જ મુકરર હતી; માટે મુનિઓએ ત્યાં સાર્થવાહની પાસે પોતાને રહેવા માટે મકાનની યાચના કરી.

ધનભૂતિ સાર્થવાહે પોતાની યાનશાલાઓની અંદર સુવિશુદ્ધસ્થાન તેમને આપ્યું.

પોતાના પરિજન સહિત સાર્થવાહ હંમેશા ગુરૂની પાસે આવે છે.

સામાયિકાદ્વિકવ્રતમાં રહીને વૈરાગ્યભાવથી નિરંતર પોતે જૈન સિદ્ધાંતને સાંભળે છે,

ધનભૂતિ સાર્થવાહ પોતાના પુત્ર **ધનવાહનને** વારંવાર કહે છે કે; એક દિવસ તું ગુરૂનાં દર્શન કરવા તો ચાલ.

ગુરૂમહારાજ કેવો ઉપદેશ આપે છે, તે તું કંઈક સાંભળ તો ખરો !

ઘરમાંને ઘરમાં શું બેસી રહ્યો છે ? એમ ઘણુંએ તેણે કહ્યું; પરંતુ પોતાની સ્ત્રીના પ્રેમમાં ગાઢ આસક્ત હોવાથી તે **ધનવાહન** ગુરૂની પાસે કોઇ દિવસ વંદન માટે પણ જતો નથી.

ગુરૂ ચિંતા

વિષયસેવનમાં જ રાત્રિદિવસને વ્યતીત કરતો, ધર્મ-કાર્યમાં નિરપેક્ષ, પ્રમદામાં જ કેવલપ્રેમી અને અન્ય કાર્યોથી વિમુક્ત એવા પોતાના નાનાભાઈને જોઈ, ગુરૂ-મહારાજને વિચાર થયો.

આ બિચારો અજ્ઞાત મારો ભાઈ રાગથી વિમૂઢ બની શ્રી જૈનધર્મ એટલે શું ? તેનો લેશમાત્ર પણ વિચાર

કરતો નથી. અને કેવલ ઇંદ્રિયોના વિષયોમાં જ મગ્ન રહે છે.

આવી અજ્ઞાનતાને લીધે દુર્લભ એવો આ મનુષ્યભવ પામીને પણ ધર્મરહિત એવો આ પામર નરકસ્થાનમાં જશે. તેમજ ઘોર એવી અનેક તિર્યંચયોનીમાં દુરંત દુઃખોનો ભોક્તા થશે.

રાગથી વિમૂઢ બનેલા તે અજ્ઞાનીને કોઈપણ ઉપાય વડે હું જાગ્રત્ કરૂં.

એમ વિચાર કરી ગુરૂએ આગ્રહપૂર્વક પોતાના ભાઇને બોલાવરાવ્યો.

ધનવાહનને પોતાનું મકાન છોડી ત્યાં જવું એ બહુ અશકય થઇ પડયું, પરંતુ બહુ ઉપરોધને લીધે મહામુશીબતે તે સૂરીશ્વરને વંદન કરવા આવ્યો. વંદન કર્યાબાદ તે ધનવાહન સૂરીશ્વરની આગળ બેઠો.

ગુરૂમહારાજનો ઉપદેશ

સૂરિએ તેને ઉદ્દેશીને હિતોપદેશનો પ્રારંભ કર્યો.

હે ભદ્ર ! વિષયરૂપી માંસમાં લુબ્ધ થઈ તું તારૂં ભવિષ્ય કેમ બગાડે છે ? લગાર વિચારતો કર, અનંત-પુદ્ગલ પરાવર્ત્તનો વડે આ મનુષ્યભવ પ્રાપ્ત થાય છે, તેમાં પણ આવા ઉત્તમપ્રકારના સત્કુલમાં જન્મીને કેવલ વિષય સેવનથી તું મનુષ્યભવને વૃથા શા માટે હારી જાય છે ?

હે મહાનુભાવ ! વિષયોમાં દૃઢપ્રીતિવાળા પ્રાણીઓ અશુભ કર્મોને ઉપાર્જન કરે છે અને પરિણામે તેમના વશ થઈ સંસારમાં અવતરીને તેઓ અધમયોનીઓમાં પરિભ્રમણ કરે છે. તેમજ તે વિષયમાં લુબ્ધ થયેલા પ્રાણીઓ નરકસ્થાનોમાં વધબંધનાદિક અનેક પ્રકારની દુઃસહ એવી વેદનાઓને ચિરકાલ પર્યંત સહન કરે છે;

વિગેરે પરલોકની વેદનાઓ તો બાજુ ઉપર રહી, પરંતુ આલોકમાં પણ વિષયમાં આસક્ત અને પ્રબળ ઇંદ્રિયોવાળા ઘણા પ્રાણીઓ અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે.

વળી ઇંદ્રિયોના વિષયો એટલા બધા બળવાન છે કે; જેથી પોતાના મરણનું પણ ભાન રહેતું નથી.

જેમકે; હાથીના સમુદાયનો ત્યાગ કરી હાથિણીની સાથે સ્પર્શેંદ્રિના વિષય સુખમાં આસક્ત થયેલો હાથી માત્ર સ્પર્શેંદ્રિયવડે; જલ-બંધમાં પડીને પોતાના પ્રાણનો ત્યાગ કરે છે; તેમજ રસનેંદ્રિયમાં લપટાયેલો મત્સ્ય બડીશના લોભને લીધે ગલામાં લોહકંટકથી વિંધાઇને તરત જ મરણ વશ થાય છે.

ઘ્રાણેંદ્રિયમાં લુબ્ધ એવો ભ્રમર પણ મરણ પામે છે. અન્યત્ર પણ કહ્યું છે કે;—

ઘ્રાણેંદ્રિયના સુખમાં વિમુઢ થયેલો ભ્રમર, સુગંધિત એવા એક કમલમાં પુષ્પ પર જઇ બેઠો, અને તેના સુગંધમાં એટલો બધો રસિક થયો કે ત્યાંથી ઉડવાને ઊંચી આંખ પણ તેણે કરી નહીં;

એટલામાં સૂર્યાસ્ત થઇ ગયેા; કમળ એકદમ બીડાઈ ગયું. ભ્રમર તેા અંદર જ રહી ગયેા, પછી તે વિચાર કરવા લાગ્યેા

રાત્રીનેા સમય હમણાં પુરેા થઈ જશે,

સુંદર પ્રભાતકાળ પ્રગટ થશે, સૂર્યનેા ઉદય થશે,

પંકજની શેાભા ખીલી નીકળશે, એટલે હું આ બંધનમાંથી છુટેા થઈશ.

એમ તે વિચાર કરતેા હતેા તેટલામાં ત્યાં આવેલા હાથીએ કમલિનીનેા મૂળમાંથી અપહાર કર્યો.

આ બહુ ખેદની વાત છે કે, કયાં કમળ ? કયાં ભ્રમર ? અને કયાં હાથીનું આગમન ?

આ ઉપરથી સારમાત્ર એ લેવાનેા છે.

જો તે ભ્રમર ઘ્રાણેંદ્રિયમાં આટલેા બધેા લુબ્ધ નહેાત તેા આવી સ્થિતિમાં આવી પડત નહીં.

સમગ્ર દિશાઓમાં પ્રકાશ આપતી દીપશિખાને જોઇ પતંગીયેા પણ પેાતાના ચક્ષુદોષવડે તેને ગ્રહણ કરવાની બુદ્ધિથી તેની અંદર પડીને મરણ પામે છે.

સંગીતઆદિકના શબ્દ સાંભળીને મૃગ કાનની ટીસીઓ ચઢાવી સાવધાનપણે બહુ સ્થિર થાય છે. એટલે જ્યારે બરોબર પેાતાનેા લાગ આવે છે.

ત્યારે તે શિકારી પેાતાના બાણવડે તે મૃગલાના પ્રાણ લઈ લે છે.

આ ફક્ત શ્રવણેંદ્રિયનેા દોષ છે.

એ સર્વે પૂર્વોક્ત પ્રાણીઓ એકેક ઇંદ્રિયના વશ થઈ મરણ દશાને પામે છે, તે વળી પાંચે ઇંદ્રિયોને સ્વાધીન થઈ વિષયોમાં આસક્ત થયેલા પ્રાણીઓની શી ગતિ થવાની?

માટે હે ભદ્ર! પાંચે ઇંદ્રિયોને વશ થયેલો તું વિષય સુખ સેવીને ધર્મથી વિમુખ થઈ ઘોર એવા નરકસ્થાનમાં ગમન કર નહિં.

માટે હે મહાનુભાવ! વિષયસુખનો ત્યાગ કરી હવે તું ધર્મકાર્યમાં બુદ્ધિ રાખ.

હે સુંદર! અતિ દુર્લભ એવા આ મનુષ્યજન્મને તું સફલ કર! મનુષ્યભવની સફલતા ધર્મકર્મથી થાય છે. જેમકે,—

સાંસારિક સુખમાં ફસાયેલો ભવ્યાત્મા છેવટે આત્મભાન થતાં બહુ પશ્ચાત્તાપમાં પડી કહે છે;

અમૂલ્ય એવો આ મનુષ્યભવ પામીને મેં આત્મોદ્ધાર માટે સદ્ધર્મમાં પ્રીતિ કરી નહીં અને અનાત્મધર્મમાં રાચી માચીને જે સુખ ભોગવ્યું તે મુષ્ટિઓના પ્રહારવડે આકાશને તાડન કરવું તેમજ ફોતરાઓના ખાંડવા બરોબર કરેલું છે. અર્થાત્ નિરર્થક મનુષ્યજન્મ હું હારી ગયો છું.

હે ભદ્ર! આ ઉપરથી તું પણ વિચાર કર કે; ચિંતામણિસમાન મનુષ્યજન્મ પામીને તારે લોકાંતરને માટે કંઇપણ સુકૃતરૂપી ભાતું કરી લેવું જોઇએ.

શ્રેષ્ઠીપુત્ર ધનવાહન

એ પ્રમાણે વિષયવિષને દૂર કરનાર ગુરૂમહારાજનું વચન સાંભળી **ધનવાહન** બોલ્યો;

હે ભગવન્ ! આપનું કહેવું સત્ય છે. મારી ઇચ્છા પણ એવી છે; પરંતુ હું શું કરૂં ?

પ્રથમ મારૂં કહેવું આપ સાંભળો.

અનંગવતીનામે મારી સ્ત્રી છે, તેણીનો પ્રેમ મારી ઉપર એટલો સચોટ રહ્યો છે કે; તે બીચારી મારા વિના ક્ષણમાત્ર પણ રહી શકાતી નથી.

તેવા કારણને લીધે તેને મૂકીને હું પણ ક્ષણમાત્ર રહી શકું તેમ નથી. તેટલાજ માટે આપને વાંદવા માટે પણ મારાથી આવી શકાતું નથી.

વળી મારા વિરહને લીધે તે વરાકી હાલમાં પણ બહુ દુઃખી થઈ હશે.

હે ભગવન્ ! આ પ્રમાણે મારી સ્થિતિ છે, તો મારે ધર્મસાધન કેવી રીતે કરવું ?

આપના દર્શનનો અવકાશ પણ મને દુર્લભ થયો છે. તો અન્ય ધાર્મિકપ્રવૃત્તિ તો મારાથી બને જ કયાંથી ?

મહિલા સ્વરૂપ

કેવલ સ્ત્રીમાં જ આસક્ત થયેલા **ધનવાહનનું** વચન સાંભળી ગુરૂમહારાજ બોલ્યા.

હે ભદ્ર ! અસ્થિર ચિત્તવાળી અને મુગ્ધ પુરૂષોના

મનને હરણ કરનારી સ્ત્રીઓને માટે કયો બુદ્ધિમાન પુરૂષ પોતાના આત્મસાધનને હારી જાય ?

હે સુભગ ! પવનથી કંપતા ધ્વજસમાન ચંચળ-ચિત્તવાળી સ્ત્રીઓને વિષે આસક્ત થઈ જે પુરૂષ ધર્મમાં પ્રમાદ કરે છે, તેને કાયરપુરૂષ જાણવો; પરંતુ સત્પુરૂષો તેમ કરતા નથી.

વળી સ્ત્રીઓનાં હૃદય કેવળ વિષથી ભરેલાં હોય છે, અને બહારની આકૃતિવડે તેઓ મનોહર હોય છે અર્થાત્ સ્ત્રીઓ સ્વભાવવડે ચણોઠી સમાન કહેલી છે.

સ્ત્રીઓમાં સત્ય, શૌચ અને દયા તો બીલકુલ હોતી નથી.

અકાર્ય કરવામાં તેઓ ડરતી નથી,

સાહસ કરવામાં પણ તેઓ મુખ્ય ગણાય છે.

ભયને ઉત્પન્ન કરનારી એવી તે સ્ત્રીઓને વિષે કયો બુદ્ધિમાન પુરૂષ પ્રીતિ કરે ? જો તે સ્ત્રીઓ રાગવાળી થાય તો પુરૂષોના ધનને હરણ કરે છે.

જો ક્રોધાયમાન થાય તો પ્રાણને પણ હરણ કરે છે. આવી દુષ્ટ સ્ત્રીઓનો રાગ તથા ક્રોધ એ બન્ને ભયજનક હોય છે. તેઓનો કોઈપણ ગુણ સુખદાયક નથી.

તેઓ પોતાના હૃદયમાં અન્યનું ચિંતવન કરે છે. નેત્રોવડે અન્યને જુએ છે અને સંબંધ તો કોઇ અન્યની સાથે ગોઠવે છે, આવી ચંચળચિત્તવાળી સ્ત્રીઓનો કોઇ વલ્લભ થવા ઇચ્છે, તો તે તેની મોટી ભૂલ ગણાય.

વળી તે કામાસક્ત યુવતીઓ જારપુરૂષના પ્રેમને લીધે પોતાના પતિને પણ જાનથી મારી નાખે છે. તેમજ તે જાર પુરૂષને અન્યને માટે તેઓ મારી નાખે છે અને અન્યને વિશ્વાસ આપે છે; પરંતુ પોતાનો સદ્ભાવ કોઇપણ ઠેકાણે તેઓ પ્રગટ કરતી નથી.

ભર્તૃહરિએ પણ કહ્યું છે;—

ભર્તૃહરિરાજાને એક અમર ફલ પ્રાપ્ત થયું. તે જોઈ તેમને વિચાર થયો કે; આ અમરફલ પ્રિયમાં પ્રિય એવી મારી રાણીને આપવું તે યોગ્ય છે.

રાજાએ બહુમાનપૂર્વક તે ફલ પોતાની રાણી પીંગલાને આપ્યું.

બાદ તે રાણીએ પણ જાણ્યું કે; આ દિવ્યફલને લાયક હું નથી. પરંતુ મારો વલ્લભ અશ્વપાલક આવશે તેને આપીશ; એમ વિચારીને પોતે ન ખાતાં સંકેતિત સમયે જ્યારે તે આવ્યો ત્યારે;

હે સ્વામીજી ! આ ફલ આપને માટે રાખેલું છે, એમ કહી તેના કરકમલમાં રાણીએ અર્પણ કર્યું.

તે ફલ લઇ અશ્વપાલક પોતાના સ્થાનમાં ગયો અને તેણે વિચાર કર્યો;

આ દુનિયામાં હાલમાં વ્હાલી મને ગણિકા છે. માટે આ ફલ તેણીને જ આપવું જોઇએ, એમ વિચારીને તે ફલ તેણે ગણિકાને આપ્યું.

ગણિકાએ વિચાર કર્યો;

અહો ! આ અમરફલ ખાઇને મારે શું કરવું છે ? આ દિવ્યફલને લાયક તો રાજાધિરાજ આપણો ભૂપતિ છે. એમ વિચાર કરીને તે ફલને ભેટ તરીકે ગ્રહણ કરીને ગણિકા રાજાની પાસે ગઈ અને તેણીએ પ્રણામ કરી રાજાની આગળ તે ફલ મૂકયું.

તરત જ તેને જોઈ રાજા એકદમ વિસ્મિત થઈ ગયો અને તે બોલ્યો;

હે કોવિદે ! આ ફલ તારી પાસે કયાંથી ? એમ પૂછતાં સર્વ વાત તેમના જાણવામાં આવી.

તરત જ પોતે વિરક્ત થઇ રાજ્યવૈભવનો ત્યાગ કરી ત્યાગાશ્રમમાં ગયા.

તેમણે કહ્યું કે; જે રાણીનું હંમેશાં હું ચિંતવન કરૂ છું; તે મારે વિષે વિરક્ત થઇ અન્ય પુરૂષનું ચિંતવન કરે છે.

તે અશ્વપાલક પણ ગણિકાને વિષે રક્ત થયેલો છે;

તે ગણિકા પણ મારી ઉપર પ્રેમ ધરાવે છે.

અહો ! આ સંસારમાં કોઈ કોઇનું કોઈ પ્રિય દેખાતું નથી.

આ રાણીને ધિક્કાર છે, જે મારા પ્રેમને છોડી અશ્વપાલકમાં આસક્ત થઈ છે;

તે અશ્વપાલકને પણ ધિક્કાર છે.

તે ગણિકાને અને મને પણ ધિક્કાર છે.

જેમના પ્રસંગમાં મારે આવવું પડયું !

વળી ખરેખર ધિક્કાર તો આ કામદેવને જ ઘટે છે. કારણકે; આ સર્વ અનર્થનો ઉત્પાદક કેવળ કામદેવ જ છે.

આ સ્ત્રીઓનું બહુ વૃત્તાંત ખુલ્લું કરવાથી શું ફલ ? કારણસર પોતાના પુત્રને પણ તે દુષ્ટાઓ મારી નાખે છે. તેવી ક્ષણિક ચિત્તવાળી સ્ત્રીઓ ખરી પ્રેમદૃષ્ટિથી કોને જુએ છે ?

માટે હે ભદ્ર ! વિદ્યુત્લતાની માફક ચંચળ હૃદયવાળી; ઉપરોક્ત પ્રકારની સ્ત્રીઓને માટે કયો પુરૂષ ધર્મકાર્યમાં શિથિલ આદરવાળો થાય ?

અનંગવતી

આ પ્રમાણે ગુરુનું વચન સાંભળી કિંચિત્ હાસ્ય કરીને **ધનવાહન** બોલ્યો.

હે કૃપાલો ! આપે જે સ્ત્રીઓનાં દૂષણ કહ્યાં, તે દુષ્ટ સ્ત્રીઓ બીજી;

મારી સ્ત્રી તો બહુ સરલ છે. તેમજ પતિવ્રતા છે, વળી સત્ય; શીલ અને દયાવડે યુક્ત છે;

મારી ઉપર બહુ જ તે પ્રેમ ધરાવે છે. અન્ય પુરૂષનું મુખ પણ તે જોતી નથી,

વિનયગુણમાં તે પ્રથમ ગણાય છે,

સ્નેહની સ્થિરતા તેના જેટલી પ્રાયે અન્યત્ર સંભવતી નથી;

વળી ગુરૂજનની ભક્તિમાં હંમેશાં તત્પર રહે છે. એવી તે સ્ત્રી અશુદ્ધ ચારિત્રવાળી અન્ય સ્ત્રીઓના સરખી કેમ કહી શકાય ?

વળી આ જગત્માં લોહ તથા અશ્વાદિકનું ગુણો વડે મોટું અંતર દેખાય છે. અન્યત્ર પણ કહ્યું છે કે :

અશ્વ; હસ્તી, લોહ, કાષ્ઠ, પાષાણ, વસ્ત્ર, નારી, પુરૂષ અને જલ એ દરેકનું પોતપોતાની જાતિમાં ઘણું જ અંતર દેખાય છે. અર્થાત્ ગુણોવડે ન્યૂનાધિકતા રહેલી છે.

અશ્વજાતિમાં કોઈની દશરૂપીઆ કિંમત તો કોઈની હજાર અને તેથી વધારે પણ હોય છે. એમ દરેકમાં પોતાના ગુણોએ કરીને ગૌરવ લાઘવપણું હોય છે, માટે મારી સ્ત્રી તેવી દુરાચારિણી નથી; જેથી મને તે દુઃખદાયક થાય.

પુનઃ ગુરૂ ઉપદેશ

ત્યાર પછી ગુરૂએ તેને કહ્યું; હે મહાનુભાવ ! જો કે, તે તારી સ્ત્રી બહુ સારી હશે, તો પણ તેનો ઉપભોગ કરવાથી તે નરકસ્થાનનો માર્ગ છે.

જેમ કિંપાકનાં ફલ ખાવાથી તેઓ આલોકમાં કેવળ દુઃખદાયક થાય છે, તેમ મનોહર એવું પણ સ્ત્રીઓના ભોગવિલાસનું સુખ દુર્ગતિમાં લઈ જાય છે.

જેમ વિષમિશ્રિત ભોજન બહુ સરસ હોય તો પણ તે ખાવાથી પ્રાણહારક થાય છે; તેમ સુંદર એવી પણ

યુવતિ જો ભોગવવામાં આવે તો તે જરૂર દુર્ગતિમાં લઈ જાય છે.

માટે હે ભદ્ર ! કુમતિના કારણભૂત એવી પોતાની સ્ત્રી સંબંધી અનુરાગને તું છોડી દે અને પંચમહાવ્રતને ધારણ કરી ચારિત્રમાં તું પ્રીતિવાળો થા.

એ પ્રમાણે પ્રતિદિવસે સંવેગકારક મધુર વચનોવડે સૂરિમહારાજ તેને બોધ આપવા લાગ્યા.

પછી સ્ત્રી ઉપરથી ધનવાહનનો રાગ કંઈક દિવસે દિવસે ઓછો થવા લાગ્યો અને હંમેશાં ગુરૂમહારાજની પાસે તે આવવા લાગ્યો.

બાદ એક દિવસે પરમવૈરાગ્યને પ્રાપ્ત થયેલો તે ધનવાહન એકાંતમાં ગુરૂની આગળ હાથ જોડી કહેવા લાગ્યો,

હે ભગવન્ ! અમૃતમય એવી આપની વાણી મેં સાંભળી; છતાં પણ મારા હૃદયમાંથી દુષ્ટસર્પના વિષની માફક રાગની પરિણતિ કેમ દૂર થતી નથી ?

હે ભગવન્ ! સ્ત્રી સંબંધી મારો રાગ સર્વથા તુટવાનો સંભવ મને લાગતો નથી; પરંતુ જો આપને યોગ્ય લાગે તો, હું એક બાબત કરવા ધારૂં છું કે; વિષયસુખની તૃષ્ણા રહિત એવો હું મારી સ્ત્રીની સાથે આપના ચરણકમલમાં દિક્ષાગ્રહણ કરૂં, જેથી હું તેણીના દર્શનમાત્ર વડે સંતુષ્ટ રહીશ અને મારૂં ચારિત્ર પણ સચવાશે.

આ પ્રમાણે મારો વિચાર છે. જો આપને યોગ્ય લાગે તો મને દીક્ષા આપો. બાકી એણીના દર્શન વિના તો મારાથી જીવી શકાય તેમ નથી.

સુધર્મસૂરિ

એ પ્રમાણે ધનવાહનનું વચન સાંભળી સુધર્મ-સૂરિ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા,

અહો! આ જગત્માં અતિ દુરંત એવો વિષયરાગ કેવો વિલસી રહ્યો છે? દીક્ષા લેવાની ઈચ્છા થઈ છે, છતાં પણ તેને સ્ત્રી દર્શનની અભિલાષા છુટતી નથી. જુઓ તો ખરા! મોહના તરંગો કેવા ઉછળી રહ્યા છે?

અસ્તુ, એ પ્રમાણે પણ એને દીક્ષા આપવી ઠીક છે. કારણકે, દીક્ષા લીધા બાદ તે પોતે જ સૂત્રાર્થમાં નિપુણ થઈ વિવેકમાં આવી જશે. તેમજ તે પોતે જ સમજીને રાગના સંબંધને છોડી દેશે.

એ પ્રમાણે ગુરૂએ વિચાર કરી અનંગવતી સહિત પોતાના ભાઇ ધનવાહનને વિધિપૂર્વક દીક્ષા આપી.

બાદ તેમણે ચંદ્રયશા નામે મહત્તરિકા–મોટી-સાધ્વીના તાબામાં અનંગવતી સાધ્વીને સોંપી દીધી.

પછી તે પણ સાધ્વીઓના સમુદાયમાં રહી ઉત્તમ પ્રકારની સાધ્વીની ક્રિયાનો અભ્યાસ કરવા લાગી.

ધનવાહન મુનિ પણ ગુરૂચરણમાં રહીને સૂત્રાર્થોનો સારી રીતે અભ્યાસ કરવા લાગ્યા. એમ તે બન્ને જણ સાધુસાધ્વીને યોગ્ય એવી ક્રિયાઓ કરે છે.

તત્ત્વાર્થમાં પણ તેઓ જાણકાર થઇ ગયાં; છતાં પણ પરસ્પર એક બીજાનો હાર્દિક પ્રેમ તેમને છુટતો નથી.

એમ કરતાં ઘણો સમય વ્યતીત થયો, તેમ છતાં પણ તેમની સ્થિતિ બદલાઈ નહિ.

ગુરૂએ તેમને મધુર વચનોથી એકાંતમાં કહ્યું; તમોએ દીક્ષાવ્રત લીધેલું છે. માટે હવે તમારે રાગ વૃત્તિ રાખવી, તે યોગ્ય ગણાય નહી.

અવિરતિ યુવતિજનને સવિકારદૃષ્ટિ વડે જોવાની પણ સાધુને જૈનસિદ્ધાંતમાં મોટું પ્રાયશ્ચિત કહેલું છે. તો વ્રતધારી સાધ્વીને સવિકાર દૃષ્ટિથી સાધુએ સર્વથા ન જોવી જોઇએ.

અને જો રાગદૃષ્ટિથી તેનું અવલોકન કરે તો હે ભદ્ર ! જૈનશાસ્ત્રમાં તેને મોટા અનર્થનું કારણ કહેલું છે. અન્ય સ્ત્રી ઉપર દૃષ્ટિપાત કરવો તે ઉચિત નથી. તો પછી અબોધીબીજના કારણભૂત એવી સાધ્વીના વિષયમાં તો કહેવું જ શું ?

માટે મહાનુભાવ ! અવિવેકનો ત્યાગ કરી શુદ્ધભાવ વડે તું રાગનો વિચ્છેદ કર અને સર્વથા આ દૃષ્ટિના કુશીલપણાને તું છોડી દે.

એ પ્રમાણે ગુરૂનું વચન સાંભળી ધનવાહનમુનિ સંવિગ્ન થઇ વિચાર કરવા લાગ્યા કે; અતિશય નિર્મ્યાદ-

રાગને વશ થયેલા અને વિવેક રહિત એવા મુનિવેશધારી મને ધિક્કાર છે, ધિક્કાર છે.

અરે! હું કેવો નિર્લજ્જ ગણાઉં? મુનિવ્રતમાં હોવા છતાં પણ હું મુનિઓને અછાજતા આવા નિંદનીય રાગને છોડી શકતો નથી.

નિરવદ્ય એવી મુનિદીક્ષાને ગ્રહણ કરીને પણ દુષ્ટ-રાગથી બંધાયેલો અને પુણ્યરહિત એવો હું દીર્ઘસંસારનો ભોક્તા થઈશ.

હા જીવ! હા પાપિષ્ઠ! દર્શન માત્રના રાગમાં પ્રવૃત્ત થયેલો તું અનવદ્ય એવા ધર્મને પામીને પણ ચિરકાલ પર્યંત નારક તથા તિર્યંગ્યોનિમાં પરિભ્રમણ કરીશ.

એ પ્રમાણે ભાવના કરતાં છતાં પણ **ધનવાહન**-મુનિનો અનુરાગ **અનંગવતી** સાધ્વી ઉપરથી ઉતરતો નથી તેમજ તે સાધ્વીનો રાગ તે મુનિ ઉપર તેવોને તેવો રહ્યા કરે છે.

એમ કરતાં સંયમ, તપ, વિનય અને ચારિત્ર પાળવામાં તત્પર અને ગુરૂની આજ્ઞા પાળવામાં સાવધાન એવાં તે બંનેનો પણ સમય ચાલ્યો જાય છે.

સુલોચના ભગિની

અન્યદા એક દિવસ **વસુમતી** નામે પોતાની બહેનની સાથે તે **અનંગવતી** સાધ્વી વિહાર ભૂમિએ

બહાર નીકળી; ત્યાં આગળ સ્ત્રી સહિત એક ઉન્મત્ત થયેલો પુરૂષ તેણીના જોવામાં આવ્યો.

જેનું શરીર બહુ ધુળથી ખરડાયેલું હતું તેમજ વસ્ત્રો પણ બહુ જીર્ણ પ્રાય પહેરેલાં હતાં અને શરીરે જંતુઓ બહુ વળગેલા હતા.

વળી તે ગાંડાની માફક ગાયનની ધૂનમાં અનેક પ્રકારે નૃત્ય કરતો અને છોકરાંઓ જેની ચારે તરફ વીંટાઈ વળેલાં હતાં, એવા તે પુરૂષને જોઇ, **અનંગવતી** તે બન્ને સ્ત્રી પુરૂષને બહુ સમય સુધી જોઈ રહી.

ત્યારબાદ તેણીએ **વસુમતીને** કહ્યું કે; હે આર્યે! આ ગાંડાની પાસમાં રહેલી આ યુવતી આપણી બ્હેન **સુલોચનાના** જેવી દેખાય છે.

તે સાંભળી **વસુમતી** પણ સારી રીતે ધ્યાન દઈ બહુ તપાસ કરીને શોકાતુર થઈ ગઈ અને તે બોલી;

હે બ્હેન! તારૂં કહેવું સત્ય છે. આ આપણી બ્હેન **સુલોચના** છે. પ્રથમ એને **મેખલાવતી** નગરીમાં **સુબંધુ** સાથે પરણાવી હતી.

એક દિવસ તે **કનકરથ** રાજકુમારના જોવામાં આવી; એટલે તે રાજપુત્ર તેણીના મનોહર સ્વરૂપને જોઇ બહુ કામાતુર થઇ ગયો અને બહુ રાગને લીધે તેણે પોતાના અંતઃપુરમાં **સુલોચનાને** દાખલ કરી. પછી તેને બહુ પ્રિય હોવાથી તે **સુલોચના** સમસ્ત અંતઃપુરમાં પ્રધાન થઈ પડી.

એ પ્રમાણે હું મારે સાસરે જ્યારે રહેતી હતી તે સમયે પ્રત્યક્ષપણે મેં સર્વ જાણેલું છે.

વળી હે આર્યે ! લોકપ્રવાદથી તેં પણ આ બાબત સાંભળી હશે તેમજ ગ્રહવડે ગ્રહણ કરાયેલો આ પુરૂષ રાજકુમાર સરખો દેખાય છે; માટે જરૂર આ **કનકરથ**-રાજા અને આ **સુલોચના** છે.

અનંગવતી બોલી. હે આર્યે ! ચાલો આપણી આ બ્હેનને આપણે બોલાવીએ. આપણને તે ઓળખે છે કે કેમ ? અથવા એ પણ ગાંડી છે ?

એમ વિચાર કરીને બંને જણીઓ તેની પાસે જઇ મધુરવાણીવડે તેને બોલાવવા લાગી. પરંતુ પાગલની માફક તે કંઈપણ સ્પષ્ટ સમજી શકી નહીં અને જેમતેમ બહુ બોલવા લાગી.

ત્યારપછી દયાલુ એવી તે બન્ને સાધ્વીઓ તે બંને સ્ત્રીપુરૂષને સુધર્માચાર્યના ચરણકમલમાં લઇ ગઈ અને પોતાના હૃદયમાં બહુ વિષાદ કરવા લાગી.

બાદ તે આર્યાએ આચાર્ય–મહારાજને કહ્યું;

હે ગુરૂમહારાજ ! આ અમારી મોટી બ્હેન છે કે નહી ? અને જો તે હોય તો એની આવી ઉન્મત્તાદશા શાથી થઈ છે ?

ત્યાર પછી ગુરૂએ પોતાના જ્ઞાનવડે સત્યસ્વરૂપ જાણીને કહ્યું;

આ **સુલોચના** છે અને આ **કનકરથ** યુવરાજ છે, એમાં કોઇ પ્રકારનો સંદેહ નથી. આ બંને જણ ભરનિદ્રામાં સુઇ ગયાં હતાં, ત્યારે ઈર્ષ્યાવડે ક્રોધાયમાન થયેલી એક તેની સપત્ની–શોકે એ બંનેના મસ્તક ઉપર મંત્રેલું ચૂર્ણ નાખ્યું. જેથી તેમની બુદ્ધિનો વિભ્રમ થયો.

ત્યારપછી તેના પિતાએ બહુ વૈદ્યોને બોલાવ્યા. તેઓએ પણ ઘણા ઉપચાર કર્યા, પરંતુ સર્વ પ્રયાસ તેમનો નિષ્ફલ થયો.

પછી રાજાએ તેમની મંત્ર તથા તંત્રવાદીઓને બોલાવી બહુ સારવાર કરાવી પણ તેમની સ્થિતિમાં કિંચિત-માત્ર પણ ફેરફાર થયો નહિ.

પછી એકાંત સ્થાનમાં બંનેને રાખવામાં આવ્યાં. તેમની રક્ષામાં કેટલાક પુરૂષોને મુકરર કર્યા.

બાદ કેટલોક સમય વ્યતીત થતાં રક્ષક પુરૂષોના પ્રમાદને લીધે તેઓ બંને જણ એક સાથે પોતાના સ્થાન-માંથી બહાર નીકળી ગયાં અને તેઓ ફરતાં ફરતાં અહીં આવ્યા છે.

ભ્રમવિનાશક ચૂર્ણયોગ

એ પ્રમાણે આચાર્યશ્રીનું વચન સાંભળી **વસુમતી** બોલી.

હે ભગવન્ ! જો આપ એનો ઉપચાર જાણતા હોવ તો વિચાર કરી મતિમોહને દૂર કરનારૂં પ્રતિચૂર્ણ એમને આપો. પછી ગુરૂએ મતિમોહને નાશ કરવામાં

બલવાન્ એવું પ્રતિચૂર્ણ તેમને આપ્યું, જેથી તેઓ બંને પણ સ્વસ્થ ચિત્તવાળાં થઈ ગયાં.

ત્યારપછી **સુલોચના** પોતાની બંને બહેનોને જોઈ બહુ આશ્ચર્ય પામી કહેવા લાગી.

અરે! આ મને સ્વપ્ન આવ્યું? અથવા મારી બુદ્ધિનો આ વિભ્રમ થયો છે? તે અમારી નગરી કયાં? તે અમારો વૈભવ અને તે અલંકારો કયાં ગયા? અને બુળવડે ખરડાએલાં આ અમારાં અંગ શાથી થયાં છે? તેમજ દીક્ષિત થયેલી આ મારી બંને બહેનો અહીંયાં કયાંથી? માટે જરૂર આ ઈંદ્રજાલ અથવા સ્વપ્ન છે.

ત્યારપછી **વસુમતી**એ તેમના ઉન્માદનું સર્વકારણ તેમને સમજાવ્યું અને વિશેષમાં કહ્યું;

આ ગુરૂમહારાજના મહિમાથી તમારો ઉન્માદ નિવૃત્ત થયો છે.

વસુમતી અને અનંગવતી

બાદ **વસુમતી** બોલી, હે ભદ્રે! **કનકરથ** યુવરાજ જ્યારે તને પોતાના અંતઃપુરમાં લઈ ગયો. તેજ વખતે માયાવી એવા **સુમંગલ** વિદ્યાધરે મારી સાથે બહુ સમય સુધી વિષયભોગનો સુખવિલાસ કર્યો. ત્યારપછી તે દુષ્ટથી હું જ્યારે છુટી પડી, ત્યારે **ધનપતિદેવે** આવીને મને બોધ કર્યો.

હે સુતનુ! મેં ચંદ્રયશાસાધ્વીની પાસે દીક્ષા ગ્રહણ કરી. આ **અનંગવતી** પણ ગુરૂમહારાજના મુખથી ધર્મો-

પદેશ સાંભળીને સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ. તેથી પોતાના પતિની સાથે દીક્ષા લીધી. માટે હે સુતનુ ! તેં જે આ જોયું તે સ્વપ્ન નથી; પરંતુ સત્ય છે આ મહાપ્રતાપી **સુધર્મ-નામે** અમારા ગુરૂ છે.

ત્યારપછી બહુ ખુશી થયેલાં તે બંને સ્ત્રી પુરુષ સર્વદોષોને વિનાશ કરવામાં સમર્થ એવા ગુરુમહારાજના ચરણકમલમાં બહુ વિનયપૂર્વક પ્રણામ કરવા લાગ્યા.

ત્યારપછી ગુરૂએ વૈરાગ્યકારક ધર્મદેશનાનો પ્રારંભ કર્યો. બહુ સંવેગકારક ગુરૂનાં વચન સાંભળીને બંને જણ પ્રતિબોધ પામ્યાં.

સંસારની અનિત્યતા પોતાના હૃદયમાં ભાસવા લાગી. વિષયસુખને વિષસમાન જોવા લાગ્યાં.

બાદ અનુક્રમે બંને જણે ગુરૂને પ્રાર્થના કરી.

અમને સંસારતારકદીક્ષા આપીને કૃતાર્થ કરો. ગુરૂએ પણ તેમની યોગ્યતા જોઇને વિધિપૂર્વક દીક્ષા આપી

ત્યારપછી પોતાની બંને બહેનો સાથે **સુલોચના-** સાધ્વી સંયમના મુખ્યગુણરૂપ વિનયમાં રક્ત થઈ છતી ચંદ્રયશાપ્રવર્ત્તિનીની પાસમાં રહી નાનાપ્રકારની તપશ્ચર્યાઓ કરવા લાગી.

આ પ્રમાણે પોતાની ગુરૂણીની પાસમાં રહેલી તે ત્રણે બહેનોનો ઘણો સમય ધર્મધ્યાનમાં નિર્ગમન થવા લાગ્યો.

હે **ચિત્રવેગ** ! પછી **કનકરથમુનિને** અને **ધનવાહન** મુનિને પરસ્પર બહુજ સ્નેહ થયો. પોતાના ગુરૂની પાસમાં બંને જણ પંચમહાવ્રત પાલવામાં બુહુ પ્રવીણ, સમિતિ અને ગુપ્તિ પાલવામાં સમ્યક્પ્રકારે ઉપયોગવાળા થઈને નાના પ્રકારની તપશ્ચેય કરવામાં પ્રેમ ધરાવતા છતા નિરંતર સૂત્રો અને તેમના અર્થની માહિતી મેળવે છે. તેમજ ગુરૂની આજ્ઞામાં પ્રવર્ત્તમાન થયેલા તે બંને જણ વિધિપૂર્વક ચારિત્રધર્મને પાળે છે. એ પ્રમાણે ચરણકરણમાં તત્પર એવા તે બંનેનો બહુ સમય વ્યતીત થયો.

શશિપ્રભદેવ

ત્યારપછી એક દિવસે પોતાના આયુષની સમાપ્તિ નજીકમાં જાણીને **સુધર્મસૂરિએ** સમ્યક્પ્રકારે સંલેખના કરીને અનશન વિધિવડે કાળ કર્યો. પછી તે બીજા દેવલોકમાં ઉત્તમ પ્રકારના વૈભવવાળા **ચંદ્રાર્જુન**નામે વિમાનમાં **શશિપ્રભ**નામે દેવપણે ઉત્પન્ન થયા અને તે વિમાનના પોતે અધિપતિ થયા.

ત્યારપછી **ધનવાહન**મુનિ પણ રાગ નહીં તુટવાથી ચરિત્ર પાલીને વિધિપૂર્વક કાલ કરી બીજા દેવલોકમાં ઉત્પન્ન થયા. તે **શશિપ્રભદેવ**ના સામાનિકદેવ તરીકે બહુ તેજસ્વી શરીરધારી **વિદ્યુત્પ્રભ**નામે દેવ થયા.

હવે તે **અનંગવતી** સાધ્વી પણ દીક્ષા પાલીને રાગ નહીં જવાથી કાળ કરીને વિદ્યુત્પ્રભદેવની **ચંદ્રરેખા**નામે દેવી થઈ.

વિદ્યુપ્રભદેવ

હવે **સુબંધુનો** જીવ મરીને અગ્નિકુમાર દેવ થયો હતો; તે પાપી પોતાના પૂર્વભવનું વૈર સંભારીને **કનકરથ** સાધુ અને **સુલોચના**સાધ્વી ઉપર બહુ ઉપસર્ગ કરવા લાગ્યો.

પ્રાણઘાતક એવા તે ઉપસર્ગોને સમભાવવડે સહન કરીને તેઓ બંને જણ કાલ કરીને બીજા કલ્પને વિષે **ચંદ્રાર્જુન** વિમાનમાં સામાનિક દેવપણે ઉત્પન્ન થયાં.

તેમાં **કનકરથ**નો જીવ **વિદ્યુત્પ્રભ**નામે દેવ થયો. અને સુલોચનાનો જીવ **સ્વયંપ્રભા**નામે તેની દેવી થઇ.

ચંદ્રપ્રભાદેવી

હવે તે **સુલોચનાની** બહેન તે **વસુમતી** પણ શુદ્ધ ચારિત્ર પાળી પોતાનું આયુષ પૂર્ણ કરીને કાળધર્મ પામી. બાદ તે **સુલોચનાનો** જીવ તેજ ચંદ્રાર્જુન વિમાનમાં પોતાના પૂર્વભવનો સ્વામી જે **ચંદ્રાર્જુન**નામે દેવ થયેલો છે, તેની દેવી પણે ઉત્પન્ન થયો.

એ પ્રમાણે એક વિમાનમાં દીવ્યસુખને અનુભવતાં તે સર્વેની પરસ્પર ગાઢપ્રીતિ બંધાણી.

અહો ! આ સર્વ કર્મનો જ વિલાસ છે. અન્યથા તેઓની સ્થિતિ કયાં ? અને એક સાથે આ દીવ્યસુખનો અનુભવ કયાં ? કહ્યું છે કે;

આ જગત્માં દરેક પ્રાણીઓનાં જન્મમરણ પોત-પોતાના નિમિત્ત પ્રમાણે થયા કરે છે. પરંતુ કયા જીવનો

કયા સ્થાનમાં જન્મ થશે, તેવો નિશ્ચય કેવલજ્ઞાનીને થઇ શકે. અથવા તેના કર્મ ઉપરથી જાણી શકાય. કારણ કે; શુભાશુભ કર્મનું જ તે ફલ છે.

મનુષ્યોની આકૃતિ કંઈ ફલ આપતી નથી; કુલ, શીલ, વિદ્યા તેમજ જન્મપર્યંત કરેલી સેવા પૈકી કોઈપણ ફલ આપવા સમર્થ થતાં નથી.

માત્ર પ્રાચીન તપ વડે ઉપાર્જન કરેલાં કર્મો વૃક્ષની જેમ સમયાનુસાર ફલે છે.

માટે હે ભવ્યજનો ! પૂર્વાર્જીત કર્મના સંબંધને લઈને ધનવાહનાદિક સર્વે દિવ્ય વૈભવને પ્રાપ્ત થયા.

વિદ્યુત્પ્રભદેવ ચંદ્રાર્જુન વિમાનમાં આઠપલ્યોપમ સુધી દિવ્યસુખનો અનુભવ કરીને ત્યાંથી ચવ્યો; કારણ કે પુણ્યને અનુસારે દિવ્યસુખ ભોગવાય છે. જ્યારે પોતાનું સુકૃત આવી રહે છે; ત્યારે તેઓ સ્થાનાંતરમાં પધારે છે.

પુણ્ય પ્રકૃતિને લઇને પ્રાણી દેવલોકમાં ઉત્પન્ન થાય અને જ્યારે તે ક્ષીણ થાય છે; ત્યારે પુનઃ તે મનુષ્ય-લોકમાં જન્મે છે.

હવે તે વિદ્યુત્પ્રભ ત્યાંથી ચવીને આ વૈતાઢય-પર્વતમાં દક્ષિણશ્રેણીને વિષે મનોહર એવા રત્નસંચય નામે ઉત્તમનગરમાં અકુલવતીની કુક્ષિએ પવનગતિ નામે વિદ્યાધરકુમાર થયો.

ચિત્રવેગનું વૃત્તાંત.

હે સુંદર! દેવલોકમાં જે ધનવાહનનો જીવ વિદ્યુત્પ્રભ દેવ થયો હતો. તે ત્યાંથી ચ્યવીને તું ચિત્રવેગ આલોકમાં ઉત્પન્ન થયો છું. તેમજ ચંદ્રરેખા દેવી પોતાનું આયુષ પૂર્ણ કરી ત્યાંથી ચ્યવીને વૈતાઢયગિરિમાં શ્રીકુંજરાવર્ત્ત નગરને વિષે અમિતગતિ નામે વિદ્યાધર છે; તેની ચિત્રમાલા નામે ભાર્યાની કુક્ષિમાં કનકમાલા નામે પુત્રીપણે ઉત્પન્ન થઈ છે.

તેમજ હેચિત્રગેત્ર! પૂર્વભવમાં શ્રમણપણું પામીને પણ તારો જે રાગસંબંધ હતો, તેનું આ ફલ તને પ્રાપ્ત થયું.

હેચિત્રવેગ! દેવભવમાં રૂપ, બલ; દીપ્તિ અને રૂદ્ધિ પણ તારે અલ્પ હતી; તેમજ તારૂં આયુષ પણ મધ્યમ પ્રકારનું અલ્પ હતું,

વળી આ મનુષ્યભવમાં પણ તમારે બંનેને પરસ્પર એકબીજાના દર્શનથી આરંભીને દુઃસહ એવું વિયોગ દુઃખ ભોગવવું પડયું. અથવા હે ચિત્રગતિ! આ જન્મમાં તેં જે દુઃસહ એવું વિયોગદુખ ભોગવ્યું, તે તારી આગળ કહેવાથી હવે શું ફલ! તેં મુનિવ્રત ગ્રહણ કરીને પણ સરાગપણાનો ત્યાગ ન કર્યો; તેના ફલ તરીકે આ દુઃસહ વેદના તને પ્રાપ્ત થઇ.

ચિત્રગતિ અને પ્રિયંગુમંજરી

હે **ચિત્રવેગ** ! દેવભવમાં તારો મિત્ર જે **ચંદ્રાર્જુન** નામે દેવ હતો, તે પણ ત્યાંથી ચ્યવીને અહીંયાં **ચિત્રગતિ** થયેા છે.

હે ભદ્ર ! પ્રથમ **વસુમતી** નામે જે સાધ્વી હતી. તે કાલકરીને દેવલેાકમાં **ચંદ્રપ્રભા**નામે દેવી થઈ હતી અને તેજ ત્યાંથી ચ્યવીને **પ્રિયંગુમંજરી** નામે આ લેાકમાં ઉત્પન્ન થઈ છે.

હે સુંદર ! જેથી તે **ચિત્રગતિ** પૂર્વભવમાં તારો મિત્ર હતેા; તે કારણથી એકવાર દર્શનવડે પણ પરસ્પર તમારેા બહુ સ્નેહ થયેા. તેમજ તે **ચિત્રગતિ**એ ઉપાય-પૂર્વક તે **કનકમાલા**નેા સંબંધ તારી સાથે જોડી આપ્યેા અને હાલમાં પેાતાના કર્મદેાષને લીધે તેની સાથે તારો વિયેાગ થયેા છે.

હે **ચિત્રવેગ** ! હવે અહીં હાલમાં બહુ વિસ્તાર કરવાની કંઇ જરૂર નથી. માત્ર જે તેં મને પૂછયું છે, તેનેા હું પ્રત્યુત્તર તને આપુ છું. **કનકરથ**નામે તે સાધુ અન્ય ભવમાં તને બહુ જ પ્રિય હતેા. તેજ પેાતે કાળ કરીને ત્યાંથી દેવલેાકમાં **વિદ્યુતપ્રભ** નામે જે દેવ થયેા; તેજ હું પેાતે તારેા પ્રિયમિત્ર છું અને હાલમાં પણ હું તે દેવલેાકમાં રહું છું, હે **ચિત્રવેગ** ! આવા કારણને લીધે તું મારેા અતિ પ્રિયમિત્ર છે.

ઉપસર્ગ નિવારક પ્રયાસ

પોતાના પૂર્વભવનો સંબંધ જાણીને **ચિત્રવેગ** બોલ્યો. હે સુરોત્તમ! તે વખતે તમે મને તે મણી આપીને બહુ ઉતાવળથી ક્યાં ગયા હતા! અને તેવું ઉતાવળનું તમારે શું કાર્ય આવી પડયું હતું?

તે સાંભળી વિદ્યુત્પ્રભદેવ બોલ્યો.

આ મારા વિમાનના અધિપતિ શશિપ્રભદેવે મને આજ્ઞા કરી;

હાલમાં જંબુદ્વીપમાં રહેલા ભરતક્ષેત્રમાં કુશાગ્ર-નામે નગરમાં ધનવાહન મુનિ છે, તેમની પાસે જલદી તું જા.

ત્યાં આગળ તે મુનીંદ્ર પોતે ધ્યાનમાં બેઠેલા છે. તેમને પોતાના પૂર્વભવના કોઇ વૈરીએ જોયેા છે; અને તેમને જોઈને અત્યંત ક્રોધાયમાન થયેલેા તે દેવ તેમને મહાન્ ભયંકર ઉપસર્ગો કરશે. માટે તેમની રક્ષા કરવા સારૂં જલદી તું તે નગરમાં જા. અને હું પણ ઈંદ્રની આજ્ઞા લઇને ત્યાં આવું છું.

એ પ્રમાણે તેની આજ્ઞાનેા સ્વીકાર કરીને બહુ ઝડપથી હું અહીં આવ્યેા.

તેટલામાં સ્ત્રીસહિત નાસતેા તું મારા જોવામાં આવ્યેા.

પછી અવધિજ્ઞાનના ઉપયેાગવડે મેં જાણ્યું કે, આ તેા તે વિદ્યુત્પ્રભનામે મારેા મિત્ર છે.

નલોવાહનરાજાના ભયથી આ ઉતાવળો નાસે છે. આ **નલોવાહન** રાજા પણ એની પાછળ ચાલ્યો આવે છે. તે માટે હું આ સમયે પૂર્વભવના મિત્રનો કંઈપણ ઉપકાર કરૂં, એમ વિચાર કરીને હું તારી પાસે આવ્યો અને તેવી આપત્તિના સમયે તારી રક્ષાને માટે મેં તને તે દીવ્યમણી આપ્યો.

મુનિરક્ષા

ત્યારપછી જે કાર્યને ઉદ્દેશી હું નીકળ્યો હતો, તેની સિદ્ધિ માટે એકદમ હું અહીંથી **ધનવાહન** મુનિને પાસે ગયો. ત્યાં આગળ ધ્યાનમાં રહેલા તે મુનિવરને ઉપસર્ગ કરતો એવો એક દેવ મારા જોવામાં આવ્યો. પછી મેં તેનો અત્યાચાર જોઇ કહ્યું;

રે ! રે ! દેવાધમ ! હવે તું કયાં જઇશ ? દેવેંદ્રો જેમને વંદન કરે છે એવા આ મુનીંદ્રને તું આવાં દુઃખ આપે છે ?

શત્રુ અને મિત્ર વર્ગમાં સમાન બુદ્ધિવાળા મુનીંદ્રોને ઉપસર્ગ કરતો એવો તું હવે કયાં જઇશ ?

હે પાપિષ્ટ ! મારી દૃષ્ટિમાર્ગમાં પડેલો તું હવે જીવવાની આશા છોડી દે ?

એ પ્રમાણે મારા કહેવાથી તે ભવનપતિ દેવ સંભ્રાંત થઈ એકદમ ત્યાંથી જીવ લઈ નાશી ગયો.

તેજ સમયે શુકલ ધ્યાનમાં રહેલા મુનિવરનો મોહ નષ્ટ થવાથી વિશુદ્ધ એવું કેવલજ્ઞાન તેમને ઉત્પન્ન થયું.

ત્યારપછી બહુ વિનયપૂર્વક મેં તે શ્રીકેવલી ભગવાનનો મહિમા કર્યો. તેવામાં દુંદુભિનો નાદ સાંભળી અનેક દેવ અને મનુષ્યો ત્યાં આવ્યા. ભક્તિપૂર્વક વંદન કરી પોતાના આચાર પ્રમાણે તેઓ હાથ જોડી ભૂમિ ઉપર બેસી ગયા.

ત્યારપછી શ્રીકેવલીભગવાને તેમને ઉદ્દેશીને મોક્ષસુખના કારણભૂત એવા ધર્મોપદેશનો પ્રારંભ કર્યો.

હે ભવ્યાત્માઓ ! આ જગત્માં પ્રગટ છે મહિમા જેનો એવો શ્રી જૈનધર્મ, સાધુપુરૂષોનો સમાગમ, વિદ્વાન પુરૂષોની સાથે ધર્મચર્ચા, શાસ્ત્રવચનમાં પટુતા, ધાર્મિક-સત્ક્રિયાઓમાં કુશલતા, ન્યાયથી મેળવેલી લક્ષ્મી, ધર્મોપદેશમાં કુશલ એવા સદ્ગુરુઓના ચરણકમલની સેવા, દોષ રહિત એવું શીલવ્રત અને નિર્મલ એવી બુદ્ધિ.

એ સર્વ પદાર્થો ભાગ્યશાળી પુરૂષોને જ પ્રાપ્ત થાય છે, માટે પ્રમાદનો ત્યાગ કરી શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મની તમારે આરાધના કરવી.

એમ ધર્મોપદેશ ચાલતો હતો, તે પ્રસંગે સમય જાણીને શ્રીકેવલીભગવાનને મેં પુછ્યું, હે ભગવન્ ! આ પાપિષ્ઠદેવનો તમે શો અપરાધ કર્યો હતો ? જેથી આ દુષ્ટમતિ આપને પ્રાણાંત દુઃખ આપવામાં ઉદ્યુક્ત થયો હતો.

નાસ્તિકવાદી કપિલ

દેવનો પ્રશ્ન સાંભળી શ્રીકેવલી ભગવાન્ બોલ્યા. અન્યભવમાં મારી સાથે એને વૈર હતું; તેનું કારણ તું સાંભળ.

ધાતકીખંડમાં વિદેહ નામે ક્ષેત્ર છે; તેમાં **ચંપા** નામે ઉત્તમ સમૃદ્ધિવાળી એક નગરી છે; તેમાં **પદ્મરાજા** રાજ્ય કરતો હતો અને તેનો **સમરકેતુ** નામે યુવરાજ ભાઇ હતો.

તે બન્ને ભાઇઓ શ્રીજિનેંદ્રભગવાનના વચનમાં બહુ શ્રદ્ધાલુ અને પરસ્પર બહુ સ્નેહાલુ હતા. દેશવિરતિ શ્રાવક ધર્મ સારી રીતે તેઓ પાલતા હતા. તેમજ નીતિ વડે રાજ્યપાલન કરતા હતા.

એક દિવસે તે બન્ને ભાઇઓ સભાસ્થાનમાં બેઠા હતા. ત્યાં મંત્રી અને સામંત વિગેરે પણ સર્વ સદ્ગૃહસ્થો રાજસેવામાં હાજર હતા.

તેવામાં કપિલ નામે એક નાસ્તિકવાદી ત્યાં આવ્યો; અને પોતાનો મત સિદ્ધ કરવા માટે તે બોલ્યો.

વસ્તુતઃ જીવ, સર્વજ્ઞ કે મોક્ષ, કોઈ છે જ નહીં. જગત્ માત્ર કલ્પનીય છે.

તે સાંભળી શ્રીજૈનસિદ્ધાંતોના શાસ્ત્રાર્થોમાં બહુકુશલ એવા **સમરકેતુ** યુવરાજે દૃષ્ટાંત, હેતુ, કારણ અને નાના પ્રકારની સેંકડો યુક્તિઓ વડે વાદમાં તે કપિલનો પરાજય કર્યો;

તેમજ તે કપિલ યુવરાજને પ્રત્યુત્તર આપવા સમર્થ ન થયેા; ત્યારે મંત્રી, મહાંત, સામંત વિગેરે સભ્યજનેાએ તેનું ઉપહાસ કર્યું. જેથી તે બહુ ઝંખવાણેા થઈ ગયેા અને સમરકેતુની ઉપર તે એકદમ કેાપાયમાન થઇ ગયેા.

તે ક્રોધને લીધે તેના શરીરની આકૃતિ બદલાઇ ગઈ. આ ભરસભાની અંદર મહાજનની વચ્ચે આ યુવરાજે આજે મારેા પરાજય કર્યો; એમ પેાતાના હૃદયમાં વિચાર કરતેા અને અતિશય રેાષ વડે ધમધમતેા તે કપિલ સભામંડપમાંથી બહાર નીકળ્યેા;

બાદ તે વિચાર કરવા લાગ્યેા.

મને ઘણા પંડિતેા મળ્યા, પરંતુ આજસુધી આ લેાકમાં કેાઈ વાદીએ મારેા પરાજય કર્યો નહેાતેા. છતાં આ પાપીએ ભરસભાની અંદર મને કેવી રીતે હરાવ્યેા ?

આ અધમે મારૂં અનિષ્ટ કરવામાં કંઇ બાકી રાખ્યું નથી. માટે રાત્રીએ એના સ્થાનમાં જઇને ખડ્ગવડે એ દુષ્ટનું મસ્તક હું કાપી નાખું. જેથી મારા મનની શાંતિ થાય; એમ રાત્રીના સમયે રૌદ્ર ધ્યાનના વશ થયેલેા તે કપિલ વિચાર કરીને હાથમાં ખડ્ગ લઈ સમરકેતુ રાજાના મકાનમાં ગયેા અને ત્યાં તે ગુપ્ત રીતે સંડાસની ભીંતમાં લપાઈ ગયેા.

સમરકેતુ અને કપિલ.

હવે **સમરકેતુ** રાજા પોતાનું પ્રભાત સંબંધી આવશ્યક કાર્ય કરી તે તરફ આવતો હતો. રાત્રીના અંધકારને લીધે યુવરાજની સાથે કેટલાક નોકરો હાથમાં દીપક લઇ માર્ગમાં ચાલતા હતા; તેવામાં રાજકુમારને જાજરૂમાં જવાની શંકા થઇ. એટલે સર્વનું લક્ષ તે તરફ ખેંચાયું. ત્યાં સંતાઈ ગયેલો તે દુષ્ટમતિ **કપિલ** રાજપુરૂષોના જોવામાં આવ્યો.

કપિલ પોતાના બચાવ માટે અને રાજકુમારને મારવા માટે એકદમ ખડ્ગ ખેંચીને જેવો તેને મારવા જાય છે, તેટલામાં રાજપુરૂષોએ યુક્તિપૂર્વક ઝડપથી તે દુષ્ટને પકડી લીધો; અને બંધ બાંધી પોતાને કબજે કર્યો

યુવરાજે બરોબર જોઈ તેને ઓળખ્યો;

આ તો તેજ નાસ્તિકવાદી કપિલ છે. મેં એનો શાસ્ત્રાર્થમાં પરાજય કર્યો, તેથી એ દુષ્ટ મને મારવા માટે આવ્યો છે.

અહો! આ દુનિયામાં પરાજીત થયેલો પ્રાણી માનને માટે કયું પાપ નથી કરતો?

કપિલને શિક્ષા

હવે ઉંટ કાઢતાં બકરૂં પેસે, એ ન્યાય કપિલને લાગુ પડયો. પોતાના મનની શાંતિના માટે આ કાર્યનો તેણે સમારંભ કર્યો હતો. છતાં અધર્મને લીધે તે પોતે

જ અશાંતિમાં આવી પડયો. જે પ્રાણી પાપ કરવા તૈયાર થાય છે, તે આ લોકમાં પણ તેનું ફલ ભોગવ્યા સિવાય રહેતો નથી. કહ્યું છે કે;—

આ દુનિયાદારીના મોહને આધીન થયેલો પુરૂષ બંધુઓ માટે અથવા પોતાના શરીર માટે જે કંઇ પાપ કરે છે, તે સર્વનો ભોકતા નરકાદિક સ્થાનોમાં રહીને તે એકલો જ થાય છે. તેમાં અન્ય કોઈ સહાયક થતા નથી.

હવે તે કપિલ બહુ જ દુર્દશામાં આવી પડયો. તેનું શરીર પાંદડાની માફક ધ્રુજવા લાગ્યું, મુખની કાંતિ બહુ જ દીનતામાં આવી પડી તેમજ પોતાના જીવનની આશા પણ તેણે છોડી દીધી.

આવા બેહાલમાં આવી પડેલા તે કપિલને જોઈ રાજકુમારના હૃદયમાં દયા આવી, પછી તેણે કહ્યું;

હે દુષ્ટ ! તારા કાર્ય સામું નહીં જોતાં હાલ હું તને જીવતો મૂકું છું. પરંતુ રે ! દુરાચારી ! મારો દેશ છોડી તું જલદી ચાલ્યો જા. મારા દેશમાં કોઇપણ ઠેકાણે તારે રહેવું નહીં.

એ પ્રમાણે રાજાનું વચન સાંભળી કપિલ ત્યાંથી નાઠો અને બહુ દુર દેશમાં ચાલ્યો ગયો. આગળ જતાં ભિલ્લ લોકોની એક પલ્લી આવી, જેની અંદર કેવળ ભિલ્લ લોકોનો જ નિવાસ હતો. તે પલ્લીની અંદર કપિલે નિવાસ કર્યો.

રાજદિક્ષા

પદ્મરાજા ધર્મભાવનામાં તત્પર રહીને નીતિપૂર્વક પોતાનું રાજ્ય સંભાળતો હતો, તેમજ **સમરકેતુ** યુવરાજપદને શોભાવતો હતો.

એમ કેટલોક સમય નિર્ગમન કરતાં રાજ્યપદને યોગ્ય એવા પોતાના પુત્રને જોઈ, **પદ્મરાજા**એ તેનો રાજ્યસ્થાનમાં અભિષેક કર્યો.

બાદ તીવ્ર વૈરાગ્યવડે તેણે પોતાના ભાઇ યુવરાજ સહિત સદ્‌ગુરૂની પાસે દીક્ષા ગ્રહણ કરી.

પછી તે બન્ને પોતાના ગુરૂની સેવામાં રહી નાના પ્રકારના દેશોમાં વિહાર કરવા લાગ્યા. તેમજ દરેક સ્થળે પવિત્ર વાણી વડે અનેક ભવ્યજનોનો ઉદ્ધાર કરતા; દયા ધર્મનો વિસ્તાર કરવા લાગ્યા.

એ પ્રમાણે સાર્થની સાથે વિહાર કરતાં તેઓ અનુક્રમે **રત્નપુર** નામે મનોહર એવા નગર તરફ ચાલ્યા. માર્ગ બહુ વિકટ હોવાને લીધે **પદ્મ** અને **સમરકેતુ** એ બંને મુનિઓ પોતાના સાર્થમાંથી કંઈપણ કારણથી છુટા પડી ગયા. અને વનમાં માર્ગનું ભાન ચુકી જવાથી તેઓ બન્ને રખડવા લાગ્યા. પરંતુ પોતાને રસ્તો હાથ લાગ્યો નહીં. તેવામાં ફરતાં ફરતાં એક પલ્લી તેમના જોવામાં આવી. ક્ષુધા અને તૃષાથી પીડાયેલા તે બંને એ ભિક્ષા માટે તે પલ્લીમાં પ્રવેશ કર્યો.

પુનઃકપિલનો સમાગમ

પલ્લિમાં પરિભ્રમણ કરતાં કપિલે બંને મુનિઓને જોયા કે તરત જ તેણે ઓળખ્યા, અને સમરકેતુ મુનિને જોઇને તે એકદમ ક્રોધાયમાન થઈ ગયો.

બાદ પોતાના હૃદયમાં તે વિચાર કરવા લાગ્યો, આ પાપીએ સભા સમક્ષ મારો પરાજય કર્યો છે. તેમજ મને દેશ નિકાલની આજ્ઞા પણ તે સમયે એણે જ કરેલી છે. માટે કોઈપણ કપટવડે હાલમાં હું એનું વૈર લઉં;

એમ વિચાર કરી તે દુષ્ટ બંને મુનિઓને બહુ વિનય વડે વાંદવા લાગ્યો;

પછી બંને મુનિઓને કપટભક્તિથી નમ્ર બનેલો તે દુષ્ટ પોતાને ઘેર લઇ ગયો અને વિષમિશ્રિત એવું ભોજન તથા પાણી તેણે તેઓને વ્હોરાવ્યું.

પછી તેણે હાથ જોડીને વિનયપૂર્વક કહ્યું;

હે ભગવન્ ! અહીંયાં જ આપ ભોજન કરો. માર્ગમાં ચાલવાથી આપને શ્રમ પણ બહુ થયો હશે; તેમજ અહીંયાં કોઇ આવે તેમ નથી. વળી એકાંત સ્થલે આપને રહેવા માટે આ સ્થાન પણ સારૂં છે.

ભોજન કર્યા બાદ વિશ્રાંતિ પણ અહીં જ લેવી ઠીક છે, પ્રભાતકાળમાં આપને જવું હોય ત્યાં આપ સુખેથી પધારજો.

આ પ્રમાણે તેના કહેવાથી વિશુદ્ધ સ્વભાવવાળા તે બંને મુનિઓ એક ક્ષણ માત્ર વિશ્રાંતિ લઇ સ્વાધ્યાય

કરીને ભોજન કરવા બેઠા. ભોજનનો પ્રારંભ કર્યો કે; તરત જ સંનિહિત દેવે મુનિની દયાવડે તે ભોજનમાં રહેલા વિષનો અપહાર કર્યો.

ત્યારબાદ તે મુનિઓ ભોજન કરીને પશ્ચાત્ પોતાનો સ્વાધ્યાય કરવા બેસી ગયા.

તે જોઈ કપિલ વિચાર કરવા લાગ્યો.

અહો ! આ મુનિઓ વિષભક્ષણથી કેમ ન મરી ગયા ? જરૂર આ લોકોએ પોતાના મંત્ર બલ વડે વિષ-શક્તિનો લોપ કર્યો દેખાય છે. અન્યથા તેઓ જીવી શકે કેવી રીતે ? ઠીક હવે રાત્રીએ જરૂર આ મુંડાને મારે મારવો તો ખરો. કારણકે; જ્યાં સુધી આ વૈરી જીવશે, ત્યાં સુધી મને સંતોષ થવાનો નથી.

એમ વિચાર કરી તે દુષ્ટ રાત્રી કયારે થાય અને તે મુંડાને કયારે મારૂં ? એવી વાટ જોઈ તૈયાર થઇને બેઠો.

અહો ! દુર્જનોની દુષ્ટતા કેવી હોય છે ? પોતાના પ્રાણાંત સુધી પણ તેઓ સજ્જનોના પ્રગટ ગુણને સહન કરતા નથી. કહ્યું છે કેઃ—

આ જગત્માં પ્રસિદ્ધ થયેલા સજ્જનોના નિર્મલ ગુણને જોઇને લઘુવૃત્તિને દુષ્ટ પુરૂષ કોઈપણ પ્રકારે સહન કરતો નથી.

પતંગિયું પોતાના શરીરનો નાશ કરીને પણ ઉજ્વલ એવી દીપશિખાનો અપહાર કરે છે. આ ઉપરથી તાત્પર્ય-

માત્ર એટલું જ છે કે; નૈસર્ગિક દયાલુ એવા સત્પુરૂષોના વિરોધમાં રહીને દુર્જનો પોતે જ મોટા અનર્થમાં આવી પડે છે.

કપિલનું ઘાતકીપણું

બુદ્ધિનો દુર્બલ એવો તે કપિલ હાથમાં ખડ્ગ લઈ તૈયાર થયો. એટલામાં સૂર્યાસ્ત થયો.

દરેક દિશાઓમાં અંધકારનો પ્રવેશ થવા લાગ્યો. રાત્રીનો દેખાવ આબેહુબ ભાસવા લાગ્યો. નિશાચરોની પ્રવૃત્તિ જાગ્રત થવા લાગી. ઉદ્યોગી પ્રાણીઓની પ્રવૃત્તિઓ ધીમે ધીમે મંદ પડવા લાગી. નક્ષોમંડલમાં તારામંડલ બરોબર દીપવા લાગ્યું, તેમજ અનુક્રમે ચંદ્રમંડલ પણ પોતાના અભ્યુદયના હર્ષ વડે દિશાઓ રૂપી અંગનાઓના મુખ મંડલને સ્વચ્છ કરવા લાગ્યું.

હવે રાત્રીનો સમય જાણી તે બન્ને મુનિઓ પોતાનો સ્વાધ્યાય કરી સુઈ ગયા.

સમયની પ્રતીક્ષા કરતો કપિલ પણ અર્ધરાત્રીના સમયે મુનિને મારવા માટે ત્યાં આવ્યો અને ખડ્ગ ખેંચીને જોરથી તે મુનિના ઉપર પ્રહાર કરવા જાય છે, તેટલામાં તેની ઉપર કોપાયમાન થયેલા દેવે તેજ ખડ્ગવડે તેને મારી નાખ્યો.

પછી તે રૌદ્ર ધ્યાનના પ્રભાવથી મરીને બીજી નરક ભૂમિમાં ઉત્પન્ન થયો.

પદ્મ અને સમરકેતુમુનિ

હવે પદ્મ અને સમરકેતુ નામે તે બંને મુનિઓ પણ બહુ સમય સુધી નિરતિચાર ચારિત્ર પાળી વિધિપૂર્વક કાળ કરીને શુભ પુણ્યના ઉદયથી સૌધર્મ દેવલોકમાં અપ્સરાઓના સમુદાયથી વ્યાપ્ત એવા વિમાનમાં ઉત્પન્ન થયા.

ત્યારપછી પદ્મનો જીવ એક સાગરોપમનું આયુષ્ય તે વિમાનમાં ભોગવીને આ જંબૂદ્વીપમાં રહેલા ઐરવતક્ષેત્રમાં વિજયા નામે નગરી છે; તેમાં ધનભૂતિ નામે વણિકનો સુધર્મ નામે પુત્ર થયો.

વળી તે વિશુદ્ધભાવથી ચારિત્ર અંગીકાર કરીને કાળ કરી બીજા દેવલોકમાં ઉત્પન્ન થયો.

ત્યાં ચંદ્રાર્જુન વિમાનમાં શશિપ્રભ નામે તે દેવ થયો છે. તેનું બે સાગરોપમ સંપૂર્ણ આયુષ છે.

હે ભદ્ર! વિધુપ્રભ! હાલમાં તે દેવ તારા વિમાનનો અધિપતિ છે, જેની આજ્ઞાથી તું અહીં અમારી પાસે આવ્યો છે.

હવે તે સમરકેતુમુનિનો જીવ આઠ પલ્યોપમ અધિક એક સાગરોપમનું આયુષ તે દેવભવમાં ભોગવીને ત્યાંથી ચવ્યો.

બાદ તે દેવનો જીવ આ ભરતક્ષેત્રમાં રહેલા કુશાગ્રનગરમાં ભદ્રકીર્ત્તિ રાજાની અતિપ્રિય એવી સુબંધુદત્તા નામે સ્ત્રીની કુક્ષિમાં ઉત્પન્ન થયો.

અનુક્રમે પુત્રપણે તેનો જન્મ થયો. બાર દિવસ થયા એટલે માતાપિતાએ ધનવાહન એવું તેનું નામ પાડયું. પ્રતિદિવસે બાલચંદ્રની માફક તે વૃદ્ધિ પામવા લાગ્યો.

અનુક્રમે લોકોને આનંદકારક એવી યૌવનદશાને તે પ્રાપ્ત થયો. બાદ પિતાએ જાણ્યું કે; રાજ્યને યોગ્ય પુત્ર થયો છે તેમજ હું પણ હવે ધર્મક્રિયાને લાયક થયો છું,

આ સંસારવાસ કારાગૃહની ઉપમાને લાયક છે, માટે ચારિત્ર ગ્રહણ કરવું, તે ભવસમુદ્રમાં નાવ સમાન ગણાય છે,

એમ પોતે પોતાના શુદ્ધભાવથી વિચાર કરીને પોતાના પુત્ર ધનવાહનનો રાજ્યમાં અભિષેક કર્યો.

ત્યાર પછી તેણે પોતે પણ સુગુરૂની પાસે દીક્ષા ગ્રહણ કરી.

ધનવાહનમુનિ

નીતિશાસ્ત્રમાં કુશલ અને દયા, દાક્ષિણ્યાદિગુણોનો નિધાન એવો ધનવાહનરાજા પણ બહુ પૂર્વલાખ વર્ષ-સુધી રાજ્યપાલન કરીને મોહનિદ્રામાંથી જાગ્રત થયો.

ત્યારપછી નરવાહનનામે પોતાના પુત્રને રાજ્યમાં સ્થાપન કરીને પોતે દીક્ષા ગ્રહણ કરી.

હે ભદ્ર! વિદ્યુપ્રભ! તેજ હું પોતે વિહાર કરતો કરતો આજે આ નગરમાં આવ્યો છું.

બાદ એક રાત્રીની પ્રતિમાવડે અહીં હું ધ્યાનમાં રહ્યો હતો.

હવે તે નાસ્તિકવાદી કપિલ પણ નરકસ્થાનમાં બહુ દારૂણ દુઃખ ભોગવીને કંઈક અધિક એવું એક સાગરોપમ આયુષ પૂર્ણ કરીને ત્યાંથી મુક્ત થયો.

પછી તે કપિલનો જીવ મગધ દેશમાં સાસડ નામે આભીર થયો. ત્યાં અજ્ઞાન તપ કરવાથી કાળ કરીને ઉપરૂદ્ર એવા નામે પરમાધામિક દેવપણે તે ભવનપતિમાં ઉત્પન્ન થયો. અવધિજ્ઞાનવડે તે દેવ અહીં રહેલો મને જોઇ એકદમ મારી પાસે આવ્યો.

પૂર્વનું વૈર સંભારીને મારા વધને માટે તેણે અહીં આવીને આ સર્વ સમારંભ કર્યો.

હે ભદ્ર! આ મારા વૈરનું કારણ મેં તને વિસ્તારપૂર્વક કહ્યું.

પુનઃદેવ પ્રશ્ન

હે ચિત્રવેગ! ફરીથી મેં શ્રી કેવલીભગવાનને પૂછયું;

હે ભગવન્! હવે મારૂં આયુષ કેટલું બાકી રહ્યું છે? અને મારો જન્મ હવે કયાં થશે? વળી મારો પિતા કોણ થશે! તેમજ શ્રીજૈનધર્મનો પ્રતિબોધ મને કોણ કરશે?

એ પ્રમાણે મારા પ્રશ્ન સાંભળી શ્રીકેવલીભગવાન બોલ્યા.

હે સુરોત્તમ! એકવીશ કોટાકોટી વર્ષ આયુષ હજુ તારૂં બાકી રહ્યું છે. તેટલું આયુષ પૂર્ણ કર્યા બાદ ત્યાંથી ચ્યવીને તું હસ્તિનાપુરમાં શ્રીઅમરકેતુ રાજાની

પ્રિયપત્ની કમલાવતી દેવીની કુક્ષિએ બહુ માનતાઓવડે પુત્રપણે ઉત્પન્ન થઇશ.

બાદ પૂર્વભવનો વૈરી એવો એક દેવ તારી માતા સહિત તારૂં ત્યાંથી હરણ કરશે; અને હે ચિત્રવેગ! વિદ્યાધરેંદ્રને ત્યાં તું મોટો થઈશ.

વળી મારી પાસે આવતો એવો તું જેને દીવ્યમણી અર્પણ કરીશ, તે જ તારો તે જન્મમાં સત્ય પિતા થશે. તેમજ સુપ્રતિષ્ઠ સૂરિની પાસે ગૃહસ્થ પામીને પછી ચારિત્ર પાળીને તું સંસારનો ઉચ્છેદ કરીશ.

અહો! ચારિત્રનો મહિમા દેવતાઓને પણ દુર્લભ છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે;—

દીક્ષાના પ્રભાવથી અપવિત્ર હોય તે પવિત્ર થાય છે. પ્રથમ દાસપણાને પામેલો હોય છે, તો પણ તે પુરૂષ દુનિયામાં પૂજ્યતાને ધારણ કરે છે;

તેમજ મૂર્ખમાણસ સ્વલ્પસમયમાં ઉત્તમ પ્રકારની જ્ઞાન સંપત્તિઓને પ્રાપ્ત કરે છે.

આ સર્વે ચારિત્રના ગુણો અપૂર્વલાભને આપનારા કહ્યા છે.

એ પ્રમાણે શ્રીકેવલીભગવાનનું વચન સાંભળી;

હે ભગવન્! આપનું વચન સત્ય છે એમ કહી; બહુ માનપૂર્વક તેમના વચનનું સ્મરણ કરતો હું તે મુનીંદ્રને ત્રણ પ્રદક્ષિણા દઈ ફરીથી વંદન કર્યો.

બાદ ત્યાંથી આકાશમાર્ગે ઉડીને અહીં તારી પાસે આવ્યો છું. હે ચિત્રવેગ ! જે તેં મને પૂછયું, તે સર્વ-વૃત્તાંત મેં તને કહ્યું.

હવે હાલમાં જે મારે કરવાનું હોય તેની તમે આજ્ઞા કરો.

તે સાંભળી ચિત્રવેગ બોલ્યો.

હે સુરોત્તમ ! મારૂં એક વચન તમે સાંભળો. ભુંજ-ગોના પાશથી બંધાયેલો અને બહુ દુઃખી એવો મને જોઇ કરૂણ શબ્દોથી વિલાપ કરતી એવી મારી સ્ત્રીને જે નભોવાહનરાજા ઉપાડી ગયો છે; તે નિરવધિદુઃખમાં આવી પડી હશે.

વળી રૂદન કરતી તેણીના વિલાપના કરૂણ શબ્દ સાંભળીને મારા હૃદયમાં જેટલું દુઃખ થયું છે, તેટલું દુઃખ અનેક સર્પોના વીંટાવાથી પણ મને થયું નથી.

હાલમાં તેણીની કેવી સ્થિતિ હશે ? અથવા તે બીચારી જીવતી હશે કે નહીં ? તે સર્વ હકીકત તમે મને કહો. કારણ કે; આપ અવાધ્ય જ્ઞાનવડે દરેક વૃત્તાંત પ્રત્ય-ક્ષની જેમ જાણો છો.

ત્યારપછી તે દેવ કિંચિત્ હાસ્ય કરીને બોલ્યો.

હે ભદ્ર ! સાવધાન થઇ તું સાંભળ.

વિષભક્ષણ !

હે ચિત્રવેગ ! રૂદન કરતી એવી તારી ભાર્યાને નભોવાહન વિદ્યાધર ગંગાવર્ત્ત નગરમાં લઈ ગયો. હતો:

ત્યારપછી તેણે પોતાના અંતઃપુરમાં તેણીને દાખલ કરી, પરંતુ બહુ શોકની પીડાથી નિરંતર તે ચિંતા કરવા લાગી.

ભયંકર સર્પોએ ગ્રહણ કર્યું છે સર્વ શરીર જેનું એવો તે મારો સ્વામી અતિશય વેદનાને લીધે હું માનું છું કે; જરૂર પ્રાણોથી ત્યજાયો હશે ?

કદાચિત્ જીવતો હશે તો પણ હવે તેની સાથે મારો સંયોગ થવાનો નથી.

કારણકે, વિદ્યા અને બળવડે અધિક પરાક્રમી એવા આ પાપીના હાથમાંથી હવે હું મુક્ત થવાની નથી. માટે હાલમાં બહુ શોકની પીડાથી રિબાયા કરતાં મારે મરવું એજ ઉચિત છે. સ્વપ્નમાં પણ મારા અંગ ઉપર અન્ય પુરૂષનો હસ્તસ્પર્શ ન જ થવો જોઇએ.

એમ વિચાર કરી સાહસ બુદ્ધિવડે તેણીએ અતિઉગ્ર એવું વિષભક્ષણ કર્યું.

ત્યારબાદ તેણીનાં બંને નેત્રો નષ્ટ થયાં અને તરત જ તે વિષના વેગથી પૃથ્વી પર પડી ગઈ.

ત્યાં રહેલા લોકો બેભાન અવસ્થામાં રહેલી તે કનકમાલાને જોઈ હાહારવ કરવા લાગ્યા.

તે સાંભળી નભોવાહન વિદ્યાધર પણ ત્યાં આગળ આવ્યો અને તપાસ કરતાં તેણે જાણ્યું કે; એણે વિષ-ભક્ષણ કર્યું છે.

વિષવિકારને દૂર કરવા માટે તેણે અનેક પ્રકારના મંત્ર તથા તંત્રોના પ્રયોગ કર્યા.

તેમજ તે વિષને ઉતારવા માટે તેણીના સર્વ અંગે મણી બાંધ્યા, પરંતુ ઉગ્ર વિષથી ઘેરાયેલી તે બાળાને કોઇપણ પ્રકારનો ગુણ થયો નહીં.

ત્યારપછી વિષમંત્રના જાણકાર એવા ઘણા વિદ્યાધરોને તેણે ત્યાં બોલાવ્યા. તેઓએ પણ બનતા પ્રયાસે બહુ કાળજીપૂર્વક ઘણા ઉપચાર કર્યા, તો પણ તેને સજ્જ-કરવા તેઓ શક્તિમાન થયા નહીં.

ત્યારપછી આ બાલા મરી ગઈ છે, એમ જાણી તેણીની દહન ક્રિયા માટે નલોવાહનનો પરિજન તેણીને સ્મશાન ભૂમિમાં લઈ ગયો.

પછી તેને ચિતામાં સુવાડીને અગ્નિ સળગાવ્યો.

એટલી વાત તે દેવતાએ ચિત્રવેગને કહી તેટલામાં હે ધનદેવ! ત્યાં જે હકીકત બની તે હવે તું સાંભળ.

ચિત્રવેગની મૂર્છા

પોતાની સ્ત્રીનું મરણ સાંભળી બહુ શોકને લીધે દુઃસહ એવી અનંત વેદનાઓ વડે ચિત્રવેગનાં સર્વ અંગો તુટવા લાગ્યાં; તેમજ વજાગ્નિથી ભેદાયો હોય ને શું?

પ્રચંડ ભુજંગવડે ગ્રસાયો હોય ને શું?

રાક્ષસવડે ગ્રહણ કરાયો હોયને શું?

મોટા મુદ્ગરવડે હણાયો હોય ને શું? તેમ તે વિદ્યાધર બહુ શોકની વ્યથાને લીધે બહુ લાંબા નિઃશ્વાસ

મૂકી એકદમ બેભાન બની ગયો અને તરત જ મૂર્છાવડે તેનાં નેત્રો મીંચાઈ ગયાં.

બાદ એકદમ ધસીને તે પૃથ્વી ઉપર પડી ગયો. દરેક ઇંદ્રિયોની ચેષ્ટાઓ બંધ પડી ગઇ. ક્ષણમાત્રમાં મડદાની માફક તે થઈ ગયો.

પછી તેવી અવસ્થામાં રહેલા તે **ચિત્રવેગને** જોઈ તે દેવે ઠંડુ પાણી લાવીને **ચિત્રવેગના** સર્વ અંગો ઉપર તેનું સિંચન કર્યું, તેમજ પોતાના ઓઢવાના વસ્ત્રવડે મંદમંદ સુકોમલ પવન નાખવા લાગ્યો.

પછી આવા પ્રકારના અનેક શીતલ ઉપચારથી ક્ષણમાત્રમાં સચેતન થઇને પણ ફરીથી પોતાની પ્રાણ-પ્રિયાનું મરણ સંભારી, બહુ દુઃખથી પીડાયેલો તે વિદ્યાધર ગાઢ પ્રેમવડે મુગ્ધ થયો છતો મૂર્છિત થઇને નિશ્ચેષ્ટ થઈ ગયો.

પુનઃ તે દેવે શીતલાદિક ઉપચારોવડે મહામુસીબતે તેને સ્વસ્થ કર્યો, પરંતુ દુરંત દુઃખથી પીડાયેલો તે પોતાના નેત્રોમાંથી સ્થુલ અશ્રુધારાને વરસાવતો નીચુ મુખ કરી ઝુરવા લાગ્યો.

અહો! વિષયરાગની પ્રબલતા કેવી દુઃખદાયક થઈ પડે છે? પરંતુ મૂઢબુદ્ધિ એટલું નથી જાણતો કે, આ સર્વ મોહનો વિલાસ છે. વળી સ્ત્રીપુત્રાદિકનો પ્રેમ આ જગત્માં બંધનરૂપ થઈ પડે છે. કહ્યું છે કે;—

ખરેખર આ દુનિયામાં સ્ત્રી એક પરિભવનું કારાગૃહ છે.

બંધુજન એ જ બંધનરૂપ થઇ પડે છે.

વિષયો એ જ પ્રાણુહારક વિષસમાન કહ્યા છે. છતાં આ મોહ વિલાસ લોકોને કેવો નચાવી રહ્યો છે?

જે શત્રુઓ છે, તેઓને મિત્રની લાગણીથી જોયા કરે છે.

વળી આ મારો સ્વામી અને અમારૂં ઘર છે, એવી જે અહંબુદ્ધિ મુઢપુરૂષોના હૃદયમાં ઘુસી ગઈ છે, તે સર્વ મિથ્યા વ્યવહારની જ પ્રવૃત્તિ છે.

તેમજ આ મારો પતિ અને આ મારી સ્ત્રી, એમ જે સ્ત્રી પુરૂષો સમજે છે; તે કેવલ પરિણામે દુઃખદાયક એવો આ મોહ જ વિલસી રહ્યો છે.

દુરંત દુઃખમાં ફસાયેલા તે ચિત્રવેગને જોઈ દેવ બોલ્યો.

હે સુભગ! કેવલ સ્ત્રીના મોહથી શરીરને હાનિ પહોંચાડનાર એવા આ બહુ શોકવડે તારા આત્માને તું શા માટે હેરાન કરે છે?

હે સુંદર! વિબુધજનોએ નિંદવા લાયક એવા આ અયોગ્ય આચરણને તું છોડી દે અને વસ્તુસ્વરૂપની ભાવનામાં પ્રયત્ન કર.

જેથી આ સર્વ તારા ઉપદ્રવો શાંત થઈ જશે. વળી આ અનંત સંસારમાં પરિભ્રમણ કરતા જીવોના ઈષ્ટ અને

અનિષ્ટફલદાયક સંયોગ અને વિયોગ સેંકડોવાર થયા કરે છે.

તેમજ બુદ્ધિમાન પુરૂષોએ સંસારનું સત્ય સ્વરૂપ જાણીને ઈષ્ટ વસ્તુના સંયોગમાં હર્ષ ધારવો નહીં અને વિયોગમાં ખેદ પણ કરવો નહીં.

વળી હે ભદ્ર! પૂર્વભવમાં તેં ચારિત્ર ગ્રહણ કર્યા પછી પણ તે સમયે રાગનો ત્યાગ કર્યો નહીં, તેના પ્રભાવથી સ્વર્ગમાં પણ રૂદ્ધિ, બલ અને તેજ વડે હીનપણું તું પામ્યો.

તેમજ આ જન્મમાં પણ પૂર્વકર્મના દોષથી આ વિયોગદશાને તું પામ્યો. એમ છતાં હજુ પણ તેણીના રાગને તું કેમ નથી છોડતો? આવા પ્રકારના દુઃખોનું ખાસ કારણ આ રાગ જ છે.

કનકવતીનો સમાગમ

એ પ્રમાણે દિવ્ય પુરૂષનું વચન સાંભળી **ચિત્રવેગ** બોલ્યો.

હે સુરોત્તમ! આજે આ મારૂં દક્ષિણનેત્ર ફરકે છે. વળી તમે પણ હસતે મુખે દેખાઓ છો.

માટે ખરી બાબત મને તમે કહો, શું તે બાલા હજી જીવે છે? અથવા તે બીચારી મરી ગઈ? તેનો ખુલાસો તમે જલદી મને આપો.

વળી અન્ય જન્મમાં તમે જો મારા મિત્ર હોવ તો

હવે મારા દુઃખનો ઉદ્ધાર કરવા જરા પણ તમે વિલંબ કરશો નહીં.

જલ્દી તમે તે બાલાનું મને દર્શન કરાવો. અન્યથા મારું જીવિત હવે રહે તેમ નથી.

હે સુરોત્તમ ! આપની આગળ બહુ કહેતાં હું શરમાઉં છું. પરંતુ મારો છેવટનો નિશ્ચય આપને પ્રથમ મેં જણાવી દીધો તે સત્ય છે.

કનકમાલાનું દર્શન

ત્યારબાદ કિંચિત્ હાસ્ય કરીને તે બોલ્યો

હે ભદ્ર ! જો એવો જ તારો નિશ્ચય હોય તો તારી પાછળ તું તપાસ કર, જેથી તારી સ્ત્રીને તું જોઈશ.

એ પ્રમાણે દેવના કહેવાથી **ચિત્રવેગે** મુખવાળીને પોતાની પાછળ જોયું

અલંકારો વડે વિભૂષિત છે અંગો જેનાં એવી પોતાની સ્ત્રીને એકદમ તેણે જોઇ. બાદ તે પોતાના હૃદયમાં શંકિત થઇ કહેવા લાગ્યો.

હે સુરોત્તમ ! હવે અહીં હાસ્ય કરવાનું કંઇ કામ નથી. સત્ય વાત તમે મને કહો.

નભોવાહન રાજા જે હારી ગયો હતો, તેજ આ મારી સ્ત્રી છે ? અથવા મને શાંત કરવા માટે દેવમાયા વડે તમોએ આ **કનકમાલાનો** દેખાવ કર્યો છે ! વળી મારા વિરહને લીધે બહુ દુઃખી થઇ જો વિષભક્ષણ કરીને

મરી ગયેલી હોય તો તે અક્ષત શરીરે જીવતી અહીંયાં કયાંથી આવે.

ત્યારબાદ દેવ બોલ્યો.

હે સુભગ! ખરેખર આ તારી સ્ત્રી છે. દેવમાયા નથી. પરંતુ તેનું હરણ કરીને અહીં હું જેવી રીતે લાવ્યો છું, તે હકીકત તું સાંભળ.

કનકમાલા પ્રાપ્તિનો ઉપાય.

હે **ચિત્રવેગ**! શ્રી કેવલી ભગવાનનો મહિમા કરીને તારી પાસે આવતાં મેં **અવધિજ્ઞાન** વડે આ તારી સ્ત્રીની તપાસ કરી.

હાલમાં તેની શી સ્થિતિ છે? એમ વિચાર કરતાં મરણના નિશ્ચય ઉપર આવી ગયેલી આ **કનકમાલા** મારા જોવામાં આવી. પછી મારા મનમાં મેં વિચાર કર્યો કે;

એણીને લઇ હું મારા મિત્ર પાસે **જાઉં**.

એ પ્રમાણે નિશ્ચય કરીને **ગંગાવર્ત્ત** નગરમાં હું ગયો અને વિષથી ઘેરાયેલા અંગવાળી એણીને મેં ત્યાં જોઇ.

ત્યાં આગળ બહુ મંત્રવાદીઓ વિષ ઉતારવાના ઉપચાર કરતા હતા. તેઓની મંત્રશક્તિનો નાશ કરી એણીનું વિષ મેં સ્તંભાવી દીધું.

પછી તેઓએ જાણ્યું કે; આનું વિષ હવે ઉતરવાનું નથી. નક્કી આ મરી ગઇ છે.

એમ સમજી દહનક્રિયા માટે **નભોવાહનના** પરિજનો એને સ્મશાનમાં લઇ ગયા અને તરત જ તેને ચિતામાં સુવાડીને અગ્નિ સળગાવ્યો,

તેજ વખતે તેના વિષને દૂર કરી એને લઈ હું અહીં આવ્યો છું અને મારા મનમાં એવો વિકલ્પ થયો.

એણીનું મરણ સાંભળીને આ મારો મિત્ર શું કરે છે? અથવા અદ્યપિ તારા રાગની દૃઢતા તેવીને તેવી જ છે કે કંઈ ઓછી થઈ છે? એમ જોવા માટે.

હે સુતનુ! આ બાળાને અદૃશ્ય રાખી આ રચના મેં કરી.

હે ભદ્ર! હાલમાં તારો નિશ્ચય જાણીને મેં એને પ્રગટ કરી, માટે તારે કોઈ પ્રકારની શંકા કરવી નહીં અને જરૂર આ **કનકમાલા** છે.

એ પ્રમાણે દેવનું વચન સાંભળી તે વિદ્યાધરનું મુખકમલ બહુજ પ્રફુલ્લ થઇ ગયું.

ચિત્રવેગ અભ્યર્થના.

ચિત્રવેગ વિદ્યાધર હાથ જોડી તે દેવને પ્રણામ કરી કહેવા લાગ્યો.

હે સુરોત્તમ! અહો! આપનો સ્નેહ, દાક્ષિણ્ય અને મિત્રવાત્સલ્ય કોઈ અપૂર્વરૂપમાં ગોઠવાયેલાં છે.

આપે જે મિત્રતાનો સંબંધ સાચવ્યો છે, તે આપ સરખા સજ્જનોને લાયક છે. કહ્યું છે કેઃ–

"જે પુરૂષ પાપકાર્યમાંથી નિવારે
હિતકાર્યમાં પ્રેરણા કરે,
ગુપ્તવાર્તાને ગોપવી રાખે,
ગુણોને પ્રસિદ્ધિમાં લાવે,

આપત્ કાલમાં આવી પડેલાનો ત્યાગ ન કરે અને સમય ઉપર ઉચિત વસ્તુ આપવામાં બીલકુલ સંકુચિત ન થાય, તેને જ સન્મિત્ર જાણવો; એમ સત્પુરૂષોનું માનવું છે.

તેમજ વળી સજ્જનોની મૈત્રી દૂધ અને જલની માફક કહેલી છે.

"જ્યારે દૂધની અંદર જળનો સમાગમ થયો એટલે દૂધે પોતાના સર્વ ગુણો પ્રથમ જળને અર્પણ કર્યા. અર્થાત્ બન્ને એકસ્વરૂપ થઈ ગયાં.

પછી દૂધને ઉકાળવા માટે ભઠ્ઠી ઉપર મૂકયું, ત્યાં પ્રચંડ અગ્નિતાપથી તે ઉછળવા લાગ્યું. તે વખતે પોતાના મિત્ર દૂધનો અસહ્ય તાપ જોઇ તેણે પોતાનો આત્મા અગ્નિમાં હોમી દીધો. અર્થાત્ તે બળી ગયું.

બાદ પોતાના મિત્રની આપત્તિ જોઈ તે દૂધ પણ ઉભરાઇ જવાના મિષથી અગ્નિમાં જવાને ઉત્સુક મનવાળું થઇ ગયું.

તેવા પ્રસંગમાં તેને શાંત કરવા માટે અંદર જળ નાખે છે એટલે તે પોતાના મિત્રનું આગમન જાણીને

તરત જ શાંત થઈ જાય છે; તે તેની બરોબર યોગ્યતા સૂચવે છે.

વસ્તુતઃ સત્પુરુષોની મૈત્રી આવી જ હોય છે કે; પોતાના મિત્રના સુખથી સુખી અને દુઃખથી દુઃખી હોય છે.

પુનઃ **ચિત્રવેગ** બોલ્યો

હે સુરોત્તમ! મહાત્માઓ સ્વભાવથી જ આ દુનિયામાં પરોપકાર કરવામાં બહુરસિક હોય છે. જો કે અન્ય લોકો તેમનો ઉપકાર નથી કરતા તો પણ તે સજ્જનો હંમેશાં નિરપેક્ષપણે પરોપકારમાં જ તત્પર રહે છે.

વળી હે સુરોત્તમ! અક્ષત શરીરવાળી આ બાલા આપે મને લાવી આપી, તેથી મારૂં જીવતદાન પણ આપે જ આપ્યું,

તેમજ મારા હૃદયનો સંતાપ પણ આજે દૂર થયો.

આજ સુધી મારૂં હૃદય બહુ જ વ્યાકુલ હતું, તેથી આપે જે કંઈ ઉપદેશ પ્રથમ મને આપ્યો હતો,

તે સર્વ ભરેલા ઘડાની ઉપર નાખેલા પાણીની માફક મારી પાસે થઈ ચાલ્યો ગયો. અર્થાત્ તે મારી યોગ્યતાના અભાવે ટકી શકયો નહીં.

પરંતુ હે સુરવર! હાલમાં હું તમારા પ્રભાવથી સ્વસ્થ ચિત્તવાળો થયો છું. તો હાલમાં જે કંઇ પણ મારે કરવાનું હોય તે સર્વ મને કહો.

દેવનો ઉપદેશ.

ત્યાર પછી દેવ બોલ્યો.

હે ભદ્ર ! દેવોનું દર્શન કોઈ પણ સમયે નિષ્ફળ હોતું નથી. માટે તું બોલ ! જે તારી ઈચ્છા હોય તે તને આપવા ખુશી છું.

ચિત્રવેગ બોલ્યો. જો તમારી એવી ઈચ્છા હોય તો **નભોવાહન** રાજા કોઈ પણ પ્રકારે ઉપાધિ ન કરે તેવી રીતે કંઈક આપીને આપ મારો બંદોબસ્ત કરો.

એ પ્રમાણે તેનું વચન સાંભળી દેવે કહ્યું.

સ્ત્રી સહિત એવો તને પ્રહાર કરતો તે વિદ્યાધર ગર્વ વડે બહુ વ્યામૂઢ થઇ ગયો અને વિદ્યાધરોએ કરેલી મર્યાદાનો તેણે ભંગ કર્યો. તે કારણને લીધે જ એની વિદ્યાઓનો વિચ્છેદ થયો છે.

માટે હે ભદ્ર ! હાલમાં તારો પરાભવ કરવાને તે શક્તિમાન નથી.

વળી હે **ચિત્રવેગ** ! પૂર્વ ભવનો વૈરી તારી ઉપર બહુ કોપાયમાન થઇ તારું હરણ કરશે, પછી તું વિદ્યાધરેંદ્રને ત્યાં મોટો થઇશ.

એ પ્રમાણે નક્કી મારા આગામી ભવને કથન કરતા શ્રી કેવલી ભગવાને તે સમયે મને કહેલું છે. તે ઉપરથી જરૂર વિદ્યાધરોનો અધિપતિ થઈશ,

વળી **વૈતાઢય** ગિરિની દક્ષિણ શ્રેણીમાં સમસ્ત વિદ્યાધરેંદ્રોનો સ્વામી તને હાલમાં હું કરીશ.

પછી તારે અન્યનું અહીં શું પ્રયોજન છે ?

તેમજ મારા પ્રભાવથી વિદ્યાધરોની દરેક વિદ્યાઓ પઠનમાત્રથી તને સિદ્ધ થશે અને સર્વ વિદ્યાધરોથી તે વિદ્યાઓ તને અધિક ફલદાયક થશે.

વળી હે **ચિત્રવેગ** ! પોતાની ઇચ્છા પ્રમાણે તું વિદ્યાધરોની ઉત્તમવિદ્યાઓનો વચનથી જ વિચ્છેદ કરીશ. તેમજ મંત્ર તથા ઔષધિઓને પણ નિષ્ફલ કરીશ.

હે ભદ્ર ! મારા પ્રભાવથી અતિગર્વિષ્ઠ એવા પણ સર્વે વિદ્યાધરો વિનય પૂર્વક તારી આજ્ઞામાં રહી પોતાનું જીવન ચલાવશે.

માટે ચાલો હાલમાં આપણે વૈતાઢય પર્વતમાં જઈએ અને ત્યાં **સિદ્ધકુટ** શિખર ઉપર શાશ્વત એવી શ્રીજિનેંદ્રભગવાનની પ્રતિમાઓનો અઠ્ઠાઈ મહોત્સવ કરીને, ધરણેંદ્રની અભ્યર્થના કરી તેની પાસેથી વિદ્યાધરોની સર્વવિદ્યાઓ હું તને અપાવીશ.

પછી હું મારા સ્થાનમાં જઈશ.

એ પ્રમાણે દેવનું વચન સાંભળી તે વિદ્યાધર પોતાના પરમ ઉપકારી એવા તે દેવના ચરણયુગલમાં પ્રણામ કરી બોલ્યો,

હે સુરવર ! આપની મોટી મહેરબાની, આપનું વચન મારે સર્વથા માન્ય છે.

સુપ્રતિષ્ઠને મણિપ્રાપ્તિ

સુપ્રતિષ્ઠ બોલ્યો. હે ધનદેવ ! એ પ્રમાણે દેવનું વચન માન્ય કરી તે વિદ્યાધરે બહુ માનપૂર્વક મારી સાથે સંભાષણ કર્યા બાદ, બહુ આનંદ સાથે તેણે આ મણિ મને આપ્યો.

ત્યારપછી તે વિદ્યાધર પોતાની સ્ત્રી તથા તે દેવ સહિત આકાશમાર્ગે ચાલ્યો ગયો.

પછી હું પણ તરત જ ત્યાંથી મારા સ્થાનમાં આવ્યો. માટે હે **ધનદેવ** ! આ દિવ્યમણિ મને જે ક્રમથી મળ્યો હતો, તે સર્વ હકીકત મેં તને નિવેદન કરી.

વળી આ દિવ્યમણિનો પ્રભાવ બહુ અલૌકિક છે. તેમજ બહુ પુણ્યશાળીને જ આવો મણિ મળી શકે છે.

હે મહાભાગ ! હૃદયને આનંદ આપનાર આ અદ્‌ભુત પ્રભાવવાળો મણિ દેવલોકમાં ઉત્પન્ન થયેલો છે, તેથી આ મણિ સમગ્ર દોષોને નિવારવામાં ચિંતામણિ સમાન છે અને વિશેષે કરીને સર્વપ્રકારના વિષસમૂહને તે શાંત કરે છે.

માટે હે મહાશય ! **ધનદેવ** ! આ દિવ્યમણિનો તું સ્વીકાર કર. સમગ્ર ગુણો આ મણિમાં રહેલા છે, એમ જાણી હું તને બહુ આગ્રહ કરું છું. હવે બહુ કહેવાથી શું ? એ પ્રમાણે **સુપ્રતિષ્ઠ**નું પ્રેમમય વચન સાંભળી સમયોચિત વચન બોલવામાં બહુ કુશળ એવો તે **ધનદેવ** બોલ્યો.

હે રાજકુમાર! આપની સાથે જે મારૂં દર્શન થયું, તેમજ અત્યંત સ્નેહ ગર્ભિત એવું આપનું જે આ વચન તેને જ હું સેંકડો, હજારો અને લાખો મણિઓથી પણ અધિક માનું છું.

મણિગ્રહણ

ધનદેવનું વચન સાંભળી **સુપ્રતિષ્ઠ** બોલ્યો.

હે પ્રિયમિત્ર! તારો સંતોષ જોઈ હું બહુ ખુશી થયો છું.

પરંતુ આ દિવ્યમણિનો તું સ્વીકાર કરે તો જ હું પણ મારા આત્માને કૃતાર્થ માનું. માટે હે ભદ્ર! મારા ધૈર્યને માટે જરૂર આ મણિનો તું સ્વીકાર કર.

એ પ્રમાણે **સુપ્રતિષ્ઠ**નો બહુ આગ્રહ જોઇને વિનય સહિત **ધનદેવે** તે ઉત્તમ પ્રકારનો મણી પોતાની પાસે લઈ લીધો.

ત્યારપછી **ધનદેવ**ને પ્રેમપૂર્વક ભેટીને **સુપ્રતિષ્ઠ** રાજકુમાર ફરીથી પણ બોલ્યો.

હે મહાશય! અત્યારે તો આપ અહીં રોકાશો નહીં. સુખેથી **કુશાગ્રનગર**માં જાઓ, પરંતુ ત્યાંથી વળતી વખતે અહીંયાં અમને મળીને તમારે જવું. એટલી અમારી ઉપર તમે મહેરબાની કરો. બીજું આપને વિશેષ કંઇ અમે કહી શકતા નથી.

તે સાંભળી **ધનદેવ** બોલ્યો.

હે સુભગ! આપની કૃપાથી કુશળપણે અમે અહીંયાં થઇને જ જઇશું. કારણકે; પાછા વળતાં અમારો માર્ગ જ આ છે. તો શું આપને મળ્યા વિના તો અમે નહીં જઈએ ને!

એ પ્રમાણે કેટલીક વાતચીત કરીને તે રાત્રી ત્યાંજ તેણે વ્યતીત કરી, પછી પ્રભાતકાળ થયો એટલે સર્વ-સાર્થના લોકોએ ત્યાંથી નીકળવાની તૈયારી કરી.

પ્રયાણયાત્રા

ધનદેવશ્રેષ્ઠી સમયોચિત પોતાનું સર્વકાર્ય સમેટીને ત્યાંથી નીકળ્યો. એટલે પોતાના પરિવારસહિત પલ્લીપતિ પણ તેને વળાવવા માટે તેની પાછળ ચાલ્યો. પરસ્પર-વાર્ત્તાલાપ કરતા તેઓ કેટલાક સમય સુધી સાથે રહ્યા. પછી **ધનદેવે** પલ્લીપતિને પાછા વળવાનું કહ્યું; એટલે તેનું મુખ બહુ શોકાતુર થઈ ગયું અને પોતાના મિત્રથી છુટા પડવા માટે તે બહુ જ નાખુશ થઈ ગયો.

બાદ **ધનદેવે** તેને બહુ સમજાવીને પાછો વાળ્યો.

પછી **ધનદેવ** પોતે અશ્વઉપર આરૂઢ થઈ સાર્થની સાથે ચાલતો થયો. અનુક્રમે વણિકલોકોની સાથે તે કુશાગ્રનગરમાં જઈ પહોંચ્યો.

બાદ બહુ કિંમતી વસ્તુની ભેટ લઈ તે પોતે રાજાની પાસે ગયો.

નૃપતિના ચરણમાં ભેટ ધરી પ્રણામ કરીને તેની સેવામાં **ધનદેવ** ઉભો રહ્યો.

નરવાહનરાજા ધનદેવનો વિનય જોઇ બહુ પ્રસન્ન થયો અને તેનો સત્કાર કર્યો. પછી પંચાયતી લોકોની સાક્ષીએ પોતાની દરેક વસ્તુઓનું દાણ ચુકાવી લીધું.

સાગરશ્રેષ્ઠી

બાદ પોતાનો સરસામાન લઇ ત્યાંથી સર્વલોકોને પોતાની સાથે રાખી ધનદેવ સાગરશ્રેષ્ઠીને મળ્યો અને તેનાં કેટલાંક મકાનો પોતાને જોઇએ તેટલા પ્રમાણમાં ભાડે રાખ્યાં. ત્યાં ઉતારો કરી પોતાનો સર્વમાલ નોકરોની મારફત તે મકાનોમાં દાખલ કરાવ્યો.

બાદ તે નાગરિક તેમજ આગંતુક વેપારીઓની સાથે હમેશાં આપલેનો સંબંધ કરવા લાગ્યો. પોતાને ફાયદો કારક કેટલોક માલ ખરીદે છે, તેમજ પોતાનો માલ બીજાઓને પણ આપે છે. એમ કરતાં તે નગરની અંદર કેટલાક માસ તેના ચાલ્યા ગયા.

ત્યારબાદ સાગર શ્રેષ્ઠીનો પુત્ર શ્રીદત્ત વેપારમાં ઘણો પ્રવીણ છે. તેની સાથે આપ લે કરતાં ધનદેવની ઘણી પ્રીતિ બંધાણી. જેથી તેઓ બંનેનો પ્રેમ એટલો બધો વધી પડયો કે; સહોદરની માફક તેઓ પરસ્પર વર્ત્તવા લાગ્યા.

ત્યારબાદ એક દિવસ શ્રીદત્ત શ્રેષ્ઠી બહુ આગ્રહ કરીને ધનદેવને પોતાને ત્યાં ભોજન માટે લઈ ગયો.

ધનદેવ ત્યાં ગયા બાદ પોતાના મિત્ર શ્રીદત્તની સાથે વાર્ત્તાલાપ કરતો હતો, તેટલામાં નવીન યૌવન અવ-

સ્થાને શોભાવતી અને અદ્‌ભુત એવા રૂપ લાવણ્યને પ્રાપ્ત થયેલી **શ્રીકાન્તા** નામે શ્રીદત્તની બહેન કન્યારૂપમાં રહેલી તેના જોવામાં આવી.

બાદ ભોજનનો સમય થયો એટલે **ધનદેવ** પોતે ભોજન કરવા બેસી ગયો.

ઉષ્ણ કાળના તાપને લીધે મહેમાનની સારવાર માટે **શ્રીકાન્તા** વીંજણો લઇ પવન નાખવા ઉભી રહી.

ધનદેવનું ચિત્ત તેણીના સૌંદર્યમાં લુબ્ધ થઈ ગયું અને તે આસક્તિપૂર્વક તેણીના દરેક અંગ નિરખવા લાગ્યો.

તેમજ **શ્રીકાંતા** પણ કટાક્ષવડે સ્નેહપૂર્વક **ધનદેવને** જોતી હતી.

બાદ એણીના રૂપ વડે મોહિત થએલો **ધનદેવ** વિચાર કરવા લાગ્યો.

જો હું આ કન્યાની એના પિતા પાસે માગણી કરૂં અને જો તે મને આ કન્યારત્ન આપે તો આ મારો માનવજન્મ આ સ્ત્રી વડે કૃતાર્થ થાય.

કદાચિત્ હું પોતે તે કન્યાની માગણી કરૂં અથવા બીજા કોઈ પાસે માગણી કરાવું અને તે કન્યા કદાચિત્ જો તે મને ન આપે તો મારૂં અપમાન થાય.

અથવા કુળમાં અમે બંને સમાન છીએ. હું કંઈ એના કરતાં જાતિમાં હલકો નથી.

તેમ જ હું ધનવાન્ પણ છું અને કોઈ પ્રકારનું મારામાં વ્યસન નથી. તેમજ આ કન્યા પણ યૌવન અવસ્થામાં આવી ગઇ છે. હવે એનું લગ્ન કર્યા સિવાય ચાલે તેમ નથી. માટે આ કન્યા મને આપ્યા સિવાય તેઓ રહેશે નહીં.

એમ પોતાના મનમાં વિચાર કરતો **ધનદેવ** ભોજન કરીને નિવૃત્ત થયો, એટલે **શ્રીદત્તો** ધનદેવને પાનસોપારી વિગેરે મુખવાસ આપ્યો. બાદ વિલેપનાદિકનો વિધિ થયો.

પછી **ધનદેવ** ત્યાંથી નીકળી પોતાના મકાન તરફ ચાલ્યો, પરંતુ તેનું હૃદય તો **શ્રીકાંતા**એ હરી લીધું હતું, તેથી તે શૂન્યચિત્તે પોતાના સ્થાનમાં જઇ સુકોમલ શયન ઉપર સુઈ ગયો.

શ્રીકાંતા

ધનદેવના ગયા બાદ **શ્રીકાંતા** કામને સ્વાધીન થઈ ગઈ અને તીવ્ર ઉત્કંઠાને લીધે વ્યાકુલ થઇને પોતાના ગૃહોદ્યાનમાં કદલીગૃહની અંદર તે સુઇ ગઈ.

ત્યાં મદનની પીડાથી તે તરફડતી હતી, તેવામાં એક કૃષ્ણ સર્પે તેણીના બાહુ મૂલમાં દંશ કર્યો કે, તરતજ તે ભયંકર સર્પને જોઇને બહુ ધ્રૂજવા લાગી. બાદ બહુ વેદનાથી પીડાતી તે **શ્રીકાંતા** રૂદન કરતી પોતાની માતા પાસે આવી અને તે કહેવા લાગી.

હે જનની ! મહાન ભયંકર કાળો નાગ મને ખાઈ ગયો ! ખાઈ ગયો !!

એમ બોલી તેટલામાં તેની વાણી બંધ પડી ગઈ. તેના શરીરની કોમલતા બહુ અધિક છે, તેમજ વિષ-વિકાર પણ અતિશય પ્રચંડ છે, વળી વેદના પણ બહુ વધી ગઇ અને સ્વાભાવિક સ્ત્રીજાતિ ઘણી બીકણ હોય છે, તેથી **શ્રીકાંતા**નાં નેત્ર એકદમ મીંચાઈ ગયાં અને પોતાની જનનીની આગળ અકસ્માત ધસીને નિરાધાર એકદમ પૃથ્વી ઉપર પડી ગઈ.

બાદ તેનાં દરેક અંગો શિથિલ થઇ ગયાં.

એ પ્રમાણે **શ્રીકાંતા**ની સ્થિતિ જોઇ **શ્રીમતી, સાગરશ્રેષ્ઠી, શ્રીદત્ત** અને તેનો સર્વ પરિવાર એકદમ બહુ વ્યાકુલ થઈ ગયો.

મંત્રોપચાર

શ્રીકાંતાને વિષમૂર્છિત જોઈ તેના પિતાની પ્રેરણાથી લોકોએ મંત્ર અને તેઓના જાણકાર સારા ગારૂડિકોને બોલાવ્યા.

તેમજ કેટલાક મંત્રવાદીઓ મંત્રના જાપ કરવા બેસી ગયા.

કેટલાકોએ જડીબુટ્ટીઓના પ્રયોગો શરૂ કર્યા.

કેટલાક બુદ્ધિમાનો પોતાની ધારણા પ્રમાણે યોજના-ઓ કરે છે,

તેમજ કેટલાક તો તે બાલાના કાનમાં મંત્રોના જાપ સંભળાવે છે.

આ પ્રમાણે દરેક ઉપચારોની ગોઠવણ ઉપરા ઉપરી ચાલ્યા કરે છે, પરંતુ તે સર્વની નિષ્ફલતા જોઈ તેની માતા **શ્રીમતી** બહુજ કરૂણસ્વરે રૂદન કરવા લાગી.

હા ! પુત્રી ! તારા દુઃખનો હવે પાર રહ્યો નથી. અકસ્માત કાળભુજંગ તને કયાંથી ડશ્યો ! હા દૈવ ! આ બાલાએ તારો શો અપરાધ કર્યો હતો, જેથી નિરપરાધી બાલાને અસહ્ય દુઃખમાં નાખીને તું પોતાની નિર્દયતાને પ્રગટ કરે છે ?

એ પ્રમાણે વિલાપ કરતી **શ્રીમતીને સાગર** શ્રેષ્ઠી ધૈર્ય આપી કહેવા લાગ્યા.

હે સુંદરી ! તું શોક શા માટે કરે છે ? પ્રથમ નૈમિત્તિકે કહેલા તે વચનને તું કેમ ભૂલી ગઇ છે ? આ હકીકત તેના કહેવા પ્રમાણે બની છે; એમાં કંઇ શોક કરવાની જરૂર નથી.

હે વલ્લભે ! હાલમાં તારો જમાઈ અહીંયાં પ્રગટ થશે. કારણ કે તે **સુમતિ** નૈતિક સત્યવાદી છે, તેમજ હે સુતનુ ! **કમલાવતીને** તેણે જે કહ્યું તે સર્વ સિદ્ધ થયું છે.

મંત્રની નિષ્ફલતા.

હવે ગારૂડિક લોકોએ બહુ આદરપૂર્વક વિષ ઉતારવાના ઘણાયે પ્રયોગ કર્યા, પરંતુ પરિણામમાં તેમની કંઇ પણ સફલતા થઇ નહીં,

ત્યારે **શ્રીકાંતા**નો સર્વ પરિજન તેમજ પોતાના પિતા, ભ્રાતા વિગેરે બહુ ચિંતાતુર થઈ ગયા, અને વિચાર કરવા લાગ્યા કે, નૈમિત્તિકનું વચન શું વૃથા થશે ?

ત્યારબાદ વિશેષ જણાવવા માટે તે નગરની અંદર પટહ ઘોષણા કરાવી.

સર્વ ગારૂડિકોને ત્યાં બોલાવ્યા, પરંતુ કોઇ પણ ગારૂડિક તેણીનું વિષ ઉતારવા શક્તિમાન્ થયો નહીં.

ધનદેવનું આગમન.

સાગરશ્રેષ્ઠીને ત્યાં લોકોના ગમનાગમનને લીધે બહુ કોલાહલ થઇ રહ્યો છે, તેવામાં કંઇક કાર્ય માટે **ધનદેવ** પણ ત્યાં આવ્યો અને સઘળા તેના પરિવારને વ્યાકુલ ચિત્તવાળો જોઇ તે **શ્રીદત્ત**ને પૂછવા લાગ્યો.

હે મિત્ર! આટલા બધા ગભરાટમાં તમે શા માટે પડયા છો ? તેમજ તમારા મુખારવિંદ કેમ કરમાઈ ગયા છે ?

તે સાંભળી **શ્રીદત્ત** બોલ્યો.

હે પ્રિયમિત્ર ! **શ્રીકાંતા** કન્યા મારી બહેન છે. તેને આજે ગૃહોદ્યાનમાંથી સર્પ કરડયો છે. તેની વેદના બહુજ વધી પડેલી છે. કોઇ પણ તેને જીવાડતું નથી અને મુડદાની માફક તે પડી રહેલી છે. માટે અમે સર્વે વ્યાકુલ થયા છીએ.

વળી હે મિત્ર! પ્રથમ અમને એક નૈમિત્તિકે કહેલું છે કે; સર્પથી દશાયેલી આ બાલાને જે જીવાડશે, તે તેણીનો ભર્ત્તા થશે. એમ તે નૈમિત્તિકનું વચન હાલમાં નિષ્ફલ થાય છે. કારણ કે, એણીને સર્પ તો કરડયો છે, છતાં કોઈપણ મંત્રવાદી તેને સજ્જ કરતો નથી.

વળી હે **ધનદેવ**! આ **શ્રીકાંતા** બહેન અમને બહુજ પ્રિય છે. હવે એના જીવનની આશા અમને લાગતી નથી. તેથી અમે બહુ શોકાતુર થઇ ગયા છીએ.

દિવ્યમણિનો પ્રભાવ

એ પ્રમાણે **શ્રીદત્ત**નું વચન સાંભળી **ધનદેવ** પોતાના મનમાં બહુ ખુશી થયો. પછી બોલ્યો કે;

હે સુંદર! તું શોક કરીશ નહીં. કારણ કે તે નૈમિત્તિકનું વચન પણ અસત્ય થવાનું નથી.

હે મિત્ર! ચાલ તારી બહેનની પાસે આપણે જઈએ અને તેની તપાસ કરીએ.

એમ **ધનદેવ**ના કહેવાથી **શ્રીદત્ત** તેને પોતાની બહેનની પાસે લઈ ગયો.

બાદ **ધનદેવે** પોતાના પુરૂષને કહ્યું કે; **પ્રતિષ્ઠિત** રાજકુમારે જે દિવ્યમણિ આપણને આપેલો છે, તેને લઈ જલદી તું અહીં આવ.

એ પ્રમાણે આજ્ઞા થતાં તરત જ તે પુરૂષ પોતાના મકાનમાં જઇ તે દિવ્યમણિને લઇ તેની પાસે આવ્યો;

અને તે દિવ્યમણિનું જલ તેણીના શરીરે છાંટયું એટલે તરત જ તે બાલા સુખમાં સુઈ રહેલીની માફક શયનમાંથી બેઠી થઈ.

વળી તે દિવ્યમણિનું જલ છાંટવાથી તેણીના શરીરમાં વ્યાપી ગયેલું સર્પ વિષ શુકલ ધ્યાનના પ્રભાવથી મોહનીય કર્મની માફક નષ્ટ થઈ ગયું.

બાદ શુદ્ધિમાં આવી ગયેલી **શ્રીકાંતાને** જોઈ **શ્રીદત્ત** અને **સાગરશ્રેષ્ઠી** બન્ને જણ બહુ પ્રસન્ન થઈને કહેવા લાગ્યા,

હે **ધનદેવ**! આ **શ્રીકાંતા** તમને અમે અર્પણ કરીએ છીએ.

શ્રીકાંતાનો વિવાહ

ત્યારબાદ **સાગર** શ્રેષ્ઠીએ જ્યોતિષિકને બોલાવીને ઉત્તમ પ્રકારનું મુહુર્ત્ત નક્કી કર્યું.

બાદ મોટા ઉત્સવ સાથે લગ્નના દિવસે **ધનદેવે** તેણીનું પાણિગ્રહણ કર્યું.

રૂપ, ગુણ, શીલ અને કલામાં સમાનવૃત્તિવાળા તે બંને સ્ત્રી પુરૂષનો હાર્દિક પ્રેમ બહુ વધવા લાગ્યો.

પતિભક્તિમાં તત્પર એવી તે **શ્રીકાંતાની** સાથે પ્રેમપૂર્વક વિષયસુખનો અનુભવ કરતો **ધનદેવ** ત્યાં રાત્રી અને દિવસ સુખેથી વ્યતીત કરવા લાગ્યો. તેણીના અદ્ભૂત યૌવનમાં આસક્ત થયેલો તે **ધનદેવ** કેટલાક માસ

ત્યાં રહ્યો, તેટલામાં તેના પુરૂષોએ સર્વ માલ વેચી દીધો અને તેના બદલામાં બીજો ઘણો માલ ખરીદ કર્યો.

પછી તે સાર્થના સર્વ લોકો પોતાના દેશમાં જવા માટે તૈયાર થયા. એટલે **ધનદેવ** પણ પોતાના શ્વશુર વર્ગની પાસે જઈ પૂછવા લાગ્યો,

હવે અમારા સાર્થના લોકો પોતાના દેશમાં જવા માટે બહુ ઉત્કંઠિત થયા છે, માટે અમને જવાની તમે રજા આપો તો સારૂં.

ધનદેવની વિદાયગીરી

સ્વદેશમાં જવાને આતુર થયેલા **ધનદેવને** જોઈ **સાગર** શ્રેષ્ઠીએ પોતાની પુત્રી **શ્રીકાંતાને** વળાવવા માટે તૈયાર કરી.

તેની વિદાયગીરીમાં પુષ્કળ ધન સંપત્તિ આપી. તેમજ તેની સેવામાં દાસી, દાસ વિગેરે સમગ્ર પરિવાર પણ નિયુક્ત કર્યો.

બાદ **સાગર** શ્રેષ્ઠીએ પોતાની પુત્રીને **ધનદેવની** સાથે વિદાય કરી. વિશેષમાં તેના પિતાએ કહ્યું,

હે પુત્રી! આપણા કુલની મર્યાદા પ્રમાણે સદાચારમાં રહીને ઉભય કુળમાં કીર્તિ વધે તેવી રીતે તારે વર્તવું. પોતાના પૂજ્યોની ભક્તિ કરવી, વિગેરે પોતાની ફરજો ચુકવી નહી. તેમજ શાસ્ત્રમાં કહ્યું છે કે—

પોતાના પતિ વિગેરે પૂજ્યોની ઉપર નિખાલસ બુદ્ધિ રાખવી,

સાસુ અને સસરાની વિનયપૂર્વક સેવા કરવી.
સ્વજન ઉપર વાત્સલ્ય ભાવ રાખવો.
બંધુજનોની ઉપર સ્નેહદૃષ્ટિ રાખવી,
હંમેશાં મુખાકૃતિ બહુ પ્રફુલ્લ રાખવી,
આ પ્રમાણે કુલવધૂનો ધર્મ કહ્યો છે."

હે પુત્રી! પોતાનો સદાચાર કોઇ પણ સમયે તારે ભૂલવો નહીં.

સ્વદેશ પ્રયાણ

શુભ મુહુર્ત્તમાં **ધનદેવ** પોતાના મોટા સાર્થ સહિત કુશાગ્રનગરમાંથી જે રસ્તેથી આવ્યો હતો, તેજ માર્ગે ચાલતો થયો.

પોતાના નગરને ઉદ્દેશીને ચાલતાં ચાલતાં અનુક્રમે તે **સિંહગુહાની** નજીકના પ્રદેશમાં જઇ પહોંચ્યો.

પછી ત્યાં આગળ સાર્થનો નિવાસ કરાવ્યો અને **ધનદેવ** પોતે વિચાર કરવા લાગ્યો.

તે વખતે પલ્લીપતિએ મને બહુ આગ્રહ પૂર્વક કહ્યું હતું કે; વળતી વખતે મારી શાંતિને માટે જરૂર મને મળ્યા સિવાય તમે જશો નહીં, મારે જલદી ત્યાં તેમને મળવા માટે જવું જોઇએ.

તે પલ્લી અહીંથી હવે નજીકમાં રહેલી છે. બહુ વખત ત્યાં રોકાવાની જરૂર નથી.

માત્ર **સુપ્રતિષ્ઠને** ભેગા થઇ જલદી હું અહીં આવી જઈશ.

એમ વિચાર કરી કેટલાક પુરૂષો પોતાની સાથે લઈ અશ્વ ઉપર બેસીને ધનદેવ ચાલતો થયો.

ક્ષણમાત્રમાં ત્યાં પહોંચી ગયો અને ત્યાં જોયું તો સર્વત્ર બળેલી **સિંહગુહા** તેના જોવામાં આવી.

અગ્નિની જ્વાળાઓ વડે બળી ગયેલાં ગો, મહિષ્યાદિક પ્રાણીઓનાં હાડકાના ઢગલાઓથી જેનાં નજીકના ભાગો પુરાઈ ગયેલા છે.

જેના પર્યંત પ્રદેશોમાં શસ્ત્રોથી હણાયેલા અનેક ઘોડાઓના રૂધિરના પ્રવાહ વડે દુર્ગંધ પ્રસરી રહ્યો છે.

દુર્ગંધથી વ્યાપ્ત એવી પૃથ્વી ઉપર પડેલા સુભટોનાં માંસ તથા ચરબીમાં લુબ્ધ થયા છે કુતરાઓ જેને વિષે, તેમજ કુતરાઓના ભયથી ત્યજ્યાં છે મનુષ્યોનાં હાડપીંજર જેમણે એવાં અનેક શિયાળીઆં જ્યાં આગળ રૂદન કરી રહ્યાં છે.

ફેત્કારના સાંભળવાથી ત્રાસ પામતા એવા બીકણ ગૃધપક્ષીઓના બાળકોનો સમૂહ જેમાં ઉડી રહ્યો છે.

જેમના હાથમાં અનેક બાળકો રહેલાં છે એવી બળી ગયેલી ભીલોની યુવતીઓ વડે દેખાવમાં બહુ ભયંકર.

દુષ્પ્રેક્ષ્ય એવા અગ્નિની જ્વાલાઓ વડે બળી ગયેલાં સેંકડો ભીલોનાં ભવનો વડે ભયંકર અને ભયજનક એવા અગ્નિમાં બળી ગયેલા સેંકડો મનુષ્યોનાં મુડદા-

ઓથી વ્યાપ્ત એવી તે પલ્લીને જોઇ **ધનદેવ** ચકિત થઇ ગયેા અને તે બેાલ્યેા કે;

અરે! શત્રુઓને પણ અગમ્ય એવી આ પલ્લી કેાણે બાળી હશે? એમ તે વિચાર કરવા લાગ્યેા.

એટલામાં ત્યાં એક અસ્થિપીંજર પડયું હતું તેની અંદર ભરાઇ રહેલેા કેાઈ પુરુષ બેાલ્યેા;

દેવશર્મા

ધનદેવ! અહીંયાં મારી પાસે તું આવ. તે હું **દેવશર્મા** છું.

મારા બંને પગ કપાઇ ગયા છે, તેમજ બહુ શસ્ત્રોના ઘાથી મારૂં શરીર બહુ જીર્ણ થઈ ગયું છે. તૃષાથી મારેા કંઠ પણ શેાષાઈ ગયેા છે, છતાં હજુ સુધી પણ હું જીવતેા રહ્યો છું.

તે સાંભળી **ધનદેવે** એકદમ પેાતાના પુરૂષને પાણી લેવા મેાકલી દીધેા અને પેાતે બહુ શેાકાતુર થઇ તેની પાસે ગયેા.

ત્યારબાદ **ધનદેવ** બેાલ્યેા;

હે ભદ્ર! એકદમ આવેા આ જુલમ કેાણે કર્યો? અને તે **સુપ્રતિષ્ઠ** હાલમાં કયાં છે? તેમજ અચિંત્ય આવી દુર્દશામાં તું શાથી આવી પડયેા છે! એ પ્રમાણે **ધનદેવ**નેા પ્રશ્ન સાંભળી **દેવશર્મા** ધીમે સ્વરે કહેવા લાગ્યેા,

સિદ્ધપુરનગર

આજથી ત્રીજા દિવસ ઉપર **સિદ્ધપુર** નગરથી એક પુરૂષ અહીં આવ્યો હતો. તેણે એકાંતમાં પલ્લીપતિને લઇ જઇને કહ્યું.

હે કુમાર ! તારા પિતાના **સુમતિ** નામે મુખ્યમંત્રીએ મને અહીં તારી પાસે મોકલ્યો છે અને તેણે કહ્યું છે.

સુપ્રતિષ્ઠ કુમારને તારે આ પ્રમાણે કહેવું. અહીંયાં **સુગ્રીવ**રાજા બહુ વિષયસુખમાં આસક્ત હોવાથી તેને ક્ષયરોગ લાગુ પડયો છે, અને તે દિવસે દિવસે બહુ વધતો જાય છે. જેથી તે જીવી શકે તેમ લાગતું નથી.

આ **સુરથ**કુમાર પણ દરેક વ્યસનોમાં પુરો છે. જેથી પોતાની ઈચ્છા પ્રમાણે વર્ત્યા કરે છે. તેમજ સદાચારનો સર્વથા ત્યાગ કરીને પોતાની મરજી પ્રમાણે લોકોને જેમ તેમ બોલ્યા કરે છે.

સમગ્ર પ્રજા વર્ગને હંમેશાં રંજાડે છે; ઉલ્લંઠ બનીને નિરંતર અકૃત્ય કરવામાં ઉદ્યુક્ત રહેલ છે.

એ પ્રમાણે તેનું આચરણ જોઈ સર્વે સામંત મહાંતાદિક એનાથી વિરક્ત થયા છે. અર્થાત્ દરેકને તે અપ્રિય થઇ પડયો છે.

માટે હે કુમાર ! તે **સુરથ** રાજ્યશ્રીને લાયક નથી. રાજ્યપદવીને લાયક તમને જ તેઓ માને છે. પરંતુ તમને મારવા માટે **કનકવતી**એ મોટું સૈન્ય મોકલ્યું છે. માટે તમારે પોતાના શરીરની રક્ષા કરવી.

સૈન્યનું આગમન

હે ભદ્ર ! તે પુરૂષ **સુમતિષ્ઠ** ને; **સુમતિ** મંત્રીના સમાચાર કહેતો હતો, તેટલામાં બહુ રથ, ઘોડા અને હજારો પાયદળનો ઉપદ્રવ એકદમ ત્યાં આવી પહોંચ્યો; અને ક્ષણ માત્રમાં તે સૈનિકો પલ્લીની ચારે બાજુએ વીંટાઈ વળ્યા.

ત્યાર પછી પોતાના સ્વામીની આજ્ઞાથી ભીલ્લ લોકો પણ પોતપોતાનાં શસ્ત્ર લઇ તૈયાર થઈ ગયા. પછી પલ્લિપતિ પણ ભીલોની સાથે મેદાનમાં નીકળી પડયો.

ત્યાર પછી અનેક પ્રાણીઓનું સંહારકારક મહાઘોર એવું યુદ્ધ ત્યાં ચાલુ થયું. શત્રુઓનું બહુ બળ હોવાથી ઘણા ભીલો માર્યા ગયા. છેવટે શત્રુઓએ અમને જીતી લીધા.

ત્યારપછી તે શત્રુના સૈનિકોએ આ પલ્લીમાં પ્રવેશ કર્યો અને જે જે સાર વસ્તુઓ હતી, તે સર્વ પોતાને કબજે કરી.

પછી આ સિંહાગુહાને બાળીને હતી નતી કરી તે સૈનિકો અહીંથી નીકળી ગયા.

હું પણ તેઓની સાથે યુદ્ધમાં ઉતર્યો હતો. જેથી મારી આ દશા થઇ છે.

દેવશર્માનો દેહાંત

વળી હે **ધનદેવ** ! **સુમતિષ્ઠ**નું શું થયું ? તે કંઈ પણ હું જાણતો નથી. એ પ્રમાણે સિંહાગુહાની હકીકત

સાંભળ્યા બાદ **ધનદેવે** સમ્યક્ત્વ વ્રત સહિત પંચપરમેષ્ઠી મંત્ર (નવકારમંત્ર) તેને સંભળાવ્યો.

બાદ **દેવશર્મા** પણ શ્રદ્ધાપૂર્વક વારંવાર તેનું સ્મરણ કરવા લાગ્યો. એટલામાં પ્રથમ મોકલેલો પુરૂષ પણ પાણી લઈને ત્યાં આવ્યો. પછી **ધનદેવે** કહ્યું.

હે **દેવશર્મા** તમારી ઇચ્છા પ્રમાણે આ જલપાન તમે કરો. પછી તે જળ પીવા લાગ્યો, પરંતુ બહુ તૃષાને લીધે તેનું તાળવું સુકાઇ ગયું હતું. જેથી તે પાણી તેના કંઠમાં ઉતરી શકયું નહીં અને બહુ દુઃખી થઈ તેણે અકસ્માત પોતાના દેહનો ત્યાગ કર્યો.

પછી **ધનદેવ** પણ બહુ શોકાતુર થઇ ગયો. તે ત્યાર પછી તે **દેવશર્મા**ના મૃતદેહની તેણે દહનક્રિયા કરી.

ત્યાર પછી પોતાના પુરુષોને મોકલીને **ધનદેવે** સર્વ સંગ્રામની ભૂમિમાં તપાસ કરાવરાવ્યો, પરંતુ **સુપ્રતિષ્ઠ**નું હાડપીંજર માત્ર પણ કોઇ ઠેકાણે જોવામાં આવ્યું નહીં.

ધનદેવનો પરિતાપ

ધનદેવ બહુ ચિંતાતુર થઇ ગયો અને પશ્ચાત્તાપ કરવા લાગ્યો. હા! દૈવના વિલાસને ધિક્કાર છે. હા! હા! મહા અફસોસની વાત છે કે;

મહા ગુણવાન સરલ સ્વભાવી એવા **સુપ્રતિષ્ઠને** નિર્દય એવી કનકવતીએ આવું દારૂણ દુઃખ શા માટે દીધું?

અરે ! એને આવું અકૃત્ય કરતા કંઈપણ દયા આવી નહીં ? નિર્દય મનુષ્યો કેવલ પાપમાં જ ઉદ્યુક્ત રહે છે. તે સિવાય તેમને શાંતિ થતી નથી.

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

નિર્દય એવા જઘન્ય કોટીના મનુષ્યો પાપ કરતાં અચકાતા નથી,

દયાલુ એવા મધ્યમ બુદ્ધિના મનુષ્યો આપત્કાળના સમયમાં જ પાપ તરફ દૃષ્ટિ કરે છે અને સજ્જન પુરુષો તો સમુદ્ર જેમ પોતાની મર્યાદાને ઉલ્લંઘન કરતો નથી, તેમ પ્રાણાંતમાં પણ પોતાના સદાચારને છોડતા નથી.

અહો ! કનકવતીની કેટલી નિર્દયતા ! અથવા આ સંસારમાં માયિક એવા સર્વ પદાર્થો ઇંદ્રજાળની લીલાને વહન કરે છે.

ધન, પરિજન અને જીવન વગેરેની સ્થિતિ ક્ષણમાં દૃષ્ટ અને વિનષ્ટ દેખાય છે.

વળી મહાનુભાવ એવા આ **સુપ્રતિષ્ઠનું** શું થયું હશે ? તે કંઈ મને સમજાતું નથી.

શું તે જીવતો હશે ? અથવા આ યુદ્ધમાં લઢતો લઢતો તે મરી ગયો હશે ?

એમ વિચાર કરતો **ધનદેવ** પોતાના સાર્થમાં આવ્યો.

પછી તે સાર્થની સાથે ગમન કરતો **ધનદેવ** અનુક્રમે **હસ્તિનાપુરમાં** જઈ પહોંચ્યો.

હસ્તિનાપુરમાં પ્રવેશ

બાદ પોતાના માતાપિતાને સમાચાર મળ્યા એટલે તેઓ પોતાના પુત્રનું આગમન જાણી બહુ સંતુષ્ટ થયા. તેમજ તેના મિત્રો પણ બહુ આનંદિત થયા.

ઉત્તમ મુહુર્ત્ત જોઈ તે દિવસે **શ્રીકાંતાનો** પોતાના ઘરમાં પ્રવેશ કરાવ્યો. કારણ કે; સારા મુહુર્ત સિવાય નવવધૂનો પ્રવેશ પોતાના ઘરમાં થઈ શકતો નથી.

ત્યાર પછી પોતાની સાસુની આજ્ઞા લઈને **શ્રીકાંતા** પોતાની દાસી સહિત પૂર્વના સ્નેહ વડે **કમલાવતી** દેવીને ઘેર તેને મળવા માટે ગઈ.

અહો! સ્નેહનો સંબંધ કેવો જાગ્રત રહે છે! ઉત્તમજનોની મૈત્રીથી આ દુનિયામાં ઘણા ફાયદાઓ થાય છે. દુઃખના સમયે પણ તેઓ સહાયકારક થાય છે. કહ્યું છે કે;

કારણ સિવાય પણ પરોપકારમાં રસિક એવા ઉત્તમ પુરૂષોનો સમાગમ કરવો,

સ્વપર સિદ્ધાંતના જાણકાર એવા પંડિતોની સાથે ઉત્તમ પ્રકારની કથાઓનો વ્યાસંગ રાખવો.

સરલ સ્વભાવી મનુષ્યોની સાથે સ્નેહભાવ કરવો,

આ પ્રમાણે પ્રવૃત્તિ કરતો મનુષ્ય કોઈ દિવસ દુઃખી થતો નથી. અર્થાત્ સજ્જનની મૈત્રી એ એક સદ્ભાગ્યનું ચિહ્ન છે.

કમલાવતી દેવી

પોતાની પ્રિયસખી **શ્રીકાંતાને** આવતી જોઇને પ્રફુલ્લ થયું છે મુખકમલ જેનું એવી તે **કમલાવતી** ઉભી થઇ અને અતિગાઢ સ્નેહ વડે તેણીને ભેટી પડી.

બાદ તે બોલી, હે પ્રિય સખી! ઘણા દિવસથી ઉત્કંઠિત એવી મેં આજે તને બહુ દિવસે જોઈ. વળી હે સખી! તારું પણ અહીંયાં સાસરુ થયું તે બહુ સારૂં થયું. કારણ કે; આજે તું મળી એટલે આખું પિયર મળ્યું એટલો મને હર્ષ થયો છે.

એમ કહીને દેવીએ તેણીનો ઉચિત સત્કાર કર્યો.

ત્યાર પછી તેઓ બંને જણીઓએ નીચે બેસીને એકબીજાના કુશલ સમાચાર કહ્યા.

પછી એક ક્ષણ માત્ર વાર્તાલાપ કરીને **શ્રીકાંતાએ** કહ્યું કે;

હે પ્રિય સખી! હવે અમે અમારા ઘેર જઈએ છીએ.

પછી **કમલાવતી** બોલી.

હે સખી! હંમેશાં તારી પાસે તમારે આવવું.

બહુ સારુ એમ કહી **શ્રીકાંતા કમલાવતીની** આજ્ઞા લઇ પોતાને ઘેર આવી.

એ પ્રમાણે શ્વસુર કુલમાં નિવાસ કરતી તે **શ્રીકાંતાની કમલાવતી** દેવીની સાથે ગાઢ પ્રીતિ બંધાણી; વળી **ધનદેવની** સાથે વિષયસુખને અનુભવતી એવી તે **શ્રીકાંતાનાં** બહુ કોડાકોડી વર્ષ વ્યતીત થયાં.

ગર્ભસ્થિતિ

એક દિવસે **શ્રીકાંતા** ઋતુસ્નાન કર્યા બાદ પોતાના સ્વામી સાથે સુઇ રહી હતી. રાત્રીના છેલ્લા પ્રહરે ઉત્તમ સ્વપ્ન જોઇ તે જાગી.

ત્યાર પછી તે પોતાના સ્વામીને કહેવા લાગી.

હે પ્રિયતમ ! આજે મેં સ્વપ્નમાં મારા મુખમાં પ્રવેશ કરતા ચંદ્રને જોયો; પછી તરત જ હું જાગી છું.

ધનદેવ બોલ્યો. હે સુંદરી ! સમસ્ત વણિક્ વર્ગમાં ઉત્તમ એવો એક તારો પુત્ર થશે. એમ આ સ્વપ્ન સૂચવે છે.

શ્રીકાંતા બોલી, હે પ્રિયતમ ! આપનું વચન સત્ય થાઓ, શાસનદેવીના પ્રભાવથી આ શકુનગ્રંથી (ગાંઠ) હું બાંધુ છું.

તેજ રાત્રીએ તેણીની કુક્ષિમાં ગર્ભસ્થિતિ થઇ.

અનુક્રમે તેણીને બે માસ પૂર્ણ થયા. ત્રીજા માસનો પ્રારંભ થયો એટલે તેણીને અભયદાન આપવાનો દોહલો ઉત્પન્ન થયો.

ધનદેવે પણ તેણીના કહેવા પ્રમાણે તે મનોરથ પૂર્ણ કર્યો. પ્રતિદિવસે ગર્ભની વૃદ્ધિ થવા લાગી. જે જે દોહલાઓ થતા હતા, તે સર્વે પૂર્ણ કરવામાં આવ્યા.

પ્રસવનો સમય સુખસમાધિ વડે નજીકમાં આવી પહોંચ્યો. સર્વ શુભ ગ્રહો ઉચ્ચસ્થાનમાં રહેલા હતા, તેવા શુભ સમયમાં **શ્રીકાંતાને** પુત્ર જનમ્યો.

પ્રસૂતિકર્મ

પુત્રનો જન્મ થયા બાદ પ્રસૂતિકર્મમાં કુશલ એવી કેટલીક સ્ત્રીઓ ત્યાં **શ્રીકાંતાની** પાસે હાજર હતી.

તેઓ સર્વ પ્રસૂતિનું કામ કરવા લાગી ગઇ. બહુ હર્ષને લીધે પોતાના ઘરની દાસીઓ તત્કાલ ઉચિત કાર્ય કરવામાં ઉતાવળ કરવા લાગી.

પુત્રના જન્મથી સર્વ પરિજન આનંદમય થઈ ગયો.

પ્રમુદિત થયેલા પરિજને **ધનધર્મ** શ્રેષ્ઠીને ઉત્કૃષ્ટ પુત્ર જન્મની વધાઇ આપી. તે સાંભળી **શ્રેષ્ઠીનું** હૃદય આનંદમાં ગરક થઈ ગયું.

તેણે પોતાના ઉમંગથી વધામણીનો પ્રારંભ કર્યો.

હાથમાં અક્ષતના થાળ લઇ નગરની સ્ત્રીઓનાં ટોળે-ટોળાં ઉપરા ઉપરી આવવા લાગ્યાં. જેની રમણીયતા અત્યંત દીપવા લાગી.

રમણીજનોના મુખને શણગારવામાં પોતાના બંધુઓની ઉત્તમ સ્ત્રીઓ ઉદ્યુક્ત થયેલી છે.

ઉત્તમ પ્રકારના દ્વારભાગમાં વંદનમાલાથી સુશોભિત એવા ઉજ્વલ કળશો સ્થાપન કરેલા છે. દરેકના હાથમાં મંગલ કલશ ધારણ કરેલા છે એવી પ્રમદાઓના મધુર શબ્દો માર્ગમાં સંભળાવા લાગ્યા.

અવ્યક્ત શબ્દો વડે ભરપૂર એવાં પાપકુલોના મંગલ માટે સંગીત સહિત ઉત્તમ નૃત્યકારકો નૃત્ય કરી રહ્યા છે. વળી તે પ્રેક્ષણુક જોવામાં તલ્લીન થયેલા લોકોને પાન-સોપારી આપવામાં આવે છે.

અમારી ઉદ્ઘોષણા

તેમજ બહુ હર્ષને લીધે **ધનધર્મ** શ્રેષ્ઠીએ જીવ-હિંસાને બંધ કરવા માટે અમારી પટહ વગડાવ્યો.

ઘણા બંદીજનોને બંદીખાનામાંથી મુક્ત કરાવ્યા.

દીન અનાથાદિકને સુખદાયક એવાં અનેક પ્રકારનાં દાન આપવા લાગ્યો.

દરેક જૈનમંદિરોમાં સ્નાત્રાદિક મહોત્સવોનો પ્રારંભ કરાવ્યો.

મુનિઓના સમુદાયને ઉત્તમવસ્ત્ર, પાત્ર અને પુસ્તકાદિકવડે સન્માન કરવા લાગ્યો.

પોતાના સ્વજન સમુદાયને વિવિધ પ્રકારનાં ભોજનો આપવા લાગ્યો.

વણિક્ તેમજ નાગરિક જનોના મહોદ્વાહોમાં ઉચિત સત્કાર કરવામાં આવ્યો.

લોકોના હૃદયને ચમત્કાર કરનાર પુત્રજન્મનો મહોત્સવ કરાવ્યો.

એ પ્રમાણે **ધનધર્મ** શ્રેષ્ઠી પોતાના વૈભવ પ્રમાણે કરવા લાયક કાર્યો કરીને નિવૃત્ત થયો.

અનુક્રમે જન્મકાળથી આરંભીને તે બાળકને બાર દિવસ થયા એટલે **ધનદેવ** પોતે ભેટ લઇને રાજાની પાસે ગયો અને વિનયપૂર્વક તેણે કહ્યું કે;

હે મહારાજ ! મારા પિતાશ્રીએ બહુ પ્રેમપૂર્વક કહ્યું છે કે;

મહારાણી સહિત આપને અમારે ત્યાં જમવા માટે પધારવું.

રાજનિમંત્રણ

રાજાએ હસીને કહ્યું કે; ભાઇ! આ શું શેઠનું ઘર નથી? શેઠને હું મારા પિતાસમાન જાણું છું. કારણ કે; આ સમસ્ત રાજ્યની ચિંતા તેમને માથે જ રહેલી છે. તો પણ શેઠની આજ્ઞા પ્રમાણે અમારે વર્ત્તવું જ પડશે. એમનું જે કંઈ વચન હશે તે અમારે સર્વથા માન્ય છે.

એ પ્રમાણે બહુ સંતોષકારક એવું રાજાનું વચન સાંભળી ધનદેવ 'મહાપ્રસાદ' એમ કહી પોતાને ઘેર આવ્યો.

ત્યારબાદ તત્કાલ ઉચિત એવી ભોજન વિગેરેની સર્વસામગ્રી પોતાના પરિજનની પાસે તૈયાર કરાવી.

આનન્દિત છે મન જેનું એવો તે ધનદેવ હર્ષમાં નિમગ્ન થઈ પોતે દરેક કામકાજની ગોઠવણ કરાવી રહ્યો છે, તેટલામાં દેવી સહિત રાજા ઉત્તમ હાથિણી ઉપર બેસીને મોટા આડંબર સાથે ધનધર્મ શ્રેષ્ઠીને ત્યાં આવ્યો. પોતાની આગળ બંદીજનો જય શબ્દના ઉચ્ચાર કરતા હતા તેમજ કેટલાક અન્ય લોકો માંગલિક ઉપચારો કરી રહ્યા હતા.

બાદ રાજા પોતાની રાણી સહિત હાથિણી ઉપરથી નીચે ઉતર્યો અને ઉત્તમ મુક્તાફલથી રચેલા ચતુષ્કોણ સિંહાસન ઉપર વિરાજમાન થયો.

ભોજનવિધિ.

બાદ સુંદર રૂપવાળી યુવતીઓએ આરતી વિગેરેનો વિધિ પૂર્ણ રીતે સમાપ્ત કર્યો.

પછી પોતાના પરિજનસહિત રાજા અને રાણી વિગેરે યોગ્યતા પ્રમાણે ભોજન કરવા બેઠાં. યથાવિધિ દિવ્યભોજન કર્યા બાદ ગોશીર્ષચંદનાદિકના લેપથી અંગોને વિભૂષિત કરવામાં આવ્યાં. તેમજ અમૂલ્ય એવાં દિવ્ય વસ્ત્રોની પહેરામણી કરવામાં આવી.

ત્યારબાદ વિનયપૂર્વક પ્રણામ કરી ધનદેવે રાજાને વિનંતિ કરી કે, હે મહારાજ ! દેવી (રાણી)ની પ્રિયસખી (શ્રીકાંતા)નું એમ કહેવું છે;

સર્વે વણિકૂકોમની સ્ત્રીઓ પ્રથમ પ્રસૂતિના સમયે પોતાના પિતાને ઘેર રહે છે. પરંતુ મારે કોઈ કારણને લીધે તેવો પ્રસંગ બન્યો નથી. માટે દેવીના દર્શન વડે અહીં જ હું પિતૃગૃહ માનું છું. તેથી જો દેવી તેણીની પાસે એટલા સુધી પધારે તો બહુ સારૂં થાય.

એ પ્રમાણે ધનદેવની પ્રાર્થનાથી રાજાએ તરત જ રાણીને આજ્ઞા કરી, બાદ કંચુકીને સાથે લઈ રાણી શ્રીકાંતાની પાસે ગઈ એટલે ત્યાં રહેલી મનોરમા શેઠાણીએ વિલેપન, આભરણ અને વસ્ત્રાદિકવડે દેવીનો બહુ સારી રીતે સત્કાર કર્યો.

શ્રીદેવ.

ઉચિત સંભાવના કર્યા બાદ શેઠાણીએ કહ્યું;

હે મહારાણી ! આ પુત્ર આપનો છે, માટે એનું નામ આપના મુખેથી થવું જોઇએ.

તે સાંભળી દેવી બોલી. હે શ્રેષ્ઠિની ! આ નામ પાડવાનો અધિકાર તો તમારો જ છે. પરંતુ તમારું વચન અમારે અવશ્ય માનવું જોઈએ.

એમ કહી **કમલાવતી** દેવીએ કમલસમાન સુકોમલ હાથવડે તે બાલકને પોતાના ખોળામાં લીધો; અને તેની ઉપર સુગંધિત ગંધ પ્રક્ષેપ કરીને તેણીએ કહ્યું,

આ બાળકને જન્મ આપનાર **શ્રીકાંતા** છે અને તેના પિતાનું નામ **ધનદેવ** છે, માટે બંનેના નામમાંથી અર્ધાક્ષર (શ્રી–દેવ) લઈ એનું નામ **શ્રીદેવ** એવું બહુ સુંદર આવે છે;

એમ કહી તેણીએ તે બાળકનું **શ્રીદેવ** નામ પાડયું. બાદ સધવાસ્ત્રીઓએ માંગલિક શબ્દોની ઉદ્‌ઘોષણા કરી; જેથી આખા જનસમાજમાં આનંદ પ્રસરી ગયો.

કમલાવતીનો મનોરથ.

ગૌર અને સુકોમલ છે શરીરની કાંતિ જેની, મુષ્ટીકૃત છે બંને હાથ જેના, લાવણ્યવડે ભરપૂર છે હાથ પગ જેના અને વિશાલ નેત્રો છે જેનાં; એવા

તે બાલકને જોઈ **કમલાવતી** દેવી પોતાના હૃદયમાં વિચાર કરવા લાગી.

આ મારી પ્રિયસખી આ જગતમાં ધન્યવાદને લાયક છે. કારણ કે; જનસમુદાયનાં હૃદય તથા નેત્રોને આનંદ આપનાર આવા પુત્રરત્નનો જેણીએ જન્મ આપ્યો.

વળી મારાથી એટલું પણ બની શકયું નહીં, તો મારા જીવિત વડે શું ? અથવા નિષ્ફલ એવા રાજ્યના અભિમાન વડે પણ શું ફલ ? અરે ! મારા ભાગ્યની મંદતા કેટલી ? માત્ર પોતાના પુત્રનું મુખ પણ હું ન જોઇ શકી ?

એમ ચિંતવન કરતી **કમલાવતી** દેવી પોતાની સખી સાથે મધુરવચનો વડે સંભાષણ કરીને રાજાની સાથે પોતાના સ્થાનમાં આવી.

પુત્રચિંતા.

હવે **કમલાવતી** રાણી પોતાના મહેલમાં આવી, પરંતુ તે પુત્રની ચિંતામાં બહુ શોકાતુર થઈ ગઇ. હું પણ પુત્રવતી કયારે થઈશ ? એવી ચિંતાને લીધે પોતાના શરીરની ચેષ્ટા પણ ભૂલી ગઈ. તેમજ સમસ્ત કાર્યો તેને અરૂચિકર થઇ પડ્યાં.

ઉન્મત્ત, મૂર્ચ્છિત, નિદ્રિત, સત્ત્વહીન, ધ્યાનમાં રહેલી યોગિની અને મુડદાની જેમ સમસ્ત વ્યાપારથી તે વિમુખ થઇ ગઈ તેમજ શરીર પણ બહુ ક્ષીણ થઇ ગયું. અતિ શોકના પ્રયાસને લીધે મુખકમલ પર શ્યામતા વ્યાપી ગઈ.

એ પ્રમાણે બહુ દુઃખથી પીડાતી પોતાના સ્થાનમાં તે **કમલાવતી** ગુંગળાયા કરતી હતી.

એક દિવસ તે રાજાના જોવામાં આવી, ત્યારે રાજાએ તેણીને પૂછયું.

હે દેવી ! હાલમાં તું ઉદ્વિગ્નની માફક કેમ દુર્બલ થઈ ગઇ છે ?

આ કિંકર તારે સ્વાધીન છે, છતાં શું તારો મનોરથ સિદ્ધ નથી થતો ?

તે સાંભળી દેવીનાં નેત્રો અશ્રુજલથી ભરાઇ ગયાં. તે બોલી.

હે પ્રિયતમ ! આપની કૃપાથી સર્વ વાંચ્છિત હું સિદ્ધ થયેલાં દેખું છું. વળી આપની પ્રસન્નતાથી જે સુખ મેં ન ભોગવ્યું હોય તેવું કંઇપણ સુખ આ દુનિયામાં નથી.

પરંતુ હે સ્વામિન્ ! પુત્રના દર્શનનું સુખ મેં સ્વપ્નમાં પણ જોયું નહીં.

હે નાથ ! આ દુનિયામાં જેઓ રાત્રિદિવસ પોતાના સ્તનનું પાન કરતા એવા બાલકને જુએ છે, તે નારીઓને ધન્યવાદ ઘટે છે.

જુઓ ! **શ્રીકાંતા** હમણાં પરણીને આવી છે, છતાં તેણીને પુત્ર ઉત્પન્ન થયો. વળી હું તમારી બહુ માનિતી છું. પરંતુ મારા મંદભાગ્યને લીધે, હું પુત્ર વિનાની રહી.

હે સ્વામિન્ ! રાજસંપત્તિઓથી ભરેલું એવું પણ આપણું ઘર પુત્ર વિનાનું શૂન્ય ગણાય છે. જેમ કે;—

"જો કે ઘરની અંદર અન્ય મનુષ્યો ભલે સંખ્યાબંધ વિદ્યમાન હોય, પરંતુ એક પુત્ર ન હોય તો તે સર્વ શૂન્ય કહેલું છે. તે જ.

બંધુ વિનાની સર્વદિશાઓ સુની લાગે છે.

મૂર્ખનું હૃદય શૂન્યતાને ધારણ કરે છે.

દરિદ્રપણું તો સર્વપ્રકારે શૂન્ય જ હોય છે. અર્થાત્ તેઓ કંઈ ઉપયોગી નથી.

હે દેવ! તમે મને પુત્ર આપો અને જો નહીં આપો તો મારૂં જીવન રહેવાનું નથી, એમ તમે સમજજો. મારા સ્તન પણ તુટી જાય છે. દુધ ચાલ્યું જાય છે. હવે અન્ય કોઈ ગતિ રહી નથી.

પુત્ર માટે ઉપાસના.

એ પ્રમાણે પેતાની સ્ત્રીનો આગ્રહ જાણી રાજા બોલ્યો; હે દેવી! પુત્ર સંબંધી તું કોઇ પ્રકારનો શોક કરીશ નહીં. હું દેવનું આરાધન કરીને જરૂર તારો મનોરથ પૂર્ણ કરીશ.

એ પ્રમાણે દેવીને શાંત કરીને રાજા શ્રીજિનેન્દ્ર ભગવાનના મંદિરમાં ગયો અને યથાવિધિ ભગવાનની પ્રતિમાઓની પૂજા કરી.

બાદ તેણે શ્વેતવસ્ત્ર ધારણ કર્યાં, તેમજ મણિ સુવર્ણાદિકનાં સર્વ આભરણો પોતાના શરીર ઉપરથી ઉતારી નાખ્યાં.

પછી તે પોષધશાલામાં ગયો અને ત્યાં તેણે વિધિપૂર્વક અઠ્ઠમતપનો અભિગ્રહ કર્યો. બાદ દર્ભના આસન ઉપર બેસી તે કહેવા લાગ્યો,

શ્રીજિનશાસનની ભક્તિમાં તત્પર એવો કોઇ પણ દેવ અથવા દાનવ હોય, તે જલદી મારા સાનિધ્યમાં આવો અને મારા મનોવાંચ્છિતને પૂર્ણ કરો.

એમ વિચાર કરતો તે રાજા, કોઇ પણ માણસ ત્યાં ન આવી શકે તેવો બંદોબસ્ત કરી એકાંતમાં સ્થિર આસને બેસી ગયો.

ત્રણ દિવસ થયા એટલે તે જ રાત્રીના છેલ્લા પ્રહરે પોતાની કાંતિવડે નાશ કર્યું છે સમગ્ર દિશાઓનો અંધકાર જેણે અને તેજોમય છે શરીર જેનું એવા એક પુરૂષને જોઇ રાજા વિચાર કરવા લાગ્યો,

આ કોણ હશે ? એનાં નેત્રો મીંચાઈ જતાં નથી; તેથી આ શું દેવ તો નહિ હોય ? તેમજ માનવજાતિ પણ આ નથી. કારણ કે; મનુષ્યોનું શરીર તો આવું કાંતિવાળું હોતું નથી. માટે આ કોણ હશે ? વળી એના ચરણ પણ પૃથ્વીને સ્પર્શ કરતા નથી.

એ પ્રમાણે રાજા પોતાના મનમાં સંકલ્પવિકલ્પ કરતો હતો તેટલામાં તે દિવ્યપુરૂષ બોલ્યો.

વિદ્યુપ્રભદેવ.

હે **અમરકેતુ** નરેન્દ્ર ! આવી ઉગ્રતપશ્ચર્યા કરીને તમે શા માટે દુઃખી થાઓ છો ? એમ તેનું વચન

સાંળળી એકદમ ઉભો થઈ રાજા બોલ્યો.

હે મહાભાગ ! તમે કોણ છો ! અને તમે કયાંથી આવ્યા છો ?

દેવ બોલ્યો. હે નરેન્દ્ર ! જો તારે સાંભળવાનું કૌતુક હોય તો મારું વૃત્તાંત તું સાંભળ.

ઈશાન દેવલોકમાં હું રહું છું અને મારૂં નામ **વિદ્યુપ્રભ** છે. તેમજ દિવ્ય વૈભવોની મને કોઈ પ્રકારે ખામી નથી.

પરંતુ હું મારો ચ્યવનસમય નજીક જાણીને પરલોકનું હિત સાધવા માટે વિદેહ ક્ષેત્રમાં શ્રી તીર્થંકર ભગવાનને વાંદવા માટે આવ્યો હતો. ત્યાં શ્રી ભગવાનને વંદન કર્યા બાદ મેં મારું વૃત્તાંત તેમને પૂછયું.

હે ભગવન્ ! આ દેવભવમાંથી મુક્ત થયા પછી મારો જન્મ કયાં થશે ?

શ્રી જિનેન્દ્ર ભગવાન્ બોલ્યાં.

હે સુરોત્તમ ! ભરતક્ષેત્રમાં રહેલા હસ્તિનાપુર નગરમાં પૌષધશાલાની અંદર અઠ્ઠમ તપ કરીને જે **અમર કેતુ** રાજા પુત્રની પ્રાપ્તિ માટે બેઠો છે; તેનો તું પુત્ર થઇશ.....

એ પ્રમાણે શ્રી જિનેન્દ્ર ભગવાનનું વચન સાંભળીને;

હે નરાધીશ ! હું આપની પાસે આવ્યો છું. માટે તમે કોઈ પ્રકારનો કલેશ કરશો નહીં. હું પોતે જ તમારો પુત્ર થઈશ.

માટે હે નરેન્દ્ર ! આ બે દિવ્ય કુંડલોને આપ ગ્રહણ કરો અને જે દેવીથી તમે પુત્રની ઇચ્છા રાખો છો, તે દેવીને તમારે આ કુંડલ આપવાં. એમ કહી પોતાના કાનમાંથી બંને કુંડલ કાઢી રાજાને આપીને તરત જ તે દેવ અદૃશ્ય થઈ ગયો.

રાજા પણ પ્રભાતકાલ થયો એટલે પૌષધ પાલીને હર્ષને લીધે વિકસ્વર મુખે દેવીની પાસે ગયો અને દેવ દર્શનાદિક સર્વ હકીકત દેવીની આગળ તેણે નિવેદન કરી.

બાદ તે દેવતાએ આપેલાં બંને કુંડલ દેવીના કર-કમલમાં સમર્પણ કર્યા અને પોતાનું સર્વ પ્રાભાતિકકાર્ય પૂર્ણ કરીને મુનિજનોનો ભોજનદાન વડે સત્કાર કરીને પોતે ઉત્તમ પ્રકારનું ભોજન કરી પોતાના સ્થાનમાં ગયો.

સ્વપ્નદર્શન.

ત્યારબાદ કોઈ એક દિવસ **કમલાવતી** દેવી ઋતુ સ્નાન કરી ભરનિદ્રામાં સુતી હતી. ત્યાં પરોઢના ભાગમાં સ્વપ્ન જોઇ એકદમ તે જાગી ઉઠી અને થરથર કાંપવા લાગી.....

તે જોઈ રાજા બોલ્યો.

હે સુંદરી ! અકસ્માત્ કેમ તું કંપી ઉઠી છે !

દેવી બોલી. હે પ્રિયતમ ! હાલમાં એક સ્વપ્ન મારા જોવામાં આવ્યું છે કે;—એક સોનાનો કળશ મારા મુખમાં પેસીને બહાર નીકળતો હતો; તેટલામાં તે કળશને કોઇક ક્રોધી પુરૂષ ભગવાનને માટે દૂર લઈ ગયો.

બાદ કેટલોક સમય ગયો, ત્યાર પછી દુધનો ભરેલો તે કળશ ફરીથી પણ મહા દુઃખથી મને પ્રાપ્ત થયો.

ત્યારબાદ મેં પણ ઉજ્વલ પુષ્પોની માળા વડે તે કળશનું પૂજન કર્યું. આરંભમાં દુઃખદાયક અને છેવટમાં સુખદાયક એવું સ્વપ્ન મારા જોવામાં આવ્યું. તેથી હે નરેન્દ્ર ! મહાભયને લીધે આ મારૂં શરીર કંપે છે.

તે સાંભળી નરેન્દ્ર પોતાના હૃદયમાં બહુ શોકાતુર થઇ ગયો; અને તે બોલ્યો,

હે દેવી ! આ સ્વપ્ન પુત્રનો લાભ સૂચવે છે. બાકીની હકીકત સ્વપ્નવેદ્દી પુરૂષોને પૂછયા બાદ નક્કી કરી. હું તને કહીશ. તારે આ સંબંધી કિંચિત્ માત્ર પણ મનમાં ઉદ્વેગ કરવો નહીં.

સ્વપ્નવેદ્દી પુરુષો.

પ્રભાતના સમયે પોતાનું આવશ્યક કાર્ય પતાવીને તે **અમરકેતુ** રાજા સભામાં ગયો અને સ્વપ્નશાસ્ત્રના જાણકાર પુરૂષોને બોલાવવા માટે એકદમ તેણે આજ્ઞા કરી.

બાદ ત્યાં ઉભેલા સેવકો નરેન્દ્રની આજ્ઞા પ્રમાણે તરત જ તેઓને ત્યાં બોલાવી લાવ્યા.

સામંત, મંત્રીઓ અને નગરના મુખ્ય પુરૂષો વડે સભા ચિકાર ભરાયેલી હતી.

સ્વપ્નવેદ્દી પુરૂષો પણ વિનયપૂર્વક રાજાની નજીકમાં આવી બેસી ગયા.

તેમજ **ધનદેવ** પણ રાજમાન્ય હોવાથી રાજાની દૃષ્ટિ-ગોચર યોગ્ય આસન ઉપર બેસી ગયો.

ત્યારબાદ રાજાએ તેઓની આગળ દેવદર્શનાદિક પૂર્વોક્ત સ્વપ્નનો સર્વ વૃત્તાંત આદ્યંત કહી સંભળાવ્યો.

બાદ રાજાએ તેમને કહ્યું,

બરોબર આ સ્વપ્નનો નિશ્ચય કરી એનું તાત્પર્ય શું છે? તે આપ કહો.

એમ રાજાના કહેવાથી સ્વપ્ન પાઠકો પરસ્પર વિચાર કરે છે.....

તેટલામાં **ધનદેવ** બોલ્યો, હે નરનાથ! આપ ક્ષણ માત્ર સાવધાન થાઓ, અને આ સ્વપ્નનો પરમાર્થ જાણવામાં કારણભૂત એક વૃત્તાંત હું કહું તે આપ સાંભળો.

કેવલીવચન.

એક અટવીમાં ભીલપતિ (**સુપ્રતિષ્ઠ**) મારા જોવામાં આવ્યો.....

તેણે સર્પોથી બંધાયેલા **ચિત્રવેગને** મણિના પ્રભાવથી જેવી રીતે મુક્ત કર્યો, તેમજ તેણે પોતાનું ચરિત્ર કહ્યું. તેટલામાં ત્યાં એક દેવનું આગમન થયું.

તે દેવને **કુશાગ્ર** નગરમાં શ્રી કેવલી ભગવાનનું દર્શન થયું.

તેમજ તે દેવે પોતાના આગામી ભવનું સ્વરૂપ પૂછયું.....

ત્યારબાદ શ્રીકેવલી ભગવાને તેને કહ્યું કે;

હે ભદ્ર! તું શ્રી **અમરકેતુ** રાજાને ત્યાં પુત્રપણે

ઉત્પન્ન થઇશ અને ત્યાંથી તારી માતા સાથે તારા પૂર્વ ભવનો વૈરી કોઇક દેવ તારું હરણ કરશે.

માટે હે **ચિત્રવેગ**! તું વિદ્યાધરેન્દ્રને ત્યાં મોટો થઇશ. એ આદિક **હસ્તિનાપુર**માં તે ગયો ત્યાં સુધીનો પૂર્વોક્ત સર્વ વૃત્તાંત **ધનદેવે** વિસ્તારપૂર્વક નરેન્દ્રને કહી સંભળાવ્યો.

બાદ વિશેષમાં તેણે કહ્યું,

હે નરનાથ! આ ઉપરથી એટલું સમજવાનું છે કે; તે **વિધુપ્રભદેવ** મહારાણીના ઉદરમાં પુત્રપણે ઉપન્ન થશે. કારણ કે; આ દુનિયામાં શ્રીકેવલી ભગવાનનું વચન કોઈ દિવસ અન્યથા થાય નહીં.

શાસ્ત્રમાં પણ કહ્યું છે.

"સૂર્યનો ઉદય પૂર્વદિશામાં હંમેશાં થાય છે. એ બાબત આ દુનિયામાં નિર્વિવાદ છે. છતાં પણ કદાચિત્ તે પશ્ચિમ દિશામાં ઉગે.

તેમજ મેરૂપર્વત સ્થિર હોવા છતાં કદાચિત્ ચલાયમાન થાય;

કમલનું જીવન ખાસ પાણી હોય છે છતાં પણ તે કદાચિત્ જલ વિનાના ઉચ્ચ સ્થલમાં ઉગી શકે;

સમુદ્ર પણ કદાચિત્ પોતાની મર્યાદા છોડીને ચાલ્યો જાય તેવો સંભવ છે;

પરંતુ જ્ઞાની મહારાજનું વાકય કોઇ પણ સમયે અન્યથા થાય નહીં.

તેમજ હે નરેન્દ્ર ! પૂર્વભવનો વૈરી એવો દેવ તેનું હરણ કરી જશે અને તે વિદ્યાધરને ત્યાં મોટો થશે. ત્યાં રહી તે સર્વ વિદ્યાઓ સાધી પોતાને સ્વાધીન કરશે.

બાદ તે પુત્ર પોતાની માતાને મળશે.

વળી તે સ્વપ્નમાં માલા વડે કલશનું પૂજન કર્યું, તે ઉપરથી હું માનું છું કે; કોઈ ઇચ્છિત કન્યાદાન તમે આપી શકશો.

હે નરેન્દ્ર ! આ સ્વપ્નનો ખરો ભાવાર્થ મારા હૃદયમાં તો આવી રીતે ભાસે છે.

સ્વપ્નવેદી વચન.

એ પ્રમાણે ધનદેવનું વચન સાંભળી સ્વપ્નવેદી બ્રાહ્મણોએ કહ્યું;

અહો ! આ શ્રેષ્ઠી પુત્રનું બુદ્ધિચાતુર્ય અપૂર્વ છે. હમેશાં આ બાબતમાં અમારો અભ્યાસ છે. બહુ શાસ્ત્રોના અર્થો અમે જાણીએ છે; છતાં પણ તેવા પ્રકારની બુદ્ધિના અભાવથી આ સ્વપ્નાર્થનો નિશ્ચય અમે કરી શકયા નહીં.

હે રાજન્ ! આ વણિક પુત્રે જે અર્થ કહ્યો છે, તે બહુ સંગત છે અને અમને પણ તે સંમત છે. એમ સ્વપ્નપાઠકોના કહેવાથી રાજાએ તેમને પાન બીડાં આપી સર્વેને વિદાય કર્યા.

ત્યાર પછી સર્વ સામંત મહાંતાદિકને પણ રજા આપી. પછી રાજાએ કહ્યું, કે;

હે ધનદેવ! દેવીની સાથે અમારો વિયોગ થશે, તો પછી આપણે અહીં શું કરવું?

આ દુષ્ટ સ્વપ્નનો પ્રતિઘાતક કોઇ તેવો ઉપાય છે? જેથી દેવીની સાથે મારો વિયોગ ન થાય.

તે સાંભળી ધનદેવ બોલ્યો.

હે નરેન્દ્ર! શ્રીકેવલી ભગવાનની વાણી તો અન્યથા થવાની નથી. પરંતુ તેના માટે એક ઉપાય છે. પણ તેથી કંઈ આપણી આપત્તિનો પ્રતિઘાત થવાનો નથી. કારણ ખાટલે પડેલાઓની જીવવાની આશા તો દુર્લભ જ ગણાય.....

એમ છતાં પણ આપણે અહીં કરવાનું માત્ર એટલું છે કે; પલ્લીપતિએ પ્રથમ મને જે દિવ્યમણિ આપ્યો છે; તે આ મણિ વીંટીમાં જડાવીને હાથની આંગળીએ રાખવાનો છે.

આ મણિની શક્તિ બહુ અચિંત્ય છે. એનો પ્રભાવ અનેક ઠેકાણે અમે જોયેલો છે.

હે દેવ! આ મણિ દેવીના હાથે હંમેશાં રહે તેવી ગોઠવણ તમે કરાવો અને તેમ કરવાથી પૂર્વનો વૈરી એવો પણ તે દેવ રાણીને હરણ કરવામાં શક્તિમાન થશે નહીં. છતાં કોઈ પણ રીતે જો તેનું હરણ કરશે, તો પણ તે વૈરી દેવીનો અપકાર તો કરી શકશે જ નહીં. એવો પ્રભાવ આ મણિમાં રહેલો છે.

હે નરેન્દ્ર! આ મારું વચન સત્ય સમજીને આ બાબતમાં કિંચિત્ માત્ર પણ તમારે શોક કરવો નહીં.

મણિસમર્પણ.

વળી હે નરનાથ! આ દુષ્ટ સ્વપ્નની નિવૃત્તિ માટે સર્વ જિનાલયોમાં તમે મહોત્સવો કરાવો. મુનિઓને ઉચિત એવાં વસ્ત્રાદિક વડે શ્રમણ સંઘની પૂજા કરો. તેમજ તમે અભયદાન આપવામાં પ્રવૃત્ત થાઓ, નાના પ્રકારના અભિગ્રહપૂર્વક તપશ્ચર્યાઓ કરો.

એમ ધાર્મિક કાર્યોની પ્રવૃત્તિ કરવાથી; હે નરનાયક! સર્વ પ્રકારે શાંતિ થઈ જશે. કારણ કે; ધર્મનો પ્રભાવ આ જગત્માં અલૌકિક ફલદાયક થાય છે.

કહ્યું છે કે,

"સેંકડો કષ્ટોમાં આવી પડેલા, તેમજ અનેક પ્રકારના કલેશ અને રોગોથી કંટાળેલા, મરણાદિકના ભયથી હણાયેલા, દુઃખ તથા શોકથી રીબાતા, વળી સર્વથા શરણ રહિત અને વ્યાકુલ ચિત્તવાળા એવા અનેક પ્રકરના મનુષ્યોનું આ જગત્માં શરણમાત્ર હંમેશાં એક ધર્મ જ કહેલો છે."

હે નરેન્દ્ર! આવા આપત્ સમયમાં ધર્મપ્રવૃત્તિ કરવી એ પણ એક મુખ્ય ઉપાય છે. એમ કહી ધનદેવ પોતાની વીંટી આપી રાજાને પ્રણામ કરી રાજભવનમાંથી નીકળીને પોતાના ઘેર ગયો.

રાજા પણ એકદમ રાણીના મહેલમાં ગયો અને આ સર્વ હકીકત તેણીની આગળ વિગતવાર કહી સંભળાવી. તેમજ તે મણિથી જડેલી વીંટી રાજાએ તેણીને આપી અને કહ્યું.

હે દેવી! આ વીંટી ક્ષણમાત્ર પણ હાથમાંથી તારે ખસેડવી નહીં. એના પ્રભાવથી કોઈપણ ક્ષુદ્ર પ્રાણીઓ તારો પરાજય કરશે નહીં.

ત્યારપછી રાજાએ દરેક જૈન મંદિરોમાં સ્નાત્રાદિક મહોત્સવો તેમજ અન્ય સર્વ ધર્મકાર્યો કરવાનો પ્રારંભ કરાવ્યો.

ગર્ભોત્પત્તિ.

સ્વપ્નના પ્રભાવથી **કમલાવતી** રાણી પણ સગર્ભા થઇ. પોતાને જે જે ઇષ્ટ વસ્તુની ઇચ્છા થાય તે સર્વ વસ્તુઓ સુખપૂર્વક તેણીને પ્રાપ્ત થતી હતી; તેમજ સુવિનીત એવો પોતાનો પરિજન હંમેશાં સેવામાં હાજર રહેતો હતો.

અનુક્રમે તે દેવીના છ માસ પૂર્ણ થયા. સાતમા માસનો પ્રારંભ થયો.

તેણીને એક દોહલો ઉત્પન્ન થયો. પરંતુ લજ્જા વડે તે દોહલાની વાત કોઇની આગળ તે કરી શકી નહી અને માત્ર પોતાના હૃદયમાં જ તે મુઝાયા કરતી હતી. જેથી તેણીનું શરીર પણ કૃશ ગઈ ગયું. તેવામાં એક દિવસ રાજાના જોવામાં તે આવી એટલે તેણે તેને કહ્યું.

હે દેવી ! તારી મનોવાંચ્છા શું મારાથી પૂર્ણ નથી કરી શકાતી ? જેથી હાલમાં તારૂં શરીર બહુ દુર્બલ દેખાય છે ?

દોહદસ્વરૂપ

એ પ્રમાણે નરેંદ્રનું વચન સાંભળી રાણી બોલી.

હે નાથ ! મને એવો દોહલો થયો છે.

ઉત્તમ પ્રકારના ગજેંદ્રની ઉપર આપના બોળામાં બેસી હું યાચકવર્ગને દાન આપતી નગરની અંદર ચાલું.

તેમજ હે નરાધીશ ! આપ પોતે જ મારા મસ્તક ઉપર છત્ર ધારણ કરો અને સર્વ ભૃત્યજનો મારી સાથે ચાલે. એવો દેવીનો અભિપ્રાય જાણી રાજાએ કહ્યું કે,

હે સુંદરી ! હવે આ તારો દોહલો હું જલદી પૂર્ણ કરીશ.

એમ કહી રાજાએ આજ્ઞા કરી. તરતજ અધિકારી પુરૂષો ઉત્તમ લક્ષણવાળા પટ્ટસ્તીને શણગારી ત્યાં આગળ લાવ્યા.

ત્યારપછી રાજા હાથી ઉપર બેસી ગયો.

પશ્ચાત્ કમલાવતીદેવી પોતાના સ્વામીના બોળામાં બેઠી. રાજાએ પોતે મુક્તાફલથી સુશોભિત એવું ઉજવળ છત્ર તેણીની ઉપર ધારણ કર્યું.

સેંકડો સ્તુતિ પાઠકો અનેક પ્રકારની સ્તુતિઓના ઘોષ કરે છે. નાના પ્રકારનાં અસંખ્ય વાજીંત્રો તેણીની

આગળ વાગ્યા કરે છે. નાટકીયાના સમુદાયો અનેક પ્રકારનાં સંગીત કરવા લાગ્યા.

સમસ્ત નગરમાં અર્થિજનોને સંતોષકારક એવું અનર્ગલ દાન આપવામાં કમલાવતીદેવી પરિશ્રમને ગણતી નથી; તેમજ આનંદમાં મગ્ન થયેલી નગરની નારીઓ દેવીની સ્તુતિ કરે છે.

એમ અનેક શોભા વડે ત્રિક, ચતુષ્ક અને ચત્વરો (ચારરસ્તા)માં પોતાની ઇચ્છા પ્રમાણે નાના પ્રકારનું પરિભ્રમણ કરીને અનુક્રમે તે હાથી નગરમાંથી બહાર નીકળ્યો.

હાથીની ઉન્મત્તદશા.

નગરની બહાર આવ્યા પછી તે હાથી એકદમ ઉન્મત્ત થઇ સમગ્ર લોકોને કંપાવતો બહુ વેગ વડે ઇશાન દિશા તરફ દોડવા લાગ્યો.

રે! દોડો, દોડો! રોકો, રોકો! આ ગજેંદ્ર આગળ ચાલ્યો જાય છે. એમ બુમો પાડતા ભૃત્ય લોકો તેની પાછળ દોડવા લાગ્યા.

રાજા પણ તે હાથીને કબજે કરવા જ્યારે સમર્થ ન થયો અને પ્રયત્ન કરી થાકી ગયો ત્યારે તેણે દેવીને કહ્યું.

આ હાથી ઉન્મત્ત થઈ ગયો છે. બહુ વેગથી દોડવા મંડી ગયો છે. હવે કોઇપણ રીતે મારાથી આ ઉન્મત્ત હાથી વશ કરાય તેમ નથી. માટે કોઈપણ પ્રકારે એના ઉપરથી આપણે ઉતરી જવું જોઇએ. અન્યથા આ જંગલમાં

આપણને તે પાડી નાખશે. પછી આપણું હાડકું પણ હાથ લાગવું મુશ્કેલ થઈ પડશે.

કમલાવતી બોલી. હે નાથ! આ દોડતા હાથી ઉપરથી આપણે કેવી રીતે નીચે ઉતરવું?

રાજા બોલ્યો. હે દેવી! આગળ જો! આ વડનું ઝાડ આવે છે, તેની નીચે આ હાથી જાય ત્યારે એકદમ તારે તે વડની શાખા પકડી લેવી અને તે હાથીને છોડી દેવો.

એમ રાજા **કમલાવતીને** કહેતો હતો, તેટલામાં તે હાથી બહુ વેગવડે તે વડની નીચે જઈ પહોંચ્યો.

પોતાની હોંશીયારીથી રાજાએ એકદમ તે વડની શાખા પકડી લીધી. હે દેવી! તું ઝડપથી શાખાને પકડી લે! પકડી લે?

એમ કહેવા છતાં હાથીનો વેગ બહુ વધારે હતો, અને સ્ત્રીની દક્ષતા જોઇએ તેટલા પ્રમાણમાં હોતી નથી, વળી ગર્ભને લીધે શરીર પણ ભારે થયેલું તેમજ ભયથી ધ્રુજતું હતું. તેથી તેણીએ ધ્યાન તો પુષ્કળ આપ્યું, પણ તે શાખાને પકડી શકી નહીં. તેટલામાં તે હાથી બહુ ઝડપથી ત્યાંથી આગળ ઉપર નીકળી ગયો.

રાજા એકલો વડની નીચે રહી ગયો.

રાણીને લઇ હાથી ચાલતો થયો.

રાજા બહુ શોકાતુર થઈ ગયો. ત્યાં રહીને રાજા આગળ ઉપર દૃષ્ટિ કરી જુવે છે, તો બહુ વેગથી આકાશ માર્ગે ચાલતો તે હાથી તેના જોવામાં આવ્યો.

રાજા એકદમ વિસ્મિત થઇ ગયેા અને પેાતાના મનમાં વિચાર કરવા લાગ્યેા.

અહેા! આ મેાટું આશ્ચર્ય કહેવાય! હાથી એક ભૂચર ગણાય છતાં તે ભૂ પ્રયાણ છેાડી દઇને આકાશ માર્ગે ચાલે છે. અથવા પૂર્વનેા વૈરી તે દેવ નક્કી આ હાથીના રૂપવડે વિલાસ કરે છે. જરૂર શ્રીકેવલી ભગવાનના કહેલા ભાવ આ લેાકમાં અન્યથા થતા નથી.

એમ તે વિચાર કરતેા હતેા, તેટલામાં તે હાથી અદૃશ્ય થઈ ગયેા. અર્થાત્ તેના જોવામાં આવ્યેા નહીં. તેવામાં તેની પાછળ આવતું સૈન્ય પણ ત્યાં આવી પહેાચ્યું.

કમલાવતીની શેાધ

ત્યારબાદ **કમલાવતી**ને શેાધવા માટે રાજાએ તે હાથીની પાછળ **સમરપ્રિય** આદિ સેંકડેા સુભટેા સહિત સૈન્યને વિદાય કર્યું.

પછી રાજા બહુ શેાકાતુર થઈ ગયેા. સામંત તથા મહાંત લેાકેાના કહેવાથી રાજા મહામુશીબતે પેાતાના નગરમાં ગયેા. પરંતુ બહુ શેાકમાંને શેાકમાં શૂન્યની માફક તે ઝુરવા લાગ્યેા.

નિરાનંદ થઈ તે કેાઇપણ રાજ્ય કાર્યમાં ધ્યાન આપવું ભૂલી ગયેા, અને ઉદ્વિગ્ન દશામાં તેણે કેટલાક દિવસેા વ્યતીત કર્યા. માત્ર દેવીની આશા વડે પેાતાનું જીવિત તેણે ટકાવી રાખ્યું.

તેવામાં **સમરપ્રિય** આદિક સૈન્ય પણ ત્યાં એકદમ પાછું આવી પહોંચ્યું; પરંતુ તે સૈન્યના લોકો ઉદાસ મનવાળા અને ખેદને લીધે બહુ દીનઅવસ્થામાં દેખાતા હતા, તેમજ તેમનાં મુખ લજ્જાને લીધે નમ્ર દેખાતાં હતાં. ત્યારપછી રાજાએ **સમરપ્રિયને** પૂછયું.

હે ભદ્ર! તમે ત્યાં હાથીની પાછળ જઇને શું કરી આવ્યા?

તે વૃત્તાંત અમને જણાવો. તે દુષ્ટ હાથી શું તમારા જોવામાં આવ્યો? અને તે દુષ્ટની પાસેથી દેવીને મુક્ત કરી?

સમરપ્રિય સુભટ

બહુ મોટો નિઃશ્વાસ મૂકી **સમરપ્રિય** બોલ્યો.

હે દેવ! અમે ત્યાંથી નીકળીને જે દિશામાં હાથી ગયો હતો, તે તરફ ગયા. આગળ જતાં એક અટવી આવી, ત્યાં આગળ અમે બહુ બારીકાઇથી દેવીની તપાસ કરી. પરંતુ તે હાથીનો તેમજ દેવીનો કોઈપણ પ્રકારે પત્તો લાગ્યો નહીં.

પછી ત્યાંથી ભીલ્લ લોકોને પુછતા પુછતા અમે બહુ દૂર દેશમાં નીકળી ગયા. પરંતુ તેની કંઇ ખબર અંતર પણ મળી નહીં. તેથી અમે બહુ નિરાશ થઇ ગયા.

તેવામાં એક દિવસ અમને કોઈ એક કાર્પટિક મળ્યો. તેણે અમને કહ્યું,

આજથી સાતમા દિવસ ઉપર પદ્મોદર નામે સરોવરમાં સ્ત્રી સહિત આકાશમાંથી પડતો એક હાથી મારા જોવામાં આવ્યો.

તેને જોઈ એકદમ હું ભયભીત થઇ ગયો. પછી હું ત્યાંથી નાસીને દૂર રહેલી બહુ વૃક્ષોની ઝાડીમાં પેસી ગયો.

વળી ફરીથી પણ તે સરોવરના કાંઠા ઉપર ફરતો તે હાથી મારા જોવામાં આવ્યો. પરંતુ તે સમયે ત્યાં સ્ત્રી નહોતી.

આ પ્રમાણે તેનું વચન સાંભળી અમે તેને કહ્યું.

હે ભદ્ર! તે સરોવર કયાં છે? અમને તું જલદી તે બતાવ.

ત્યારપછી તે કાર્પટિકે અમને તે સરોવર બતાવ્યું.

પછી અમે બહુ કાળજીપૂર્વક તેની સાથે ફરીને સરોવરની આજુબાજુએ બહુ તપાસ કરી; પણ દેવીનું દર્શન થયું નહીં.

યોજન માત્ર પ્રમાણવાળા તે સરોવરમાંથી નિયુક્ત પુરૂષોની મારફત અમને હાથી મળી આવ્યો.

તે હાથીને લઈ અમે નિરૂત્સુક બની અહીં આપની પાસે આવ્યા છીએ.

હવે તે સરોવરના ગંભીર જળમાં ડુબીને દેવી મરી ગઇ હશે? અથવા જળમાંથી કોઇપણ પ્રકારે ઉતરીને કોઇ વસતીમાં તે ગઇ હશે? અથવા વ્યાઘ્રાદિક પ્રાણીઓથી ભરપૂર એવા વનમાં કોઇપણ હિંસકે તેને મારી નાખી હશે?

હે **નરેંદ્ર** ! તે સંબંધી દેવીનું કંઈપણ વૃત્તાંત અમે જાણતા નથી.

એ પ્રમાણે **સમરપ્રિય** સુભટ રાજાની આગળ વાત કરતો હતો તેટલામાં ત્યાં દ્વારપાલ આવીને વિનયપૂર્વક કહેવા લાગ્યો. હે નાથ ! **સુમતિ** નામે નૈમિત્તિક આપના દર્શન માટે દ્વારમાં ઉભો છે.

સુમતિ નૈમિતિક

તે સાંભળી રાજા બોલ્યો.

હે સુભટ ! જેના આદેશથી તે સમયે **નરવાહન** રાજાએ મને દેવી આપી હતી, તે આ **સુમતિ** નૈમિત્તિક શું અહીં આવ્યો છે ?

પોતાની પાસમાં રહેલા પુરૂષોએ જવાબમાં જણાવ્યું. હે નરેંદ્ર ! હા તે પોતે જ આવેલો છે.

રાજાએ હુકમ કર્યો, જલદી એને અહીં લાવો. કારણ, દેવીનું વૃત્તાંત એને આપણે પુછી જોઇએ.

એમ રાજાનું વચન સાંભળી તરત જ દ્વારપાળે તેને હાજર કર્યો.

રાજાએ તેનો સત્કાર કર્યો, બાદ **સુમતિ** વિનયપૂર્વક રાજાને પ્રણામ કરી યોગ્ય આસને બેસી ગયો.

રાજા બોલ્યો.

હે નિમિત્તવેદ્દી ! **કમલાવતી** દેવી જીવે છે કે નહીં તે તું અમને કહે.

જ્ઞાનના ઉપયોગ વડે **સુમતિ**એ કહ્યું.

હે પાર્થિવ ! દેવી જીવે છે અને હાલમાં અક્ષત શરીરવાળી તે પોતાના બંધુવર્ગને મળી ગઇ છે; તેની કંઇપણ તમારે ચિંતા કરવા જેવું નથી.

પુનઃ રાજાએ પૂછ્યું,

હે નૈમિત્તિક ! તેણીનો મને સમાગમ ક્યારે થશે ? તેમજ તેણીના ગર્ભની શી વ્યવસ્થા થશે ?

એ પ્રમાણે રાજાના પુછવાથી નૈમિત્તિકે ઉપયોગ દઇને કહ્યું.

હે નરાધીશ ! જ્યારે તમે સ્વપ્નમાં બહુ વિષમસ્થાને રહેલી પુષ્પમાલાને ગ્રહણ કરશો, ત્યારથી એક મહિને તમને દેવીનો સમાગમ થશે. તેમજ તે દેવીનો પુત્ર જન્મશે કે; તરત જ તે પોતાની માતાથી વિયુક્ત થશે.

હે નરેંદ્ર ! આ પ્રમાણે મારૂં નિમિત્તશાસ્ત્ર કહે છે.

ફરીથી પણ રાજાએ પૂછ્યું;

તે પુત્રનું હરણ થયા બાદ તે જીવશે કે નહીં ? અને તે કયાં રહીને મોટો થશે ? તેમજ તેનો સમાગમ અમને ક્યારે થશે ?

સુમતિ બોલ્યો. હે રાજન્ ! તમારો પુત્ર બહુ સમય સુધી જીવશે, પરંતુ તે કયા સ્થાનમાં રહીને મોટો થશે, તે હું જાણી શકતો નથી.

તેમજ વળી **કુસુમાકર** ઉદ્યાનમાં જ્યારે આકાશમાંથી એક કન્યા પડશે, ત્યાર પછી બહુ ટૂંકા વખતમાં તમારા તે પુત્રની સાથે સમાગમ થશે.

એ પ્રમાણે નૈમિત્તિકનું વચન સાંભળી રાજાનો શોક ચાલ્યો ગયો અને હસતે મુખે તે બોલ્યો.

હે કોશાધિપતિઓ ! આ **સુમતિ** નૈમિત્તિકને સોનૈયા આપો; કારણ કે; દેવીના વિરહને લીધે મારા હૃદયમાં પ્રજ્વલિત થયેલા મહાન શોકરૂપ અગ્નિને એના વચનોએ દેવીના સમાગમની આશારૂપી જલપ્રવાહ વડે શાંત કર્યો છે.

એમ કહી રાજાએ પોતાના શરીરે પહેરેલાં આભરણો વડે તેમજ એક લાખ સોનૈયા વડે તેનો સત્કાર કર્યો,

સુમતિ નૈમિત્તિક રાજાની આજ્ઞા લઈ ત્યાંથી વિદાય થયો.

રાજા પણ કંઈક શોક રહિત થયો.

સ્વપ્નદર્શન :

અન્યદા **અમરકેતુ** રાજા રાત્રીએ સુતો હતો, તેવામાં તેને સ્વપ્ન આવ્યું.

ઉત્તરદિશા તરફ જતો હતો, માર્ગમાં એક મોટો સજલ કુવો આવ્યો, તેની અંદર પડેલી, અર્ધાં શ્વેત કરમાઇ ગયેલાં પુષ્પોની શ્વેતમાળા મારા જોવામાં આવી અને તરત જ તે માલા મેં લઈ લીધી.

તે માલા એકદમ નવીન અને મનોહર સુગંધીવાળી થઇ ગઇ.”

આ પ્રમાણે સ્વપ્ન જોઈ રાજા જાગ્રત્ થયો અને તે વિચાર કરવા લાગ્યો કે;

આજે આ સુમતિના કહેવા પ્રમાણે સ્વપ્ન મારા જોવામાં આવ્યું. માટે હવે ઉત્તરદિશા તરફ ચાલતાં મને બહુ દુઃખમાં આવી પડેલી દેવીનો સમાગમ જરૂર થયા વિના રહેશે નહીં.

એમ વિચાર કરી રાજા પોતાના દેશ નિરીક્ષણના નિમિત્ત વડે બહુ લશ્કરના ઠાઠ સહિત હસ્તિનાપુરથી પ્રયાણ કરવા લાગ્યો.

માર્ગમાં ચાલતાં ચાલતાં કેટલાક દિવસ વ્યતીત થયા. બાદ મહાન્ ઉંચો એક પર્વત આવ્યો, તેની નજીકમાં બહુ ગહન વૃક્ષોની ઘટાઓથી વ્યાપ્ત એવો એક અટવી પ્રદેશ આવ્યો, ત્યાં પોતાને રહેવા લાયક સ્થાનની તપાસ કરી સૈન્ય સહિત રાજાએ પડાવ કર્યો.

કમલાવતીનો સમાગમ.

સૈનિકો પોતપોતાના કાર્યમાં ઉદ્યુક્ત થયા.

બાદ ત્યાં નજીકના ભાગમાં એક કૂવો હતો; તેના કાંઠા ઉપર બહુ ઘાસ ઉગી નીકળ્યું હતું અને તે લંબાઇમાં એટલું બધું હતું કે, તે કૂવાનો આકાર પણ માલુમ પડે નહીં.

ત્યાં આગળ કંઇ કાર્ય માટે રાજાની ચમરધારિણી સ્ત્રી ગઈ અને પોતાના પ્રમાદને લીધે તેણી અંદર તે પડી ગઈ.

રાજાને માલુમ પડવાથી તરત જ તેણે આજ્ઞા કરી કે; એને જલદી બહાર કાઢો.

એ પ્રમાણે રાજાનું વચન સાંભળી અધિકારીના કહેવાથી એક પુરૂષ દોરીના સાધન વડે તે અંધાર કૂવાની અંદર ઉતર્યો; પછી તે પુરૂષ ગાઢ અંધકારમાં ચારે બાજુએ તપાસ કરે છે, તેવામાં ત્યાં કૂવાની એક બખોલમાં સંતાઈ રહેલી કોઈ એક યુવતિ તેના જોવામાં આવી.

બહુ અંધકારને લીધે તેણીનું શરીર બહુ જ કંપતું હતુ, તે યુવતિને જોઇ તે પુરૂષ બોલ્યો.

હે સુંદરી ! તું કોણ છે ? એમ તેણે પૂછ્યું, પરંતુ તેણીએ કંઇ પ્રત્યુત્તર આપ્યો નહીં.

પછી તે જલની અંદર પડેલી અને કઠંગત છે પ્રાણ જેના એવી બીજી એક સ્ત્રી તેના જોવામાં આવી એટલે તેને લઇને તેને તે અનુક્રમે બહાર નીકળ્યો અને તેણે કહ્યું કે;

હે નરેન્દ્ર ! અન્ય પણ કોઈ યુવતી આ કૂવાની અંદર રહેલી છે. મેં તેને બહુ પૂછ્યું તો પણ તે બીચારી ભયને લીધે બહુ કંપતી હતી, તેથી તેણીએ મને કંઇપણ ઉત્તર આપ્યો નહીં.

એમ સાંભળતાં જ રાજાનું દક્ષિણનેત્ર ફરકવા લાગ્યું; બાદ રાજાને બહુ વિસ્મય થયો અને વિચારમાં પડયો કે; શું તે દેવી તો નહીં હોય ? અથવા આ અટવીમાં દેવીનો સંભવ કયાંથી હોય ? અથવા તો આ સંસારમાં કર્મને આધીન થયેલા પ્રાણીઓને ભવિતવ્યતાના બળથી એવું

કોઈ કાર્ય નથી કે જે ન પ્રાપ્ત થાય. દૈવની કૃતિ બહુ વિચિત્ર છે. જેમ કે;—

જેણે બાલ્ય અવસ્થામાં શંકરનું ધનુષ ભાગી નાખ્યું,
તેમજ જેણે પરશુરામનો પરાજય કર્યો;
વળી જેણે પોતાના પિતાની વાણી વડે પૃથ્વીનો ત્યાગ કર્યો,
અને જેણે પુલના નિમિત્તવડે સમુદ્રને બાંધી લીધો હતો;
તેમજ દશમસ્તકવાળા મહાપ્રતાપી રાવણનો ક્ષય કરનાર એવા શ્રીરામચંદ્રનું એક એક ચરિત્ર એવું હતું કે, તેનું શું વર્ણન કરવું ?

પરંતુ તેવા વીરપુરૂષને પણ જેણે અકસ્માત્ કથન માત્ર કરી નાખ્યા એવા દૈવનું તું વર્ણન કર. અર્થાત્ દૈવકૃતિ એટલી બધી પ્રબલ હોય છે કે; અણધાર્યા બનાવ બન્યા કરે છે."

માટે જો તે દેવી હોય તો બહુ જ આનંદ થાય.

અથવા કોઇ અન્ય હશે તો પણ તેને બહાર કાઢવી એ ઠીક છે, કારણકે; દયા એ ધર્મનું મૂળ છે. કહ્યું છે કે;

"દયારૂપી નદીના વિશાલ કાંઠા ઉપર સર્વે ધર્મો તૃણરૂપ અંકુરાઓ છે, જો તે દયારૂપી નદી કદાચિત્ સુકાઇ જાય તો તે ધર્મરૂપી અંકુરાઓનો વિલાસ ક્યાં સુધી ટકી શકે ? અર્થાત્ દયાના અભાવમાં ધર્મનો સદ્ભાવ રહેતો નથી.

ભલે તે ગમે તે સ્ત્રી જાતિની હોય, પરંતુ આપણે દયાની ખાતર તેનો ઉદ્ધાર કરવો જોઇએ.

એમ વિચાર કરી રાજાએ તે પુરૂષને આજ્ઞા કરી કે; એ બીચારીને પણ જલદી તું બહાર કાઢ, પછી તે પુરૂષ દોરડાનું અવલંબન લઇ કૂવાની અંદર ઉતર્યો અને તે યુવતીની પાસમાં જઇ કહેવા લાગ્યો;

હે સુંદરી ! હું શ્રી **અમરકેતુરાજાની** આજ્ઞાથી તને બહાર કાઢવા માટે ફરીથી પણ અહીં આવ્યો છું; માટે હવે તું વિલંબ કરીશ નહીં; જલદી આ માંચીમાં બેસી જા, જેથી આ નરકાવાસ કૂવામાંથી હું તને બહાર કાઢું.

એ પ્રમાણે તે પુરૂષનું વચન સાંભળી તે દેવી ઝટપટ તે માંચીમાં બેસી ગઈ; અનુક્રમે તે બહાર નીકળી, તેણીનું શરીર બહુ જ દુર્બલ થઇ ગયેલું હતું. જેથી રાજાએ મહામુસીબતે તેને ઓળખી.

તે દેવી પણ રાજાને જોઇને ગદ્‌ગદ કંઠે રૂદન કરવા લાગી અને નરેન્દ્રના ચરણમાં પડી.

ત્યાર પછી અશ્રુથી ભરાઇ ગયાં છે નેત્રો જેનાં એવો શ્રી **અમરકેતુરાજા** દેવીને પોતાના નિવાસસ્થાનમાં લઇ ગયો.

દેવીને જોઈ સર્વ પરિજન બહુ શોકાતુર થઇ ગયો અને દીનમુખે નાના પ્રકારના વિલાપો વડે રૂદન કરવા લાગ્યો.

ગતવૃત્તાંત.

ત્યાર પછી સ્નાનાદિક ક્રિયા કરીને નિવૃત્ત થઈ શુદ્ધિમાં આવેલી **કમલાવતી** દેવીને રાજાએ પૂછયું.

હે દેવી ! તે હાથી તને કયાં લઈ ગયો હતો ? અને ત્યાં તારી શી વ્યવસ્થા થઇ હતી ? તેમજ આ અટવીની અંદર આ ભયંકર કૂવામાં તું શાથી પડી ?

આ પ્રમાણે રાજાના પ્રશ્ન સાંભળી **કમલાવતી** બોલી.

હે મહારાજ ! મારી હકીકત હું કહું છું તે આપ સાંભળો.

આપ જ્યારે વડની શાખાને પકડી હાથી ઉપરથી ઉતરી ગયા, તે સમયે મેં પણ તે શાખાને પકડવા માટે બહુ પ્રયાસ કર્યો હતો, પરંતુ તે મારાથી બની શકયું નહીં અને એકદમ તે હાથી મને એકલીને લઇ ત્યાંથી ચાલતો થયો.

પછી આગળ ચાલતો ચાલતો તે હાથી એક પર્વતની નદીમાં જઇ પહોંચ્યો.

તે નદીના કીનારા બહુ ભયંકર હતા. તે તટોની બહુ વિષમતા જોઈ અત્યંત વેગના ભંગથી ભય પામ્યો હોય ને શું ? તેમ તે હાથી ત્યાંથી આકાશ માર્ગે એકદમ ઉપડી ગયો.

ત્યાર બાદ ભયભીત થઇ મેં વિચાર કર્યો;

અરે! આ ગજેંદ્રના શરીરમાં પ્રવેશ કરીને કોઈ દેવ મારૂં હરણ કરે છે.

કારણ કે આ હાથીઓ આકાશમાં ચાલી શકતા નથી. એમ હૃદયમાં વિસ્મિત થઈ હું વારંવાર પૃથ્વીનું અવલોકન કરતી હતી;

તેટલામાં પર્વત અને વૃક્ષાદિક એક સાથે ચાલતાં મારા જોવામાં આવ્યાં.

વળી આ અરણ્યમાં એકલી બીચારી સ્ત્રી ભયભીત થશે, એમ જાણીને મારી સહાયને માટે થશે એમ સર્વ વૃક્ષો બહુ વેગથી જાણે દોડતાં હોય ને શું ?

જેમની અંદર અનેક મનુષ્યો ભ્રમણ કરે છે એવાં ગ્રામ અને નગરો કીડીઓનાં નઘરાં સરખાં દેખાવા લાગ્યાં.

જલથી ભરેલાં સરોવરો પણ ભૂમિ ઉપર પડેલાં છત્ર સમાન ભાસવા લાગ્યાં.

તેમજ બહુ લાંબી વનની પંક્તિઓ સર્પસમાન, પર્વતો પાળી સમાન અને નદીઓ નીક સમાન મને દેખાવા લાગી.

એમ ચાલતાં ચાલતાં તે હાથી બહુજ આગળ નીકળી ગયો.

ત્યાર પછી મારી વીંટીમાં રહેલા તે દિવ્યમણિ મને યાદ આવ્યો.

પછી તે હાથીનો તિરસ્કાર કરી તેના ગંડસ્થલમાં મેં તે મણિનો પ્રહાર કર્યો કે તરત જ તે ભયભીત થઇ

ગયેા અને હાથમાં રહેલા વજ્ર સમાન મણિના પ્રહારથી હણાયેલેા તે ગજેંદ્ર મેાટી ચીસ પાડીને એકદમ નીચે મુખે આકાશમાંથી હેઠેા પડયેા.

અદ્‌ભુત સરેાવર

તેટલામાં મેં નીચે મુખે જોયું તેા ત્યાં એક મેાટું સરેાવર મારા જોવામાં આવ્યું.

જેની અંદર અનેક તરંગેા ઉછળતા હતા, ચારે તરફ લુઠતા એવા માછલીઓનાં પુંછડાં વડે જેનેા જલ સમુદાય બહુ ઉછળતેા હતેા.

મકરંદ રસનું પાન કરી મત્ત થયેલી ભ્રમરીઓના વિસ્તારથી વિકસ્વર એવાં જેનાં કમલેા રેાકાઈ ગયાં હતાં,

તેમજ અનેક મણીઓની સ્ફુરણાયમાન છે કાંતિ જેની, વળી જેનેા અંદર અનેક ટિટ્ટિભ પક્ષીઓ તરી રહ્યાં છે,

સારસ પક્ષીઓની પંક્તિઓથી સુશેાભિત કાંઠા છે જેના,

વિહંગ–પક્ષીઓના સમુદાય જેની આજુબાજુમાં એકઠા થયેલા છે.

અનેક ગેાધાઓના સંસાર જેમાં રહેલા હતા,

તેમજ વિકસ્વર કમલેાની શ્રેણીઓ વડે વિભૂષિત,

અનેક દુષ્ટ જલચરેાથી વ્યાપ્ત, અનેક મત્સ્યેાના સમુદાયમાં લુબ્ધ થયેલા ધીવરેાથી વ્યાપ્ત,

ગતિ કરતા ભયંકર મગરેાથી દુષ્પ્રેક્ષ્ય, ડેં ડેં શબ્દ કરતા દેડકાઓના સમૂહથી વાચાલિત,

હંસની પંક્તિઓ વડે વિભૂષિત,
તમાલ અને તાલવૃક્ષોની ઘટાઓ વડે મનોહર,
ભ્રમરાઓના ગુંજાર વડે સુખકારક,
બગલાઓની શ્રેણીઓથી વિરાજીત,
છીપલીઓના સંપુટ જેમાં દીપી રહ્યા છે,

તેમજ અનેક દીવડાઓ–જળજંતુ જેમાં ભ્રમણ કરી રહ્યા છે, એવા તે અપાર જલથી ભરેલા મોટા સરોવરમાં તે હાથી આકાશમાંથી એકદમ નિરાધાર ઉતરી પડયો અને જલની અંદર તે ડુબી ગયો. ગંભીર જલની અંદર અશક્ત થયેલો તે ગજેન્દ્ર ડુબી ગયો છતાં પણ તે દિવ્યમણીના પ્રભાવથી જળની ઉપર રહી હતી.

તેવામાં દૈવયોગે મને એક પાટીયું આવી મળ્યું. તેનો આશ્રય લઈ હું સરોવરના કિનારે ઉતરીને બેઠી.

મારા હૃદયમાં ભયનો તો પાર જ નહોતો, જેથી બહુ શોકાતુર થઈ હું વિચાર કરવા લાગી.

અરે! હું અપૂર્વ સમૃદ્ધિ ભોગવતી હતી, તે સમય મારો કયાં ગયો? ક્ષણમાત્રમાં એકાકિની પ્રવાસીની માફક દુર્દશામાં શાથી આવી પડી? એના કર્મનો પરિણામ બહુ વિષમ છે. કહ્યું છે,

આ સંસારચક્રમાં પરિભ્રમણ કરતો પોતાના સુખને માટે ભલે પર્વતના શિખર ઉપર ચઢે અથવા સમુદ્ર ઉલ્લંઘન કરી પાતાલમાં પ્રવેશ કરે, પરંતુ વિધિએ લખેલા

લેખ પ્રમાણે પોતાનું નસીબ ફૂલે છે, પણ સંતુષ્ટ થયેલો ભૂપાળ ફળ આપવા સમર્થ થતો નથી.

એમ જાણવા છતાં પણ મારો વિચાર તો તેવોને તેવો જ થયા કરતો હતો કે;

મારો ચાકરવર્ગ કયાં ગયો ?
તે લક્ષ્મી કયાં ચાલી ગઈ ?
વિનીત એવો તે મારો પરિવાર કયાં ગયો ?
અરે ! હાલમાં દૈવે મને એકાકિની કરી મૂકી.

એમ ચિંતવન કરતી ઓઢવાના વસ્ત્રથી મુખારવિંદ ઢાંકીને બહુ શોક વડે શરણરહિત એકલી હું રુદન કરવા લાગી.

શ્રીદત્તનું આગમન

મારા રૂદનનો શબ્દ સાંભળી કોઈ એક પુરૂષ ત્યાં આવી મને કહેવા લાગ્યો.

હે સુતનુ ! કરૂણ સ્વરે તું કેમ રુદન કરે છે ?

એમ તેનો શબ્દ સાંભળી હું એકદમ સંભ્રાંત થઈ ગઈ અને તે તરફ મેં દૃષ્ટિ કરી જોયું તો;

કેટલાક પુરૂષ જેની સાથમાં રહેલા છે, એવો તે યુવાન પુરૂષ ઘોડા ઉપર બેઠેલો મારી નજરે પડયો.

પછી તેના મુખનો મને મેળાપ થયો અને તેનું શરીર ધૂળથી છવાઈ ગયેલું હતું.

ત્યારબાદ તે પુરૂષ પણ મને જોઇ પોતાના હૃદયમાં વિસ્મિત થયો હોયને શું? તેમ એકદમ ઘોડા ઉપરથી નીચે ઉતરી મારા ચરણોમાં પડયો અને તે બોલ્યો.

હે બહેન! તું મને ઓળખે છે? હું **શ્રીદત્ત** છું, કુશાગ્રનગરમાંથી હું વેપાર માટે સાર્થની સાથે પરદેશમાં ગયો હતો. ત્યાંથી પાછો બારમે વર્ષે સાર્થ સહિત હું હાલ પોતાના નગરમાં જાઉં છું. આજે ચાલતાં ચાલતાં આ સ્થાનમાં અમે આવી પહોંચ્યા છીએ.

પરંતુ હે ભગિની! તું અહીં એકલી શા કારણથી આવેલી છે?

એમ તેના કહેવાથી તરત જ હું ભયરહિત થઇ ગઇ. પછી મેં હાથીએ મારું હરણ કર્યું વિગેરે સર્વ-વૃત્તાંત તેને નિવેદન કર્યું.

ત્યારપછી તે વણિકે શોક વડે દીનમુખવાળી મને જોઇને કહ્યું.

અહીંથી **હસ્તિનાપુર** બહુ દૂર છે, તેમજ વ્યાઘ્રાદિક હિંસ્રપ્રાણીઓ તથા ચોરો વડે માર્ગ પણ બહુ કઠીન છે. અને હે ભગિનિ! કુશાગ્રનગર અહીંથી નજીકમાં છે; માટે તમારો શું વિચાર છે?

પછી મેં કહ્યું કે, ચાલો પ્રથમ આપણે કુશાગ્ર નગરમાં જઇએ.

હે **શ્રીદત્ત**! બંધુવર્ગને મળે મને ઘણા દિવસ થયા છે; માટે એમનો મેળાપ પણ થશે.

એમ અમારો વાર્ત્તાલાપ થયા બાદ, પ્રમુદિત થયેલો **શ્રીદત્ત** મને પોતાના આવાસમાં સાર્થના લોકો પાસે લઈ ગયો.

ત્યાં તેના પરિજને વિનયસહિત ઉપચારો વડે મારી શારીરિક સેવા કરી.

ત્યારપછી દેવતાએ આપેલા કુંડલ તથા અન્ય સર્વ આભરણો માત્ર એક દિવ્ય મણીની વીંટી સિવાય મેં **શ્રીદત્ત**ને મૂકવા માટે આપ્યાં.

કુશાગ્રનગર તરફ પ્રયાણ

શ્રીદત્તના પરિજન સહિત મેં સાર્થની સાથે ત્યાંથી પ્રયાણ કર્યું.

માર્ગમાં ચાલતા **શ્રીદત્ત** બહુ પ્રકારે મારો વિનય કરતો હતો.

હું પાલખીમાં બેસીને ચાલતી હતી, તે સાર્થ પણ મારી અનુકૂલતાને માટે હંમેશાં ટુંકા ટુંકા પ્રયાણો વડે ચાલવા લાગ્યો.

એમ કેટલાક મુકામ તેઓ ચાલ્યા, તેટલામાં એક અટવી આવી, ત્યાં આગળ અપશુકન થવાથી તે લોકો ત્યાં રોકાઈ ગયા.

બીજે દિવસે પ્રયાણની તૈયારી કરી કે તરત જ ફરીથી અપશુકન થયા.

એમ દિવસે દિવસે અપશુકન થવાથી ઉત્તમ શુકન થયા નહી, તેથી તેમનો ત્યાં દોઢ માસ નીકળી ગયો.

પછી પોતાની પાસેથી ખોરાકી પણ સર્વ ખુટી ગઈ. તેથી તેઓ ત્યાં રહેવાને અશક્ત બની ત્યાંથી નીકળી ચાલ્યા.

પોતાના નગર પ્રત્યે જવાની ઉતાવળને લીધે તે દિવસે અપશુકનને ગણ્યા સિવાય તે લોકો ચાલતા થયા.

ત્યારબાદ બીજે દિવસે પ્રભાતકાલમાં તે સાર્થની ઉપર અકસ્માત્ ભીલ લોકોએ ધાડ પાડી.

તેઓએ કોલાહલ સાંભળી તે સાર્થના લોકો એકદમ ગભરાઈ ગયા. તેમજ ભીલ લોકોએ પ્રહાર શરૂ કર્યા.

સાર્થના લોકો જેમ ફાવે તેમ મુઠીઓ વાળી નાસવા લાગ્યા. હું પણ ભયભીત થઈ ત્યાંથી નાસતાં ભાગતાં એકલી પડી ગઇ, જેથી એક દિશા તરફ હું ભાગી ગઇ.

ભયંકર વનપ્રદેશ.

ભયને લીધે ચારે તરફ દૃષ્ટિ કરતી હું ચાલતી હતી, તેવામાં બહુ વૃક્ષો વડે ગહન એવું એક વન આવ્યું.

ક્ષણ માત્ર ત્યાં સ્થિરતા કર્યા બાદ મેં વિચાર કર્યો,

આ નિર્જન વનમાં સ્ત્રી જાતિએ એકલું જવું ઠીક નહીં.

તે સાર્થના સ્થાનમાં જઈ તે લોકોને મળી જવું, તે ઉત્તમ પ્રકાર છે.

એમ જાણી મેં ચાલવાની તૈયારી કરી, પરંતુ કયે રસ્તે જવું તેની બીલકુલ મને સમજણ પડી નહીં.

હું કયાંથી આવી અને તે સાર્થ કઇ દિશામાં હશે? એનું પણ બીલકુલ મને ભાન રહ્યું નહીં. મારૂં શરીર તો ભયથી બહુજ કંપતું હતું છતાં પણ હું એક દિશા ગ્રહણ કરીને દિગ્મુઢ થઇ.

વૃક્ષો વડે અતિગહન એવા વનના મધ્ય ભાગમાં ચાલવા લાગી.

વળી દૂર જઈને હું પાછી વળી અને પશ્ચાત્ મુખે હું ચાલવા લાગી.

તેમજ ભયંકર વનમાં **શ્રીદત્ત**ના પરિવારની શોધ-ખોળમાં હું આમતેમ ભટકવા લાગી.

ત્યારપછી ભયને લીધે ચંચલ છે નેત્રો જેનાં, તેમજ તે નિર્જન વનમાં ચારે તરફ પરિભ્રમણ કરતી, ઉન્માર્ગે ચાલવાથી ભાગેલા કાંટાઓ વડે વ્યાપ્ત છે ચરણ જેના,

માર્ગના શ્રમથી બહુ થાકી ગયેલી,

ડગલે ડગલે અત્યંત અશક્તિને લીધે રુદન કરતી, એવી હું બહુ વ્યાકુલ થઈ ગઈ.

ચારે તરફ વસતિની તપાસ હું કરતી હતી, પરંતુ કોઇ પણ ઠેકાણે પક્ષી સરખું પણ મને જોવા મળ્યું નહીં.

બાદ એક ઉંચો ટેકરો આવ્યો. તેની ઉપર ચઢી મેં જોયું, તો કોઇ પણ દિશામાં વસતિ દેખાઈ નહીં.

સર્વત્ર સર્પોના સમુદાય જેમાં પ્રસરી રહ્યા છે, એવી ભયંકર અટવી સિવાય કંઈ પણ હું જોઈ શકી નહી.

કોઈ ઠેકાણે ભયજનક એવા કેસરી સિંહોના નાદ સાંભળીને મૃગલાઓ બહુ ત્રાસ ભોગવી રહ્યા હતા.

કોઇ ઠેકાણે મદોન્મત્ત એવા જંગલી પાડાઓનાં મોટાં યુદ્ધ મચી રહ્યાં હતાં.

કોઇ ઠેકાણે દાવાનળથી બળતા એવા પ્રાણીઓના ભયંકર શબ્દો સંભળાતા હતા.

કોઈ ઠેકાણે પ્રચંડ સ્વભાવવાળા ગેંડાઓએ મારી નાખેલા અનેક મૃગલાઓના રુધિરને લીધે બહુ ભય લાગતો હતો,

કોઈ ઠેકાણે સિંહોના દર્શનથી અનેક ગજેંદ્રો નાસ-ભાગ કરી રહ્યા હતા.

વળી મોટાં ધનુષ જેમના હાથમાં રહેલાં છે, એવા શિકારી પુરૂષો જેની અંદર પરિભ્રમણ કરતા હતા,

મઘા નક્ષત્ર, ધનરાશિ, હસ્ત અને આર્દ્રા નક્ષત્ર જેમાં ગતિ કરે છે.

મોટા આકડાઓના મૂળ વડે વ્યાપ્ત (જ્યેષ્ઠા નક્ષત્ર, સૂર્ય, અને મૂલ નક્ષત્રથી વિરાજીત)

ઉત્તમ વ્રતધારી મુનિઓ વડે વિભૂષિત, (પૂર્વાભાદ્ર-પદ તથા ઉત્તરાભાદ્રપદ અને શ્રવણ નક્ષત્ર વડે વિભૂષિત)

શુષ્ક એવાં મૃગલાઓનાં મસ્તકો (શુક્રવાર અને મૃગશીર્ષ નક્ષત્ર) વડે સમન્વિત, મોટા ચિત્રા તથા રોહિણી

ઔષધિ (ગુરુવાર ચિત્રા અને રોહિણીનક્ષત્ર)થી સુશોભિત, શાખા વિનાના સ્પષ્ટ દેખાતા મંદાર વૃક્ષો (વિશાખા નક્ષત્ર અને પ્રકટ એવા શનિ અને મંગલ) જેમાં દીપી રહ્યા છે.

તેમજ અનેક ઋષભ–રીંછ પશુઓ (નક્ષત્રો)થી વ્યાપ્ત એવી તે અટવી આકાશલક્ષ્મીની જેમ શોભતી હતી.

તેવી ભયંકર અટવીને જોઇ પાણી માટે હું ચારે તરફ તપાસ કરવા લાગી. તૃષાને લીધે મારો કંઠ પણ બેસી ગયો હતો; જેથી મારી વાણી પણ બંધ પડી ગઇ ગઇ.

તેવામાં ફરતી ફરતી હું એક દિશા તરફ ચાલી, એટલામાં જળથી ભરેલું એક સરોવર મારી નજરે પડયું.

પછી તે તરફ ઝડપથી હું ચાલવા લાગી.

મારાં નેત્રો તો ભયથી બહુ ચંચલ બની ગયાં હતાં.

મહામુસીબતે હું સરોવરના કીનારા ભેગી થઇ.

પછી ધીમે ધીમે તે સરોવરની અંદર ઉતરીને મેં જલપાન કર્યું.

બાદ ત્યાંથી નીકળીને વિશ્રાંતિ માટે એક તરુવરની નીચે હું બેઠી.

એટલામાં સૂર્ય અસ્તાચલના શિખર ઉપર ચાલ્યો ગયો.

રાત્રીનો પ્રાદુર્ભાવ દેખાવા લાગ્યો. શિયાળીયાના ફેત્કારો સંભળાવા લાગ્યા.

તે નિર્જન એવા જંગલની અંદર જેમ જેમ પશુઓના ભયંકર ગર્જારવ થવા લાગ્યા, તેમ તેમ મારું હૃદય ભયને લીધે બહુ કંપવા લાગ્યું.

પુત્રજન્મ

અનુક્રમે અર્ધરાત્રીનો સમય થયો. મારા ઉદરમાં દુઃસહ પીડા થવા લાગી.

જેથી મંદમંદ શબ્દ કરતી હું ભૂમિ ઉપર લુઠવા લાગી.

પ્રસવની તૈયારીને લીધે બેચેનમાં હું પીડાવા લાગી. અને બહુ વ્યાકુલ થઈ આમતેમ આળોટતી હતી,

તેટલામાં હે નરનાથ! અત્યંત વેદનાથી પીડાતી એવી મેં પોતે જ તે અરણ્યની અંદર મૃગલીની માફક બહુ દુઃખ વડે પુત્રનો જન્મ આપ્યો.

જ્યારે મારી મૂર્ચ્છાનો વિરામ થયો ત્યારે હું બેઠી થઈ અને મેં જોયું તો પૃથ્વી ઉપર તે બાલક આળોટતો હતો.

પછી તે બાળકને બહુ સ્નેહ વડે મેં મારા ખોળામાં લીધો.

ત્યારબાદ નજીકમાં રહેલા સરોવરમાં જઈ તે બાળકને નવરાવીને મારા પોતાના વસ્ત્ર વડે તેનું શરીર શુદ્ધ કરીને હું વૃક્ષ અને લતાઓની ઝાડીમાં જઈને એકાંતમાં બેસી ગઇ.

પુત્રરક્ષા.

બાદ તે દિવ્યમણિથી જડેલી વીંટી મારી આંગળીએથી કાઢીને તે બાળકના કંઠમાં મેં બાંધી.

તે સમયે તેની રક્ષા માટે મેં કહ્યું,

આ દિવ્યમણિના પ્રભાવથી મારા પુત્રના શરીરે ભૂત, પ્રેત, પિશાચ, હિંસક શ્વાપદ અને દુષ્ટગ્રહ વિગેરે કોઈપણ પ્રહાર મા કરો.

હે વનવાસી દેવ! અને દેવીઓ! મારૂં એકવચન તમે સાંભળો.

હાલમાં પુત્ર સહિત હું આપને શરણે રહી છું, માટે માંસાહારી એવા સિંહ અને વ્યાઘ્રાદિક દુષ્ટ પ્રાણીઓથી આ ભયંકર અટવીમાં તમારે મારૂં અનાથનું પ્રયત્ન વડે રક્ષણ કરવું.

દેવીનો પશ્ચાત્તાપ

હે પુત્ર! આ જો મારી હસ્તિનાપુરમાં આવી હોત તો, આ વખતે રાજાને વધામણી મળી હોત.

તેમજ હે પુત્ર! સમસ્ત પરિજન, નગરના લોકો, સામંત, મંત્રી અને અધિકારીવર્ગમાં તારા જન્મના સમયે કોને આનંદ ન થાત?

હે પુત્ર! દુર્વિહિત દૈવના યોગ વડે ભયંકર જંગલમાં તારો જન્મ થયો છે; માટે મંદભાગીણી એવી હું અહીં શું કરૂં?

વળી હે પુત્ર! તારો જન્મ થવાથી આ અરણ્ય પણ હાલમાં વસ્તિ સમાન મને લાગે છે.

હે વત્સ! તું મારા ખોળામાં બેઠો છે, તેથી હું નિર્ભય થઈ છું.

હે પુત્ર! સૂર્યના કિરણો વડે નષ્ટ થયું છે અંધારૂ જેનું, એવા દિવસનો પ્રાદુર્ભાવ થશે, ત્યારે હું તારૂં મુખ જોઇને કૃતાર્થ થઈશ,

એમ હું પ્રલાપ કરતી હતી, તેટલામાં માર્ગના શ્રમથી થાકી ગયેલી તેમજ સર્વ અંગો શિથિલ થઇ ગયેલાં અને પ્રસવની વેદના શાંત થવાથી ત્યાં મને નિદ્રા આવી ગઈ.

પછી ક્ષણ માત્રમાં મારા મંદભાગ્યને લીધે કોઇએ પણ ઉચ્ચારેલો શબ્દ મારા સાંભળવામાં આવ્યો, જેથી એકદમ હું જાગી ગઈ.

હે પાપિષ્ઠ! ઘણા દિવસથી હું તારી તપાસમાં ફરતો હતો, પરંતુ આજે તારૂં દર્શન થયું છે. માટે હવે હું મારા વરનો અંત કરીશ.

હે દુષ્ટ! હાલમાં તું તારા દુરાચારનું ફલ ભોગવ

એ પ્રમાણે તેના શબ્દ સાંભળી મારૂં હૃદય એકદમ ભયભીત થઈ ગયું

અને આ પ્રમાણે બોલનાર કોણ હશે?

એમ વિચાર કરી જેટલામાં મેં મારા ખોળામાં જોયું તો ત્યાં પુત્ર નહોતો.

બાદ એકદમ મારા હૃદયમાં બહુજ આઘાત થયો અને હું વિચારમાં પડી;

અરે! એકદમ આ શું થયું! કોઇ કારણને લીધે તે બાળક અહીંથી પડી ગયો હશે! અથવા કોઇ શત્રુ એનું હરણ કરી ગયો હશે!

અથવા આ મને સ્વપ્ન આવ્યું હશે!

અથવા આ મારી બુદ્ધિનો વિભ્રમ થયો હશે!

એમ વિચાર કરતી હું તે પુત્રના શોધમાં પ્રવૃત્ત થઈ.

પછી હે મહારાજ! તે સ્થાનમાં ચારે તરફ મેં ઘણી તપાસ કરી. પરંતુ પુત્રનો કોઇપણ જગ્યાએ પત્તો લાગ્યો નહીં.

પછી હું બહુ શોકાતુર થઇ ગઈ અને મસ્તકને વિષે વજ્રવડે હણાયેલાની માફક મૂર્છિત થઈ હું નિરાધાર પૃથ્વી ઉપર પડી ગઈ.

કમલાવતી વિલાપ

પોતાના પુત્રનું અપહરણ થયેલું જોઈ મૂર્છિત થયેલી કમલાવતીરાણી દૈવયોગે શુદ્ધિમાં આવી.

ત્યાર બાદ બહુ શોકથી ભરાઈ ગયેલી તે દેવી પોતાનું હૃદય કુટતી પ્રલાપ કરવા લાગી.

હા દૈવ! આ ભયંકર અટવીમાં અધન્ય એવી હું એકલી આવી પડી છું. મારા દુઃખનો કંઈ પાર ન હતો, છતાં જાતમાત્ર એવા મ રા પુત્રને કોઇપણ નિર્દય ઉપાડી ગયો.

વળી હું જાણતી હતી કે; પ્રભાતકાલમાં મારા પુત્રનું મુખ હું જોઇશ, પરંતુ તે મારો મનોરથ હતાશ દૈવે અન્યથા કર્યો.

હે દૈવ! અટવી પ્રવેશાદિક દારૂણ દુઃખ દઇને તું હજુ પણ શાંત ન થયો?

જેથી મારા પુત્રનું તેં અપહરણ કરાવ્યું?

હે વનદેવતાઓ! હું તમારે શરણે આવી, તો પણ મારા પુત્રનું અપહરણ થયું. તો પછી અહીં દૈવ પણ શું કરી શકે?

હા! પુત્ર! આ શૂન્યઅરણ્યમાં શરણરહિત મને એકલીને તેં કેમ મૂકી દીધી?

હા! પુત્ર! મારા ખોળામાં રહેલો તું અકસ્માત્ કેમ અદૃશ્ય થઇ ગયો?

શું મને એકલી મૂકી ચાલ્યું જવું તે પુત્રની યોગ્યતા ગણાય? જરૂર હું જેના નિષ્ઠુર શબ્દ સાંભળી જાગી ઉઠી, તેજ કોઇ પિશાચે મારા પુત્રનો અપહાર કરેલો છે.

જેના પ્રભાવ વડે એકદમ તે હાથી આકાશમાંથી

નીચે પડી ગયેા હતેા, તે દિવ્યમણિ પણ મારા મંદ-ભાગ્યને લીધે અકૃતાર્થ થયેા.

હા પુત્ર! તારા કંઠમાં પ્રભાવિક મણિ બાંધેલેા હતેા છતાં પણ મારા ખેાળામાંથી તને નિર્દય એવેા કેાઈ પિશાચ અદૃશ્યરૂપે લઇ ગયેા.

એમ હું દીનમુખી થઈને બહુ વિલાપ કરતી હતી; તેટલામાં મારા દુઃખથી દુઃખી થયેલી હેાયને શું? એવી રાત્રી પણ અકસ્માત્ ક્ષીણ થઇ ગઇ.

અતિ કરૂણ સ્વરે રૂદન કરતી મને જોઇને શેાકાતુર છે મુખ જેનું, એવી આકાશલક્ષ્મી ખરી પડતા તારાઓ-રૂપી આંસુએા વડે જાણે રૂદન કરતી હેાય ને શું? તેમ દેખાવા લાગી.

એટલામાં નિવૃત્ત કર્યો છે ગાઢ અંધકાર જેણે, એવેા સૂર્ય પણ પુત્રના અપહરણ કરનારને જોવા માટે ઉદયા-ચલના શિખર ઉપર આરૂઢ થયેા.

તાપસીનું આગમન

અનુક્રમે ચાર ઘડી દિવસ ચઢયેા એટલે બહુ દુઃખથી પીડાયેલી હું તે અટવીમાં અતિ કરૂણ શબ્દો વડે રૂદન કરતી આડીઅવળી પરિભ્રમણ કરતી હતી, તેટલામાં ત્યાં એક તાપસી આવી.

જેણીના હાથમાં સુંદર કમંડલું શેાભતું હતું, શરીરે સુકેામલ વલ્કલ વસ્ત્રો પહેરેલાં હતાં, અવસ્થા પણ વૃદ્ધ હતી,

તેમજ આકૃતિ બહુ સુંદર અને જેણીના હૃદયની વિશુદ્ધતા બહુ આનંદ આપતી હતી, એવી તે દયાલુ વૃદ્ધા નિર્જન અરણ્યમાં નાના પ્રકારના વિલાપ વડે રુદન કરતી મને જોઈ પોતાના હૃદયમાં શોક કરવા લાગી અને તરત જ તે મારી પાસે આવી.

મધુર વચનો વડે તેણીએ મને પૂછયું,

હે સુતનુ! તું શા માટે રૂદન કરે છે? અને આ ભયંકર જંગલમાં તું એકલી અહીં કયાંથી આવી છે?

એમ તેણીના મધુર વચન સાંભળી મેં તેને પ્રણામ કર્યા. મારા નેત્રોમાંથી અશ્રુધારાઓ ચાલી જતી હતી છતાં મેં ગદ્‌ગદ્‌ કંઠે અપહરણાદિક સર્વ વાત તેની આગળ નિવેદન કરી.

તે સાંભળી તપસ્વીની બોલી.

હે સુતનુ! આવા દારૂણ દુઃખને તું લાયક નથી, પરંતુ પોતાના કર્મથી બંધાયેલા આ જીવલોકમાં શું કહેવું?

હે સુંદરી! પોતાના કર્મને વશ થયેલા અને આ સંસારસાગરમાં પરિભ્રમણ કરતા એવા પ્રાણીઓને આવા પ્રકારનાં અનેક દુઃખો આવી પડે છે, એમાં કંઇ પણ આશ્ચર્ય નથી.

વળી હે સુભગે! પૂર્વ ભવમાં જે કંઈ તેં અશુભ કર્મ કર્યું હશે, તેના પરિણામથી આ દારૂણ દુઃખમાં

તું આવી પડી છે. માટે અન્ય ભવમાં ઉપાર્જન કરેલા દુઃખની પ્રાપ્તિ થવાથી શોક કરવો શા કામનો ?

અથવા શરીરને દુઃખદાયક એવા આ વિલાપ કરવાથી શું વળે ? હે સુતનુ ! હવે તારે શોકાતુર થવાની કંઈ જરૂર નથી.

અહીંથી આપણો આશ્રમ બહુ નજીકમાં છે અને વૃક્ષાદિકની છાયાને લીધે તે બહુ રમણીય છે.

ત્યાં તું ચાલ, તારે રહેવા માટે તે સ્થાન બહુ લાયક છે.

વળી અહીં બહુ ઠંડો પવન વાય છે.

વળી તારે હાલમાં પ્રસવ થયેલો છે તેમજ તારું શરીર પણ અતિશય સુકોમલ છે.

માટે અહીં રહેવાથી તને કંઇ પણ ઇજા થાય તે ઠીક નહીં.

એમ કહી તે તાપસી મને સુંદર એવા પોતાના આશ્રમમાં લઈ ગઇ. પછી પરોપકારમાં રસિક એવી તે તાપસીએ સારી રીતે મારી બરદાસ કરી.

કુલપતિનો ઉપદેશ.

અનુક્રમે તાપસીએ કરેલા ઉપચારોથી દિવસે દિવસે મારું શરીર કંઈક સુધરવા લાગ્યું.

પછી એક દિવસે તે તાપસી મને કુલપતિ–આશ્રમના અધિપતિની પાસે લઇ ગઈ.

પ્રણામ કરી યોગ્ય સ્થાને હું બેસી ગઇ. બાદ

તાપસીએ પૂર્વોક્ત મારી સર્વ વાત કુલપતિની આગળ નિવેદન કરી.

પછી કૃપાલુ એવા તે કુલપતિએ મધુર વચનો વડે મને કહ્યું,

હે વત્સે! સર્વ સુખનું કારણભૂત અને પરલોકમાં બંધુસમાન એવા ધર્મની આરાધના નહીં કરવાથી આ સંસારમાં પ્રાણીઓને આવાં દુઃખો સુલભ થાય છે. માટે લોકાંતરના સુખ માટે ધર્મસાધન અવશ્ય કરવું જોઈએ. જેથી આવાં દુઃખોનો સમય આવે નહીં. અન્યત્ર કહ્યું છે કે,

હે ભવ્યપ્રાણી! તું એટલું તો જાણે છે કે, પથિકોને શંબલ (ભાતુ) માર્ગમાં હિતકારક થાય છે. અર્થાત્ તેમનો ખાસ આધાર ભાતા ઉપર જ હોય છે. તેમજ તારે પરલોકની મુસાફરી તો કરવી જ પડશે, તો તું શંબલને માટે કેમ યત્ન કરતો નથી?

વળી જે માર્ગમાં ચાલતાં પ્રાણીઓને કોઈ પ્રકારનો ક્રય વિક્રય થઈ શકતો નથી. તેવા માર્ગે તારે અવશ્ય જવું પડશે. માટે ધર્મથી વિમૂઢ થઇ તું કેમ બેસી રહ્યો છે?

એ પ્રમાણે શાસ્ત્રોમાં દરેક ઠેકાણે ધર્મનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. છતાં પ્રમાદને વશ થઈ પ્રાણીઓ અનેક પ્રકારનાં દુઃખોને સ્વાધીન થાય છે. એમ સમજી ધીરપુરૂષો રાજ્યાદિકનો ત્યાગ કરી વનવાસનો સ્વીકાર કરે છે.

એ પ્રમાણે કુલપતિ મને ઉપદેશ આપતા હતા, તે સમયે તાપસીએ મારી પાસે આવી મને કાનમાં કહ્યું,

આ ભગવાન કુલપતિ બહુ જ્ઞાની છે, માટે તારે જે કંઇ પૂછવાનું હોય તે તું તેમને પૂછી લે.

અપહાર પ્રશ્ન

તપસ્વીનીના કહેવાથી મેં વિનયપૂર્વક પૂછયું.

હે મહાશય! મારા પુત્રને કોણ હરી ગયો હશે? તેમજ તે જીવતો હશે કે મરી ગયો હશે? અને જો જીવતો હોય તો હું તેને કયારે જોઈશ? અથવા મને તે નહીં મળી શકે?

એ પ્રમાણે કમલાવતીના પ્રશ્ન સાંભળી કુલપતિ સમ્યક્ પ્રકારે વિચાર કરી બોલ્યા.

હે વત્સે! પૂર્વ ભવના વૈરને લીધે બહુ ક્રોધાયમાન થયેલો એક દેવ તારા ખોળામાં રહેલા તારા પુત્રને ખાસ મારવા માટે લઈ ગયો.

બાદ તેણે વિચાર કર્યો

શૂન્ય પ્રદેશમાં એને મૂકી દેવો ઠીક છે, ત્યાં તે ક્ષુધાતુર થઇને મરી જશે, એમ જાણી તે દુષ્ટે વૈતાઢય-ગિરિના વિષમ નિકુંજમાં એક મોટી શિલા ઉપર તેને મૂકી દીધો. તેવામાં દૈવયોગે ફરતો ફરતો એક વિદ્યાધર પોતાની સ્ત્રી સહિત ત્યાં કયાંયથી પણ આવી ચડયો.

તેની દૃષ્ટિ તે બાળક તરફ પડી કે તરત જ આ કોઇનો પુત્ર છે, એમ જાણી તેણે તેને લઈ લીધો અને

તેને પોતાને ઘેર લઈ ગયો. તેમજ તે વિદ્યાધરને ત્યાં રહીને સુખેથી મોટો થશે.

અનુક્રમે તે યૌવનવયને પ્રાપ્ત થશે, ત્યારે તને હસ્તિનાપુરમાં મળશે.

હે નરેન્દ્ર! આ પ્રમાણે કુલપતિના કહેવાથી મારો શોક દૂર થઈ ગયો. પછી હું તે આશ્રમમાં રહીને ફળ તથા મૂલાદિકથી મારી પ્રાણવૃત્તિ ચલાવતી હતી તેમજ તપસ્વિની જનોનો વિનય કરતી હતી.

સુરથકુમાર.

હે પ્રિય! કેટલાક દિવસ હું તે આશ્રમમાં રહી. બાદ એક દિવસ કુલપતિના મુખથી બહુ તપસ્વિની સહિત હું ધર્મશ્રવણ કરતી હતી, તેટલામાં અકસ્માત્ બહુ વેગવાળા અશ્વથી અપહાર કરાયેલો એક રાજકુમાર ત્યાં આવ્યો.

બાદ અતિ કૃપાલુ એવા તાપસકુમારોએ તેનો બહુ સત્કાર કર્યો, પછી તે રાજપુત્ર કુલપતિની પાસે આવ્યો અને વિનયપૂર્વક પ્રણામ કરી તેમની આગળ ભૂતલ ઉપર બેસી ગયો.

કુલપતિએ તેને પૂછયું.

હે ભદ્ર! તારા પિતાનું નામ શું? તું કયા નામથી ઓળખાય છે? અને તું કયાંથી આવ્યો?

આ પ્રમાણે કુલપતિના પ્રશ્નો સાંભળી તે બોલ્યો.

હે ભગવન્! મારૂં વૃત્તાત હું કહું છું, તે આપ સાંભળો.

સિદ્ધાર્થપુરમાં બહુ પ્રસિદ્ધ **સુગ્રીવરાજા** રાજ્ય કરતો હતો, તેની **કનકવતી**રાણી છે. તેમનો હું **સુરથ** નામે પુત્ર છું. મારાં માતપિતાને હું અત્યંત પ્રિય હોવાથી પોતાના મોટા પુત્ર **સુપ્રતિષ્ઠ**નું અપમાન કરી મને બાલ્ય અવસ્થામાં જ યુવરાજપદવી મારા પિતાએ આપી.

બાદ કેટલેાક સમય વ્યતીત થતાં મારા પિતાને ક્ષયનો વ્યાધિ એકદમ લાગુ પડયેા. જેથી તેમનો દેહાંત થઈ ગયેા.

પછી મંત્રી વર્ગે મારા પિતાના સ્થાનમાં મને નિયુક્ત કર્યો. હું પણ નીતિપૂર્વક પ્રજાપાલનમાં દિવસો વ્યતીત કરવા લાગ્યેા.

સુપ્રતિષ્ઠનો વિજય.

મારો ઓરમાન મોટોભાઈ **સુપ્રતિષ્ઠ** કોઇક વિદ્યાધરના સમાગમમાં આવી ગયેા. ત્યાર પછી તેણે તેની બહુ સેવા કરી, જેથી તે વિદ્યાધર તેની ઉપર બહુ પ્રસન્ન થયેા.

પછી તેણે **નભોગામિની** વિગેરે કેટલીક પોતાની વિદ્યાઓ **સુપ્રતિષ્ઠ**ને આપી. બાદ સિદ્ધ થયેલી વિદ્યાઓના પ્રભાવ વડે **સુપ્રતિષ્ઠે** મારી સાથે યુદ્ધ કરીને પોતાનું રાજ્ય પોતાને સ્વાધીન કર્યું.

હું પણ તેના ભયથી મારી માતાને સાથે લઈ ચંપાનગરીમાં મારી માતાના પિતાશ્રી કીર્ત્તિધર્મરાજાની પાસે ગયો. તેમણે પણ મને પોતાના દેશના છેવટના ભાગમાં રહેલાં એક હજાર ગામ આપ્યાં,

હે ભગવન્! ત્યાં હું મારી માતા સહિત રહેતો હતો.

કોઈ એક દિવસે આ અટવીમાં વણિક લોકોનો મોટો સાર્થ જતો હતો. તે સાર્થ બહુ વૈભવવાળો હતો. તે મારા પુરૂષોના જોવામાં આવ્યો.

તેઓએ સાર્થવાહનું સર્વ દ્રવ્ય લુંટી લીધું, જેથી અમારી પાસે પુષ્કળ ધન થઇ ગયું. તેમજ બહુ ઉત્તમ જાતિના નાના પ્રકારના કેટલાક ઘોડાઓ તેઓ પાસેથી અમને મળી આવ્યા.

તેઓને ચલાવવા માટે આજે હું સવારમાં ગામની બહાર નીકળ્યો હતો. અનુક્રમે તે ઘોડાઓને હું ચલાવતો હતો, તેટલામાં આ એક વિપરીત શિક્ષણવાળા અશ્વનો વારો આવ્યો, તેની ઉપર ચઢી હું ચલાવવા લાગ્યો, કે તરત જ તેણે મારો અપહાર કર્યો.

હે ભગવન્! તેને સ્થિર કરવા માટે મેં ઘણો પ્રયાસ કર્યો, પરંતુ જેમ જેમ તેની લગામ ખેંચવામાં આવતી, તેમ તેમ તે વિપરીત શિક્ષણને લીધે બહુ વેગથી દોડતો હતો અને હાલમાં એ અશ્વ મને આપના આ પવિત્ર આશ્રમમાં લાવ્યો.

એ પ્રમાણે તે **સુરથ** પોતાનું વૃત્તાંત કુલપતિની આગળ કહેતો હતો, તેટલામાં તેના અનુમાર્ગે લાગેલું તેનું સૈન્ય પણ ત્યાં આવી પહોંચ્યું.

સુરથનું સ્વદેશ પ્રયાણ

કેટલોક સમય ત્યાં રહીને પછી **સુરથે** કુલપતિની આજ્ઞા માગી,

હે ભગવન્! હવે હું મારા સ્થાનમાં જાઉં છું; હાલમાં મારે લાયક જે કંઇ કામ હોય તે આપ ફરમાવો.

કુલપતિ બોલ્યા, હે નૃપકુમાર! ગુરૂજનની પૂજા વિગેરે ધર્મકાર્યમાં યથાશક્તિ તારે પ્રવૃત્તિ કરવી તેમજ શરણાગત લોકો ઉપર દયા રાખવી.

વળી હે ભદ્ર! વિશેષમાં તારે એટલું કાર્ય કરવાનું છે.

અમરકેતુરાજાની કમલાવતી નામે આ સ્ત્રી છે, તે હાથી વડે અપહરણ કરાયેલી હાલમાં અહીં આવીને રહેલી છે.

હવે તે **હસ્તિનાપુર** અહીંથી બહુ દૂર છે. તેમજ તેનો માર્ગ પણ હિંસ્ર એવા અનેક પ્રાણીઓથી બહુ વિકટ છે, તેથી આ ભયંકર અટવીમાં પ્રયાણ કરવું ઘણું કઠિન છે.

ખેડેલી જમીનમાં તાપસ કુમારોને ચાલવાની શાસ્ત્રમાં મનાઇ કરેલી છે, માટે આ **કમલાવતીને** પોતાના નગરમાં પહોંચાડવાનું કામ અમારાથી બની શકે તેમ

નથી. વળી તેવા પ્રકારનો કોઈ સારો સાર્થ પણ અહીં આવતો નથી. તેથી સૂકોમલ અંગવાળી આ નૃપભાર્યા અહીં વનવાસમાં બહુ કષ્ટથી પણ રહેલી છે. માટે જો તું એને પોતાના સ્થાનમાં પહોંચાડે તો બહુ સારૂ. એ પ્રમાણે કુલપતિનું વચન સાંભળી **સુરથકુમાર** બોલ્યો.

હે ભગવન્! આપના કહ્યા પ્રમાણે હું કરીશ;

હું પોતે જઈને **અમરકેતુ** રાજાને આ રાણી સોંપી દઈશ. એમાં કોઈ પણ પ્રકારે આપને સંશય રાખવો નહીં.

ત્યારબાદ કુલપતિએ મને કહ્યું;

હે વત્સે! **સુરથ** કુમારનું કહેવું તારા સાંભળવામાં આવ્યું ને? ઠીક છે. આ સંગાથ સારો છે, માટે એની સાથે તું **જા**. બીજો સાર્થ મળવો દુર્લભ છે.

પછી મેં પણ વિચાર કર્યો;

શું એની સાથે મારે જવું યોગ્ય ગણાય ખરૂં? અથવા કુલપતિ અહીં આ બાબતમાં ઉચિત અથવા અનુચિત છે તે સર્વ જાણે છે.

એમ વિચારી મેં કહ્યું કે;

હે ભગવન્! આપની આજ્ઞામાં હું તૈયાર છું.

કુલપતિ બોલ્યા.

હે પુત્રી! જો એમ હોય તો તું તૈયાર થા.

એ પ્રમાણે તેમના કહેવાથી હે નરેંદ્ર! તેમનું વચન માન્ય કરી હું **સુરથકુમાર**ની સાથે ત્યાંથી નીકળી.

પ્રયાણના સમયે સર્વ તપસ્વિનીઓ મને વળાવવા આવી, પછી તેઓ મારી સાથે સંભાષણાદિક ઉચિત ભલામણ કરી પોતાના આશ્રમમાં નિવૃત્ત થઇ.

વનપ્રવેશ

હું પણ સાર્થની સાથે ચાલવા લાગી. અનુક્રમે તે સુરથકુમાર ચાલતાં ચાલતાં આ પ્રદેશમાં આવી પહોંચ્યો.

તેટલામાં કંઈક બહાનું કાઢીને આજ અરણ્યમાં તેણે નિવાસ કર્યો. પોતાના સૈન્યનો પણ ત્યાં પડાવ કરાવ્યો.

બાદ પ્રતિ દિવસે મારી પાસે આવવા લાગ્યો અને હંમેશાં મારું સન્માન કરીને પોતાના સ્થાનમાં તે જતો હતો,

બાદ એક દિવસ તે ઉત્તમ પ્રકારના અલંકાર લઈ મારી પાસે આવી એકાંતમાં મને કહેવા લાગ્યો.

હે સુંદરી! અલંકાર પહેર્યા વિના તું બરોબર શોભતી નથી. માટે આ અલંકારોનો તું સ્વીકાર કર.

દેવતાએ આપેલાં કુંડલ તેમજ અન્ય બીજા અલંકારો જોઈ મેં ઓળખ્યા કે, આ તો સર્વે આભૂષણ મારાં છે. બાદ મારા હૃદયમાં વિસ્મય થયો અને મેં તેને પૂછયું.

હે સુરથ! આ અલંકાર તમને કયાંથી મળ્યા છે? એનું કારણ તમે મને કહો.

સુરથ બોલ્યો. હે સુંદરી! પ્રથમ મારા ભીલોએ આ અટવીમાં કુશાગ્રપુર પ્રત્યે જતો બહુ સમૃદ્ધિવાળો

એક વણિક સાર્થ લુંટ્યો હતો. તે વખતે આ સર્વ માલ અમને મળ્યો હતો. આ અલંકાર તારે લાયક છે.

એમ તેની હકીકત સાંભળી મેં કહ્યું.

આ સર્વ અલંકાર મારા જ છે. પ્રથમ મેં **શ્રીદત્ત** વણિકને મૂકવા સારૂ આપ્યા હતા. તે સાંભળી હસતે મુખે આનંદપૂર્વક તે બોલ્યો.

જો એમ હોય તો બહુ સારૂ.

હે સુંદરી! આ અલંકારોને ધારણ કરી તું સુખેથી આનંદ કર, કારણ કે; આ આભરણોને લાયક તું જ છે. એમાં અન્ય સ્ત્રીની યોગ્યતા નથી. બાદ મેં તેનો દુષ્ટભાવ જાણ્યા સિવાય તે અલંકારો લઈ લીધા.

ત્યાર પછી હંમેશાં તે દુષ્ટ દુરાચારની ઇચ્છા વડે મારી પાસે આવવા લાગ્યો. તેમજ બહુ હાવભાવ મને તે દેખાડવા લાગ્યો. મારી સેવા પણ તે સારી રીતે કરવા લાગ્યો.

સુરથનો દુરાચાર

ત્યાર બાદ કામાંધ બની તે **સુરથ** પ્રયાણ કરવાની તો વાત જ ભૂલી ગયો અને એકાંતમાં મારી પાસે આવી ઉપહાસની વિવિધ પ્રકારની વાત કરવા લાગ્યો.

હે પ્રિયતમ! કામના આવેશથી વિમૂઢ બનેલો તે દુષ્ટપાપી કુલમર્યાદાનો ત્યાગ કરી નિર્લજ્જ થઈ અન્યદા મારી પાસે આવ્યો.

તે વખત હું એકલી એકાંતમાં બેઠેલી હતી. અવિવેકને બહુમાન આપતો તે પાપી બોલ્યો.

હે સુંદરી ! કામની પીડાથી હું બહુ દુઃખમાં આવી પડયો છું.

કામદેવના બાણોથી જીર્ણ થયેલું મારૂં શરીર હવે બહુ પીડાય છે.

માટે હે સુંદરી ! હવે હું તારે શરણે આવ્યો છું, માટે પોતાના અંગના સંગમવડે આજે મારા જીવિતને તું સફલ કર.

હે સુતનુ ! આ મારા પ્રાણ તારે આધીન છે.

આ સર્વ રાજ્યાદિકની પણ તું સ્વામિની છે.

હે સુભગે ! હું તારો કિંકર છું, તેમજ આ સર્વ પરિજન પણ તારી આજ્ઞામાં હાજર છે.

વળી હે ચંદ્રમુખી ! હવે બહુ કહેવાથી શું ? ગાઢ અનુરાગી એવા આ કિંકરની તું ઇચ્છા પૂર્ણ કર.

એ પ્રમાણે સુરથનું વચન સાંભળી અકસ્માત્ વજાથી હણાયેલીની માફક હું બહુ શોકાતુર થઈ ગઈ.

બાદ હે પ્રિયતમ! મારી ચિંતાનો તો પાર જ રહ્યો નહીં.

હા ! આ પાપિષ્ઠ હવે બલાત્કારે પણ મારું શીલ ખંડન કર્યા સિવાય રહેશે નહીં. કારણ કે; અહીં મારૂં કોઈ પણ શરણ નથી. માટે હવે હું શું કરું ?

જો અતિનિષ્ઠુર એવાં વચનો વડે એનો તિરસ્કાર કરું, તો હાલ જ એ નિર્મર્યાદ અકૃત્ય કર્યા વિના જપશે નહીં. માટે હાલમાં મૌનપણાનો આશ્રય લેવો ઉચિત છે. પશ્ચાત્ સમય જોઈને તે પાપીની પાસમાંથી હું નાસી જઈશ, એમ વિચાર કરી હું મૌનમુખે નીચું જોઈ ત્યાં બેસી રહી. કહ્યું છે,

જે પ્રાણીઓ બોલવામાં વાચાલ હોય છે, તેઓ બહુ દુઃખી થાય છે. જુઓ ! પોપટ અને મેનાં પાંજરા રૂપ બંધનમાં પડીને પોતાનું વિહગ (આકાશચારી) પણું પણ ભૂલી ગયાં છે. અર્થાત્ હંમેશાં બંધનમાં જ રહે છે.

તેમજ બગલાઓ તેવા દુઃખને આધીન થતા નથી. તેનું કારણ માત્ર મૌન ગુણ છે, માટે મૌન રહેવાથી દરેક અર્થની સિદ્ધિ થાય છે.

એમ જાણી મેં કોઈ પ્રકારે તેને ઉત્તર આપ્યો નહીં એટલે તે પણ મારી પાસેથી ઉઠીને ચાલ્યો ગયો.

કમલાવતીનું નિર્ગમન

તેટલામાં સૂર્ય પણ અસ્તાચલ ઉપર ચાલ્યો ગયો. રાત્રીનો પ્રભાવ ખીલવા લાગ્યો. દિવસના શ્રમને લીધે સૈનિકો પણ નિદ્રાવશ થઇ ગયા.

બાદ હું એકલી જાગતી હતી અને જ્યારે સર્વ લોકો શાંત થઇ ગયા, ત્યારે મારા તે સર્વ અલંકાર લઈ હું ત્યાંથી આજુબાજુએ તપાસ કરતી નીકળી.

મારું શરીર ભયને લીધે બહુ કંપતુ હતું છતાં પણ ગુપ્ત ગતિ વડે પ્રાહરિક લોકોને છેતરીને કોઈ ન જાણે તેવી રીતે સૈન્યની હદ બહાર હું ચાલી ગઇ.

ત્યાર બાદ એક દિશાને ઉદ્દેશી ગાઢ વૃક્ષોથી વ્યાપ્ત એવા ભયંકર વનની અંદર હું ગમન કરવા લાગી,

અનેક પ્રકારના વ્યાઘ્રાદિક દુષ્ટ પ્રાણીઓના ભયંકર શબ્દો મને ત્રાસ આપવા લાગ્યા.

તેમજ પવનથી કંપતાં એવાં વૃક્ષોનાં પાંદડાંઓના સણસણાટ અવાજ, સિંહના દીર્ઘ અને ગંભીર ધ્વનિ સમાન ચારે તરફ સંભળાવા લાગ્યા, જેથી મારું શરીર બહુ ધ્રુજવા લાગ્યું.

ગાઢ અંધકારથી વ્યાપ્ત એવી તે રાત્રિને વિશે બહુ મોટાં અને પુષ્કળ એવાં ઘાસ વડે છવાઈ ગયેલી અને અતિવિષમ એવી જમીન ઉપર બહુ વેગથી હું ગમન કરતી હતી.

તેવામાં હે પ્રિયતમ ! બહુ પાપી જીવો ઘોર નરકમાં જેમ પડે છે, તેમ હું અજાણતાં આ કૂવામાં એકદમ પડી ગઇ ગંભીર જલની અંદર હું ડૂબી ગઇ, છતાં પણ દૈવયોગે હું મરી ગઈ નહીં, અને તે કૂવાની અંદર જલ ઉપર હું તરતી હતી, તેવામાં તે કૂવાના તટનો એક ભાગ મારા હાથમાં આવી ગયો, એટલે તેની એક બખોલમાં હું લપાઇ ગઈ.

હે નાથ ! મારા ઉપર આવું મરણસમાન દુઃખ

આવ્યું છતાં પણ મારા શીલવ્રતનું રક્ષણ થયું, તેથી બહુ સંતુષ્ટ થઇ અને સુરથના ભયમાંથી મુક્ત પણ થઇ. જેથી મારા આત્માને હું કૃતાર્થ માની ત્યાં એક દિવસ મેં નિર્ગમન કર્યો. બાદ ક્ષુધા મને બહુ પીડાવા લાગી, પરંતુ એવા અંધકૂવામાં કોઇની પણ સહાય મને કયાંથી આવી મળે? ઉપરા ઉપરી ઉપવાસો થવા લાગ્યા.

હે સ્વામિન્! મારું ધૈર્ય કયાં સુધી પહોંચી શકે? એમ કરતાં એ કૂવાની અંદર મને ચાર દિવસ થયા. ત્યાર પછી મેં જીવિતની આશા છોડી દીધી. શરણહીન એવી હું એકલી ત્યાં ઝુર્યા કરતી હતી.

તેટલામાં વળી આજે કોલાહલ કરતા સૈનિકોનો અવાજ મારા સાંભળવામાં આવ્યો, તે ઉપરથી મને શંકા થઇ કે; દુષ્ટ એવા તે સુરથનું આ સૈન્ય હશે અને તે મારી શોધ માટે અહીં આવ્યો હશે? એમ હું વિચાર કરવા લાગી.

બાદ હે પ્રિયતમ! એક તરફ મારી પીડાનો તો પાર નહોતો, તેમાં પણ તે દુષ્ટનું આગમન હું જાણી બહુ જ વ્યાકુલ થઇ ગઈ.

ત્યારબાદ કૂવાની અંદર ઉતરેલો આપનો પુરુષ મારા જોવામાં આવ્યો. તેને જોઇ હું અત્યંત ભયભીત થઈ ગઇ, તે પુરૂષે મને બહુ વાર પૂછયું. છતાં મેં તેને કંઈ પણ ઉત્તર આપ્યો નહીં.

ફરીથી પણ તેનો તેજ પુરૂષ કૂવામાં ઉતરીને મારી પાસે આવ્યો.

તેણે કહ્યું કે, મને શ્રી **અમરકેતુ** રાજાએ ખાસ તમારા માટે મોકલ્યો છે.

એમ તેના મુખથી આપનું નામ સાંભળી એકદમ મારી **સુરથ** સંબંધી શંકા દૂર થઇ ગઈ, અને મારા હૃદયમાં બહુજ આનંદ ભરાઇ ગયો.

ત્યારબાદ હે સ્વામિન ! આ કૂવામાંથી હું બહાર નીકળી.

આ પ્રમાણે શરણ વિનાની હું આપના વિરહમાં બહુ દુઃખી થઇ. જે દુઃખને સાંભળીને આજુબાજુના લોકો પણ રુદન કર્યા સિવાય રહે નહીં, એવું મેં ઘણું દુઃખ ભોગવ્યું.

એ પ્રમાણે **કમલાવતીનું** કહેવું સાંભળી શ્રી **અમરકેતુરાજા** બહુ ગળગળો થઈ ગયો. તેના નેત્રોમાંથી આંસુ વહેવા લાગ્યાં.

શ્રી અમરકેતુરાજા

બહુ શોકને લીધે મુખનો ચહેરો પણ બદલાઈ ગયો.

ત્યારબાદ તે બોલ્યો.

હે દેવિ ! આ બાબતમાં આપણે શું કરીએ ? પોતાના કર્મને વશ થયેલા પ્રાણીઓને આ સંસારમાં અનેક પ્રકારનાં દુઃસહ દુઃખ આવી પડે છે. તે ભોગવ્યા વિના છુટકો થતો નથી. કહ્યું છે,

કોઈ એક વાદીએ પોતાની આજીવિકા માટે સર્પને કરંડીયામાં પૂરી રાખેલો હતો, જેથી સર્પની સર્વ આશાઓ નષ્ટ થઇ હતી.

કરંડીયાની અંદર ગુંચળું વળાઈને તે બીચારો પડી રહ્યો હતો.

ક્ષુધા વડે ઇંદ્રિયો પણ છુપાઈ ગઈ હતી.

એમ દુર્દશા ભોગવતો તે સર્પ ક્ષુતાધુર થઇ પડી રહ્યો હતો, તેટલામાં રાત્રી પડી એટલે ઉંદર પોતાની મેળે જ પોતાના ભક્ષ્યની શોધ કરતો ત્યાં આવ્યો અને તે કરંડીઆને જોઇ બહુ ખુશી થયો.

એની અંદર કંઇક ખાવાનું હશે, એમ જાણી તે ઉંદર પોતાના મુખ વડે તે કરંડી આને કાપવા લાગ્યો. તેનો ખળભળાટ જાણી અંદર રહેલો સર્પ પણ મુખને બરોબર સાવધાન કરી તૈયાર થઈ ગયો.

ઉંદરના મનમાં તો એવો વિચાર હતો કે, ઝડપથી બાકું પાડીને અંદરનો લાભ હું લઇશ, પણ જ્યાં બાકું પાડીને તે દૃષ્ટિ કરે છે, તેટલામાં અંદર મુખ ફાડી રહેલા સર્પે તેને તરત જ કડી લીધો અને પોતાની ક્ષુધા નિવૃત્ત કરી અને તેજ માર્ગ વડે તે બહાર નીકળીને ચાલતો થયો.

માટે દરેક પ્રાણીઓએ સ્વસ્થ ચિત્તે રહેવું. કારણ કે, પ્રાણીઓના સુખ અથવા દુઃખમાં હેતુ ભૂત માત્ર દૈવ જ ગણાય.

જુઓ ! ઉંદરનો પ્રયાસ પોતાના સુખ માટે હતો, પરંતુ તે તેને બહુ દુઃખદાયક થઈ પડયો.

માટે હે સુંદરી ! સુખ કે દુઃખના વિષયમાં આપણો ઉપાય ચાલતો નથી.

વળી હે પ્રિયે ! દરેક પ્રાણીઓ પોતે કરેલા શુભ અથવા અશુભ કર્મને અનેક પ્રકારની યોનિઓમાં જન્મ ધારણ કરી પોતે એકલો જ ભોગવે છે.

તેવા દુઃખના સમયમાં માતા, પિતા, ભર્ત્તા કે બંધુ જન પૈકી કોઈ પણ શરણ થતું નથી.

હે સુંદરી ! રાગદ્વેષમાં પડી જે કંઈ અશુભકર્મ કર્યું હશે તેને લીધે આવા દુઃખની પરંપરા ભોગવવી પડી.

હે દેવી ! તને દુઃખ પડવામાં કંઈ જ બાકી રહ્યું નથી. છેવટ કુવામાં તું પડી તેમ છતાં પણ તારો સમાગમ થયો, તેથી હજુ હું મારા અપૂર્વ એવા કોઈ પણ મોટા પુણ્યનો ઉદય માનું છું.

પ્રતિકૂલ કરવામાં તત્પર થયેલા દૈવે એટલું સારૂં કર્યું કે; તારા શરીરે કોઈ પણ ઇજા ન થતાં તારો સમાગમ થયો.

એમ અનેક વચનો વડે **અમરકેતુરાજા** પોતાની સ્ત્રીને આશ્વાસન આપીને સૈન્ય સહિત ત્યાંથી નીકળ્યો.

અનુક્રમે **હસ્તિનાપુરમાં** તે પહોંચી ગયો.

નાગરિક લોકોએ રાજાનું આગમન જાણી બહુ પ્રમોદ સાથે પ્રવેશ મહોત્સવ કર્યો.

દરેક સ્થલે ધ્વજપતાકાઓથી દુકાનોની શ્રેણીઓ શોભાવવામાં આવી હતી.

અનેક પ્રકારનાં વાજીંત્રો વાગવા લાગ્યાં.

નર અને નારીઓના સમુદાય આનંદપૂર્વક સ્તુતિ કરવા લાગ્યા.

કમલાવતી અને **અમરકેતુરાજા** બંને જણ દીનાદિક યાચકોને દાન આપવા લાગ્યાં.

દરેક ઠેકાણે માંગલિક ઉપચારો કરવામાં આવ્યા.

નાગરિકજનોનાં હૃદય આનંદથી ઉભરાઇ જવા લાગ્યાં.

એમ અનેક પ્રકારના વૈભવને વિસ્તારતો **શ્રી અમર-કેતુ** રાજા સમર્થ એવા સુભટોની સવારી સહિત પોતાના રાજમંદિરમાં ગયો.

બાદ **કમલાવતી** રાણીની સાથે નિવાસ કરતાં તે **અમરકેતુ** રાજાનાં સેંકડો હજાર વર્ષ સુખ સમાધિમાં વ્યતીત થયાં.

સમંતભદ્ર

ત્યારપછી એક દિવસે **અમરકેતુરાજા** સભામાં બેઠો હતો. તે સમયે દ્વારપાલની પ્રેરણાથી પોતાના ઉદ્યાનમાં નિયુક્ત કરેલો **સમંતભદ્ર** નામે એક સેવક ત્યાં આવ્યો અને તે રાજાના ચરણકમલમાં પ્રણામ કરી મસ્તકે હાથ જોડી આનંદ પૂર્વક બોલ્યો.

હે સ્વામિન્ ! **સુમતિ** નૈમિત્તિકનું વચન સાંભળી આપે મને **સુકુમાકર** ઉદ્યાનના રક્ષણ માટે પ્રથમ મૂકયો હતો. તેનો ત્રણે કાલમાં હંમેશાં તપાસ કરતાં આટલો

સમય મારો વૃથા ગયો; કારણ કે; તે નૈમિત્તિકે કહેલું કંઈ પણ આજ સુધી મારા જાવામાં આવ્યું નહીં.

પરંતુ આજે રાત્રીના છેવટના ભાગમાં ઉદ્યાનની અંદર હું તપાસ કરવા નીકળ્યો હતો; આકાશ તરફ દૃષ્ટિ કરી હું ઉદ્યાનના મધ્ય ભાગમાં પુષ્પોથી સુગંધવાળા વૃક્ષોના સમૂહને ચારે તરફ જોતો હતો;

તેવામાં ત્યાં એક દિશા તરફ બહુ વેલીઓથી છવાઇ ગયેલા વૃક્ષોની આડીમાં એક મોટો ધબાકાનો શબ્દ મારા સાંભળવામાં આવ્યો.

જેના ત્રાસથી હંસના ટોળાં આકુલ વ્યાકુલ થઈ ગયાં.

પોત પોતાના માળામાં બેસી રહેલાં પક્ષીઓ ચોતરફ ઉડવા લાગ્યાં.

નજીકમાં રહેલા પ્રાણીઓના કાન પણ બહેરાશ મારવા લાગ્યા,

એવા તે આશ્ચર્યકારક શબ્દોને સાંભળી મારાં નેત્ર વિસ્મય વડે ખુલ્લાં થઇ ગયાં, બાદ તે તરફ દૃષ્ટિ કરી હું વિચાર કરવા લાગ્યો.

અરે! આ શું થયું? વળી આ વનનિકુંજમાં આવો પ્રચંડ શબ્દ શાથી થયો હશે?

એમ વિચાર કરી હું તે તરફ ચાલ્યો.

તેટલામાં ત્યાં, હે નરેન્દ્ર ! બકુલ વૃક્ષની પાસમાં ભૂમિ ઉપર પડેલી,

મૂર્છા વડે મીચાઇ ગયાં છે નેત્રો જેનાં,

રૂપ વડે દેવાંગનાનો તિરસ્કાર કરતી,

નવીન યૌવન વડે અદ્ભુત સૌંદર્યને ધારણ કરતી, મનોહર છે સમગ્ર શરીરના અવયવો જેના,

એવી એક ઉત્તમ બાલિકા,

પદ્માસન ઉપરથી પડી ગયેલી લક્ષ્મી હોયને શું ? તેમ મારા જોવામાં આવી.

જરૂર આકાશમાંથી પૃથ્વી પર પડતી એવી આ યુવતીનો અકસ્માત્ આ પ્રતિધ્વનિ થયેલો છે. આવી દિવ્યરૂપાળી યુવતીરત્નની વિબુધજનોએ શોચવા લાયક એવી આ દુરવસ્થા શાથી થઈ હશે ?

હા ! દૈવનો વિલાસ વિચિત્ર હોય છે.

એમ વિચાર કરતો હું શીતલ જલના બિંદુઓ વડે તેનું શરીર સિંચવા લાગ્યો. તેમજ મંદ મંદ પવન નાખીને તેણીને મેં સ્વસ્થ કરી.

ત્યાર બાદ તે યુવતી પોતાના ટોળામાંથી વિખુટી પડેલી મૃગલીની માફક ચલદૃષ્ટિએ દિશાઓને અવલોકવા લાગી.

ત્યાર બાદ મેં મધુર વાણીથી કહ્યું.

હે સુતનુ ! તું શા માટે બીએ છે ?

હે ભદ્ર ! હવે તારે કિંચિત્ માત્ર ભય રાખવો નહીં.

મને તું પિતા સમાન સમજી લે.

તું કોણ છે ? અહીંયાં તું કયાંથી પડી છે ? નિર્ભય થઈ તું મને સર્વ હકીકત નિવેદન કર.

વળી હે સુતનુ ! તું સ્વર્ગલોકમાંથી પડી ?

અથવા શાપથી હણાયેલી તું દેવાંગના છે ?

અથવા વિદ્યાથી ભ્રષ્ટ થયેલી કોઈ વિદ્યાધરની પુત્રી છે ?

અથવા તારા રૂપના અવલોકન વડે અપહરણ કરવાની બુદ્ધિવાળા કોઇપણ આકાશમાં ગમન કરતા વિદ્યાધરના હાથમાંથી તું પડી ગઈ છે ?

હે સુતનુ ! સત્ય હકીકત તું મારી આગળ પ્રગટ કર;

હે ભદ્ર ! આ ઉદ્યાનમાં તું નિરાધાર નભસ્તલમાંથી શા માટે પડી ?

એ પ્રમાણે મેં તેને બહુ આગ્રહ કરી પૂછયું; ત્યારે તેણે મને કંઈપણ ઉત્તર આપ્યા સિવાય બહુ શોકને સૂચવનાર એવા અશ્રુજલને મૂકવાનો પ્રારંભ કર્યો.

ત્યાર પછી તેવા પ્રકારની તેની સ્થિત જોઈ મેં વિચાર કર્યો.

પ્રથમ જે સુમતિ નૈમિત્તિકે કહ્યું હતું, તે પ્રમાણે આ થયેલું છે.

જેમ કે કુસુમાકર ઉદ્યાનમાં આકાશમાંથી જ્યારે કન્યા પડશે, ત્યારે એકદમ પુત્રની સાથે તારો સમાગમ થશે. માટે અહીં આ બીચારીને પુછવાનું કંઈ કારણ નથી.

હવે રાજાની પાસે જઈને આ સર્વ હકીકત તેમને સંભળાવું.

એમ વિચાર કરી તે બાલાને મધુર વચનો વડે શાંત કરીને પોતાને ત્યાં પોતાની સ્ત્રીની પાસે તેને હું મૂકી આવ્યો. અને સર્વ પરિવારને તેણીની શરીર સંવાહનાદિક સેવામાં જોડીને હું આપની પાસે આવ્યો છું.

એ પ્રમાણે **સમંતભદ્રનું** વચન સાંભળી વિસ્મિત થયેલો રાજા બોલ્યો.

હે સભાજનો ! જુઓ ! **સુમતિ** નૈમિત્તિકનું વચન બરોબર સત્ય છે.

હવે મને જલદી પુત્રનું દર્શન થશે.

માટે હે **સમંતભદ્ર** ! તે બાલિકાને જલદી તું અહીં લાવ. જેણીના પ્રભાવ વડે પોતાના પુત્રનું મને દર્શન થશે. હવે તું વિલંબ કરીશ નહીં.

સુરસુંદરીનું આગમન.

એ પ્રમાણે રાજાની આજ્ઞા થઈ કે; તરત જ **સમંતભદ્ર** પોતાના મકાનમાં ગયો અને તે બાલાને લઈ જલદી પાછો ત્યાં આવી ગયો.

દેવાંગનાના રૂપ અને સૌંદર્યને તિરસ્કાર કરતી એવી તે બાલાના શરીરનું લાવણ્ય જોઈ રાજાએ વિચાર કર્યો,

આ બાલાની આકૃતિ ઉત્તમ કુલીનતાને સૂચવે છે. હૃદયમાં રહેલા અતિશોક વડે શોષાઇ ગયું છે ગૌરકાંતિમય મુખ જેનું અને ઉચિત આસન ઉપર બેઠેલી એવી તે બાલાને શ્રી અમરકેતુ રાજાને પૂછયું.

હે વત્સે! શોકનો ત્યાગ કર,ભયને છોડી દે, મને પિતા સમાન સમજીને તું સર્વ હકીકત સુખેથી નિવેદન કર

કયા નગરમાં તારો જન્મ થયો છે?

તું કોની પુત્રી છે?

તું અહીં કયાંથી અવી છે? અને નભસ્તલમાંથી અહીં મારા ઉદ્યાનમાં કેવી રીતે તું પડી?

એ સર્વ વૃત્તાંત સવિસ્તર તું નિવેદન કર.

એ પ્રમાણે રાજાના કહેવાથી બહુભય વડે પીડાયેલી અને અત્યંત શોકમાં ગરકાવ થયેલી તે બાલાએ માટો નિઃશ્વાસ મૂકયો પરંતુ કંઇપણ બોલી શકી નહીં.

ત્યાર બાદ ફરીથી રાજાએ પૂછયું, એટલે બહુકષ્ટથી તે બોલી. હે તાત! બહુ દુઃખમય એવું મારૂં વૃત્તાંત કહેવાને માટે હું શક્તિમાન્ નથી. તો પણ પિતાની આજ્ઞા મારે માનવી જોઇએ, તેથી હું કહું છું.

સુરસુંદરીનું વૃત્તાંત.

જંબૂદ્વીપમાં ભરતક્ષેત્ર છે, તેમાં સુપ્રસિદ્ધ કુશાગ્રપુર નામે નગર છે. તેમાં નરવાહન નામે રાજા છે.

રત્નવતી નામે તેની સ્ત્રી છે.

હે તાત ! **સુરસુંદરી** નામે તેણીની હું પુત્રી છું.

પૂર્વનાં દુર્વિહિત એવાં કર્મોના વિપાકને લીધે કોઇક પિશાચરૂપ દુષ્ટ વૈરીએ મારૂં હરણ કર્યું.

એટલું કહ્યું કે; તરત જ બહુ શોકથી ઉત્પન્ન થયેલા સંતાપવડે તેણીનું હૃદય બળવા લાગ્યું અને સ્થૂલ અશ્રુને ધારણ કરતી તે બાલા અત્યંત રૂદન કરવા લાગી.

એટલામાં રાજાના અર્ધાસને બેઠેલી **કમલાવતી** દેવીએ તે રુદન કરતી બાલાને પોતાના ખોળામાં લઇ લીધી અને તેણીએ કહ્યું.

હે વત્સે ! રુદન કરીશ નહીં. આ કંઇ દ્વીપાંતર નથી.

હે સુતનુ ! આ **હસ્તીનાપુર** નગર છે;

આ **અમરકેતુરાજા** છે.

હું પણ **કમલાવતી** તેમની સ્ત્રી છું.

તારા પિતા મારા સહોદર છે.

હે વત્સે ! તને પણ અમે નામ વડે પ્રથમ સાંભળેલી છે.

વળી હે **સુરસુંદરી** ! બહુ કાર્યોને લીધે **કુશાગ્ર-નગર**માંથી જે લોકો અહીં આવતા હતા, તે સર્વે તારા ગુણસમુદાયને મારી આગળ કહેતા હતા.

સુરસુંદરીનું રૂપ બહુ અદ્‌ભુત છે તેમજ તે દયા અને દક્ષિણ્યાદિ ગુણોનું એક સ્થાન છે.

વળી સર્વ કલાઓમાં તે બહુ પ્રવીણ છે.

પોતાના પિતાને તે અત્યંત પ્રિય છે.

એમ કેટલાક તારા ગુણાનુવાદ અમારાં સાંભળવામાં આવેલા છે.

હે વત્સે! હવે તું શોક કરીશ નહીં. આ પણ તારા પિતાનું જ ઘર છે.

માટે શાંત ચિત્તે પોતાના ઘરની માફક જાણી પોતાની ઇચ્છા પ્રમાણે તું અહીંયાં આનંદ કર.

નાના પ્રકારની ક્રીડાંઓ વડે દિવસો સુખેથી નિર્ગમન કર.

અહીં કોઇ પ્રકારની તારે ચિંતા કરવી નહીં.

એમ અનેક પ્રકારનાં મધુર વચનો વડે તેને આશ્વાસન આપ્યા બાદ, પોતાના ઓઢવાના વસ્ત્ર વડે અશ્રુજલથી ભીંજાઈ ગયેલા ગંડસ્થલવાળા તેણીના મુખને લુછી નાખીને, જલવડે શુદ્ધ કરાવીને, પશ્ચાત્ કમલાવતી તેને પોતાના મ્હેલમાં લઇ ગઇ. ત્યાં પણ તે બાલા બહુ શોકાતુર થઇ ઉદ્વિગ્નની માફક રહ્યા કરે છે.

ક્ષણમાં મોટા નિઃશ્વાસ મૂકે છે.
ક્ષણમાં અશ્રુજલ વહેવરાવે છે.
ક્ષણમાં મૂર્છિત થાય છે.
ક્ષણમાં પોતાના આત્માને છુપાવી દે છે.
ક્ષણમાં વિલાપ કરે છે.
ક્ષણમાં હાસ્ય કરે છે.

ક્ષણમાં રૂદન કરવા લાગી જાય છે.
ક્ષણમાં મૂક થઈ બેસી રહે છે.

એમ આક્રંદ કરવાથી અતિશય ચિંતાના ભાર વડે ઘેરાઇ ગયું છે હૃદય જેણીનું, એવી તે બાલા દિવસે દિવસે ક્ષીણ થવા લાગી.

કમલાવતીનો પ્રબોધ.

નિરાનંદ એવી તે બાલાને જઇ કમલાવતી વિચાર કરવા લાગી.

આ સર્વ પરિવાર પણ એણીની આજ્ઞામાં હાજર રહે છે, તેમજ બહુ સ્નેહાલુ અને સમાનવયની આ સર્વ રાજકન્યાઓ નાના પ્રકારની ચેષ્ટાઓ વડે એને હંમેશાં વિનોદ કરાવે છે, છતાં પણ એને આનંદ પડતો નથી અને પ્રતિ દિવસે સુકાતી જાય છે.

એને એવી શી ચિંતા હશે ? કે જેથી આ બાલા દિવસે દિવસે ક્ષીણ થાય છે. જો તે પોતાના માતા પિતાને સંભારતી હોય તો મને કહ્યા વિના કેમ રહે ?

તેમજ કામવિકારના સરખા કોઈ તેવા વિકાર પણ એનામાં જણાતા નથી. જો તે એકાંતનું સેવન કરે,

ભિન્ન ભિન્ન ચક્રોને એકસરખાં ગોઠવી મૂકે;

પ્રિયાના સંગમવાળી વાર્ત્તાઓને શ્રવણ કરવામાં તલ્લીન થાય; તો હું જાણું કે; એવી ચેષ્ટાઓવડે એનામાં

પ્રેમગ્રહ વિલાસ કરે છે; અને જો તે પોતાનું યથાસ્થિત વૃત્તાંત મને જણાવે, તો એની પ્રાપ્તિમાં કોઈ ઉપાય પણ જરૂર મળી આવે.

પરંતુ બહુ પુછવા છતાં પણ આ બાલા પોતાનો ઇચ્છીત અર્થ બીલકુલ મને જણાવતી નથી,

હવે મારે શું કરવું ? કામનો સ્વભાવ વિપરીત હોય છે. વાર્તા કરવાથી તે છુપાઈ જાય છે. અર્થાત્ પ્રગટ થતો નથી. ચતુર એવી માનસિક ચેષ્ટાઓવડે ગોપવી રાખેલો પણ કામવિકાર જણાઈ આવે છે; એમ છતાંપણ હું કોઈપણ ઉપાયવડે એણીના મનોગત ભાવની તપાસ તો કરૂં ?

એમ વિચાર કરી કમલાવતીએ હંસિકાનામે પોતાની દાસીને આજ્ઞા કરી.

હે હંસિકે ! સુરસુંદરીના ઉદ્વેગનું કારણ શું છે ? તેનો તું કોઈપણ ઉપાયથી તપાસ કર. તે તારા સમાન વયની છે; માટે પોતાનો માનસિક વિચાર તને કહ્યા વિના રહેશે નહીં.

બાદ હંસિકા બોલી.

હે સ્વામીની ! આપની આજ્ઞામાં હું હાજર છું;

એમ કહી તે હંસિકા તરત જ ત્યાં ગઇ અને એકાંતમાં બેઠેલી સુરસુંદરીની પાસે બેસીને તે વાર્તાઓ વડે વિનોદ કરવા લાગી. સ્નેહસૂચક એવાં કેટલાંક વચન

બોલી તેણીએ પોતાનો સદ્‌ભાવ જણાવ્યો. ત્યારપછી સુર-સુંદરીનો એણી ઉપર સારો વિશ્વાસ બેઠો.

પછી હંસિકાએ સુરસુંરીને કહ્યું;

હે સખી ! તારૂં ચરિત્ર સાંભળવાની મને બહુ ઉત્કંઠા છે. માટે મારી આગળ તારી સર્વ હકીકત તું પ્રગટ કર. તારૂં અપહરણ કોણે કર્યું ? અને તે શા માટે કરવું પડયું ? તેમજ તને જે કંઇ અનુભવ થયો હોય તે મને નિવેદન કર.

સુરસુંદરીપ્રકાશ

એ પ્રમાણે હંસિકાનું વચન સાંભળી સુરસુંદરી બોલી.

હે સખી ! આ પ્રમાણે તાતે પણ મને પૂછયું હતું અને મારૂં વૃત્તાંત તેમને સાંભળવાની બહુ ઇચ્છા હતી, પરંતુ લજ્જાને લીધે હું તેમની આગળ કંઈ બોલી શકી નહોતી.

વળી હે સખી ! મારૂં ચરિત્ર એવું છે;

તેને સાંભળીને નજીક લોકો પણ બહુ દુઃખી થાય તેમ છે. માટે મને પણ અતિ દુઃખકારક એવું તે વૃત્તાંત કહેવું ઉચિત લાગતું નથી.

છતાં પણ હે સખી ! બહુ કુતુહલવડે તેં મને પૂછયું છે, તેથી હું તને કહું છું, તે તું એકાગ્રમન કરી શ્રવણ કર.

કુશાગ્રપુરનગર

ભૂલોકને વિષે પ્રસિદ્ધ છે કીર્તિ જેની,

તેમજ ઉત્તમ વેગવાળા અપ્રતિમ અશ્વો જેની અંદર રહેલા છે,

બહુ વેગથી ચાલતા ઘોડાઓના પ્રચંડ પાદ પ્રહાર-વડે ઉડતા રજઃકણોને લીધે પુરાઈ ગયો છે આકાશ માર્ગ જેનો,

આકાશમાં ચાલતા પવનને લીધે હાલતી એવી ધ્વજપતાકાઓવડે વિભૂષિત છે દેવાલયો જેનાં,

વળી તે દેવાલયોમાં ગંભીર વાગતાં વાજીંત્રોના નાદ વડે પૂર્ણ છે દિગ્વિભાગ જેના,

દરેક દિશાઓમાં બહુ ધનાઢય એવા શેઠીયાઓના સેંકડો સમુદાય જેની અંદર વેપાર કરી રહ્યા છે.

વાણીજ્ય કલામાં કુશલ અને શ્રેષ્ઠ એવા વણિક્-જનોથી વિભૂષિત,

રમણી જનોના વાગતા એવા ઉત્તમ ઝાંઝરોના નાદ વડે શ્રવણેંદ્રિયને બધિર કરતું,

વિપરીત એવી મૈથુન ક્રીડામાં નિપુણ એવી વિલા-સિનીજનો વડે પરિપૂર્ણ,

પુણ્યવડે ઉત્કૃષ્ટ સ્થિતિના લોકો જેની અંદર નિવાસ કરે છે,

હજારો શ્રેષ્ઠિઓ વડે નિરંતર સુશોભિત,

પ્રમાણમાં બહુ વિશાલ,

રસાતલને પ્રાપ્ત થયેલી પરિખા (ખાઇ)વાળા કિલ્લા-વડે વિભૂષિત,

ત્રિક અને ચતુષ્ક–ચૌટાઓની સુંદર શોભા છે જેને વિષે,

પરાક્રમના ગર્વથી ઉત્કૃષ્ટ સેંકડો સુભટો વડે વ્યાપ્ત

તેમજ દેવપુરીની રમણીયતાને અનુસરતું **કુશાગ્રપુર** નામે નગર છે.

નરવાહનરાજા

વળી તે નગરમાં અત્યંત પરાક્રમ વડે નિર્મૂલ કર્યા છે મહા પ્રતાપવાળા શત્રુઓ જેણે, એવો સુપ્રસિદ્ધ **નર-વાહન** નામે રાજા રાજ્ય કરે છે.

હવે વૈતાઢય પર્વતમાં **કુંજરાવર્ત્ત** નગરમાં **ચિત્ર ભાનુ** વિદ્યાધર છે. તેનો પુત્ર **ભાનુવેગ** છે. તેની સાથે **નરવાહન** રાજાની કોઇપણ કારણને લીધે બાલવયમાંથી જ ગાઢ પ્રીતિ બંધાણી.

ત્યારપછી તે **નરવાહન** રાજાએ એકબીજાની પ્રીતિને સ્થિર કરવા માટે **રત્નવતી** નામે પોતાની બહેન તે **ભાનુવેગને** આપી.

બાદ તે **રત્નવતી** તે રાજાના સમસ્ત અંતઃપુરમાં મુખ્ય થઇ, તેમજ તે **રાજાને** પણ બહુ પ્રિય થઈ પડી.

બાદ તેણીની સાથે વિષયસુખને અનુભવતા તે **ભાનુવેગને** કેટલાક સમયે એક પુત્રી થઇ. મારા જન્મ-

સમયે મારા પિતાએ પુત્રના જન્મથી પણ અધિક એવો મહોત્સવ આખા નગરમાં કરાવ્યો.

જન્મકાળને બાર દિવસ થયા ત્યારે આ બાલા રૂપમાં દેવાંગના સમાન છે, એમ વિચાર કરી મારા પિતાએ ઉચિત સમયે **સુરસુંદરી** એવું મારૂં નામ પાડયું.

અનુક્રમે હું વૃદ્ધિ પામવા લાગી. કુમારભાવને છોડીને યુવાન અવસ્થામાં હું લગભગ આવી પહોંચી.

યુવતિજનને લાયક એવી કલાઓનો અભ્યાસ મેં શરૂ કર્યો. અનુક્રમે તે કલાઓમાં મેં નિપૂણતા મેળવી.

તેમજ વૃત્ત, નાટય, ગીત, પત્રચ્છેદ્ય, હસ્તકાંડ, વીણાસ્વર, લક્ષણ, વ્યંજન, વ્યાકરણ અને ન્યાયશાસ્ત્રમાં હું વિચક્ષણ થઈ,

બુદ્ધિમાં બૃહસ્પતિ સમાન હું ગણાવા લાગી.

શ્લોકની અંદરનું એક પદ પ્રાપ્ત થાય તો તે ઉપરથી હું બાકીનાં સર્વપદ પૂરણ કરી શકું, એટલી મારી શક્તિ સ્ફુરવા લાગી.

મારાં માતા પિતા તેમજ મારો પરિજન મને જોઈ બહુ આનંદ પામવા લાગ્યાં. હું પણ નવીન યૌવન અવસ્થામાં આવી પહોંચી.

તાત ચિંતા

નવીન યૌવનને શોભાવતી એવી મને જોઈ મારા પિતા બહુ ચિંતા કરવા લાગ્યા. મારી પુત્રીનો ઉચિત ભર્ત્તા કોણ થશે?

જો કે ગુણવાન્ હોય તો તેજસ્વી ન હોય અથવા તેજસ્વી હોય તો ભાગ્યવાન્ ન હોય; એમ દરેક ગુણોથી સંપન્ન એવો ભર્ત્તા મળવો તે પણ કન્યાનું પૂર્ણભાગ્ય હોય તો જ આ દુનિયામાં તેને મળી શકે છે.

અન્યદા રાજા પોતે રાજસભાની અંદર બેઠા હતા. તેવામાં ત્યાં **સુમતિ** નામે એક નૈમિત્તિક આવ્યો.

રાજાએ તેને પૂછયું.

હે ભદ્ર ! મારી કન્યાનો ભર્ત્તા કોણ થશે ? તે સાંભળી નૈમિત્તિક બોલ્યો.

હે નરેંદ્ર ! વિદ્યાધરોનો ચક્રવર્ત્તી રાજા આ કન્યાનો ભર્ત્તા થશે અને તેના સમગ્ર અંતઃપુરમાં આ કન્યા ખાસ પટ્ટરાણી થશે, એટલું જ નહીં, પરંતુ પોતાના પતિને બહુ જ પ્રીતિદાયક થશે.

એ પ્રમાણે તેનું વચન સાંભળી મારા પિતા પોતાના હૃદયમાં ઘણો આનંદ પામ્યા અને **સુમતિ** નૈમિત્તિકને બહુ દ્રવ્ય આપીને પોતાના સ્થાનમાં તેને વિદાય કર્યો.

રત્નસંચયનગર

એક દિવસ અનેક પ્રકારની દાસીઓને સાથે લઇ હું પોતાની સખીઓ સહિત નગરની બહાર ઉદ્યાનમાં ગઈ હતી.

ત્યાં વિવિધ પ્રકારની ક્રીડા કરતાં કરતાં મેં એકાંત સ્થાનમાં રહેલી નવયૌવનથી વિભૂષિત એવી એક વિદ્યાધરની કન્યા જોઇ.

તે વિદ્યાધરની કન્યા પોતાના હૃદયમાં કંઈક મંત્રનો જાપ કરી આકાશમાં ઉડવા માટે ભુજાઓ ઉંચી કરીને ઉછળવા લાગી, પરંતુ તે ઉડી શકી નહી અને પૃથ્વી ઉપર પડી ગઈ.

એ પ્રમાણે તેની ચેષ્ટા જોઈ મને બહુ આશ્ચર્ય થયું. અને તરત જ હું તેણીની પાસે ગઈ. પછી મેં કહ્યું

હે સુંદરી ! તું કોણ છે ? અને આ શું કરે છે ? તેણીએ કહ્યું;

હે ભદ્રે ! મારૂં વૃત્તાંત તું સાંભળ.

વૈતાઢય પર્વતમાં દક્ષિણ શ્રેણી છે. તેની અંદર **રત્નસંચય** નામે ઉત્તમ નગર છે. તેમાં વિદ્યાધરોનો ચક્રવર્ત્તી **ચિત્રવેગ** નામે રાજા છે. વળી

કુંજરાવર્ત્ત નામે નગરમાં સુપ્રસિદ્ધ **ભાનુવેગ** નામે રાજા છે. તેને બે સગી બહેનો છે. તેઓ તેને બહુ જ પ્રિય છે. એકનું નામ **બંધુદત્તા** અને બીજીનું નામ **રત્નવતી** છે.

વળી તે **બંધુદત્તા** હે સુતનુ ! **ચિત્રવેગ**રાજાની સાથે પરણેલી છે. તેની હું કન્યા છું; અને મારૂં નામ **પ્રિયવંદા** છે.

તેમજ મારા પિતાને **કનકમાલા** નામે બીજી પણ એક મુખ્ય રાણી છે, તેનો **મકરકેતુ** નામે એક પુત્ર છે.

તે મને બહુ જ પ્રિય છે. નિમેષ માત્ર પણ તેના વિયોગને હું સહન કરી શકતી નથી.

વળી હાલમાં મારા પિતાએ તેને વિદ્યાઓ આપેલી છે. તેને સાધવા માટે તે **મકરકેતુ** એકાંત સ્થલમાં પવિત્ર ક્ષેત્રમાં ગયેલો છે અને ત્યાં રહીને તે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે વિદ્યાઓને સાધે છે, ત્યાં તેને વિદ્યા સાધતાં હાલમાં બીજો માસ ચાલે છે.

તેના વિયોગને લીધે હું પણ બહુ વ્યાકુલ થઈ ત્યાં રહેવાને ગઇ, જેથી અશક્ત બની ગઈ. તેથી પિતાની આજ્ઞા લઇ તેના દર્શન માટે હું ત્યાંથી નીકળી છું, પરંતુ માર્ગના પરિશ્રમથી હું થાકી ગઈ. જેથી અહીં આ ઉદ્યાનમાં નીચે ઉતરી ક્ષણ માત્ર વિશ્રાંતિ લઇ ફરીથી આકાશ માર્ગે ચાલવા માટે વિદ્યાનું મેં સ્મરણ કર્યું પરંતુ નવીન અભ્યાસને લીધે તે વિદ્યાનું એક પદ હું ભૂલી ગઈ છું. તેને બહુ સંભારું છું, પણ તે સાંભરતું નથી.

હવે હું આકાશમાં કેવી રીતે ઉડી શકું ? માત્ર આ મારા દુષ્કૃતનો જ ઉદય છે. અન્યથા આવી આપત્તિમાં હું આવી પડું નહીં. શાસ્ત્રમાં કહ્યું છે

'એક માસની અંદર ચંદ્રની પૂર્ણતા માત્ર એક જ દિવસ હોય છે, બાકી ઘણા દિવસ ક્ષીણતા ભોગવે છે;

અહો ! દેવતાઓને પણ સુખ કરતાં દુઃખ અધિક ભોગવવું પડે છે, પછી તો મનુષ્યોની તો વાત જ કરવી ?'

'ભણ્યેા ભૂલે અને તારુ ફ્ળે' એમાં કંઇ નવાઈ જેવી વાત નથી.

માટે હે સુતનુ! એમાં કંઇ શેાક કરવા જેવું નથી.

વળી હે સુભગે! જે તેં મને પૂછ્યું તેનેા ઉત્તર મેં તને કહ્યો.

હવે વિદ્યારૂપી વ્રતનેા ભંગ થયેા છે, તે મારા સ્થાનમાં મારે કેવી રીતે જવું?

હે મૃગાક્ષિ? તે વિદ્યાનું બહુ બહુ હું સ્મરણ કરું છું; પરંતુ તે વિસ્મરણ થયેલું પદ મને યાદ આવતું નથી. માટે બહુ ગભરાઇ ગઇ છું.

આ પ્રમાણે પ્રિયંવદાનું વચન સાંભળી હું બેાલી.

હે સુભગે! તે વિદ્યાનેા બીજાની આગળ કહી શકાય એવેા જો કલ્પ હેાય તેા તું મારી આગળ તે મંત્ર બેાલ.

પ્રિયંવદા બેાલી, તે બેાલવામાં કેાઇ પણ પ્રકારનેા દેાષ નથી.

પછી મેં કહ્યું. જો એમ હેાય તેા તે મંત્ર તું બેાલ. કદાચિત્ તેનું પદ મને સાંભરી આવે તેા ઠીક છે.

એ પ્રમાણે મારૂં વચન સાંભળી તેણીએ કહ્યું, એમ કરવાથી આપણને બંનેને સમાન લાભ છે, એમ કહીને મારી પાસે આવી મારા કાનમાં ધીમે ધીમે કેાઈ ન સાંભળે તેવી રીતે પેાતાની વિદ્યાનેા પાઠ તે બેાલી ગઈ.

તે મંત્ર સાંભળીને વિચાર કરતાં તરત જ તે મંત્રનું જે પદ તે ભૂલી ગઈ હતી, તે પદ મને સાંભરી આવ્યું.

પછી તે પદ્ય મેં તેને કહી સંભળાવ્યું, એટલે તેણીએ કહ્યું, બરોબર આ પદ્ય તેનું છે. એમ કહી તેણીનું મુખ કમલ બહુ પ્રફુલ્લ થઇ ગયું અને ફરીથી તે બોલી,

હે ભદ્રે ! આ પદ્ય તમને સાંભરી આવ્યું, તે બહુ જ સારૂં થયું અને આજથી હવે તમે મારી ગુરૂણી છો; એમ કહી **પ્રિયંવદા** તેણીના ચરણમાં પડી. કારણ કે, જેણીએ અપૂર્વ એવી વિદ્યાનું દાન આપ્યું.

ત્યાર પછી **પ્રિયંવદા** બોલી. હે પ્રિય સખી ! તમારૂં નામ શું છે ? તે મને કહો. વળી આ નગરની અંદર કયા ભાગ્યશાળીને ત્યાં તમારો જન્મ થયો છે ?

આ પ્રમાણે **પ્રિયંવદાનું** વચન સાંભળી મારી એક સખી બોલી.

હે ભદ્રે ! **નરવાહનરાજાની રત્નવતી**દેવીની કુક્ષિથી **સુરસુંદરી** નામે આ કન્યા ઉત્પન્ન થઇ છે.

હે ભદ્રે ! અતિ આશ્ચર્યકારક અનેક ગુણો જેની અંદર વિલાસ કરી રહ્યા છે અને સમગ્ર લોકમાં વિખ્યાત એવી આ **સુરસુંદરી** કન્યાને તું વિદ્યાધરની પુત્રી છતાં કેમ નથી જાણતી.

એ પ્રમાણે તેણીનું વચન સાંભળી હર્ષનાં આંસુથી વ્યાપ્ત થયાં છે નેત્રો જેનાં, એવી તે **પ્રિયંવદા** મારા કંઠને આલિંગન કરી કહેવા લાગી;

મારી માતાએ પ્રથમ મને કહ્યું હતું કે, મારી નાની બહેનને મારા ભાઇએ ભૂચર માત્રના અધિપતિ એવા ભાનુવેગ રાજાને આપેલી છે. માટે હે ચંદ્રમુખી! તું તો મારી માસીની દીકરી બહેન થાય છે; એમ કહી તેણીએ મારો બહુ સત્કાર કર્યો.

ત્યાર પછી મેં તેને કહ્યું.

હે બહેન! આજે અમારે ઘેર તું ચાલ. બંધુજનને વત્સલ એવી મારી માતાનું તું દર્શન કર.

પ્રિયંવદા

સુરસુંદરીનું બહુ આગ્રહ ભરેલું વચન સાંભળી **પ્રિયંવદા** બોલી.

હે બહેન! અત્યારે મારાથી અવાય તેમ નથી. ખાસ કારણને લીધે હાલમાં હું મારા ભાઇની પાસે જાઉં છું અને વળતી વખતે જરૂર હું માસીને મળીશ; માટે અત્યારે તે સંબંધી ઘણો આગ્રહ તમે મને કરશો નહીં. કારણ કે; ભાઇની પાસે ગયા સિવાય કોઇપણ રીતે મારા ચિત્તની શાંતિ થાય તેમ નથી.

એ પ્રમાણે તેણીનું વચન સાંભળી મેં કહ્યું.

ઠીક છે, જેમ તારી ઇચ્છા હોય તેમ કર. પરંતુ મારે એક બાબત તને પૂછવાની છે, તેનો તું જવાબ આપ.

પછી તેણીએ મને કહ્યું કે; સુખેથી તમારે જે પુછવું હોય તે પુછો, તમને ખુલાસો આપવા હું તૈયાર છું.

મેં તેને કહ્યું હે ભદ્રે ! આ તારા પડખામાં ગોપવી રાખેલા ચિત્રપટમાં કોની છબી ચિત્રેલી છે ? તે જોવા માટે મારા હૃદયમાં મોટું આશ્ચર્ય થયું છે. માટે હે ભગિની ! તે ચિત્ર મને દેખાડવા લાયક હોય તો તું બતાવ.

તે સાંભળી પ્રફુલ્લ થયું છે મુખ કમલ જેનું, એવી તે પ્રિયંવદાએ ચિત્રપટ ખુલ્લો કરી મને બતાવ્યો. અને તેણીએ કહ્યું, આ ચિત્રપટ મેં મારા હાથે ચિત્રેલો છે.

સુરસુંદરીની મૂર્છા.

અદ્‌ભુત એવા તે ચિત્રપટમાં લખેલા કામદેવ સમાન સુંદર અંગવાળા યુવાનની આકૃતિ જોઇને અમૃતથી સિંચાયેલીની માફક અતિ પ્રફુલ્લ હું થઈ ગઇ; તેમજ મારા હૃદયમાં આનંદનો તો પાર જ રહ્યો નહીં.

ઘણા સમયનો પરિચયવાળો હોયને શું ? તેમ તે ચિત્રસ્થ પુરૂષ દેખાવા લાગ્યો.

હર્ષાશ્રુથી મારાં નેત્ર ભરાઈ ગયાં. સર્વ શરીર રોમાંચિત થઇ ગયું.

અધરોષ્ઠ વારંવાર ફરકવા લાગ્યો.
સહસા ભુજ લતાઓ ઉલ્લાસ પામવા લાગી.
સ્તન મંડલો ઉછળવા લાગ્યા.
બંને સાથળો કંપવા લાગી.

તેમજ તે ચિત્રપટમાં લખેલા સર્વ સૌભાગ્યના મંદિર સમાન તે યુવાનને માત્ર જોઇને પણ નિદ્રિત, મૂર્ચ્છિત અને મત્તની માફક હું ચેતના રહિત થઇ ગઇ.

વસંતિકા નામે મારી સખીએ મારો માનસિક ભાવ જાણી તેને પૂછયું.

હે **પ્રિયંવદે**! નેત્રોને આનંદ આપનાર આ કયા પુરૂષનું ચિત્ર તેં લખેલું છે?

તે સાંભળી **કુમુદિની** બોલી.

હે **વસંતિકે**! તારે આ બાબતમાં પુછવાની શી જરૂર છે? કામિની જનોના હૃદયને આનંદ કરવામાં અગ્રણી એવો આ પોતાની સ્ત્રી (રતિ) વિનાનો કામદેવ ચિત્રેલો છે.

કંઈક હાસ્ય કરી **શ્રીમતી** નામે તેની અન્ય સખીએ કહ્યું,

આજ સુધી આ કામદેવ રતિથી વિયુક્ત હતો. હવે આ મદન (કામ) રતિ સહિત થયો, એમ તું નથી જોતી? સાક્ષાત્ આ રતિ પણ એની પાસમાં દિવ્ય શોભા આપી રહી છે.

એ પ્રમાણે તેનું વચન સાંભળી સર્વ સખીઓ હાથની તાળી લઈ હાસ્ય પૂર્વક બોલી.

હે **શ્રીમતી**! બરોબર તારૂં કહેવું સત્ય છે. તારો નિશ્ચય યથાર્થ છે. એમ તેઓ ઉપહાસ્ય કરતી હતી,

તેટલામાં મારી મૂર્છા ઉતરી ગઇ અને તેમનું ઉપહાસ્ય મારા જાણવામાં આવ્યું; એટલે હું પણ લજ્જિત થઈ ગઈ અને બાહ્ય આકારને ગોપવીને ક્રોધના આવેશ સાથે મેં તેમને કહ્યું.

હે સખીઓ ! આવા મિથ્યા પ્રલાપ તમો શું કરો છો ? હજુ એનું દર્શન માત્ર પણ મને થયું નથી, તો શા ઉપરથી એનું આસન્નપણું તમે કલ્પો છો ? તેમજ મને રતિ સમાન શા માટે કહો છો ?

એક સખી બોલી, હે પ્રિય સખી ! તું ક્રોધ શા માટે કરે છે ? આ ચિત્ર દેખીને તને બહુ આનંદ થયો, તેથી મેં તને રતિ કહી છે. એમાં શું બોટું કહ્યું છે ?

મેં તેને કહ્યું, હે **પ્રિયંવદે** !

એ મારી સખીઓ પોતાની મરજી પ્રમાણે ભલે વિપરીત બોલે કરે; પરંતુ પ્રથમ તું મને કહે; આ ચિત્રમાં કોનું સ્વરૂપ તેં લખેલું છે ?

પ્રિયંવદા બોલી

હે ભગિની ! આ **મકરકેતુ** નામે મારો ભાઈ છે. તેના સ્વરૂપની કાંતિ કામદેવથી પણ અધિક છે. બહુ શૂરવીર તેમજ કલાઓમાં બહુ કુશલ છે.

હે સખી ! કોઇ સમયે પાટીયા ઉપર તેમજ કોઈક વખત ચિત્રપટ ઉપર તેની આકૃતિ ચિતરીને આટલો સમય મેં મારા આત્માને વિનોદ કરાવ્યો.

હવે જ્યારે તેના વિયોગને હું સહન ન કરી શકી, ત્યારે તેની પાસે જવા માટે હું ઘેરથી નીકળેલી છું. માટે બહેન હવે મને રજા આપ. જેથી જલ્દી હું તેની પાસે જાઉં.

તે સાંભળી **શ્રીમતી** બોલી.

હે **પ્રિયંવદે**! આ પ્રમાણે તારા ભાઇની અંદર અનેક ગુણો જો રહેલા હોય તો અમારે પણ અવશ્ય તેના દર્શન કરવાં જોઈએ.

માત્ર ચિત્રના દર્શનથી પણ સખીજનને આટલો આનંદ થયો છે, તો હાલમાં અમૃત સમાન તે **મકરકેતુ** કુમારનાં દર્શન અમને પ્રત્યક્ષપણે કરાવો. જેથી અમારા આનંદનો પાર રહેશે નહીં.

કિંચિત્ હાસ્ય કરી **પ્રિયંવદા** બોલી.

હે સખી! હાલમાં તું બહુ ઉત્સુક થઈશ નહીં, કારણ કે; અત્યારે તે વિદ્યા સાધવામાં રોકાયેલો છે; તેમાં આપણે વિઘ્ન કરવું તે ઠીક નહીં. પછીથી આપણે સર્વ કાર્ય સિદ્ધ કરીશું. વળી જો દેવ અનુકૂલ હશે, તો મારા બનતા પ્રયાસે હું પણ તેના સમાગમનું સુખ આ મારી બહેનને જરૂર અપાવીશ.

આ પ્રમાણે **પ્રિયંવદાનું** વચન સાંભળી મેં કહ્યું.

હે પ્રિયસખી! આ સર્વ સખીઓ તો મિથ્યા બોલીને મારૂં ઉપહાસ કરે. પરંતુ તું પણ હાલમાં વિપરીત

બોલવા તૈયાર થઈ ગઈ. અમે તો આ ચિત્રનું સૌંદર્ય કૌતુક વડે સારી રીતે જોયું અને તમે તો હૃદયની શઠતાને લીધે અનેક પ્રકારના વિકલ્પ કરો છો.

તે સાંભળી **કુમુદિની** બોલી.

હે સખી ! તારૂં કહેવું સત્ય છે, એમાં કોઈ પ્રકારનો સંદેહ નથી. માટે હે સખી ! તું પણ એ ચિત્રને લઈ લે અને તેને ચિતરવાનો સારી રીતે તું અભ્યાસ કર.

હે **પ્રિયંવદે** ! આ ચિત્રપટ એને આપી દે ! જેથી તારી બહેન એ ચિત્રનો અભ્યાસ કરે.

તેણીએ તે ચિત્રપટ **કુમુદિની**ના હાથમાં આપ્યો પછી તે **પ્રિયંવદા** મારી સાથે બહુ સંભાષણ કરી આકાશ માર્ગે ચાલી ગઈ. હું પણ સખીઓ સહિત અનેક પ્રકારની ક્રિડાઓ કરી પોતાના મંદિરમાં ગઇ.

ઉત્તમ પ્રકારનાં અનેક વસ્ત્રોના ચંદરવા જેમાં બાંધેલા છે અને બહુ વિશાલ એવા પોતાના સ્થાનમાં ગયા બાદ **સુરસુંદરી** અમૂલ્ય શયનાસન ઉપર સુઈ ગઇ અને તેણે પોતાની સખીઓને કહ્યું કે,

તમે સર્વે પોત પોતાને ઘેર જાઓ. હાલમાં મારૂં માથું બહુ દુઃખે છે, તેમજ મારાં સર્વે અંગો તુટી જાય છે; શરીર પણ જ્વરથી ભરાઇ ગયેલાની માફક તપી ગયું છે. ક્ષણમાત્ર હું સુઈ રહીશ.

તે સાંભળી **કુમુદિની** બોલી ! ભલે એમ કરો, સુવાથી તબીયત સુધરશે.

શ્રીમતી સખી

ત્યાર પછી કિંચિત્ હાસ્ય કરી **શ્રીમતી** બોલી. હે ભગિની ! એકદમ તારૂં શરીર શાથી બગડી ગયું ? તેનું કારણ તો તું જણાવ ?

તેટલામાં **વસંતિકા** બોલી. હે **શ્રીમતી** ! તું વૈદકશાસ્ત્ર બરોબર જાણે છે. માટે તું પોતે જ એના રોગનું નિદાન કર.

શ્રીમતીએ મારા શરીરના સાંધા તથા નાડી વિગેરેની સારી રીતે તપાસ કરી ઇર્ષ્યા પૂર્વક તેણે કહ્યું.

બાહ્યવૃત્તિથી કોઇપણ પ્રકારનો રોગ જણાતો નથી.

વળી સંક્ષેપથી રોગો બે પ્રકારના હોય છે. એક તો શારીરિક અને બીજો આગંતુક; તેમાં વાત, પિત્ત અને કફથી ઉત્પન્ન થયેલા જે રોગો હોય તેને શારીરિક કહેલા છે.

તેને શાંત કરવાના મુખ્ય ઉપચાર અભ્યંગ, મર્દન; લંઘન અને પ્રસ્વેદ સેવન વિગેરે વૈદકશાસ્ત્રમાં પુરૂષ, શક્તિ અને કાલને ઉદ્દેશીને બતાવેલા છે.

તેમજ ભૂત, ગ્રહ, શાકિની અને ચક્ષુષ વિગેરેના દોષોને આગંતુક જાણવા. તેમની શાંતિ માટે બલિદાન, હોમ, મંત્ર અને તંત્રાદિક અનેક ઉપચારો કહેલા છે.

પરંતુ શારીરિક રોગોનું કોઈપણ લક્ષણ આ બાળામાં દેખાતું નથી. માટે જરૂર કોઈપણ આગંતુક દોષ હોવો જોઈએ. તે સિવાય અન્ય રોગ જણાતો નથી.

એની ઉપર લવણ ઉતારો. નાના પ્રકારના મંત્રવાદીઓને બોલાવે સરસવના આઘાત કરવો.

રક્ષાની પોટલીઓ એના હાથે બાંધો.

તે સાંભળી **લલિતા** બોલી. હે ભદ્ર ! આવા ઉપાય કરવામાં તમે કેમ વિલંબ કરો છો ? કારણ કે; વ્યાધિની ઉપેક્ષા કરવાથી તેનું પરિણામ બહુ ખરાબ આવે છે.

શાસ્ત્રમાં કહ્યું છે,

પોતાનું આત્મહિત ઈચ્છનાર મનુષ્યે ઉત્પન્ન થતા શત્રુની પ્રથમથી જ ઉપેક્ષા કરવી નહીં. કારણ કે; શાસ્ત્રમાં કુશલ એવા સત્પુરૂષોએ ભવિષ્યમાં વૃદ્ધિ પામનાર વ્યાધિ અને શત્રુ એ બંનેને સરખા કહેલા છે.

માટે હે **શ્રીમતી** ! આપણે વેલાસર આ વ્યાધિને નિર્મૂલ કરવો ઉચિત છે. બેદરકારી કરવાથી અસાધ્ય થઇ પડે તો પછી તે આપણને બહુ નુકશાનકારક થઇ પડે. તેથી આ બાબતમાં તમે પુરતું ધ્યાન આપો.

તે પ્રમાણે **લલિતાનું** વચન સાંભળી **શ્રીમતી** બોલી,

હે સખી ! અમે તો માત્ર રોગની પરીક્ષા કરી શકીએ છીએ, પરંતુ એના ઉપચાર કરવા તે અમારી સત્તા બહારની વાત છે. મારા જાણવામાં જે બાબત આવી તે હકીકત આપને મેં નિવેદન કરી.

માધવી સખી.

શ્રીમતીનું વિસંવાદી વચન સાંભળી **માધવી** નામે **સુરસુંદરી**ની અન્ય સખી બોલી.

જે માણસ વ્યાધિની પરીક્ષા કરે, તે જ માણસ તેનો ઉપચાર કરે છે અને તે રોગીને સ્વસ્થ કરી પોતે પોતાના જ્ઞાનને સફલ કરે છે.

જે પુરૂષે ચોર દીઠા હોય; તેમને પ્રહાર પણ તે માણસ જ કરે છે. અન્યથી તે કાર્ય થઇ શકતું નથી.

સર્વ સખીઓ ગુપ્ત રીતે હસીને આનંદપૂર્વક બોલી.

હે **શ્રીમતી**! હાલમાં હવે તું છુટવાની નથી. અમારી આ પ્રિય સખીને તું સ્વસ્થ કર.

વળી હે સુતનુ! તારા પિતા મંત્રવાદી પુરૂષોમાં બહુ પ્રસિદ્ધ છે. માટે કોઈપણ મંત્રના પ્રયોગવડે તું **સુરસુંદરી**ને રોગથી મુક્ત કર.

શ્રીમતી બોલી. જો કે, મારા પિતા મંત્રાદિક-પ્રયોગ જાણે છે, તો એમાં મારે શું? જોકે દૂધ મીઠું હોય છે, તેમાં છાણને શો સંબંધ? તેમ છતાં હું એક તેનો ઉપાય બતાવું, પરંતુ તે કહેવાથી મારી ઉપર તે રીસાય નહી તો!! એમ કહી તે બોલી.

આ વ્યાધિ કોઈ નવીન પ્રકારનો છે, જેથી તે કેવળ મંત્રથી મટવાનો નથી.

કુમુદિની બોલી.

એમાં ક્રોધ કરવાનું શું કારણ છે ? જો રોગની શાંતિ થતી હોય તો તે શા માટે તું છુપાવી રાખે છે ? નિઃશંકપણે તે વાત તું પ્રગટ કર ?

તે સાંભળી **શ્રીમતી** બોલી. ચિત્રપટમાં ચિતરેલો જે પુરૂષ એણીના જોવામાં આવ્યો છે, તે જ વૈદ્યનો જો સમાગમ થાય તો એના રોગની શાંતિ થાય તેમ છે.

ચિત્રપટ અવલોકન.

તે પ્રમાણે **શ્રીમતી**નો માર્મિક અભિપ્રાય જાણી **કુમુદિની** તે ચિત્રપટને ખુલ્લો કરી બહુ સંભાવના પૂર્વક કહેવા લાગી કે;

હે સખીઓ ! જો એમ હોય તો આપણે એની પ્રાર્થના કરીએ. સર્વ સખીઓ કિંચિત હાસ્ય કરી હર્ષના ઉદ્‌ગાર સાથે બોલી.

હે સખી ! તારૂં કેવું સત્ય છે, એમ કહી તેઓ તે ચિત્રપટની આગળ હાથ જોડી સ્તુતિ કરવા લાગી.

હે દાક્ષિણ્યનિધે ! હે મહાયશ ! હે ચિત્રસ્થિત મહાપુરૂષ ! અમારી એક વિનતિ તમે સાંભળો ?

તમારા દર્શનથી આ અમારી પ્રિયસખી બહુ વ્યાધિમાં આવી પડી છે; માટે હે સુંદર ! જેવી રીતે એનો વ્યાધિ દૂર થાય તેવો ઉપાય આપ જલદી સંપાદન કરો.

કામદેવરૂપી મહાન્ રોગથી પીડાતી એવી યુવતીઓના તમે વૈદ્ય છો.

આ પ્રમાણે સખીઓના ઉદ્‌ગાર સાંભળ્યા બાદ મુખેથી હુંકારો કરતી હું ક્રોધ સહિત કહેવા લાગી.

હે સખિઓ ! ગ્રહોથી પકડાયેલાની માફક આવાં અસંબદ્ધ વચનો તમે કેમ બોલો છો ? અથવા અચેતન ચિત્રપટની આગળ આવી વિનંતિ કરવાથી શો ગુણ થવાનો છે ?

ચિત્રમાં રહેલો કોઇપણ માણસ કોઈપણ સમયે વ્યાધિને ઉત્પન્ન કરવા માટે શક્તિમાન્ ન જ થઈ શકે. છતાં તમે આવી વિપરીત ભાવનાઓ કેમ કરો છો ?

તે સાંભળી **શ્રીમતી** બોલી.

હે **સુરસુંદરી** ! જેથી આ ચિત્રગત પુરૂષ તારા ચિત્તમાં રહેલો છે, તેજ કારણને લીધે તેણે તને અચેતન કરી નાખી છે.

મોટો નિઃશ્વાસ મૂકી ધીમે સ્વરે મેં કહ્યું.

હે સખી ! એ પ્રમાણે જો તું જાણે છે, તો શા માટે તે સંપાદન કરવામાં તું વિલંબ કરે છે ? એમ કહી નીચું મુખ કરી હું ભૂમિપૃષ્ઠને ખોતરતી હતી, તેટલામાં હાથની તાળી લઇ હસીને તેણીએ કહ્યું.

હે સુતનુ ! તારૂં સત્ય વચન સાંભળી હું ખુશી થઇ છું. માટે તે કાર્ય સિદ્ધ કરવામાં હવે હું વિલંબ કરીશ નહીં. સર્વ તારા મનોરથ ટુંક મુદ્દતમાં સિદ્ધ થશે.

એમ કહી **શ્રીમતી** ચિત્રપટ લઇને તરત જ મારી

માતાની પાસે ગઈ અને આ સર્વ વૃત્તાંત તેણીની આગળ તેણે નિવેદન કર્યું.

ચિત્રપટમાં લખેલા તે કામદેવ સમાન યુવાનને તેણીએ બતાવ્યો. તેને જોઇ મારી માતા પણ બહુ ખુશી થઈ અને તરતજ તે રાજાની પાસે ગઈ. પશ્ચાત્ આ સર્વ સમાચાર તેણીએ કહ્યા એટલે તે ચિત્રપટને જોઇ મારા પિતા બહુ પ્રસન્ન થયા અને તે બોલ્યા;

મારી પુત્રીનો પ્રેમ બહુ સારા સ્થાનમાં બંધાણો છે અથવા ઉત્તમ પ્રકારની રાજહંસી રાજહંસને છોડીને અન્યત્ર આનંદ માનતી નથી. આપણે પણ સિદ્ધ વિદ્યાવાળા **મકરકેતુ** કુમારને જ આપણી આ કન્યા પરણાવીશું, તેમજ **ભાનુવેગ** વિદ્યાધર હમેશાં આપણી પાસે આવે છે, તો એની મારફતે કોશીષ કરીને **મકરકેતુ** રાજાની સાથે જ તેને પરણાવીશું, એમાં કોઈ પ્રકારની આપણને અગવડ આવે તેમ નથી.

એ પ્રમાણે મારા પિતાનું વચન સાંભળી મારી માતાનું હૃદય બહુ આનંદથી ભરાઈ ગયું અને તેણીએ કહ્યું.

હે **શ્રીમતી**! તું અહીંથી જલદી મારી પુત્રીની પાસે જા અને તેને આ સર્વ હકીકત નિવેદન કર.

આ પ્રમાણે **કનકમાલા**નું વચન સાંભળી **શ્રીમતી** તેની પાસે જઈ કહેવા લાગી,

હે **સુરસુંદરી**! પોતાના હૃદયમાં હવે તું ઉદ્વેગ કરીશ નહીં હવે તારો સર્વ મનોરથ સિદ્ધ થશે. **શ્રીમતી**નું

વચન સાંભળી હું પણ બહુ ખુશી થઈ અને મારૂં અસ્વાસ્થ્ય કંઈક દૂર થઈ ગયું. વળી મારા મનમાં વિચાર થયો,

નેત્રોને આનંદ આપનાર એવા તે મનોવલ્લભનું સાક્ષાત મને દર્શન થાય, તેવો દિવસ હું કયારે દેખીશ? વળી તેના સમાગમની આશાવડે પોતાના અધીર હૃદયને સ્થિર કરતી અને તે ચિત્રપટનું જ હંમેશાં અવલોકન કરતી હું બહુ પ્રેમાળ સખીઓની સાથે મારા મનોભીષ્ટની પ્રાપ્તિનાં સૂચવનાર વચનો વડે દિવસો નિર્ગમન કરવા લાગી. તેમજ મારી સખીઓએ પણ મને બહુ આશ્વાસન આપી મારી શાંતિમાં સારો વધારો કર્યો. એમ કરતાં મારા કેટલાક દિવસો ગયા.

એક પરિવ્રાજિકા

એક દિવસ વલ્કલ વસ્ત્રો જેણીએ પહેરેલાં હતાં, એક હાથમાં ચમરિકા ધારણ કરેલી હતી, કપાલમાં ગોરોચન ચંદનનું તિલક કરેલું હતું તેમજ નાસ્તિકશાસ્ત્રોમાં બહુ હોંશીયાર એવી એક પરિવ્રાજિકા મારી પાસે આવી.

આશીર્વાદ આપીને અમારી આગળ તે બેઠી અને તે પોતાનું પાંડિત્ય બતાવવા માટે બોલવા લાગી;

હે બહેનો! આ દુનિયામાં સારમાત્ર એટલો જ છે કે, પોતાની ઇચ્છા પ્રમાણે ભોજન કરવું અને મરજી આફક વિલાસ કરવો. કારણ કે તે સિવાય આ લોકમાં બીજો કોઇપણ સાર દેખવામાં આવતો નથી.

કેટલાક લોકો તો જન્માંતરના સુખ માટે શિર-મુંડનાદિક કરાવે છે. તે ભલે કરાવો, પરંતુ તે બિચારાઓ અજ્ઞાત દશામાં છેતરાય છે. એટલું જ નહી પણ મહાધૂર્ત્ત પુરૂષો ધર્મ નિમિત્તો તેમને વિષયસુખથી વિમુખ કરે છે. કારણ કે, દેહથી વ્યતિરિક્ત–ભિન્ન એવો બીજો કોઈ જીવ પદાર્થ છે જ નહીં.

પ્રત્યક્ષ પ્રમાણવડે ખરવિષાણ (શીંગડાં)ની જેમ સિદ્ધિ થતી નથી, તેમ દેહ સિવાય અતિરિક્ત જીવ પદાર્થ સિદ્ધ થતો નથી.

વળી આલોકની અંદર પ્રત્યક્ષ પ્રમાણને છોડીને અન્ય કોઇ પ્રમાણ માનવા જેવું નથી અને તે પ્રમાણ છતાં પણ તેથી જીવની સત્યતા સિદ્ધ થતી નથી.

વળી શાસ્ત્રમાં અનુમાન પ્રમાણ પણ લીધેલું છે, પરંતુ પ્રત્યક્ષપૂર્વક જ તે અનુમાન પ્રમાણ ગ્રહણ કરી શકાય, માટે અનુમાનથી પણ જીવપદાર્થ સિદ્ધ થતો નથી.

વળી તે જીવપદાર્થ માનવામાં કોઇ અન્ય કારણ પણ મળી શકતું નથી. કારણ કે, કોઈપણ ઇંદ્રિયના વિષયમાં તે આવી શકતો નથી.

લોકોને છેતરવા માટે ધૂર્ત્ત લોકોએ રચેલાં નાના પ્રકારનાં શાસ્ત્રો વિદ્વાનોને પ્રમાણભૂત ગણાતાં નથી. તો તે શાસ્ત્રોવડે પણ જીવપદાર્થની સિદ્ધિ કેવી રીતે થઈ શકે? માટે પંચભૂતનો સમુદાય એ જ જીવ સમજવો,

વળી તે પાંચ ભૂતનો વિનાશ થાય અર્થાત છુટાં પડે છે, ત્યારે તે જીવ પદાર્થ રહેતો નથી.

જીવનો અભાવ હોવાથી પરલોકની સિદ્ધિ કયાંથી હોય ? અર્થાત્ પરલોક પણ છે જ નહીં. તો પછી તે પરલોકના સુખ માટે પોતે નષ્ટ થયેલા અને બીજાઓને નષ્ટ કરવામાં તત્પર થયેલા મૂઢપુરૂષો બહુ કઠીન એવાં બ્રહ્મચર્ય વ્રત તથા શીલ સદાચારપાલન આદિક ધર્મ-પ્રવૃત્તિઓને વૃથા ચલાવી રહ્યા છે.

હે ભદ્રિકજનો ! ગમ્ય અને અગમ્યનો વિભાગ છોડી દઈને સુખેથી તમે વિષયોનું સેવન કરો ?

સરસ એવા માંસભક્ષણમાં કંઇ બાધ નથી.

શંકાને દૂર કરીને મદ્યપાન કરો.

આ પ્રમાણે કુગતિને ઉત્પન્ન કરનારૂં બુદ્ધિલા નામે પરિવ્રાજિકાનું અસદ્વચન સાંભળી મેં કહ્યું.

હે અધમે ! આવાં અયોગ્ય વચન તું બોલ મા, બોલ મા.

વિદ્વાન્ જનોને નિંદવા લાયક, વિચાર વિનાના લોકોને પ્રિય અને યુક્તિ વિનાના આ તારા વચનને કયો બુદ્ધિમાન પુરૂષ શ્રદ્ધાપૂર્વક શ્રવણ પણ કરે ?

વળી તું જે કહે છે કે,

આત્મા પ્રત્યક્ષ દેખવામાં આવતો નથી. માટે

શરીરથી બીજો કોઇ આત્મા જીવ છે જ નહીં, તે પણ તારૂં કહેવું બહુ જ અસંગત છે.

કારણકે; જીવનો અભાવ તું તારા પ્રત્યક્ષ પ્રમાણથી માને છે? અથવા સમગ્ર પુરૂષોની અપેક્ષાએ માને છે?

જો તારા પ્રત્યક્ષ પ્રમાણથી કહેતી હોય તો, તે પણ તારૂં માનવું અસત્ય છે. એમ માનવાથી સર્વનો અભાવ પ્રસંગ આવી જાય.

કારણ હે મુગ્ધે! જે જે પદાર્થ તું જોઇ શકતી નથી તે સર્વ નથી, એ વાત સ્પષ્ટ થાય છે. દેશાંતર કિંવા કાલાંતરમાં રહેલા પદાર્થોનો અભાવ સર્વથા સિદ્ધ થાય, તેમજ સમગ્ર દેશકાલમાં ઉત્પન્ન થયેલા પુરૂષો આત્માને નથી જોઈ શકતા તે વાત (અન્ય પુરૂષોને પ્રત્યક્ષ અભાવ) કેવી રીતે જાણી શકાય?

કારણ કે, અન્યનાં ચિત્ત કેવી સ્થિતિમાં હોય છે, તે બહુ મુશ્કેલથી પણ જાણી શકાતું નથી.

વળી હે મૂઢે! તારા દેહમાં જીવ નથી એવો જે તેં વિકલ્પ કર્યો, તે બહુ અસંગત છે.

કારણકે, તે જીવ છે અને તે પરલોકમાં જાય છે, એ બાબત જ્ઞાની પુરૂષોએ જ્ઞાન વડે સિદ્ધ કરેલી છે.

વળી તું એક પ્રત્યક્ષ પ્રમાણ જ માને છે, તે પણ તારૂં માનવું ઘણુંજ અયુક્ત છે.

કારણકે, પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બે પ્રકારનાં પ્રમાણ શાસ્ત્રકારોએ માનેલાં છે.

તેમજ લોકોને છેતરવા માટે શાસ્ત્રોની રચનાઓ કરી છે, વિગેરે જે તેં કહ્યું તે પણ તારી બહુ મોટી ભૂલ છે.

કારણકે, રાગ અને દ્વેષથી મુક્ત થયેલા, સર્વ લોકોના હિતમાં પ્રવૃત્ત થયેલા એવા શ્રીસર્વજ્ઞભગવાને રચેલાં શાસ્ત્ર તેમજ તેમની આજ્ઞાવડે અન્ય જ્ઞાનીપુરૂષોએ રચેલાં શાસ્ત્રો "ધૂર્તોએ લોકપ્રતારણા માટે રચ્યાં છે," એમ આક્ષેપ કરવાથી અપ્રમાણિક કેવી રીતે થઈ શકે ?

તે સર્વજ્ઞ પ્રણીત શાસ્ત્રોમાં જીવ કહેલો છે, તેમજ તેનો અન્ય ભવ પણ કહેલો છે, તે ઉપરથી પરલોક સિદ્ધ થાય છે.

માટે હે મુગ્ધે ! પૃથિવ્યાદિ પાંચ ભૂતના સમુદાયરૂપી જીવ કેવી રીતે માની શકાય ?

હવે જ્યારે પરલોક સિદ્ધ છે, ત્યારે બ્રહ્મચર્યાદિક સર્વ વ્રતો પણ પાળવાં જોઇએ.

તેમજ આત્મહિતાર્થી લોકોએ સર્વ ધર્મ કાર્યો કરવાં બહુ જરૂરનાં છે. એ પ્રમાણે શાસ્ત્રકારોએ કહેલું છે તે ઉચિત છે.

વળી ગમ્યાગમ્યનો વિવેક છોડી દેવો, વિગેરે જે કહ્યું તે પણ તારૂં બોલવું નિષ્ફલ છે.

કારણકે, જૈન સિદ્ધાંતમાં તેવા અધર્મનો સર્વથા નિષેધ કરેલો છે. તેમજ પરલોકમાં તારા કહ્યા પ્રમાણે માંસાદિકનું સેવન કરવાથી અનેક દુઃખો ભોગવવાં પડે છે.

એ પ્રમાણે અનેક યુક્તિઓ વડે **સુરસુંદરીએ** તે **બુદ્ધિલા** પરિવ્રાજીકાને તેજ વખતે નિરૂત્તર કરી મૂકી. પછી તેણીનું મુખ વિલક્ષણ થઇ ગયું અને ઉત્તર આપવાને અશક્ત થઈ નીચે મુખે તે બેસી રહી.

બુદ્ધિલાનું ઉપાહાસ

બાદ **સુરસુંદરી**ની પાસે રહેલી સર્વ સખીઓએ તેણીની મૂર્ખતાને ઉદ્દેશી ઉદ્ધતપણે તેનું બહુ ઉપહાસ કર્યું.

તદુપરાંત તેને કેટલીક સખીઓ ટાકોરા મારવા લાગી. તેમજ કેટલીક તો ટુંબાઓ મારવા લાગી.

વળી કેટલીક તો તેણીના મુખને મરડવા લાગી.

એમ અનેક પ્રકારના ઉપદ્રવોથી તે પરિવ્રાજીકા ભારે દુઃખમાં આવી પડી.

વળી તેઓ કહે છે, હે દુઃશીલે ! હજુપણ અમારી સખીની સાથે તું વાદ કરે છે? જા જા ? હવે તારા સ્થાનમાં તું વેળાસર ચાલી જા ? તારૂં પાંડિત્ય અમે જોયું, એમ અનેક પ્રકારે ઉપહાસ કરાયેલી તે **બુદ્ધિલા** કોપાયમાન થઇ હોઠ ફફડાવતી ત્યાંથી નીકળી પોતાને રસ્તે ચાલી ગઇ.

હું પણ મારી સખીઓની સાથે સુખપૂર્વક ત્યાં દિવસો નિર્ગમન કરવા લાગી.

બુદ્ધિલાનું કપટ

ત્યારબાદ એક દિવસ રાજા મારી માતાના ઘેર ગયા. પછી મારી જનનીએ અભ્યુત્થાનાદિક સત્કાર કરી તેમને કહ્યું.

હે પ્રિયતમ! આપ ચિંતાતુર કેમ દેખાઓ છો?

તે સાંભળી મારા પિતા બોલ્યા.

હે દેવી! તેં મારા હૃદયની પરીક્ષા બહુ સારી કરી. અકસ્માત બહુ મોટી ચિંતામાં હું આવી પડયો છું, તેનું કારણ તું સાંભળ.

બુદ્ધિલા નામે પરિવ્રાજીકાને **સુરસુંદરી**એ શાસ્ત્રાર્થમાં વાદ કરતાં હરાવી છે. તેથી તે **બુદ્ધિલા** રીસાણી છે. જેથી ચિત્રકલામાં બહુ કુશલ એવી તેણીએ પ્રકૃષ્ટ મન વડે **સુરસુંદરી**નું સ્વરૂપ એક ચિત્રપટ ઉપર પ્રથમ ચિતરી રાખેલું હતું, તે ચિત્ર લઈ હાલમાં તે દુષ્ટા ઉજ્જયિની નગરીમાં **શત્રુંજય રાજા** પાસે ગઇ છે અને તે ચિત્ર તેને બતાવીને તેની આગળ તે દુરાચારિણીએ કહ્યું છે કે;

હે નરેંદ્ર! અમે આપના હિત માટે જ આ પૃથ્વી ઉપર ફરીએ છીએ અને જે જે રત્નસમાન ઉત્તમ વસ્તુઓ અમારા જોવામાં આવે છે, તે આપને નિવેદન કરી અમે કૃતાર્થ થઈ છીએ. માટે હાલમાં આપને કહેવાનું એટલું જ છે કે;

કુશાગ્રનગરમાં એક ઉત્તમ કન્યારત્ન છે. તે **નરવાહન** રાજાની પુત્રી છે અને તેનું નામ **સુરસુંદરી** છે. જેણીનાં અંગોપાંગ તથા સ્વરૂપને આલેખવા માટે સમસ્ત પ્રકારે કોઈપણ સમર્થ થઈ શકે તેમ નથી. એવું અદ્‌ભુત લાવણ્ય તેણીના સ્વરૂપમાં રહેલું છે.

વળી જે પ્રજાપતિએ તેને ઉત્પન્ન કરી હશે, તે જરૂર વૃદ્ધ હોવો જોઈએ.

અન્યથા સર્વ સુખના સ્થાનભૂત એવી તે અપૂર્વ કન્યાને પોતાની સ્ત્રી કેમ ન કરે ?

તેમજ બહુ મનોહરરૂપ, તારૂણ્ય અને સુંદર સૌભાગ્યમય તે કન્યાને બનાવીને પ્રજાપતિના હૃદયમાં જરૂર બહુમાન આવેલું છે.

વળી હું માનુ છું કે; ધનુષના આકર્ષણથી ખેદાતુર થયેલા કામદેવને જાણીને કૃપાલુ વિધિએ યુવકોના હૃદયને ભેદનારૂં તે કન્યારૂપી હાથનું ભાલોડીયું બનાવ્યું હોય, તે વાત ચોક્કસ છે.

તેમજ વળી જે પુરૂષ એણીને વરશે, તે અર્ધભરત ક્ષેત્રનો રાજા થશે, એમાં કોઈપણ પ્રકારનો સંદેહ નથી. એમ તેણીના જન્મ સમયે અતિશય જ્ઞાની મહારાજાએ કહેલું છે.

માટે હે નરેંદ્ર ! તે કન્યા તમારે યોગ્ય છે, પરંતુ અન્યને વર લાયક નથી.

શત્રુંજય રાજા

એ પ્રમાણે બુદ્ધિલાનું વચન સાંભળી શત્રુંજય રાજા બહુ ખુશ થયો અને તેણીને બહુ દ્રવ્ય આપી તેણે કહ્યું.

હે ભગવતિ ! આપે એ કન્યાનું વૃત્તાંત મને કહ્યું, તે બહુ સારૂ કર્યું. એમ કહી તેણે બુદ્ધિલાને પોતાના

સ્થાનમાંથી વિદાય કરી. હે સુંદરી ! આ સર્વ વૃત્તાંત મારા પુરૂષોએ મને કહેલું છે.

રત્નચૂડ મંત્રી

તેમજ તે શત્રુંજય રાજાએ રત્નચૂડ નામે પોતાનો મંત્રી મારી પાસે મોકલ્યો. તેણે આવી મને કહ્યું કે; તમારી સુરસુંદરી કન્યા શત્રુંજય રાજાને તમે આપો.

તે રાજા તમારી કન્યાને બહુ લાયક છે.

આ પ્રમાણે તેનું વચન સાંભળી મેં તેને કહ્યું,

હે ભદ્ર! સુમતિ નૈમિત્તિકના કહેવાથી જે કન્યાની તમે માગણી કરો છો, તે કન્યા વિદ્યાધરની સ્ત્રી થવાની છે. માટે સુરસુંદરીને તો અમારે વિદ્યાધરને જ આપવાની છે.

વળી તમારો સ્વામી તો વૃદ્ધ ઉંમરનો થયેલો છે; તો તેને કન્યાની શી જરૂર છે ?

ત્યારબાદ તે બોલ્યો.

હે નરેંદ્ર ! એમ તમારે બોલવાનો શી જરૂર છે? બહુ આગ્રહથી રાજાએ મને અહીં મોકલ્યો છે, માટે પોતાની કન્યા તેમને તમે સુખેથી આપો. અને જો નહીં આપો તો તેમાંથી તમારો પરિણામ બહુ ખરાબ આવશે; એમ મારૂં માનવું છે.

એ પ્રમાણે તેનું વચન સાંભળી મને બહુ ક્રોધ આવી ગયો અને તેને મેં કહ્યું કે;

હે મંત્રિન્ ! મારી કન્યા હું તેને આપવાનો નથી. એને જેમ કરવું હોય તેમ સુખેથી કરે. માટે જા, તું તારા સ્વામીને આ સર્વ હકીકત નિવેદન કર. વળી તું અમારે ઘેર આવેલો છે, તેથી તારો દંડ કોણ કરે ? એમ જાણી હાલમાં હું તને મુક્ત કરૂં છું.

પ્રયાણ યાત્રા

બાદ તે રત્નચૂડ મંત્રી ત્યાં ગયો અને આ સર્વ હકીકત તેણે શત્રુંજય રાજાની આગળ નિવેદન કરી. જેથી તે એકદમ ક્રોધાયમાન થઈ પોતાના બલવડે ગર્વિષ્ટ થયો છતો યુદ્ધ કરવા માટે ઉજ્જયિનીમાંથી હાલ નીકળેલો છે.

તેની સાથમાં બહુ સુભટો તથા અનેક પરાક્રમી રાજાઓ તેમજ સેંકડો શૂરવીર એવા પાયદળના સમુદાય રહેલા છે.

વળી તીક્ષ્ણ ખુરીઓ વડે પૃથ્વીને ઉખેડી નાખતા અસંખ્ય લાખો અશ્વો જેની પાસમાં રહેલાં છે. તેમજ ગર્વથી પ્રચંડ એવા અનેક પર હાથીઓને ત્રાસ આપવામાં જ એક રસિક અને મોટા પર્વત સમાન આકૃતિવાળા અનેક હાથીઓથી પરિવારિત ઘણું સૈન્ય જેની સાથે રહેલું છે, તેમજ જ બહુ જ રોષાતુર થયેલો એવો તે શત્રુંજય રાજા આપણા દેશમાં આવેલો છે; એમ ચર-પુરૂષોએ મને કહેલું છે. માટે હે દેવી ! તે કારણને લીધે હું બહુ ચિંતાતુર થયો છું. તે સાંભળી મારી માતા બોલી.

હે પ્રિયતમ! આ ચિંતા કરવાનું આપણે કાંઇ કારણ નથી. કેમકે; કનકાવલીને **મદનલેખા** નામે પુત્રી છે; તેને **સુરસુંદરી** એ પ્રમાણે કહીને આપી દો અને તેનો સત્કાર કરો એટલે તે **શત્રુંજય** રાજા પોતાના સ્થાનમાં ચાલ્યો જશે.

જો એમ નહીં કરો તો તે રાજાની પાસે બહુ સૈન્ય છે, માટે તે આપણા સૈન્યને તથા આપણા દેશને પાયમાલ કરી નાખશે.

આ પ્રમાણે રાણીનું વચન સાંભળી રાજાએ કહ્યું;

હે દેવી! આપણા મંત્રીઓએ પણ આ પ્રમાણે કહેલું છે. પરંતુ **મતિસાગર** મંત્રીને આ વિચાર સારો લાગતો નથી. કારણ કે; તેણે એવું કહ્યું છે કે; ભલે તે રાજા ગર્વને સ્વાધીન થઈ સંગ્રામ માટે **કુશાગ્ર** નગર ઉપર આવે, પરંતુ અહીં આવ્યા બાદ તેનું મરણ થશે.

એમ **સુમતિ** નૈમિત્તિકે કહેલું છે.

વળી બીજું એવું કારણ બન્યું છે કે, જે સમયે તે રાજા પોતાના નગરમાંથી બહાર નીકળ્યો છે, તે વખતે તેને બહુ અનિષ્ટ શકુન થયેલા છે. તેમજ શનિશ્ચરાદિક સર્વે ગ્રહો પણ તેના બહુ કઠિન છે, જેથી તેનો પરાજય થયા વિના રહેશે નહિ. માટે તે રાજા અહીં આવશે તો પણ આપણો વિજય થવાનો છે: અને એનો તો પરાજય જ થવાનો છે.

માટે હે દેવ ! આપણે કોઈ પ્રકારની શંકા કરવા જેવું નથી અને અન્ય વિચાર કરવાની પણ કંઈ જરૂર નથી. તેમ છતાં પણ એને અહીં આવતાં માર્ગમાં રોકવાની યુક્તિઓ આપણે ગોઠવવી જોઈએ. તેમજ તેના માર્ગમાં આવતાં ગામોને ઉજ્જડ કરાવો અને ઘાસ પાણી વિગેરેનો પણ જલદી ક્ષય કરવો; જેથી તેને જીવવાનાં સાધનો અટકી પડે.

વળી દરેક રસ્તાના કુવાઓ ઢાંકી દેવરાવો, સરોવરોનાં જલ પણ ખરાબ કરાવો, જેથી તેઓ પી શકે નહીં, અને દરેક ઠેકાણે તેઓનો પ્રસાર ન થઈ શકે તેવી રીતે સૈન્ય વિગેરેના પ્રયાણની ગોઠવણ કરાવો.

હે દેવી ! આ પ્રમાણે મંત્રીના કહ્યા પ્રમાણે સર્વ ગોઠવણ કરાવીને હું અહીં આવ્યો છું. પરંતુ શત્રુ બહુ બલવાન્ હોવાથી હું બહુ ચિંતાતુર થઈ ગયો છું.

સુરસુંદરી

હે હંસિની ! એમ છતાં પણ કેટલાક દિવસો સુખમય ચાલ્યા ગયા, તેટલામાં એક દિવસ શત્રુના સૈનિકો ત્યાં આવી પહોંચ્યા અને સર્વ નગરને તેઓએ ઘેરી લીધું.

બાદ શત્રુનું સૈન્ય આવેલું જાણી રાજાએ નગરના દરવાજા બંધ કરાવી દીધા. કીલ્લાની પાછળ ખાઇની અંદર સંપૂર્ણ જલ ભરાવી દીધું.

અભ્યંતર પહેરી તૈયાર થયેલા યોદ્ધાઓ કીલ્લાની ઉપર દરેક કાંગરાઓમાં ઉભા રહ્યા.

કેટલાક સુભટો તેઓનાં શસ્ત્રોને રોકવા માટે યંત્રો તૈયાર કરે છે. તેમજ નાના પ્રકારનાં શસ્ત્રોને તીક્ષ્ણ કરે છે.

વળી સુભટોનું બહુ સન્માન કરાય છે.

પ્રતિદિવસે શત્રુના સૈન્યને ઉદ્દેશીને ઉકાલાઓ આપવામાં આવે છે.

બંને પક્ષમાં પણ સુભટો, હાથી, ઘોડા અને ઉત્તમ પ્રકારના પાયદળ ઊછળે છે.

સામંત રાજાઓ સંશય મનવાળા થઈ ગયા.

સર્વે નગરવાસી લોકો બહુ વ્યાકુલ થઇ ગયા;

તેમજ હવે શું કરવું ? એ બાબતમાં અમારા સર્વ મંત્રીઓ વિમૂઢ બની ગયા.

કેટલાક કાયર પુરુષો યુદ્ધનો પ્રસંગ જોઈ ભયભીત થઈ ગયા.

કેટલાક પરાક્રમી સુભટો યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા. પછી સાહસ રૂપી ધન છે જેમનું એવા અમારા પિતા **સુમતિ** નૈમિત્તિકના વચન વડે સર્વ સુભટોને ધૈર્ય આપવા લાગ્યા.

હે **હંસિની** ! આ પ્રમાણે સર્વ નગરમાં ચારે તરફ ખળભળાટ વ્યાપી ગયો.

બાદ હે **હંસિની** ! બીજે દિવસે હું હવેલાના ઉપરના ભાગમાં રાત્રીએ સુતી હતી, તેવામાં કોઇએ મારૂં અપહરણ કર્યું.

સુરસુંદરીનું અપહરણ.

તે જોઇ હું જાગી ઉઠી અને એકદમ ભયભીત થઇ ગઇ, જેથી હું પણ ગભરાઇને વિલાપ કરવા લાગી.

હા ! જનની ! હા ! તાત ! કોઈ દેવ અથવા વિદ્યાધર મારૂં અપહરણ કરી ચાલ્યો જાય છે. માટે હે સુભટો ! દોડો દોડો ! એની પાસેથી મને મુક્ત કરો, મુક્ત કરો.

એ પ્રમાણે હું પ્રલાપ કરતી હતી, તેવામાં તેણે મને કહ્યું.

હે સુતનુ ! તું કિંચિત્ માત્ર પણ ભય પામીશ નહીં. હું તારું કંઇપણ અનિષ્ટ કરીશ નહીં. તું મારા પ્રાણથી પણ મને બહુ પ્રિય છે. તારૂં અદ્‌ભુત પ્રકારનું સ્વરૂપ જોઈ મને બહુ રાગ ઉત્પન્ન થયો, જેથી મેં તારૂં અપહરણ કર્યું છે ?

હે સુંદરી ! ભયભીત થઇ તું શા માટે આ પ્રમાણે વિલાપ કરે છે.

હે સુતનુ ! વૈતાઢ્યપર્વતવાસી મકરકેતુ નામે હું વિદ્યાધર છું. મારી સાથે તું ભોગ વિલાસ કરીશ ? શા માટે તું ઉદ્વિગ્ન ચિત્તવાળી થઈ રૂદન કરે છે ?

એ પ્રમાણે તેનું વચન સાંભળી મારા હૃદયમાં બહુ આનંદ થયો.

મેં જાણ્યું કે, ચિત્રમાં આલેખેલા જેના સ્વરૂપને જોઈ હું પ્રથમ કામાતુર થઈ ઉન્માદદશામાં આવી હતી; તે આ પ્રિયંવદાનો ભાઈ મકરકેતુ શું મારો પ્રિય છે ?

તે તો હાલમાં નાના પ્રકારની વિદ્યાઓ સાધે છે. માટે તેનું અહીં આગમન કયાંથી થાય ?

વળી મારૂં એટલું બધું પુણ્ય કયાંથી હોય કે જેથી તે ભાગ્યશાળીનું સાક્ષાત દર્શન મને થાય ?

એમ હું ચિંતવન કરતી હતી, તેટલામાં તે મને કોઇક પ્રદેશમાં લઈ ગયો.

ત્યાર પછી ભૂમિ ઉપર ઉતારીને એક કદલીગૃહમાં તેણે મને મૂકી દીધી.

તેટલામાં, હે પુત્રી ! બરોબર તપાસ કરી તું જોઇ લે ? તે આ તારો સ્વામી નથી, એમ સત્ય વાર્ત્તા કહેવાને માટે જેમ તરત જ તે રાત્રી ક્ષીણ થઇ ગઇ ?

અનુક્રમે પ્રભાત સમય થયો એટલે કૃષ્ણસ્વરૂપધારી તે પુરુષને જોઇ હું બહુ શોકાતુર થઈ ગઈ અને વિચાર કરવા લાગી.

હા ! મહાકષ્ટ આવી પડયું. તે આ મારો પ્રિય નથી; તે તો તપાવેલા સુવર્ણ સમાન કાંતિને ધારણ કરતો કામદેવ સમાન તેજસ્વી દેખાતો હતો.

ચિત્રમાં રહેલા તે પ્રિયનું કિંચિત્ માત્ર પણ સૌંદર્ય આના અંગમાં રહેલું નથી. માટે હવે મારે શું કરવું ?

અહીં કોઈપણ મારૂં શરણ નથી. હાલમાં હું પરવશ થઇ પડી છું; એમ હું ચિંતવન કરતી હતી, તેટલામાં ભયને લીધે મારૂં શરીર બહુ કંપવા લાગ્યું. બાદ

અશ્રુધારાઓથી મારા ગંડસ્થલ ભીંજાઈ ગયાં અને ભયથી ધ્રૂજતી મને જોઈ તે કહેવા લાગ્યો.

હે સુતનુ ! તું ભૂતપિશાચની શંકા ધારીને મારાથી શા માટે બીએ છે ?

હે મૃગાક્ષી ! જે કાર્યને લીધે મેં તારૂં હરણ કર્યું છે, તે સંબધી મારૂં વૃત્તાંત તું સાંભળ.

શ્રીગંધવાહનરાજા

વૈતાઢ્યપર્વતમાં ઉત્તમ ઋદ્ધિવાળું **ગંગાવર્ત્ત** નામે સુપ્રસિદ્ધ એક નગર છે. તેમાં **શ્રીગંધવાહન** રાજા રાજ્ય કરે છે. તે સર્વ દિશાઓમાં વિખ્યાત છે.

મદનાવલી નામે તેને રાણી છે.

તેણીને **નલોવાહન, મકરકેતુ** અને **મેઘનાદ** એમ ત્રણ પુત્રો છે. હવે **નલોવાહન** વિદ્યાસિદ્ધ થઇ યૌવન વયમાં આવી ગયો છે.

તેને માટે **કનકમાલા** નામની એક ઉત્તમ કન્યાની માગણી કરી હતી.

તેના વિવાહના સમયે **ચિત્રવેગ** વિદ્યાધર તે કન્યાનો અપહાર કરી પોતે પરણી ગયો, તેથી તેની ઉપર કોપાયમાન થયેલો તે **નલોવાહન** તેનું વૈર લેવા તેની પાછળ ચાલ્યો.

નાગિની વિદ્યાવડે તેને બાંધી ત્યાં પડતો મૂકી **કનકમાલાને** લઈ તે પોતાના નગરમાં ચાલ્યો ગયો.

ત્યાર પછી સ્ત્રીસહિત **ચિત્રવેગ** વિદ્યાધરનો તે અપકારી થયો, તેથી તે **નભોવાહનની** સર્વ વિદ્યાઓ વિચ્છિન્ન થઈ ગઈ.

ચિત્રવેગ ચક્રવર્ત્તી

ત્યાર પછી બહુ સમયના પરિચયવાળા કોઇ દેવે **ચિત્રવેગ** વિદ્યાધરને વિદ્યાઓ આપી, તેથી તે સર્વ વિદ્યાધરોનો ચક્રવર્ત્તી થયો.

ત્યાર પછી સર્વે વિદ્યાધરેંદ્રો પોતાની મેળે જ ત્યાં આવી તેને પ્રણામ કરવા લાગ્યા.

આ પ્રમાણે સર્વ હકીકત જાણીને મારા પિતાને વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો અને તે કહેવા લાગ્યા.

હે ભવ્યાત્માઓ ! આ સંસારની વિચિત્રતા જુઓ ! મનુષ્યોના મનોરથો અન્ય પ્રકારના ઉદ્ભવે છે અને દૈવના યોગવડે કાર્યોનો પરિણામ કોઇ અન્ય પ્રકારનો આવે છે.

હું એમ ધારતો હતો કે, પોતાના પુત્રને વિદ્યાધરોનો ચક્રવર્ત્તી કરીને કૃતાર્થ થઈશ. પશ્ચાત્ કેવલજ્ઞાની એવા પિતાની પાસે દીક્ષાગ્રહણ કરીશ.

પરંતુ તે સર્વ બાબત અન્યથા થઇ ગઇ.

માટે હવે નરકાદિકના કારણભૂત એવા આ રાજ્ય વડે શું કરવાનું છે ? પિતાના ચરણકમલની સેવા કરવી, એ જ મને ઉચિત છે. કારણ કે, આ અસાર સંસારમાં ગુરુ સિવાય અન્ય કોઇ રક્ષક થતો નથી.

શાસ્ત્રમાં પણ કહ્યું છે કે,

સંસારરૂપી સમુદ્રમાં જહાજ સમાન એવા ગુરુ મહારાજ પ્રાણીઓના કુબોધને દૂર કરે છે.

તેમજ શાસ્ત્રોના અર્થનો બોધ કરે છે.

સુગતિ (સ્વર્ગાદિક) કુગતિ (નરકાદિક)ના માર્ગરૂપ પુણ્ય અને પાપનો ભેદ સ્પષ્ટ રીતે સમજાવે છે.

તેમજ કૃત્ય અને અકૃત્યના વિભાગનો બોધ આપે છે. એવા તે સદ્‌ગુરુ વિના અન્ય કોઇ આ દુનિયામાં તારક છે જ નહીં. તે ગુરુ કેવા હોય છે; તેનું લક્ષણ પણ શાસ્ત્રમાં દર્શાવેલું છે. જેમ કે;

આ ભવાટવીમાં વર્ત્તમાન હોવા છતાં જેમની પ્રવૃત્તિ કેવલ નિર્દોષ માર્ગમાં જ હોય છે.

પોતે નિઃસ્પૃહ છતાં અન્ય મનુષ્યોને ધર્મમાર્ગમાં પ્રવર્ત્તાવે છે.

જે પોતે ભવસાગરને તરતા છતા અન્યને તારવાને સમર્થ હોય, તેવા ગુરુની જ પોતાનું હિત ઇચ્છનાર પુરૂષે સેવા કરવી જોઇએ. કારણ કે, તે સિવાય કર્મવૈરીનો ભય દૂર થવાનો નથી.

અસાર સંસાર

આ સંસારમાં વસ્તુતઃ કોઇપણ સારમય પદાર્થ દેખાતો નથી.

નરકસ્થાનમાં અતિ દારૂણ અને ઘોર એવી દુઃસહ વેદનાઓ ભરેલી છે.

કર્મોનો પરિણામ બહુ વિચિત્ર પ્રકારનો હોય છે.

ઈંદ્રિયોનો સમૂહ પણ અતિશય ચંચળ હોય છે.

આ દુનિયાની અંદર રાગ અને દ્વેષ બહુ દુર્જય થઇ પડયા છે.

ચિત્તની સ્થિરતા કિંચિત્ માત્ર પણ જોવામાં આવતી નથી.

કામાદિક વિષય પણ કિંપાકના ફલસમાન દુઃખદાયક હોય છે.

પ્રિયવસ્તુનો વિયોગ પણ અતિદુઃસહ થઈ પડે છે.

કામક્રીડાનો વિલાસ પરિણામમાં અતિશય વિષમ દુઃખદાયક થઇ પડે છે.

યૌવનના મદમાં સેવન કરાતી યુવતિઓ નરક નગરના માર્ગ સમાન કહેલી છે.

કુશ (દર્ભ) અને સૂચિ (સોંય)ના અગ્રભાગમાં રહેલા અને પવનથી હણાયેલા જળબિંદુની માફક પ્રાણીઓનું જીવિત અત્યંત અસ્થિર કહેલું છે.

આ દુનિયામાં સર્વ પ્રાણીઓને સામાન્યપણે મરણ તો રહેલું જ છે. તેમાં પણ કેટલાક જીવો પરસ્પર એક-બીજાને છેતરવામાં ઉદ્યુક્ત હોય છે.

દુષ્ટ એવા લોભાદિક કષાયો વડે લોકોને કોઇપણ પ્રકારની શાંતિ હોતી નથી.

ગૃહવાસ કેવલ અશુભ ફલથી ભરેલો છે. વળી મનુષ્યભવ પામવો, તે પણ બહુ દુર્લભ છે.

ધર્મકાર્યમાં બુદ્ધિ રાખવી, તે પણ બહુ કઠિન છે. રાત્રી અને દિવસનો સમય બહુ વિઘ્નોથી ભરેલો છે. આ જગત્માં સર્વને લોભાવનારી લક્ષ્મી પણ સ્વભાવથી ચંચળ છે. લોકોની અંદર રહેલો પ્રેમભાવ સ્વપ્ન સમાન ગણેલો છે.

આ જીવલોકની અંદર આર્યક્ષેત્રાદિક સંપદાઓની પ્રાપ્તિ અતિ દુર્લભ હોય છે. તેમાં વળી અજ્ઞાનદશા તો અતિદારૂણ કષ્ટદાયક થાય છે.

મિથ્યાત્વથી વિમૂઢ થયેલા જીવોની સ્થિતિ બહુ અધમ પ્રકારની થઈ પડે છે.

દરેક પદાર્થોની સ્થિતિ દરેક સમયે એક સરખી રહેતી નથી.

ધર્મકાર્યમાં અતિનિંદિત એવો પ્રમાદભાવ જાગ્રત રહે છે.

શરીરનું સામર્થ્ય ક્ષીણ થાય છે. તેમજ પ્રાણીઓનું આયુષ્ય પણ બહુ થોડું હોય છે.

અધિક શું કહેવું ? નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, એ ચારે યોનિમાં અત્યંત દુઃસહ દુઃખોથી પીડાયેલા પ્રાણીઓનું શરણ શ્રીજૈનધર્મ સિવાય બીજું કોઈ નથી. માટે હું પિતાની પાસે જઇ મારો મનુષ્ય ભવ સફલ કરૂં.

નભોવાહન રાજાએ પણ કહ્યું.

હું પણ પિતાના માર્ગને અનુસરીશ. કારણ કે, આજ સુધી મેં સ્વામીપણું ભોગવ્યું છે, અને હવે આજ્ઞા

પ્રમાણે વર્ત્તનાર એવા પોતાના ચાકરની સેવાને અમે કેવી રીતે કરી શકીએ ?

ત્યાર પછી પિતાએ કહ્યું, વિવેકી પુરૂષોને તો એમ કરવું તે જ ઉચિત છે. એમ કહી પોતાના પુત્ર સહિત **ગંધવાહન** રાજા તે સમયને ઉચિત કાર્ય કરીને **સુર વાહન** કેવલી ભગવાનની પાસે નિર્મળ ચારિત્ર લઈ યથાવિધ પાળીને કર્મનો ક્ષય કરી અન્ત સમયે અંતકૃત કેવલી થયા.

રાજ્યાભિષેક

વિદ્યાધરને ચક્રવર્તી તે **ચિત્રવેગ** તેજ પોતાના નગરમાં રહીને રાજ્ય ચલાવવા લાગ્યો અને પોતાના દેશનો એક ખંડ મને આપીને મારો પણ રાજ્યાભિષેક તેણે કર્યો.

પછી કેટલોક સમય વ્યતીત થયા બાદ કોઇક કાર્યને લીધે પ્રભાતકાળમાં હું એકાકી રત્નદ્વીપમાં જવા માટે પોતાના નગરમાંથી નીકળ્યો.

આકાશમાર્ગે હું ચાલતો હતો, તેવામાં હે સુંદરી ! હવેલીના ઉપરના ભાગમાં સુતેલી તું મારી દૃષ્ટિગોચર થઇ. જેથી હું કામદેવના બાણોને સ્વાધીન થઈ ગયો, અને એકદમ મેં તારૂં હરણ કર્યું છે.

હે સુંદરી ! હવે તું રૂદન કરીશ નહીં. મારા પ્રાણોની પણ તું સ્વામિની છે અને આ વૈતાઢય પર્વતને વિષે મારી સાથે અનેક પ્રકારના ભોગ વિલાસ તું કર.

એ પ્રમાણે તેનું વચન સાંભળી વજ્રથી હણાયેલીની માફક હું અત્યંત દુઃખી થઈ ગઇ અને વિચાર કરવા લાગી કે, મારા પાપના વિસ્તારને ધિક્કાર છે.

મારા માટે મારા પિતા પણ મોટા શત્રુની દુરંત આપત્તિમાં આવી પડયા છે. તેમજ મારો રાગ અન્ય પુરૂષ ઉપર હતો, છતાં પણ આ પાપિષ્ઠ મને હરણ કરીને અહીં લાવ્યો છે. મારા જીવિતને વારંવાર ધિક્કાર છે.

પિતાને બહુ દુઃખ થયું તેમજ મારા પ્રિય પતિનો લાભ પણ મને થયો નહીં.

જો શત્રુંજય રાજાની સાથે મને પરણાવી હોત તો પિતાને પણ આટલું દુઃખ આવત નહીં. અથવા તે મારા મનોભીષ્ટ સ્વામીના લાભવડે હું સુખી થઈશ.

પરંતુ હાલમાં આ મારા પાપની પરિણતિને લીધે એક પણ કાર્ય સિદ્ધ થયું નહિ.

એમ હું ચિંતવન કરતી હતી, તેટલામાં તેણે મને કહ્યું;

હે સુંદરી ! તું હાલમાં અહીં રહેજે. મેં પ્રથમ પ્રજ્ઞપ્તિવિદ્યાની પૂર્વસેવાનો પ્રારંભ કર્યો છે; તેના એક હજાર જાપ કરવાના છે, તેથી હું આ નજીકમાં રહેલી વાંસની ઝાડીમાં જઇ તે જાપ પૂર્ણ કરી જલદી અહીં પાછો આવું છું. ત્યાં સુધી તારે અહીંથી કયાંય પણ જવું નહીં.

વિષ વૃક્ષ

એ પ્રમાણે મને આજ્ઞા કરી તે વિદ્યાધર વંશઝાડીમાં ચાલ્યો ગયો.

બાદ હું પણ એકલી ત્યાં બહુ શોકાતુર થઇ ગઇ.

હવે મારે શું કરવું ? કયાં જવું ? વિગેરે કાર્યમાં હું વિચાર મૂઢ બની ગઈ. શરણ વિનાની હું એકલી ભયભીત થઈ કંપવા લાગી.

પોતાના ટોળામાંથી ભ્રષ્ટ થયેલી મૃગલીની માફક ચંચલ દૃષ્ટિએ હું ચારે તરફ દિશાઓનું અવલોકન કરવા લાગી.

અશ્રુજલવડે નેત્રો ભરાઈ ગયાં અને રૂદ્ધ કંઠે હું રૂદન કરતી બેઠી હતી. તેટલામાં ત્યાં નજીક ભાગમાં રહેલો બહુશાખાઓથી ભરપુર અને વિશાલ એવો એક વૃક્ષ મારા જોવામાં આવ્યો.

પવનથી કંપતા એવા ફલોના ભારવડે નમી ગયેલી લતાઓના સમૂહથી વ્યાપ્ત, મનોહર ફલોવડે વિભૂષિત, ચારે તરફ સુગંધને પ્રસરાવતો,

અતિશય પત્રોને લીધે ગાઢ છાયાવાળો,

જેનાં ફલ ખાવાથી નીચે પડી ગયેલા પ્રાણીઓના સમૂહોએ કરેલા મંદ શબ્દોવડે વાચાલિત,

નીચે પડતા, શ્વાસ લેતા, તરફડતા અને મરી ગયેલા પક્ષીઓવડે વ્યાપ્ત છે નીચેનો ભાગ જેનો અને દરેક પ્રાણીઓનો સંહાર કરનાર જાણે મૃત્યુ હોયને શું ?

એવા અતિ ઉન્નત તે **વિષવૃક્ષને** જોઈ બહુ દુઃખથી પીડાયેલી એવી હું તે સમયે મરવા માટે તૈયાર થઈ ગઈ અને મારા મનમાં વિચાર થયો.

પ્રિય, બંધુ, માતા અને પિતાના વિરહવાળી અધન્ય એવી હું એકલી અહીં શું કરીશ ?

મારૂં જીવન દુર્દૈવને લીધે બહુ જ દુઃખી થઈ પડયું છે, એમ ચિંતવન કરતી હું તે વૃક્ષની પાસમાં ગઈ;

હે પ્રિયસખી **હંસિની** !

તે વિષવૃક્ષનું ફલ લઈ મેં તરત જ મારા મુખમાં મૂકી દીધું અને ફરીથી આવી પીડા મને જન્માંતરમાં પણ મા થાઓ !

એમ કહીને શોક સહિત ક્ષણ માત્ર હું ત્યાં બેઠી, એટલામાં મહાન્ વિષ મારા શરીરમાં વ્યાપી ગયું. જેની વેદનાથી એકદમ હું પૃથ્વી ઉપર પડી ગઈ.

વિષ મૂર્ચ્છા

વનની અંદર રહેલાં વૃક્ષો જાણે ભ્રમણ કરતાં હોયને શું ? સમસ્ત ભૂમંડળ જાણે ઉદ્વર્ત્તન કરતું હોયને શું ? સર્વ શરીરના સાંધાઓ વિચ્છિન્ન થતા હોયને શું ? તેમ મારાં દરેક અંગો તુટવા લાગ્યાં.

બાદ હે ભદ્રે ! તે સમયે એટલી બધી પીડા વધી પડી કે; જેનું મુખેથી વર્ણન પણ કરી શકાય નહીં, એવી બહુ દુઃખી અવસ્થામાં હું આવી પડી.

ત્યારપછી મારૂં જે કંઈપણ થયું હોય તે હું કિંચિત માત્ર પણ જાણતી નથી.

કેટલેાક સમય વ્યતીત થયા બાદ, અમૃત સમાન શાંતિદાયક એવા કેાઈ તરુણના ઉત્સંગ (ખેાળા)માં રહેલેા મેં મારા દેહને જોયેા.

વળી તે યુવાન પુરૂષ વિષને દૂર કરવામાં શક્તિવાળું જળ મને પાતેા હતેા,

સુકેામલ હસ્તવડે તે પેાતે જ મારા અંગેાનું મર્દન કરતેા હતેા,

તેમજ તે મંત્રેલા જળનું મારા શરીરે સિંચન કરતેા હતેા,

તેમજ મારી પ્રિયસખી **પ્રિયંવદા** હાથમાં પાણીથી પલાળેલેા વીંઝણેા લઈ ઠંડેા પવન નાખતી હતી.

પેાતાના મુખેથી તે પેાતાના ભાઈની આગળ લાંબા વખતથી જોયેલું એવું ચિત્રપટાદિકના અવલેાકન પર્યંતનું સર્વ મારૂં વૃત્તાંત કહેતી હતી.

તેમજ તે પુરૂષ પણ હર્ષ વડે રેામાંચને ધારણ કરતેા છતેા, તે વાત સાંભળવામાં બહુ રસિક બન્યેા હતેા.

આવી અવસ્થામાં પડેલા મારા આત્માને જોઈ હું કંઈક તેઓની સારવારથી સચેતન થઇ.

વળી મારી વિષવેદના પણ ધીમે ધીમે ક્ષીણ થઇ ગઇ. બાદ હું સ્વસ્થદશામાં આવી એટલે જાગ્રત થઈ વિચાર કરવા લાગી કે;

હે હંસિકે ! ખરેખર આ શું મને સ્વપ્ન આવ્યું હશે ? એમ હું વિતર્ક કરતી હતી, તેટલામાં મારા નેત્ર ઉઘડી ગયાં અને મેં જાયું તો કામદેવસમાન તેજસ્વી એક તરૂણપુરૂષ મારા જોવામાં આવ્યો.

તરૂણ રાજકુમાર

જાણે મારા હૃદયમાંથી નીકળેલો હોયને શું ? તેમ તે ચિત્રપટમાં રહેલા કુમારને અનુસરતા યુવાનને જોઈ મને વિચાર થયો.

શું આ તે ઇંદ્રજાળ હશે ? અથવા મારો જન્માંતર થયો ? અથવા શું આ સ્વપ્ન હશે ?

મારી બુદ્ધિનો ભ્રમ થયો હશે ? અથવા શું આ સત્ય વાત જ હશે ? અથવા આ સત્ય બીના તો નહી જ હોય ?

મારૂં એટલું પુણ્ય કયાંથી હોય;

તે મારા મનોવાંચ્છિત સ્વામીનું આ મારા નેત્રો વડે દર્શન થાય ! વળી તેના ખોળામાં મારો સ્પર્શ થયો હોય તે બાબતનો સંભવ અહી કયાંથી હોય ?

પ્રિયંવદાનો મેળાપ

એમ હું વિચાર કરતી હતી, તેટલામાં પ્રિયવંદાએ મને બોલાવી;

હે સુરસુંદરી ! હજુ સુધી પણ ઉદ્વિગ્નની માફક તું શું જોઈ રહી છે ?

આ રત્નદ્વીપ નામે દ્વીપ છે. હું પ્રિયંવદા નામની

તારી બેન છું અને સિદ્ધ કરી છે વિદ્યાઓ જેણે એવા આ **મકરકેતુ** નામે મારો ભાઈ છે.

એ પ્રમાણે **પ્રિયંવદાનું** વચન સાંભળી નક્કી આ મારો પ્રિયપતિ છે, એમ જાણી મારા મનમાં બહુ જ હર્ષ થયો અને ભયથી કંપતું છે શરીર જેનું એવી હું સંકીર્ણ રસાંતરને અનુભવવા લાગી.

ત્યાર બાદ તે યુવાનના ખોળામાંથી ઉઠીને એકદમ હું **પ્રિયંવદાની** પાસે જઇને બેઠી અને કટાક્ષોવડે હું તેને જોવા લાગી. તેમજ તેની દૃષ્ટિ મારી તરફ પડતી હતી, તેટલામાં ત્યાં આગળ એક વિદ્યાધર આવ્યો અને વિનયપૂર્વક તે કહેવા લાગ્યો.

હે કુમારેંદ્ર ! શ્રી જિનેંદ્રભગવાનની પૂજાનો સમય થયો છે, માટે આપ પધારો.

એમ તેનું વચન સાંભળી **પ્રિયંવદાને** મારી પાસે મૂકી કેટલાક પુરૂષોને સાથે લઇ તે કુમાર શ્રી જિનેંદ્ર-ભગવાનના મંદિરમાં ગયો.

બાદ **પ્રિયંવદાએ** મને પૂછયું.

હે સુતનુ ! ભૂચર મનુષ્યોને અતિ દુર્ગમ એવા આ રત્નદ્વીપમાં તું કેવી રીતે આવી ? વળી આ વિષફલનું ભક્ષણ કરીને આવા ભયંકર કષ્ટમાં તું શા માટે પડી ?

આ પ્રમાણે તેનાં વચન સાંભળી મેં મારૂં પૂર્વોક્ત સર્વવૃત્તાંત તેને સવિસ્તર કહી સંભળાવ્યું.

પછી મેં પણ તેણીને પૂછયું, હે **પ્રિયંવદે**! તે સમયે મને ચિત્રપટ આપીને તું કયાં ગઈ હતી ? મારી પાસેથી ગયા બાદ તમે શું કાર્ય કર્યું ? વળી વિષભક્ષણ કરી હું આ ભયંકર જંગલમાં પડી હતી, ત્યાં તમારૂં આગમન કયાંથી થયું ? અને અતિદારૂણ એવું આ મારા શરીરમાં વ્યાપી ગયેલું વિષ તમે કેવી રીતે નિવૃત્ત કર્યું ?

પ્રિયંવદા બોલી, હે **સુરસુંદરી**! ચિત્રપટ તમને આપીને હું ત્યાંથી ઉત્તમ એવા આ રત્નદ્વીપમાં જલદી આવી પહોંચી. પછી હું કેટલાક પોતાના પરિજન સાથે રહેલા **મકરકેતુની** પાસે જઈને પોતાના ભાઈના સ્નેહ વડે કેટલાક દિવસ અહીં રહી.

બાદ અહીં આવેલા મારા પિતાએ મને કહ્યું કે;

હે પુત્રી ! હાલમાં તું અહીં જ રહે ! અને **મકરકેતુકુમારની** સારવાર કરનારી પરિચારિકા થા. એમ કહી તેઓ પોતાના સ્થાનમાં ગયા.

પિતાની આજ્ઞામાં હું તૈયાર છું, એમ કહી હે સુતનુ ! વિદ્યા સાધવામાં ઉદ્યુક્ત થયેલા મારા ભાઇની પાસે આ દ્વીપમાં હું રહી.

મકરકેતુની વિદ્યાઓ સિદ્ધ થઈ, એ વાત મારા પિતાના જાણવામાં આવી એટલે કેટલાક વિદ્યાધરોને સાથે લઈ તેઓ અષ્ટાહ્નિકમહોત્સવ કરવા માટે ફરીથી આ દ્વીપમાં આવ્યા.

ત્યાર બાદ મોટા ઉત્સવ વડે શ્રીજિનેંદ્રભગવાનનો મહિમા કરીને વિધિ પ્રમાણે વિદ્યાઓનું પૂજન પણ તેમણે કર્યું.

પછી માનવા લાયક સજ્જનોનાં સન્માન પણ કર્યા.

પૂજ્યજનોની પૂજાઓ કરી.

તેમજ વિદ્યાધરોને અનેક પ્રકારનાં દાન આપ્યાં,

ઉત્તમ પ્રકારનાં નૃત્ય, ગીત અને વાજીંત્રોના આડંબર સહિત અઠ્ઠાઇ મહોત્સવ સારી રીતે પસાર કરાવ્યો.

એમ દરેક વિધિ સંપૂર્ણ કરી મારા પિતા આજે પ્રભાતમાં રત્નસંચય દ્વીપમાં ગયા.

તેમજ મકરકેતુ પણ બાકીનાં કાર્ય સિદ્ધ કરવા માટે અહીં રહ્યો છે.

તે આજે પ્રભાતકાલમાં આવશ્યક કાર્ય કરી જંગલ જવા માટે બહાર નીકળ્યો હતો.

ત્યાં નજીકમાં રહેલા એક વાંસ વનમાં પડેલું ઉત્તમ પ્રકારનું એક ખડગ તેના જોવામાં આવ્યું.

યમ જીહ્વા સમાન ચકચકિત, તરૂણ તમાલપત્રસમાન કાંતિવાળું,

સ્ફુરણાયમાન કાંતિવડે અત્યંત દુષ્પ્રેક્ષ્ય એવા તે ખડ્ગને કૌતુક વડે પોતાના હાથમાં ગ્રહણ કરીને નજીકમાં રહેલા વનની અંદર એક વાંસના જાળામાં તે ખડગની

પરીક્ષા માટે એકદમ તેણે પ્રહાર કર્યો કે તરત જ તે વંશજાલિકા કપાઈ ગઇ.

વિદ્યાધરનો વધ

તેવામાં તે ઝાડીની અંદર વિદ્યા સાધવા માટે બેઠેલા કોઇ એક વિદ્યાધરનું મસ્તક કપાઈ ગયેલું તેના જોવામાં આવ્યું.

જેના ડાબા હાથમાં સ્થુલ મૌક્તિકની માળા (જાપમાલા) ધારણ કરેલી હતી, તેમજ પોતાના હૃદયમાં વિદ્યાનો જાપ કરવાથી જેની ઇંદ્રિયો રોકાઈ ગયેલી હતી.

તેનાં નેત્રો પણ નાસિકા તરફ રાખેલાં હતાં.

તેમજ જેનું લક્ષ્ય વિદ્યા સાધવામાં જ કેવલ રહેલું હતું, એવા તે વિદ્યાધરનું મસ્તક ત્યાં ભૂતલ ઉપર પડેલું જોઇ તેના મનમાં ત્રાસ ઉત્પન્ન થયો.

અરે! આ મેં શું કર્યું? એમ ખેદાતુર થઇ તે તેની પાસે ગયો અને તપાસ કરતાં તેણે જાણ્યું કે, આ તેજ **અકરકેતુ** ગંગાવર્ત્ત નગરનો અધિપતિ ગંધવાહન રાજાનો પુત્ર છે.

અરે! પ્રમાદને લીધે આ બિચારા નિરપરાધીને મેં શા માટે માર્યો?

મારા અજ્ઞાનપણાને ધિક્કાર છે, જેથી નિરર્થક આવું પાપ મારે સેવવું પડયું?

આવાં પાપ કર્મ કરવાથી પ્રાણીઓ કુગતિમાં ચાલ્યાં જાય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે,

જે પુરૂષ પોતાના પ્રમાદને વશ થઇ બંધુઓના ઉદ્ધાર માટે અથવા પોતાના શરીર માટે જે કંઇ પાપ ઉપાર્જન કરે છે, તજ્જન્ય સર્વ અનિષ્ટફળને તે એકલો જ પરાધીન થઇને નરકાદિક સ્થાનોમાં ભોગવે છે.

એ પ્રમાણે વિચાર કરતો અને વારંવાર પોતાને નિંદતો તે કુમાર ખિન્ન થઇ કેટલાંક ડગલાં આગળ ચાલ્યો. તેટલામાં તેનું દક્ષિણ નેત્ર ફરકવા લાગ્યું. તે જોઈ તેના મનમાં તે વિચાર કરવા લાગ્યો.

હું માનું છું, મને કોઈપણ પ્રિયવસ્તુનો આજે લાભ થવો જોઈએ."

એમ ચિંતવતો તે કુમાર વિષવૃક્ષની નીચે આવ્યો અને ત્યાં પડેલી તું તેના જોવામાં આવી.

હે સુંદરી! લાવણ્યથી ભરપુર એવા સર્વ અવયવોને ધારણ કરતી અને ચંદ્રલેખાની માફક જનોના મનને આનંદ આપતી એવી તને જોઈ કુમારનું શરીર જાણે અમૃતથી સિંચાઈ ગયું હોયને શું? તેમ તે આનંદિત થઈ ગયો.

સુરસુંદરીનું જીવન

અરે! આ યુવતી મરી ગએલી છે, છતાં પણ મારા હૃદયને આટલો અનહદ આનંદ કેમ આપે છે? નવીન યૌવનથી વિભૂષિત આ યુવતિ મારી મનોવલ્લભા હોય તેમ લાગે છે. એની હું તપાસ તો કરૂં કે, મરી ગઈ છે? અથવા તે જીવે છે?

એમ વિચાર કરી જેટલામાં તે તપાસ કરે છે, તેટલામાં તારા મુખમાં રહેલા વિષમય ફલનો ટુકડો તેના જોવામાં આવ્યો.

તે ઉપરથી તેણે જાણ્યું;

અતિતીવ્ર એવા વિષવિકારને લીધે આ બાલા અચેતન થઇ ગઈ છે. માટે એને જલદી પોતાના સ્થાનમાં લઈ જઇને એનો ઉપાય હું કરૂં,

એમ વિચાર કરી, હે **સુંરસુદરી !** તે તને અહીં લાવ્યો અને પૂર્વોક્ત સર્વ વૃત્તાંત મને તેણે કહી સંભળાવ્યું.

ત્યારપછી એણે મને કહ્યું કે,

હે બહેન ! પિતાએ વિદ્યા પ્રદાનના સમયે જે વીંટી આપેલી છે, તેને જલદી તું અહીં લાવ. તેની અંદર દિવ્ય મણિ રહેલો છે, તે એવો અમૂલ્ય છે કે, જેના પ્રભાવથી સમગ્ર વિષ વિકારાદિક દોષો નિર્મૂલ થાય છે.

એ સંબંધિ પ્રતીતિ અમને સાક્ષાત થયેલી છે. તેમાં પણ વિષ દોષને હરવામાં તો તેનો વિશેષ મહિમા ગણવામાં આવેલો છે.

વળી વિદ્યાધરોના કુમારોને એણે કહ્યું, શ્રીજિનેંદ્ર-ભગવાનની પૂજા સામગ્રીને જલદી તમે તૈયાર કરો. આ યુવતિને સ્વસ્થ કર્યા બાદ આપણે ભગવાનની પૂજા કરવાની છે. તેમજ તે વંશજાળમાં વિદ્યાધરનો મેં ઘાત કરેલો છે, તેની વિશુદ્ધિ માટે શાંતિકર્મ કરવાનું છે, અને વિઘ્ન જય માટે કેટલોક મંત્રજાપ પણ મારે કરવાનો છે.

એમ તે કહેતો હતો, તેટલામાં મેં તે વીંટી તેને લાવીને આપી. એટલે તરતજ તેણે તે મણિનું પાણી તને વિધિપૂર્વક પાયું, તેથી હે સુતનુ ! તું કંઈક સ્વસ્થ દશામાં આવી.

ત્યારપછી એની આગળ હું ચિત્રપટનું અવલોકન વિગેરે તારૂં સર્વ વૃત્તાંત કહેતી હતી, તેટલામાં હે **સુરસુંદરી** ! તું સારી રીતે સ્વસ્થ થઈ ગઈ.

તેં જે મને પૂછયું, તેનો સર્વ ઉત્તર મેં તને કહ્યો. માટે હે **સુરસુંદરી** ! તારૂં ધારેલું સર્વ કાર્ય સિદ્ધ થયું. અથવા દૈવ જો અનુકૂલ હોય તો તે દ્વીપાંતરમાં રહેલાને પણ સમુદ્રના મધ્યમાંથી અથવા દૂર દેશમાંથી પણ લાવીને આ લોકમાં સમાગમ કરાવે છે.

કહ્યું છે કે, દૈવગતિ બલવાન્ છે. ક્ષણમાં સુખ અને ક્ષણમાં દુઃખ આપવામાં તે સ્વતંત્રતા ભોગવે છે. જેમકે,

"હે મહાનુભાવ ! આ સંસારચક્રની ઘટમાળને જોઈ પોતાના હૃદયમાં શાંતિ રાખવી, પરંતુ હું ધન વિનાનો છું, એમ જાણી તારે ખેદ કરવો નહીં, તેમજ હું સંપત્તિઓથી પૂર્ણ છું, એમ જાણી આનંદ માનવો નહીં. કારણ કે;

નિર્ધનને ધનવાન્ અને ધનવાનને ખાલી કરતાં દૈવને બીલકુલ વિલંબ થતો નથી. અર્થાત દૈવગતિ વિચિત્ર છે.

ત્યારપછી મેં પ્રિયંવદાને કહ્યું, હે પ્રિયસખી ! તારૂં કહેવું સત્ય છે, પરંતુ મારૂં એક વચન તું સાંભળ.

મારા માટે મારા પિતા મોટા શત્રુના દુઃખમાં આવી પડયા છે. જો કે મને મારા પ્રિયનું દર્શન તો થયું. છતાં પણ હાલમાં મારૂં હૃદય બહુ શોકાતુર રહ્યા કરે છે.

કારણકે, હે પ્રિયસખી ! તાતની પીડાને લીધે હજુ-પણ મારૂં શરીર સઘળું બળી જાય છે.

શત્રુંજયરાજાના ભયથી પીડાતા એવા મારા પિતાનું જીવિત પણ હાલમાં સંશયિત થઇ રહ્યું છે. માટે મારી મંદ ભાગિણીનું દૈવ અનુકૂળ શી રીતે ગણાય ?

એમ કહી, હે હંસિકે ! હું એકદમ શોકાતુર થઇને રૂદન કરવા લાગી. તેટલામાં દેવ પૂજનાદિક પોતાનું કાર્ય કરી તેણીનો ભાઇ અમારી પાસે આવ્યો.

મકરકેતુ રાજા

અમારી પાસે આવી તે બોલ્યો, હે પ્રિયંવદે ! આ તારી પ્રિય ભગિની કેમ રૂદન કરે છે ?

તે સાંભળી પ્રિયંવદાએ મારા શોકનું સર્વ કારણ તેને જણાવ્યું.

ત્યાર પછી તેણે કહ્યુ, હે સુંદરી ! તું રૂદન કરીશ નહીં. હાલમાં હું ત્યાં જઇને તારા પિતાના શત્રુને જરૂર યમરાજાના સ્થાનમાં પહોંચાડી દઇશ.

હે સુંદરી ! મારા જીવતાં છતાં તારા પિતાનો પરાજય કરવા કોણ શક્તિમાન છે ? માટે હાલમાં હું

એકલો ત્યાં જાઉં છું અને તું આ પ્રિયંવદાની સાથે આ શ્રીઆદિનાથ ભગવાનના મંદિરમાં હું આવું ત્યાં સુધી સુખેથી રહેજે.

હવે તારે કોઈ પ્રકારની ચિંતા કરવી નહી. હું તે દુરાચારી શત્રુંજયરાજાને મારીને જલદી અહીં આવીશ.

એમ કહીને તે કુમાર વસુનંદક ખડગને પોતાના હાથમાં ગ્રહણ કરી આકાશમાર્ગે ચાલતો થયો. હું પણ પ્રિયંવદાની સાથે તે દિવસ ત્યાં જ રહી અને અત્યંત રાગને લીધે તેના સમાગમનું જ હું ચિંતવન કરતી હતી.

મારો મનોવલ્લભ બહુ વિદ્યાના પ્રતાપવાળો છે, છતાં હજુ તે દુષ્ટનો સંહાર કરી કેમ નહીં આવ્યો ? એમ ચિંતવન કરતાં તે દિવસ મારો વ્યતીત થઈ ગયો અને અખંડ રાત્રી પણ હું પ્રિયંવદાની સાથે નિર્ગમન કરતી, હજુ સુધી પણ તે મારો પ્રિયતમ કેમ નહી આવ્યો ?

એમ વારંવાર ચિંતવન કરતી ઉદ્વિગ્નદશામાં બેસી રહી હતી, તેટલામાં એક ભયંકર વૈતાલ મારા જોવામાં આવ્યો.

ભયંકર પિશાચ

તીક્ષ્ણ અને કઠોર વાણી વડે તિરસ્કાર કરતો, સ્વરૂપ વડે ભયંકર,

નિર્ધૂમ અગ્નિની જ્વાલાઓના સમૂહની માફક પીળા એવા ચોટલાની કાંતિવડે વિકરાલ,

હોઠની બહાર નીળેલા છે દાંત જેના, કરાગ્રને વિષે મનુષ્યોના મસ્તકને નચાવવામાં બહુ રસિક, મરૂસ્થલના કૂવાની માફક ઉંડાં અને પિંગલ નેત્રોવડે દુષ્પ્રેક્ષ્ય,

ગળાની અંદર ખડખડ શબ્દ કરતી રૂંડમાળા જેણે ધારણ કરેલી છે, વિજળીના પુંજની માફક ઉજ્વલ અને અતિ ચંચલ હાલતી છે લાંબી જીભ જેની,

ખડખડાટ ભયંકર હાસ્યના પ્રતિધ્વનિવડે સમસ્ત પ્રાણીઓને ત્રાસ આપતો અને વિકરાલ છે મુખ જેનું એવો તે શ્યામ આકૃતિવાળો વૈતાલ

અમારી પાસે આવીને કહેવા લાગ્યો.

અરે! પાપે! પ્રથમના સમયે પરપુરૂષ ઉપર આસક્ત થયેલી તું અને પરયુવતિમાં લુબ્ધ થયેલો તે પાપિષ્ઠ પુરૂષ, તમે બંનેએ મને બહુ દુઃખ આપ્યું છે, તેનું ફલ તે પાપિષ્ઠ કુમારને તો મળી ચુકયું છે અને હાલમાં તું પણ પોતાના કુકૃત્યના અનુસારે તેનું ફલ ભોગવ.

હે **હંસિની**! આ પ્રમાણે બોલતો તે વૈતાલ ભયભીત એવી મને લઇને નિષ્ઠુર વચનોવડે તિરસ્કાર કરતો આકાશ માર્ગે ઉપડી ગયો.

ત્યાર પછી પાછળ બૂમ પાડતી **પ્રિયંવદા** આવતી હતી. તેણીને તે પાપીએ ભયંકર હુંકારાઓ વડે મુડદાની માફક કરી નાખી અને તે બીચારી કયાંય છુટી પડી ગઇ.

ત્યાર પછી તે પાપી મને આકાશ માર્ગે બહુ દૂર દેશમાં લઈ ગયેા અને તેણે જાણ્યું કે, હવે અ ંગેાપાંગ ભાગી જવાથી જરૂર આ મરી જશે, એમ ધારી આકાશમાંથી તેણે મને નાંખી દીધી.

પરંતુ દૈવયેાગને લીધે પ્રથમ જ્યાં હું પડી હતી, તેજ ઉદ્યાનની અંદર લતામંડપ ઉપર હું પડી, જેથી મને કેાઇ પ્રકારની વેદના થઈ નહીં.

તેવામાં ત્યાં **સમંતભદ્ર** મારા જોવામાં આવ્યેા અને તેણે સર્વ વૃત્તાંત મને પૂછયું.

તે સમયે અરે! આ શું ઇંદ્રજાળનેા દેખાવ થયેા ? આ સ્વપ્ન હશે ? હું અહીં કયાંથી આવી ! તે દુષ્ટ વૈતાલ કયાં ગયેા ? અને તે **પ્રિયંવદાનું** શું થયું હશે ? વળી મારા મનેાવલ્લભનું આ દુષ્ટે જ કંઇક અનિષ્ટ કર્યું હશે ? તે કારણને લીધે જ તે મારી પાસે તે દ્વીપમાં જલદી આવી શકયેા નહીં; અથવા મારા માટે આવેલા તે **શત્રુંજયરાજાએ** મારા પિતાનું કંઈપણ અનિષ્ટ કર્યું હશે ? કારણ કે; તેમની પાસે સૈન્ય બહુ થેાડું છે.

એમ ચિંતવન કરતી હું બહુ શેાકાતુર થઇ ગઈ, જેથી **સમંતભદ્રે** મને બહુ બહુ પૂછયું, પરંતુ હું કંઈપણ બેાલી શકી નહીં.

ત્યાર પછી **સમંતભદ્ર** મને **અમરકેતુરાજાની** પાસે લઇ ગયેા. ત્યાં પણ શેાક અને ત્રાસને લીધે મારાથી

કંઈપણ તેવો ઉત્તર આપી શકાયો નહીં. કેવળ મૌન-મુખે હું બેસી રહી.

હે **હંસિની**! સ્નેહને સ્વાધીન થયેલી તેં મને પૂછયું હતું, તેના પ્રત્યુત્તરમાં સ્નેહગર્ભિત અને ગુહ્ય એવું મારૂં સર્વ ચરિત્ર બહુ પ્રેમવડે વિસ્તારપૂર્વક ખુલ્લી રીતે મેં તને સંભળાવ્યું.

હંસિકા સખી

મારૂં વૃત્તાંત સાંભળી દયાર્દ્ર હૃદયવાળી **હંસિકા** બોલી.

હે **સુરસુંદરી**! અતિ દુઃસહ એવાં દુઃખો તારા અનુભવમાં આવ્યાં, જેમના સાંભળવાથી પણ લોકોને દુઃખ થયા વિના રહે નહીં.

હે પ્રિયસખી! આવા દારૂણ દુઃખોને તું લાયક નથી, પરંતુ આલોકમાં દૈવની ગતિ બહુ વિચિત્ર છે. જેથી તું આવાં દુઃખોને આધીન થઇ પડી છે.

વળી દૈવબળ એટલું બધું પ્રધાન ગણાય છે કે; તે હંમેશાં સુખને લાયક એવા મનુષ્યને પણ અનેક પ્રકારના દુઃખોને આધીન કરે છે, તેમજ વિરહની વેદનાને નહીં જાણનાર એવા પ્રાણીને પણ પોતાના સ્વામી સાથે વિરહિત કરી નાખે છે. કર્મનો પ્રભાવ બહુ ગહન છે. કર્મ સિવાય સુખ અથવા દુઃખ આપવાને કોઇ પણ સમર્થ નથી. કહ્યું છે કે,

આ જગતમાં પરિભ્રમણ કરતો મનુષ્ય સુખસંપત્તિની પ્રાપ્તિ માટે અનેક પ્રકારના વેપાર કરે.

રાજાની સેવામાં પોતાનું જીવન ગાળે, સ્વર્ગલોકમાં પ્રવેશ કરે અથવા પાતાલ સુધી પણ ઉદ્યોગ કરવામાં બાકી રાખે નહીં, અથવા ધનપતિની સેવા કરે, અથવા અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરે,

તપશ્ચર્યામાં દૃઢતા રાખે, તેમજ સર્વકલાઓનો પારગામી થાય, તો પણ પૂર્વે ઉપાર્જન કરેલા કર્મના અનુસારે જ તેને ફલ પ્રાપ્તિ થાય છે. અન્યથા થઇ શકતું નથી.

કર્મની સ્થિતિ બહુ બલવાન છે.

માટે હે **સુરસુંદરી** ! આ પ્રમાણે દૈવનો પ્રભાવ સમજીને બીલકુલ તારે ઉદ્વેગ કરવો નહીં.

વળી આ પ્રમાણે શોક કરવાથી પણ હવે શો ગુણ થવાનો છે ?

હે પ્રિયસખી ! તારા શરીરને વિષે જેવા પ્રકારનાં લક્ષણો દેખાય છે, તે પ્રમાણે તો તું વિદ્યાધરોના ચક્રવર્તીની પત્ની થઇશ. તેમજ મારા પણ સાંભળવામાં આવ્યું છે.

કુશાગ્રનગરમાંથી આવેલો કોઇક પુરૂષ **કમલાવતી** દેવીની આગળ કહેતો હતો કે, **શત્રુંજયરાજાએ** કુશાગ્રનગરને ચારે તરફથી રોકી લીધું છે, જેથી નગરના સર્વ લોકો બહુ વ્યાકુલ થઈ ગયા છે.

સામંત સહિત **નરવાહનરાજા** પણ સંશયમાં આવી પડયેા છે અર્થાત્ તે એમ જાણે છે કે; આ સમયે મારેા પરાજય થવાનેા છે.

વળી ઘાસ ઇંધનાદ્દિકની હાની થવાથી નાગરિક લેાકેા મેાટા કષ્ટમાં આવી પડયા છે. યંત્રેાવડે ફેંકાતા મેાટા પત્થરેાના આઘાતને લીધે કિલ્લેા પણ જીર્ણપ્રાય થઈ રહ્યો છે.

પટકુટીઓના છિદ્રોમાં રહેલા કેટલાક સુભટો કેાદાળીના આઘાતવડે ચારે બાજુ ખેાદવાનું કામ ચલાવી રહ્યા છે. સેંકડેા ધનુષેામાંથી નીકળતાં અનેક બાણેાવડે જેના આકાશનેા ભાગ છવાઈ ગયેા છે.

હજારેા પડેલા સુભટોના રૂધિરને લીધે કાદવથી ભરપુર એવું તે **કુશાગ્રનગર** બહુ દુર્દશામાં આવી પડયું હતું.

તેવામાં સ્ફુરણાયમાન ખડ્ગને ધારણ કરતેા એક વિદ્યાધર અકસ્માત્ ત્યાં આવ્યેા અને રેાષથી રક્ત છે નેત્ર જેનાં એવા તે વિદ્યાધરે ગજેંદ્ર ઉપર બેઠેલા શત્રુંજયરાજાનું મસ્તક એકદમ ચળકતા પેાતાના ખડ્ગ વડે કાપી નાખ્યું.

નરવાહનનેા સમાગમ

શત્રુંજયરાજાને મારીને તે વિદ્યાધર **નરવાહન** રાજાની પાસે આવ્યેા અને તેણે કહ્યું,

હે નરેંદ્ર ! આપના શત્રુનો મેં સંહાર કર્યો છે. હવે આપે કોઈ પ્રકારની ચિંતા રાખવી નહીં.

હે રાજન્ ! વિદ્યાધરે અપહરણ કરેલી **સુરસુંદરી** નામે તમારી પુત્રી રત્નદ્વીપમાં રહેલી છે. તેના કહેવાથી હું અહીં આવ્યો છું.

શ્રી **ચિત્રવેગ**નો પુત્ર **મકરકેતુ** નામે હું વિદ્યાધર છું. **પ્રિયંવદા**ની પાસે તમારી કન્યા સુખેથી રહેલી છે.

એમ કહી **મકરકેતુ** ત્યાંથી ચાલતો થયો. પછી **નરવાહન** રાજા પણ બહુ ખુશી થઇને પોતાના સૈન્ય સહિત નગરમાંથી બહાર નીકળ્યો, એટલે સ્વામી રહિત એવું તે શત્રુનું સૈન્ય ત્યાંથી નાસી ગયું.

ત્યારપછી તે **શત્રુંજય**રાજાના હાથી, ઘોડા અને રથ વિગેરે જે જે સારી વસ્તુ હતી, તે સર્વ તેણે પોતાને તાબે કર્યું. માટે હે પ્રિયસખી ! **સુરસુંદરી** ! તે બાબતમાં તું કંઈપણ ચિંતા કરીશ નહીં. કારણકે; તારા પતિએ તારા પિતાને નિર્ભય કર્યા છે.

નવીન વિદ્યા સાધી તૈયાર થયેલા તે કુમારને તે પિશાચ શું કરી શકે ? માટે વૃથા તું ચિંતામાં પડીશ નહીં. ચિંતા કરવાથી શરીરને બહુ આઘાત પહોંચે છે. કહ્યું છે કે,

આ જગતમાં અનેક પ્રકારના વ્યાધિઓ બતાવેલા છે, તેમજ તેમના ઉપચાર પણ બતાવવામાં આવેલા છે.

તે પૈકીમાં ચિંતા, એ પણ એક અપૂર્વ વ્યાધિ ગણવામાં આવ્યો છે. જેની ઉપમા કાષ્ઠની ચિતા સાથે આપવામાં આવી છે, પરંતુ તે ચિતાથી પણ બિંદુ માત્રની અધિકતાને લીધે ચિંતાને અધિક માનવામાં આવે છે.

કારણકે, ચિતા તો મુડદાને બાળે છે અને ચિંતા તો જીવતા પ્રાણીને પણ બાળે છે. અર્થાત્ પ્રાણીઓના રૂધિરને શોષી લે છે.

હે સખી ! હવે તું ખેદ કરીશ નહીં અને કોઈ કારણને લીધે તારા સ્વામી ત્યાં રોકાયા હશે. જેથી તે દ્વીપમાં જલદી તે આવી શકયા નહીં. એમ કેટલાક પ્રિય-વચનો વડે તેણીએ **સુરસુંદરીને** શાંત કરી એટલે તે શોકનું વાતાવરણ દૂર કરીને આનંદમય થઈ વર્ત્તવા લાગી.

ત્યારપછી **હંસિકા કમલાવતી** દેવીની પાસે ગઈ અને આ સર્વ હકીકત તેણીએ તેને નિવેદન કરી.

પછી **કમલાવતી**એ પણ રાજાની આગળ જઈ યથાસ્થિત આ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું.

ધનદેવનું આગમન

સુરસુંદરી પોતાની ફોઇને ત્યાં આનંદપૂર્વક રહે છે. સમસ્ત અંતઃપુરની સ્ત્રીઓ **સુરસુંદરી**ના સહવાસને લીધે બહુ આનંદ માનવા લાગી.

આ પ્રમાણે સુખ સમાધિથી તેણીના કેટલાક દિવસો નિર્ગમન થયા, કોઈ એક દિવસ સભામાં **અમરકેતુ**રાજા પોતાના કેટલાક પુરૂષો, **કમલાવતી** દેવી અને **સુરસુંદરી**

સહિત બેઠો હતો, તે સમયે દ્વારપાલની અનુજ્ઞાથી રાજાને બહુ જ પ્રિય અને જેના હાથમાં અમૂલ્ય મોતીઓનો થાળ રહેલો હતો, એવો **ધનદેવ** વણિક્ ત્યાં આવ્યો અને પ્રણામ કરી રાજાની આગળ તે બેઠો.

તેણે મૌક્તિકથી ભરેલા થાળની ભેટ કરી. પછી રાજા સંભ્રાંતની માફક એકદમ ઉતાવળથી બોલ્યો.

હે **ધનદેવ**! તું સિંહલદ્વીપમાં ગયો હતો. છતાં જલદી પાછો કેમ આવ્યો ? શું વહાણની બાબતમાં કોઈ-જાતનું વિઘ્ન તો નથી થયું ?

કારણકે; તને અહીંથી ગયે એક માસ જ થયો છે. વળી તે સિંહલદ્વીપ બહુ દૂર છે. ત્યાં પહોંચતાં પણ ઘણા દિવસો થાય છે. છતાં તું જલદી ટુંક મુદ્દતમાં પાછો આવ્યો, એ મોટું આશ્ચર્ય લાગે છે.

તે પ્રમાણે રાજાનું વચન સાંભળી **ધનદેવ** બોલ્યો.

હે નરાધીશ ! હું અહીંથી ગયો અને તરત જ અહીં પાછો આવ્યો, તેનું વૃત્તાંત આપ સાંભળો.

ધનદેવનું વૃત્તાંત

સિંહલદ્વીપમાંથી અહીં આવેલા વણિકોની સાથે મારો મેળાપ થયો. તે લોકોએ મને વેપાર સંબંધી બહુ ઉત્સાહ આપ્યો. જેથી તે દ્વીપને ઉચિત એવાં અનેક પ્રકારનાં કરીયાણાં લઇ હું ત્યાં જવા તૈયાર થઈ નીકળ્યો.

ત્યારપછી આપના ચરણ કમલમાં પ્રણામ કરી બહુ

ગાડાઓના સાર્થસહિત હું બહુ વિશાલ એવા ગંભીર નામના વેલાતટ ઉપર જઇ પહોંચ્યો.

તે વેલાકુલની અંદર અનેક નાવિકજનો પોતપોતાનો ઉદ્યોગપૂર્ણ રીતે કરી રહ્યા હતા, તેમજ કેટલાક યાનપાત્રોને તૈયાર કરતા હતા.

સોપારી અને નાળીયેર વિગેરેના મોટા ઢગલાઓને લીધે જેના રાજમાર્ગોની રમણીયતા નજરે પડતી હતી,

કોઇ ઠેકાણે હાથીના દાંતની પાલી વડે વ્યાપ્ત એવો તે વેલાતટ હાથીના મુખની માફક શોભે છે.

કોઇ ઠેકાણે કર્પૂર, અગુરૂચંદનના સમૂહવડે સુરગિરિની માફક દેખાય છે.

કોઈ ઠેકાણે મુક્તાહારોથી વિરાજીત એવા ભૂતલને લીધે પુંડરીકગિરિના શિખર સમાન દીપે છે.

કોઇ ઠેકાણે જાયફલ અને ઇલાયચીના પુંજને લીધે કામુકના મુખની માફક શોભે છે.

નાના પ્રકારના દેશોમાંથી આવેલા મોટા કરો (વેરાઓ) વડે રોકાયા છે સમસ્ત દિશાઓના ભાગ જેના એવા રાજભવનની માફક સેંકડો કરીયાણાં જેમાં આવ્યા કરે છે, એવો તે વેલાતટ દેખાતો હતો.

હવે ત્યાં આગળ યથાયોગ્ય દાણ ચુકાવીને તે સર્વ ભાંડો સમુદ્રના કિનારે અમે સ્થાપન કર્યાં.

ત્યારપછી સમુદ્રમાં ચાલી શકે તેવું મજબુત અને

વિશાલ એવું એક વહાણ અમે ભાડે લીધું. અનુક્રમે સર્વ વસ્તુઓ તે વહાણની અંદર ચઢાવી દીધી.

પછી શુભ તિથિ, નક્ષત્ર અને ઉત્તમ યોગ જોઇને વિધિપૂર્વક સમુદ્રનું અમે પૂજન કર્યું. તેમજ શ્રી જિનેંદ્ર-ભગવાનની પૂજા કરીને શ્રમણસંઘને દાન આપી બહુ સંતુષ્ટ કર્યો. મિત્રવર્ગને સુખ શાંતિ સમાચાર પૂછયા. સમસ્ત પરિવારની સંભાષણપૂર્વક સંભાવના કરી.

ત્યારપછી ત્યાં મંગલધ્વનિ થવા લાગ્યા. માંગલિક વાજીંત્રોના નિર્દોષ ચારે તરફ ઉછળવા લાગ્યા. સમયજ્ઞ એવા માગધ લોકો જય જય શબ્દોના ઉચ્ચાર કરવા લાગ્યા.

તે સમયે અધ્યાદિકના રહેવા માટે ભિન્ન ભિન્ન વિભાગ જેમાં રહેલા છે, "અન્યપક્ષમાં" માયિક પદાર્થોથી પૃથક્ કર્યું છે મન જેમણે, ગુણો (દોરડાં–યોગ્ય ગુણો) ના સમૂહ વડે બદ્ધ (બાંધેલાં–સંયુક્ત) છે ફલક (પાટીયાં –શયન યોગ્ય પાટીયાં) જેનાં, સંયમિત છે સમગ્ર યોગ જેના અને અચલ એવા મુનિની માફક રહેલા તે વહાણની ઉપર હું બેસી ગયો.

ત્યારપછી ત્યાં સમુદ્રની ગંભીર એવી વેલા (ભરતી) ચઢી આવી, તેમજ અનુકૂલ પવનથી સંપૂર્ણ ભરાઈ ગયેલા શ્વેત સઢના જોસથી અમારૂં વહાણ સમુદ્ર માર્ગે ચાલવા લાગ્યું.

સમુદ્ર વર્ણન

ચારે તરફ ઉછળતાં માછલાઓના મહાન્ પુંછડાઓના આઘાતને લીધે જેનું પાણી બહુ ઉછળવા લાગ્યું, ઉછળતા

પાણીના સમૂહવડે ઢંકાઈ ગયેલા અને સ્ફુરણાયમાન ગિરિના ખંડોવડે ભયંકર; મહાભયંકર મગરોવડે ઉછળતા ભુજંગો જેની અંદર અનેક ગોધિકા (જંતુવિશેષ)ઓને ગળી જાય છે.

એકઠા થઈ રહેલા અને ઉન્નત સ્થિતિવાળા તિમિંગિલ-મહામચ્છોના આઘાતથી અનેક તરંગો જેમાં પ્રગટ થાય છે. તરંગોથી ખેંચાતા જલજંતુઓના ભયંકર શબ્દો જેમાં સંભળાયા કરે છે,

ભયંકર શબ્દોને લીધે ત્રાસ પામતા જલચરોના પરિભ્રમણ વડે જલની સ્થિતિ બહુ ઘોર દેખાવા લાગી, ઘોરપાણીના ઘણુઘણાટ શબ્દોને લીધે સર્વ દિગ્મંડલ વાચાલિત થઈ ગયું,

અનેક પ્રકારના ઊત્કટ તરંગો જેમાં વારંવાર ઉછળવા લાગ્યા, જલપ્રવાહમાં ઘસાડાતાં પ્રવાલ અને શ્યામ ભુજંગોના ત્રાસથી વ્યાકુલ થયાં છે માછલાઓના ટોળાં જેને વિષે,

તેમજ બહુ પ્રાણીઓને આશ્રય આપનાર (અન્ય પક્ષે બહુ પ્રાણીઓની પાસેથી આહાર કરનાર), પડતો છે મોટી આપદાઓ [આપગા નદીઓ-આપત્તિયો]નો સમૂહ જેને વિષે,

જળના આશ્રયભૂત (પ્રજ્ઞાઓમાં સ્થાનને નહી પામતો) એવા દરિદ્રપુરૂષની માફક જેનો દેખાવ બહુ વિકરાલ થઇ

રહ્યો છે. વળી મકર, મીન (મઘર અને માછલીઓ=મકર અને મિન રાશિ) નો સંચાર જેમાં રહેલો છે,

સ્ફુરણાયમાન ઘન [ઘાઢ–મેઘના] અંધકાર વડે વ્યાપ્ત છે પર્યંતના વિભાગ જેના એવા કૃષ્ણપક્ષના આકાશની માફક અપ્રાપ્ત છે પ્રાંત ભાગ જેના એવા સમુદ્રના મધ્યભાગમાં હે નરનાથ ! અમારું વહાણ બહુ વેગથી કેટલાક યોજન ચાલ્યું ગયું,

તેટલામાં એક દિવસ વહાણના સ્તંભાગ્ર ઉપર બેઠેલા નાવિકે કહ્યું કે,

હે પુરૂષો ! એક આશ્ચર્ય તમે જુઓ !! પ્રકુલ્લ છે મુખ જેનું અને રૂપમાં દેવસમાન એવો કોઈ પણ મહાનુભાવ પોતાની ભુજાઓવડે અપાર એવા આ સમુદ્રને તરે છે.

એ પ્રમાણે નિર્યામિકનું વચન સાંભળી મેં વહાણમાં બેઠેલા અને તરવામાં કુશળ એવા કોળી લોકોને તરતજ તેની પાસે મોકલ્યા અને તેમને મેં કહ્યું, તે સત્પુરૂષને તમે અહીં લાવો. ત્યાર પછી તેઓ તેની પાસે જઈને કહેવા લાગ્યા.

હે ભદ્ર ! તમને તેડવા માટે **ધનદેવ** વણિકે અમને મોકલ્યા છે. માટે તમે આ હોડીમાં બેસી જાઓ !

એ પ્રમાણે તેમનું વચન સાંભળી હોડીમાં બેસી તે અમારી પાસે આવ્યો અને તરત જ અમારા વહાણમાં આવી ગયો.

હે નરેંદ્ર ! તેની આકૃતિ બહુ ભવ્ય દેખાતી હતી અને તે ભાગ્યશાળી તરૂણ અવસ્થાને શોભાવતો હતો. રૂપવડે કામદેવનો તિરસ્કાર કરતો હતો. નવીન મુછનો અંકોરો મુખને શોભાવતો હતો.

વળી હે નરનાથ ! અધિક વર્ણન કરવાથી શું ? આપની આકૃતિને તે અનુસરતો હતો. તે મહાશયને જોઈ અમારી દૃષ્ટિ અમૃતથી સિંચાયેલી હોય ને શું ! તેમ શાંત થઈ.

વળી આ મહાનુભાવ મકરકેતુ કુમારના સરખો દેખાય છે, માટે તે સમયે અરણ્યમાં પડેલી કમલાવતી દેવીના ખોળામાંથી અદૃષ્ટરૂપધારી કોઇક પૂર્વના વૈરી એવા દેવે જન્મજાત બાળકનો અપહાર કર્યો હતો, તે જ આ હશે ?

અથવા મારે આ વિચાર કરવાની શી જરૂર છે ? પ્રથમ એને જ પૂછવું ઠીક છે.

તું કોણ છે ? કયાંથી આવ્યો ? અને આ સમુદ્રમાં શાથી પડયો ?

એમ વિચાર કરી, મેં તેને અભ્યંગ સ્નાનાદિક કરાવીને પશ્ચાત્ બહુ પ્રેમપૂર્વક જમાડીને શાંત કર્યો.

ત્યારબાદ તે સુખાસન ઉપર વિરાજમાન થયો.

ત્યાર પછી વિનયપૂર્વક મેં તેને પૂછયું.

હે ધીર ! આ ભયંકર સમુદ્રમાં તમે શા માટે પડયા હતા ? અને તમે કયા દેશમાં રહો છો ?

મકરકેતુ કુમાર.

ધનદેવનું વચન સાંભળી તે બોલ્યો.

હે સત્પુરૂષ ! મારૂં વૃત્તાંત સાંભળવામાં આપને કૌતુક હોય તો, એકાગ્ર ચિત્તે તમે સાંભળો

વૈતાઢયગિરિની અંદર દક્ષિણ શ્રેણીમાં **રત્નસંચય** નગર છે, તેમાં **પવનગતિ** વિદ્યાધરની **બકુલવતી**સ્ત્રીની કુક્ષિથી ઉત્પન્ન થયેલો **ચિત્રગતિ** નામે વિદ્યાધરેંન્દ્રોનો ચક્રવર્તી રહે છે.

તેની ખ્યાતિ સર્વ પ્રસરી રહી છે. **અમિતગતિ** વિદ્યાધરની **કનકમાળા** નામે પુત્રી તેની ભાર્યા છે. તેણીનો હું પુત્ર છું.

મારી ઉપર તેણીનો પ્રેમ બહુ અપૂર્વ છે. મારૂં નામ **મકરકેતુ** છે. અનુક્રમે વૃદ્ધિ પામતો હું યૌવન-અવસ્થાને શોભાવવા લાગ્યો.

ચમરચંચા નગરી

હવે વૈતાઢય પર્વતમાં ઉત્તર શ્રેણીની અંદર **ચમર-ચંચા** નગરી છે. જેના સર્વપ્રદેશો દરેક ઋતુઓમાં ફલકુલથી વિભૂષિત એવા વૃક્ષોની શ્રેણીઓવડે શોભે છે.

વળી તે નગરીની અંદર **ભાનુગતિ** વિદ્યાધરનો પુત્ર **ચિત્રગતિ** વિદ્યાધરેંદ્ર રાજ્ય કરે છે. તે મારા પિતાનો મિત્ર છે. મારી ઉપર પણ તે બહુ પ્રીતિ ધરાવે છે.

રોહિણી વિદ્યા

એક દિવસ હું ફરતો ફરતો **ચમરચંચા** નગરમાં ગયો. મને જોઈ **ચિત્રગતિ** એચરેંદ્ર બહુ ખુશી થયો અને ઘણા પ્રેમવડે તેણે મને **રોહિણી** નામે એક વિદ્યા આપી.

ત્યારપછી ત્યાં જ રહીને મેં સાત માસ તે વિદ્યા સાધવામાં વ્યતીત કર્યા.

દેવોએ મને ચલિત કરવા માટે અનેક પ્રકારના ભય ઉત્પન્ન કર્યા, છતાંપણ મેં નિર્ભયપણે યથોક્ત વિધિવડે તે વિદ્યાને સિદ્ધ કરી.

ત્યારપછી વિદ્યા સિદ્ધ થઇ એટલે હું પોતાના નગરમાં ગયો. મને જોઇ મારા પિતા બહુ જ ખુશી થયા અને તેમણે વિદ્યાધરોની આગળ મારી પ્રશંસા કરી.

હે વિદ્યાધરો ! જુઓ ! મારો પુત્ર બાળવયનો છે, છતાંપણ તેણે નિર્ભય મનવડે ભયંકર સ્વરૂપવાળી **રોહિણી** વિદ્યા પણ સિદ્ધ કરી. હજુપણ આ બાલક હોવાથી વિદ્યાઓને સાધવામાટે લાયક નથી; એમ જાણી મેં એને આટલા વર્ષ સુધી વિદ્યાઓ આપી નહીં. પરંતુ જો એણે આવી રૂદ્રરૂપવાળી વિદ્યા પ્રથમ સિદ્ધ કરી તો એને અન્ય વિદ્યાઓને સાધવાનો શો હિસાબ છે ?

વિદ્યા પ્રદાન

બાદ સારા માંગલિક દિવસનો યોગ જોઇ સિદ્ધાલયોમાં રહેલી શ્રીજિનેંદ્રભગવાનની પ્રતિમાઓનો અષ્ટાન્હિકા મહોત્સવ તેમણે બહુ પ્રેમથી કરાવ્યો.

પછી સમાન સિદ્ધિનો વિચાર કરીને મારા પિતાએ સમસ્ત વિદ્યાઓ મને આપી અને તેમને સાધવાનો ઉત્કૃષ્ટ એવો સર્વ વિધિ પણ મને બતાવ્યો.

ત્યાર પછી તેમણે કહ્યું કે; હે પુત્ર! જેમના કિરણોના સમૂહ ચારે તરફ દીપિ રહ્યા છે, એવા અનેક મણિઓથી વ્યાપ્ત એવા રત્નદ્વીપમાં વિદ્યાધરોએ બનાવેલા ભવ્ય આકૃતિવાળા શ્રી આદીશ્વરભગવાનના મંદિરમાં તું જા?

ત્યાં આગળ ઉત્તમ ક્ષેત્રમાં એકાંત જગાએ બહુ કાંતિમય અને વિદ્યા સાધવામાં ઉદ્યુક્ત થયેલા ખેચરોને રહેવા લાયક અનેક પ્રકારનાં મંદિરો રહેલાં છે.

તેમાં રહી તારે વિદ્યાઓ સાધવી. વળી તારી સારવારને માટે બહુ થોડો પરંતુ પોતાને ઇષ્ટ એવો પરિવાર તું લઈ જા.

પ્રથમ ત્યાં જઈને તારે શ્રીજિનેંદ્રભગવાનનું પૂજન તથા વંદન કરવું.

બીજાં કોઇપણ પ્રકારનાં કાર્ય કરવાં નહીં. વળી એક યોજન માત્ર ક્ષેત્રમાં પચેંદ્રિય પ્રાણીઓની હિંસા પોતે અથવા બીજાએ પણ પ્રયત્નપૂર્વક કરવી તથા કરાવવી નહીં. કારણ કે; પ્રમાદને લીધે પણ જો આવાં અકૃત્ય થાય તો પોતાના કાર્યમાં વિઘ્ન થયા સિવાય રહે નહીં, એમ કહી મારા પિતાએ મને એક વીંટી આપી.

હે પુત્ર! સમગ્ર દોષોને નિવારવામાં સમર્થ એવી આ વીંટી હંમેશાં તારે પોતાના હાથે રાખવી, એમ

ઉપદેશ આપી તેમણે મને પરિવાર સહિત વિદાય કર્યો.

હું પણ પિતાને પ્રણામ કરી ત્યાંથી નીકળ્યો. અનુક્રમે રત્નદ્વીપમાં ગયો. ત્યાં એકાંતસ્થલ જોઇ વિધિ પ્રમાણે **બહુરૂપિણી** આદિક નાના પ્રકારની વિદ્યાઓ સાધવાનો મેં પ્રારંભ કર્યો.

વિદ્યાસિદ્ધિ

તેમજ બહુરૂપા, પ્રજ્ઞપ્તિ, ગૌરી, ગાંધારી, મોહનોત્પાદિની, આકર્ષણી, ઉન્મોચની, ઉચ્ચાટની અને વશીકરણી વિગેરે બહુ વિદ્યાઓને સાધતાં મારા લગભગ છ માસ ચાલ્યા ગયા.

તે અરસામાં રાત્રીના છેલ્લા પ્રહરે છેવટના ભાગમાં પૃથ્વી ધ્રુજવા લાગી, દિશાઓના ગજેંદ્રો ગર્જના કરવા લાગ્યા, આકાશ બળવા લાગ્યું, અનેક ભૂતના સમૂહો હસવા લાગ્યા.

પર્વતો ધ્વનિ કરવા લાગ્યા, પાષાણની વૃષ્ટિ થવા લાગી, એમ મને આભાસ થયો.

વળી થોડીવાર પછી મનોહર સુગંધને વિસ્તારતો સુકોમલ પવન વાવા લાગ્યો, તેમજ બહુ જુજ પ્રમાણમાં સ્પર્શ કરતા દિવ્ય ગંધોદકની વૃષ્ટિ થવા લાગી, પાંચ પ્રકારના વર્ણવાળી દિવ્ય પુષ્પોની વૃષ્ટિ ચારે તરફ પડવા લાગી.

દિવ્યવિદ્યાઓનો પ્રાદુર્ભાવ

વિવિધ પ્રકારના અલંકારોથી વિભૂષિત, પોતપોતાનાં નામ વાળાં વિચિત્ર પ્રકારનાં ચિન્હોના સમૂહો વડે વિરાજીત, વિવિધ પ્રકારનાં સુંદર વાહનો ઉપર બેઠેલી, નાનાપ્રકારનાં વસ્ત્રાભૂષણોથી વિભૂષિત, પરસ્પર વર્ણોની દેદીપ્યમાન કાંતિને લીધે સમાનરૂપને ધારણ કરતી, એવી વિવિધ પ્રકારની સ્ત્રીઓ પ્રગટ થઈ અને બોલી,

હે કુમારેંદ્ર ! અમે વિદ્યાઓ છીએ. તારું ધૈર્ય જોઈ અમે તને સિદ્ધ થએલી છીએ.

એ પ્રમાણે તેમનું વચન સાંભળી મારા હૃદયમાં બહુ જ હર્ષ થયો. બાદ મેં આનંદપૂર્વક તેમનું અર્ઘાદિક પૂજન કર્યું અને જેમને જે ઉચિત હતું, તે પ્રમાણે તેઓનું મેં સન્માન કર્યું.

ચિત્રવેગનું આગમન

ત્યારપછી મને વિદ્યાઓ સિદ્ધ થઈ છે, તે વાત જાણીને મારા પિતા સુભટ મંડળ સાથે મોટા આડંબર સહિત વાજીંત્ર, ગીત, વાદ્ય અને નૃત્ય વગેરેની બહુ પ્રકારની સામગ્રીઓ સાથે લઈને તેઓ અષ્ટાન્હિક મહોત્સવ માટે અનેક પ્રકારનાં પૂજાનાં સાધનો ગ્રહણ કરી વૈતાઢય પર્વતમાંથી ત્યાં આવ્યા.

પછી તેમણે શ્રી આદિનાથ ભગવાનના મંદિરમાં બહુ ભક્તિપૂર્વક મોટો મહોત્સવ કરાવ્યો. તેમજ યત્ન પૂર્વક સર્વ વિદ્યાઓનું વિધિ પ્રમાણે પૂજન કર્યું.

પવિત્ર તીર્થોના નિર્મલ જલવડે શ્રીજિનેંદ્રભગવાનની પ્રતિમાઓનું સ્નાત્ર કરાવ્યું.

ત્યાર પછી અનેક વિદ્યાધરોને ઉદાર ભાવથી ઘણાં દાન આપવામાં આવ્યાં. પૂજ્યવર્ગની સારી રીતે પૂજાઓ કરી અને માનવાલાયક સજ્જનોનો સારી રીતે સત્કાર કર્યો.

ઉત્તમ પ્રકારનાં ગીત, નૃત્ય અને વાજીંત્રોના ઠાઠ સાથે અઠ્ઠાઇ મહોત્સવ કરાવ્યો.

તેમજ ગંભીર એવા પટહ, ભેરી, ભંભા અને દુદ્દંભિના અનેક શબ્દોવડે દિગંતરોને પૂર્ણ કરતા સુંદર વિદ્યાધરીઓના પ્રેક્ષણક (નાટય) વડે ખેચરોના સમૂહને આકર્ષણ કરતા,

નિર્મલ એવા શ્રીજિનેંદ્ર ભગવાનના ગુણકીર્ત્તનમાં કુશલ એવા સેંકડો માગધવડે સંકીર્ણ, વાગતા એવા વેણુ તથા વીણાના મધુરનાદ વડે જનસમાજને આનંદ આપતા, જોવા માટે આવેલા સુર તથા કિન્નરોના ચિત્તને ચમત્કાર કરવામાં અગ્રણી,

મોટા પાપોને હઠાવનાર અને રમણીય એવા રાત્રી જાગરણને શ્રીજિને-દ્ર ભગવાનના મંદિરે કરાવીને પોતાના પરિવાર સહિત મારા પિતા વૈતાઢય પર્વતમાં ગયા.

હું બાકીના સમસ્ત કાર્ય કરવા માટે ત્યાં જ રહ્યો હતો.

પછી શ્રીજિનેંદ્રભગવાનની પૂજા કર્યા બાદ જિનવંદન કરી રહ્યો એટલે સૂર્યોદય થયો.

પછી હું શરીર ચિંતા માટે બહાર નીકળ્યો. શૌચ ક્રિયા કરી દીર્ઘિકાદિકની ક્રીડા માટે હું કેટલોક પ્રદેશ આગળ ચાલ્યો, તેટલામાં ત્યાં વાંસડાઓની ઝાડીમાં પૃથ્વી ઉપર પડેલું એક મનોહર ખડ્ગ મારા જોવામાં આવ્યું. તરત જ તેને હાથમાં લઈ ચપલતાને લીધે તે ખડ્ગનો પાસમાં રહેલી તે વંશજાળની ઉપર મેં પ્રહાર કર્યો.

તેની અંદર **ગંગાવર્ત્ત** નગરનો સ્વામી **ગંધવાહન** રાજાનો પુત્ર **મકરકેતુ** વિદ્યાધર વિદ્યા સાધવા માટે પ્રથમ પ્રવેશ કરી રહેલો હતો.

તેનું મસ્તક વાંસડાઓની સાથે કપાઈને ભૂતલ ઉપર પડેલું એકદમ મારા જોવામાં આવ્યું.

જેની અંદરથી રૂધિરનો પ્રવાહ ચાલ્યો જતો હતો.

તે જોઈ હું એકદમ સંભ્રાંત થઈ ગયો.

મારા હૃદયના આઘાતને લીધે મારી દૃષ્ટિ બહુ ચંચળ થઈ ગઇ અને હું શોક કરવા લાગ્યો.

હાહા! બહુ આશ્ચર્યની વાત છે કે; આવું અકાર્ય મેં કર્યું. અરે! પ્રમાદના વશમાં પડી મેં આ હિંસા કરી, માટે જરૂર મારા મંદભાગ્યને લીધે કંઇક વિઘ્ન મને થયા વિના રહેશે નહીં.

હે ભવ્યાત્માઓ ! શાસ્ત્રકારો ત્યાં સુધી પોકાર કરી કહે છે કે, પોતાના પ્રાણો કંઠગત થાય તો પણ હિંસાદિક અકૃત્યનું સેવન કોઈપણ સમયે કરવું નહિ. અર્થાત્ પ્રાણત્યાગ કરવો પણ અકૃત્ય કરવું નહીં તેમજ પ્રાણાંત સુધી પણ સુકૃત્ય ધર્મનો ત્યાગ કરવો નહીં.

એમ છતાં મેં પ્રમાદને લીધે આ અકાર્યનું સેવન કર્યું, માટે જરૂર મારે દારૂણ દુઃખ ભોગવવું પડશે અથવા મેં ઘણી વિદ્યાઓ સિદ્ધ કરી છે; તેથી મને વિઘ્ન થવાનો સંભવ નથી.

પરંતુ વિઘ્નને દૂર કરવા માટે મંત્ર જાપ તથા શ્રીજિનેંદ્રભગવાનની પૂજા વિગેરે ઉપચાર કરવા તે ઉચિત છે.

એમ વિચાર કરી હું ત્યાંથી ચાલ્યો. એટલે મારું દક્ષિણ નેત્ર ફરકવા લાગ્યું. જેથી મેં જાણ્યું કે, મને કોઈ પણ સારી વસ્તુનો આજે લાભ થશે.

યુવતી દર્શન

એમ વિચાર કરતો હું કેટલાંક ડગલા ચાલી નીકળ્યો, તેટલામાં હે **ધનદેવ** ! તે ગહન વનમાં કિંપાક વૃક્ષની નીચે પૃથ્વી ઉપર પડેલી એક યુવતી મારા જોવામાં આવી.

તે મૂર્છિત અને ભરનિદ્રાની માફક ઘેનમાં ડુબેલી હતી. જેણીના શરીરની આકૃતિ પોતાના કુલની લક્ષ્મીદેવી હોય તેવી અપૂર્વ ઉત્કૃષ્ટતાને સૂચવતી હતી.

તેમજ જેણીના અંગોની લાવણ્યતા અમૃતવડે નિર્માણ કરેલી હોય તેમ નેત્રોને આનંદ આપતી હતી.

વળી બહુ લાંબા શ્યામ અને અતિસુકોમલ એવા કેશ પાશવડે તેણીનું મનોહર મસ્તક આકર્ષાયેલા ભ્રમરાઓના સમૂહથી વ્યાપ્ત એવા કમલની માફક શોભે છે.

કર્ણાંત સુધી પ્રાપ્ત થયેલાં નેત્ર અને સરલ નાસિકા વડે ઉત્તમ શોભાને ધારણ કરતો તેણીનો મુખરૂપી ચંદ્ર ક્ષીણચંદ્રનું જાણે ઉપહાસ કરતો હોય ને શું ? તેવો હતો.

શંખના સરખી ઉન્નત, સુકોમલ અને જડ (જલ) ની સંગતિથી મુક્ત થયેલી તેણીની ગ્રીવા, તીક્ષ્ણ કાંટાઓથી વ્યાપ્ત એવા મૃણાલ દંડોનું ઉપહાસ કરે છે.

ઘણા કઠિન, સ્થુલ ઉન્નત અને સમસ્ત લોકોના મનને હરણ કરતા એવા તેણીના સ્તનોને ઐરાવત હાથીના કુંભસ્થલોની ઉપમા કેવી રીતે આપી શકાય ? વળી વિવેક રહિત એવું તારું સ્તન યુગલ કામુક જનોને સુખેથી બાળે;

પરંતુ શ્રવણો (કાન–મુનિઓ)ને પ્રાપ્ત થયેલાં તારા નેત્રોને તે લાયક નથી;

એ પ્રમાણે ઉપદેશ આપતો તે બાલાનો મધ્યભાગ ક્ષીણ થયો હોય તેમ હું માનું છું. અથવા અવિનિત જનને આપેલો ઉપદેશ કંઇપણ અસર કરી શકતો નથી.

મારે સ્તનમંડલનો ઘણો ભાર કેવી રીતે વહન

કરવો એવી ચિંતાને લીધે તેણીના કમ્મરનો ભાગ દરિદ્ર છોકરાંના જનકની માફક બહુ ક્ષીણ થયો હતો.

મનોહર, ગંભીર અને દક્ષિણઆવર્ત્તવાળી તેણીની નાભી જાણે કામદેવને સ્નાન કરવા માટે વિધિએ બનાવેલી કૂપિકા હોય ને શું ? તેમ શોભે છે.

માંસથી પુષ્ટ, સુકોમલ અને વિશાલ એવા નિતંબ વડે તે બાલા દર્શનમાત્રથી જ તરૂણજનોના હૃદયને કામાતુર કરી નાખે છે.

કેળના ગર્ભસમાન સુકોમળ અને જેણીનું અતિ રમણીય એવું ઉરૂસ્થલ જાણે કામદેવના ગૃહદ્વારમાં વિધિએ સ્થાપન કરેલું તોરણ હોય ને શું ? તેમ શોભે છે.

કૂર્મના સરખા ઉન્નત, પરસ્પર સજ્જડ મળેલી સુકોમળ અને પુષ્ટ એવી આંગળીઓથી વિભૂષિત અને સુંદર રંગવાળા તેણીના બંને ચરણો કહો ભલા કોના મનને હરણ કરે નહી ?

એવી સર્વાંગ સુંદર તે બાલાને જોઈ એકદમ મારી દૃષ્ટિ અત્યંત આનંદમય થઈ ગઈ.

લાંબા સમયના પરિચયવાળી હોયને શું ? તેમ તેને જોઈ મારા હૃદયમાં હર્ષની સીમા રહી નહીં.

ત્યાર બાદ પ્રિય એવી પોતાની ભાર્યાની માફક પાસે જઇ તેણીની મેં તપાસ કરી તો તે નિશ્ચેતન થયેલી હતી.

તેણીના મુખમાંથી માત્ર ફેણ નીકળતું હતું અને શરીરની કાંતિ શ્યામ થઈ ગઈ હતી.

પછી મેં પોતાની આંગળી તેણીના મુખમાં નાખીને જોયું તો અંદર અર્ધું ચાવેલું કિંપાકનું ફલ મારા જોવામાં આવ્યું.

જરૂર આ ફલના વિકારને લીધે આ બાલા અચેતન થઇ ગઈ છે, માટે એને પોતાના સ્થાનમાં લઇ જઇને હું સ્વસ્થ કરૂં.

વળી કોઇપણ વિદ્યાધરની આ કન્યા અહીં આવેલી હશે.

કોઇપણ દુઃખને લીધે એણીએ વિષફલ ખાધેલું જણાય છે.

પૃથ્વી ઉપર ચાલનાર મનુષ્યો આ રત્નદ્વીપમાં આવી શકતા નથી. તેથી ભૂલોકવાસી આ કન્યા કેવી રીતે હોઇ શકે ?

તેમજ આવા એના વેષ ઉપરથી જરૂર આ કન્યા છે, એમાં કોઈ પ્રકારનો સંદેહ નથી.

તેમજ મારૂં જમણું નેત્ર સ્ફુરતું હતું, તેથી આ મારી પ્રિયવલ્લભા હોવી જોઇએ, કારણકે; આ બાળાને જોઇ જેવો મને અનુરાગ થયો છે, તેવો અનુરાગ અનેક પ્રકારની વિદ્યાધરોની બાલાઓને જોઇને પ્રથમ થયો નહોતો. માટે જરૂર આ કોમલાંગી મારી દયિતા હોવી જોઇએ.

એમ વિચાર કરતો હું પોતાના હાથના ઉત્સંગમાં એને લઇને ચાલ્યો. તેણીના સુકોમલ અને મનોહર એવા શરીરના સ્પર્શથી ઉત્પન્ન થયેલા સુખનો અનુભવ લઈ મારૂં શરીર બહુજ શાંત થઈ ગયું.

અનુક્રમે હું શ્રી આદિનાથ ભગવાનના મંદિરની પાસે મારા સ્થાનમાં આવી પહોંચ્યો.

વિષાપહાર

પોતાના સ્થાનમાં આવીને ત્યાં રહેલી મારી ઓરમાન માતાની કન્યા પ્રિયંવદાને મેં પૂર્વોક્ત સર્વ વાર્તા કહી.

પછી મેં તેણીને કહ્યું કે; પિતાએ વિદ્યાપ્રદાનના સમયે મને જે વીંટી આપી હતી, તે વીંટી અને નિર્મલ જલ તું જલદી અહીં લાવ.

હે ધનદેવ ! દિવ્ય મણિથી જડેલી તે મુદ્રિકા સમગ્ર દોષોને નિવારે છે. વળી વિષસમૂહને નાશ કરવામાં તો વિશેષે કરીને તે બહુ ઉપયોગી થાય છે. તેની પ્રતીતિ અમને સાક્ષાત્ થયેલી છે.

પછી તે વીંટીના સ્પર્શવાળું પાણી કરીને હું તેણીને પાવા લાગ્યો, તેમજ તેણીના શરીરે છાંટવા લાગ્યો. તે સમયે પ્રિયંવદાએ મને કહ્યું કે; આ તો મારી બહેન છે.

પછી મેં કહ્યુ કે; આ તારી બહેન કેવી રીતે થાય ? એને કોઈ વખત તેં પ્રથમ જોએલી છે.

પ્રિયંવદા બોલી. રત્નવતી નામે મારી નાની માસીને નરવાહનરાજાની સાથે કુશાગ્રનગરમાં પરણાવી છે; તેની આ સુરસુંદરી નામે કન્યા છે.

પ્રથમ હું વૈતાઢય પર્વતમાંથી આ દ્વીપમાં આવતી હતી, ત્યારે માર્ગના પરિશ્રમને લીધે થાકી ગઈ એટલે કુશાગ્ર નગરની બહાર ઉદ્યાનમાં હું ઉતરી હતી. ત્યાં મેં એને જોઈ હતી, વળી તે સમયે હું આકાશ-ગામિની વિદ્યાનું એક પદ ભૂલી ગઈ હતી. તે પણ બહુ બુદ્ધિમાન્ એવી એણીએ માત્ર કહેવાથી જ તે પદ મને સંભારી આપ્યું હતું. તેમજ ચિત્રપટમાં લખેલા તારા સ્વરૂપને જોઈ એણીએ ઉન્માદને વધારનાર એવો ઘણો સ્નેહ પ્રગટ કર્યો.

વળી આ ચિત્રગત યુવાન બહુ સુંદર છે, એમ જાણી એણીના હૃદયમાં ઘણો આનંદ થયો હતો અને આ મારો સ્વામી થાય તો બહુ સારૂં, એ પ્રમાણે એણી વડે બહુધા વ્યાકુળ થવાયુ હતું.

વળી જો કોઈ પણ પ્રકારે એ મહાશયનું મને દર્શન પણ થાય તો હું કૃતાર્થ થાઉં, એ પ્રમાણે એણીએ નિઃશ્વાસ મૂકયો હતો.

હે ભગિનિ ! જો હું તારી કોઇપણ સંબંધવાળી હોઉં તો અવશ્ય તેના સમાગમના સુખવડે આ બહેનને તારે શાંત કરવી, એમ એણીના કહ્યા બાદ હું અહીં આવી હતી.

આ પ્રમાણે તેણીનો પૂર્વવૃત્તાંત પ્રિયંવદા કહેતી હતી, તેટલામાં તેણીના વિષવિકારનો વેગ દૂર થવાથી તે સચેતન થઇ ગઇ.

બાદ સારી રીતે શુદ્ધિમાં આવી એટલે તે બાલાને પ્રિયંવદાની પાસે મૂકીને હું વિઘ્નનિવૃત્તિને માટે શ્રીઋષભદેવ ભગવાનની પૂજા કરવા માટે મંદિરમાં ગયો.

ત્યાં વિધિપૂર્વક શ્રીજિનેંદ્રભગવાનની પૂજા કરીને મેં ચૈત્યવંદન કર્યું. પછી ઉપયોગપૂર્વક શાંતિ દેવતાનો મંત્ર જાપ કર્યો. તેમજ ત્રીજી સ્તુતિ ભણીને સો શ્વાસોચ્છવાસનો એક કાયોત્સર્ગ કર્યો.

એ પ્રમાણે વિદ્યાધરના મરણજન્ય વિઘ્નની શાંતિ માટે ધર્મકાર્ય કરીને હું ફરીથી જ્યારે પ્રિયંવદાની પાસે ગયો. ત્યારે શોકને લીધે અશ્રુજલથી ભીંજાઈ ગયા છે ગંડસ્થલ જેના એવી તે બાલા રૂદન કરતી મારા જોવામાં આવી.

પછી મેં પ્રિયંવદાને પૂછયું

હે બહેન ! આવા મોટા શોકથી સંતપ્તની માફક આ કમલાક્ષી શા માટે રૂદન કરે છે ?

તે સાંભળી પ્રિયંવદા બોલી.

હે કુમારેંદ્ર ! એણીના કારણને લીધે એના પિતાને મોટા પરાક્રમી શત્રુએ રોકી લીધો છે, તેથી બહુ શોકાતુર થઇ આ બાલા રૂદન કરે છે.

ત્યાર પછી મેં તેણીને કહ્યું,

હે સુંદરી ! આ કિંકર તારે સ્વાધીન છતાં તારા પિતાનો પરાભવ કરવા કોણ સમર્થ છે ?

વળી અધિકની શી જરૂર છે ? હાથમાં વસુનદ્દંક ખડ્ગ લઈ હું એકલો ત્યાં જઈને તે દુરાચારી પ્રચંડ શત્રુનો સંહાર કરૂં છું.

અહીં શ્રીઆદિનાથ ભગવાનના મંદિરમાં પ્રિયંવદાની પાસે સુખેથી તારે રહેવું. કોઇ પ્રકારનો શોક કરવો નહિ.

જ્યાં સુધી હું તે દુષ્ટ શત્રુંજયને મારીને પાછો અહીં આવું, ત્યાં સુધી તમારે અહીંથી કયાંય પણ જવું નહીં. એમ કહી તમાલપત્રના સરખા શ્યામ એવા આકાશમાર્ગે હું ઉપડી ગયો.

કુશાગ્રપુર

અનુક્રમે હું કુશાગ્રપુર જઈ પહોંચ્યો. જેના વિશાલ કિલ્લાની ચારે બાજુએ ઉદ્ધત સુભટોએ ઘેરો ઘાલેલો હતો, અંદરના ભાગમાં બહુ યંત્રોથી વહન કરાતા ગોળાકાર એવા પાષાણોને લીધે ભયંકર, કિલ્લાના ઉપરના ભાગમાં ધ્વજપતાકાઓ રચેલી હતી, તેમજ જેના કાંગરાઓમાં સેંકડો તોપો ગોઠવેલી હતી અને હજારો ઉદ્ધત સુભટોના આડંબર સહિત કોલાહલની ગર્જનાઓ બહુ વધી પડી હતી.

આ પ્રમાણે તે નગરનો ઉપદ્રવ જોઈ મારા હૃદયમાં બહુ કૌતુક થયું. તેથી તે જોવા માટે આકાશમાં જ હું ઊભો રહ્યો. તેટલામાં તે નગરને ભાગવા માટે શત્રુંજય રાજાનું સૈન્ય એકદમ તૈયાર થઈ થયું.

યુદ્ધનો સમારંભ

શત્રુંજયરાજાના સૈનિકોમાંથી કોઈ કહે છે, અરે ! તૈયાર કરેલું મારૂં બક્તર મને આપો.

વળી કોઇ કહે છે કે; મારૂં મનોહર વક્ર [શસ્ત્ર વિશેષ] મને જલદી આપો.

એ પ્રમાણે શત્રુંજયના સૈન્યમાં સુભટોનો ઘણો કોલાહલ સંભળાવા લાગ્યો.

તેમજ કેટલાક કહે છે કે; અશ્વિકાઓને તૈયાર કરો. યંત્રોને વહન કરો. પટકુટીને સરકાવો. વળી કિલ્લાની પાસમાં નિસરણીઓ ગોઠવો.

યંત્રપીડનની ઘટના કરવામાં હવે તમે વિલંબ કરશો નહીં. ઝરૂખાઓને બાળી મૂકો. મોટા પત્થરોના જથા વડે ખાઇઓને પૂરી નાખો.

કોદાળાદિકના સાધનો વડે ગઢના મુખ્ય ભાગોને તોડી નાખો.

એ પ્રમાણે શત્રુંજય રાજા બોલવા લાગ્યો.

કિલ્લાની ઉપર અટારીઓમાં રહેલા નરવાહન રાજાના સુભટો ઉપરથી મોટા પત્થરા ફેંકે છે, જેથી

શત્રુનાં યંત્રપીડન ટુટવા લાગ્યાં અને ઘાસનાં પુળીયાં સાથે લાગતી મશાલોવડે તેઓના યંત્રોને બાળી નાખે છે. તેમજ નગરાધીશના સુભટો કિલ્લાના આધારે સ્થાપન કરેલી નિસરણીમાં ઉપર રહેલા શત્રુના સુભટોને ભાલા મારીને ખાઇઓમાં પાડી નાખે છે.

શસ્ત્રાદિકથી ઘાયલ થયેલા સુભટોએ પોતાના હાથમાં ધારી રાખેલો એવો પણ ઘોડીયેનો સમુદાય બહુ કુદાકુદ કરે છે અને અટ્ટાલીઓમાં ગોઠવેલા યંત્રોમાંથી નીકળતા પાષાણના મારને તે બચાવી લે છે.

પડખાઓના વરંડાઓ ઉપર રહેલા ધનુષધારીઓએ મારેલાં બાણોવડે ઘાયલ થયેલા અને કિલ્લાની પાસમાં આવતા શત્રુઓના મસ્તકોના સેંકડો ટુકડાઓ તોપોના મારથી થયા કરે છે,

તેમજ કિલ્લાથી દૂર રહેલી એવી પણ પટકુટીઓને તેલથી છાંટેલા અને શૃંખલાયંત્રમાં ગોઠવેલા મોટા કાષ્ઠોના સમૂહવડે બાળી નાખે છે,

તેમજ કિલ્લાના કાંગરાઓની અંદર રહેલા હોંશીયાર એવા ધનુષધારીઓના બાણો વડે છેદાઈ ગયેલું શત્રુનું સૈન્ય વિજયાર્થી સંગ્રામમાં શિથિલ થઇ ગયું.

તેટલામાં બહુ રોષને લીધે ત્યાં અનેક સામંત તથા સુભટોના સમૂહ તૈયાર થઈ ગયા અને પોતાના સૈન્યને આશ્વાસન આપીને કિલ્લાની સન્મુખ પ્રયાણ કરવા લાગ્યા.

ઉદ્ભટ સુવર્ણથી વિભૂષિત છે કાંડ જેમના એવાં બાણો વડે વિંધાયેલો કિલ્લો નગરનું રક્ષણ કરતો છતો રોમાંચને ધારણ કરતો હોય ને શું ?

ત્યારબાદ શત્રુના યોદ્ધાઓએ પરિખા [ખાઇ]ઓ પુરી નાખી અને લાંબા વાંસોના પ્રયોગ વડે પ્રાંતભાગને બાળી નાખીને સમગ્ર કિલ્લો અગ્નિથી સળગાવી દીધો.

યંત્રોથી ફેંકાતા પત્થરોના આઘાત વડે કિલ્લાનાં શિખરો તુટવા લાગ્યાં, જેથી શત્રુના સૈન્યમાં અકસ્માત્ કોલાહલ ફાટી નીકળ્યો.

ત્યારપછી મોટા વિશાલ પાષાણોથી બાંધેલી કિલ્લાની અટાલીઓ પણ યંત્રો, સુરંગો અને કશાઓના આઘાત વડે વિખરાઈ પડવા લાગી.

મકરકેતુનું સાહસ

એ પ્રમાણે શત્રુના સૈનિકોએ એકદમ પરાજીત કરેલા નગરના સુભટો જોઇ અકસ્માત મારા હૃદયમાં ક્રોધ ભરાઇ ગયો. જેથી હું હોઠ પીસીને તરવાર ઉગામી ગજેન્દ્ર ઉપર બેઠેલા શત્રુંજય રાજાની પાસે ગયો અને તેને કહ્યું,

રે ! રે ! અધમ ! આજે મેં તને ઘણા કાળે દીઠો છે. જો કે આ મારી સ્ત્રીના પિતાએ તારું કોઈ પ્રકારનું વૈર કર્યું નથી, છતાં તું એમનો પરાજય કરવા તૈયાર થયો છે. એ તારો કેટલો બધો દુરાચાર ગણાય !

અથવા વિનાશ કાળ આવે ત્યારે વાંસને ફલ આવ્યા સિવાય રહેતું નથી.

વળી હે **શત્રુંજય** ! જો તું સત્ય સુભટવાદને વહન કરતો હોય તો હાલમાં તું તારું પુરૂષત્વ પ્રગટ કર.

એમ કહી તેના કેશ પકડી એકદમ મેં તેનું મસ્તક કાપી નાંખ્યું.

બાદ છેદાઇ ગયું છે મસ્તક જેનું એવા પોતાના સ્વામીને જોઇ શત્રુના સર્વ સૈનિકો સંભ્રાંત થઇ ગયા અને એકદમ મારી ઉપર હુમલો કરીને બાણો વડે મને મારવા મંડી પડયા.

ત્યાર પછી તેઓનાં હજારો તીક્ષ્ણ બાણોની પંક્તિનો યુક્તિપૂર્વક બચાવ કરીને **નરવાહન** રાજા શોકાતુર થઇ જ્યાં સભામાં બેઠા હતા, ત્યાં હું ગયો અને **શત્રુંજય** રાજાનું મસ્તક તેમની આગળ મૂકયું.

પછી પ્રણામ કરીને હે **ધનદેવ** ! પૂર્વોક્ત સર્વ વાર્તા તેમની આગળ મેં કહી સંભળાવી.

મકરકેતુનું પ્રયાણ

ત્યાર પછી મેં કહ્યું, હે રાજન્ ! હવે તમારે કોઇ પ્રકારનો ઉદ્વેગ કરવો નહીં, તમે સુખેથી અહીં રહો. હું હવે જાઉં છું. કારણ કે,

રત્નદ્વીપમાંથી આપની કન્યાને લાવીને જલદી આપને સોંપી દઉં, એમ કહી સ્ત્રીના મુખાવલોકનમાં ઉત્સુક થયેલો હું આકાશ માર્ગે ચાલવા લાગ્યો અને અનુક્રમે તે સ્થા-

નમાં હું પહોંચ્યો, તેટલામાં અકસ્માત ત્યાં રહેલો એક વૈતાલ મારા જોવામાં આવ્યો,

તાલ વૃક્ષના સરખી લાંબી જેની જંઘાઓ છે, મષી પુંજ અને મહિષ સમાન શ્યામ છે શરીર જેનું. જેના હાથોનું બંધારણ બહુ લાબુ અને પુષ્ટ છે.

જેના દાંત મુખની બહાર નીકળેલા છે. ઉંટની માફક જેના હોઠની સ્થિતિ ભયંકર દેખાય છે. વળી જેનાં ચક્ષુઓ ખદ્યોતની માફક ચકચકે છે. જેના મુખની બહાર જીવ્હાઓ લપલપે છે.

બહુ જાડી અને ચીપટી છે નાસિકા જેની, બહુ સંતાપને વિસ્તારતો વારંવાર પોતાની ભુજાઓ વડે આસ્ફોટન કરતો, તેમજ ખડખડાટ હાસ્ય વડે અતિશય ગર્જના કરતો અને પ્રલયકાલના મેઘસમાન હક્કાર વડે નભસ્તલને વાચાલિત કરતો, એવો તે વૈતાલ બોલ્યો.

રે! રે! દુરાશય! પ્રથમ તેં મને સ્ત્રીના અપહારથી બહુ દુઃખ દીધેલું છે. તે વૈરનો બદલો આ સમયે હું લીધા વિના રહેવાનો નથી.

હવે મારી દૃષ્ટિગોચર થયેલો તું કયાં જઇશ?

રે વૈરી! બાલ અવસ્થામાં કોઈ કારણ આવી મળવાથી તું જીવતો રહેલો છે, પરંતુ હાલમાં ભયંકર સમુદ્રમાં નાખેલો જીવવાનો નથી.

એમ કહીને તે વૈતાલ તરત જ અદ્રશ્ય થઈ ગયો. હું પણ આકાશમાંથી એકદમ ધસી સમુદ્રમાં પડી ગયો.

પછી હું ત્યાંથી આકાશમાં ચાલવા માટે **નભોગામિની** વિદ્યાનું સ્મરણ કરવા લાગ્યો, પરંતુ તે વિદ્યા મને યાદ આવી નહીં. તેથી મેં જાણ્યું કે, દુષ્ટ વૈતાલ જરૂર મારી સર્વ વિદ્યાઓ હરી ગયો.

કોઇપણ પ્રચંડ વૈરી આ અસુર હોવો જોઈએ, એમ વિચાર કરતો હું હે ધનદેવ ! ભુજાઓ વડે સમુદ્ર તરવા લાગ્યો.

અકસ્માત ઉત્પાત

હે નરાધીશ ! એ પ્રમાણે પોતાનું વૃત્તાંત તે પુરૂષ મને કહેતો હતો, તેટલામાં અમારા નિર્યામકે ભયભ્રાંત થઈ કહ્યું કે;

હે નાવિક પુરૂષો ! કર્ણધાર સહિત તમે તૈયાર થઇ જાઓ. કારણ કે, મૃત્યુના મુખ સમાન આ કોઈ ભયંકર ઉત્પાત દેખાય છે.

તમે આકાશ તરફ દૃષ્ટિ કરો; સુપડાના આકાર જેટલું અને એકદમ વૃદ્ધિ પામતું તે વાદળ ઉત્પન્ન થયું છે. જે અભ્રખંડ ખલપુરુષના સંગની માફક આપણો નાશ કરશે. આવા સ્થાનમાં થયેલો આવો ભયંકર મહાઘોર આ ઉત્પાત થોડા સમયમાં યાત્રાળુ, નાવિક અને નાવ આદિક સર્વનો વિનાશ કરે છે.

એ પ્રમાણે વ્હાણના સ્તંભાગ્ર ઉપર બેઠેલા પુરૂષનું વચન સાંભળી વહાણમાં રહેલા સર્વ પુરુષો એકદમ ક્ષોભા-

યમાન થઇ ગયા અને જીવવાની આશા પણ તેઓએ છોડી દીધી.

ત્યારપછી નાવિકોએ સર્વ નંગરોના સમુદાય જલની અંદર મૂકી દીધા, કૂપસ્તંભને નમાવી નાખ્યો, વહાણને પણ ખુબ જાડા અને શ્વેત વસ્ત્ર વડે ચારે બાજુએ ઢાંકી દીધું. એટલામાં શ્યામ એવા મેઘના સમૂહ વડે સર્વ આકાશ છવાઈ ગયું.

પવન પણ બહુ વેગથી વાવા લાગ્યો. સમુદ્રનું પાણી ઉછળવા લાગ્યું. ચારે તરફ યમજીહ્વાની માફક નિરંતર ઉપરાઉપરી વિજળીના ચમકારા દેખાવા લાગ્યા. મેઘ પણ યમરાજાના સુભટની માફક ભયંકર ગર્જનાઓ કરવા લાગ્યો.

મોટા તરંગોને લીધે ઉછળતા તરંગોના સમૂહ વડે સ્થિર કરેલું છતાં પણ તે વહાણ પ્રચંડ પવનથી ઉછળતા એવા સમુદ્રના બહુ વેગવાળા તરંગો વડે તણાવા લાગ્યું.

નિરંતર તરંગો વડે ઉત્પાત અને નિપાતને ધારણ કરતું જે વહાણ મણિઓથી બાંધેલી ભૂમિમાં હાથથી હણાયેલા દડાની ક્રીડાને વહન કરવા લાગ્યું. અર્થાત્ ઊંચા નીચી અથડાવા લાગ્યું.

ક્ષણ માત્રમાં પ્રચંડ પવનના આઘાતથી જીર્ણ થયેલાં નંગરો તરંગોના વેગ વડે કરકર એવા અવાજ સાથે ટુટવા લાગ્યાં.

તે સમયે ઉત્તમ તરૂણ ઘોડીની માફક મુક્ત થયાં છે બંધનો જેનાં, એવી તે નૌકા તરંગો વડે ખેંચાતી છતી બહુ વેગથી દોડવા લાગી.

કોઈ ઠેકાણે સિદ્ધ વિદ્યાવાળી વિદ્યાધરીની માફક આકાશમાં ઉડે છે.

કોઇ ઠેકાણે વિદ્યાથી ભ્રષ્ટ થયેલી ખેચરીની માફક તે નૌકા નીચી પડે છે. કદાચિત્ દંડથી હણાયેલી ભુજંગીની માફક તરંગોને લીધે ઝોલા ખાધા કરે છે.

કોઈ સમયે ઉત્તમ જનોએ કહેલા શુદ્ધ અર્થની માફક અતિ વેગથી ચાલ્યા કરે છે.

વળી કદાચિત્ તે ધ્યાનમાં બેઠેલી યોગિનીની માફક નિશ્ચલ થઇ ધ્યાન કરે છે.

કદાચિત્ તે અરણ્યમાં પડેલી વૃદ્ધાની માફક મંદ મંદ ચાલે છે.

કદાચિત્ ગુરુજનની દૃષ્ટિગોચર થયેલી અને વરને લાયક એવી કુલબાલિકાની માફક ધ્રુજતું છે શરીર જેનું, એવી તે નૌકા સમુદ્રની અંદર ઘુમે છે.

તરંગોના જલથી ભરાઈ ગયેલાં પાટીયાંમાંથી ખરતાં મોટા બિંદુઓરૂપી આંસુ વડે આશ્રિતજનોના રક્ષણ કરવામાં વ્યગ્ર થયેલી તે નૌકા જાણે રૂદન કરતી હોય ને શું ?

નજીકમાં પોતાનો ભંગ જાણીને ભય પામેલી અને શરણહીન એવી તે નૌકા બંધનથી છુટાં પડતાં પાટીઆં-

એથી ઉત્પન્ન થતાં મોટા શબ્દરૂપી પ્રલાપ વડે રૂદન કરતી હોય ને શું ?

એવી તે નૌકા સમુદ્રની અંદર ઉન્મત્તની માફક આમતેમ ભમવા લાગી અને જલની અંદર રહેલા અપક્વ મૃન્મય પાત્રની માફક તે પ્રતિક્ષણે વિખરાવા લાગી.

તે સમયે નાવના ચલાવનાર લોકો બહુ ઉદ્વિગ્ન થઇ ગયા, તેમજ કોલિક લોકો બહુ વ્યાકુલ થઇને વિલાપ કરવા લાગ્યા.

વણિક્‌લોકો બહુ ત્રાસ પામવા લાગ્યા. ભૃત્ય લોકો મોટા આક્રંદ કરવા લાગ્યા,

કેટલાક લોકો કચ્છોટાની અંદર સુવર્ણના ટુકડાઓ ગોપવવા લાગ્યા.

કેટલાક વણિક લોકો પાટીયાઓના ખંડોની પોતાને તરવા માટે બુદ્ધિપૂર્વક ગોઠવણ કરવા લાગ્યા.

વળી સમસ્ત લોકો પોતપોતાના કુલદેવોની માનતાઓ રાખવા લાગ્યા.

નાવિક લોકો ભારખાનાને સમુદ્રમાં ફેંકવા લાગ્યા. તેટલા અરસામાં પાણીથી આચ્છાદિત છે પ્રાંત ભાગ જેનો એવા એક પર્વતના ખડકને અથડાઈને તે નૌકા એકદમ તુટી ગઈ અને તેનાં સર્વ પાટીયાં વિખરાઇ ગયાં.

સમુદ્ર તરણ

ત્યારબાદ હે નરેંદ્ર ! હું પણ જળમાં ગોથાં ખાવા લાગ્યો, તેવામાં દૈવયોગે એક પાટીયું મારી પાસમાં આવી

ગયું. જેથી એકદમ હું તેને વળગી પડયો અને અંદર સ્ફુરણાયમાન તરંગોથી વહન કરાતા નાના માછલાઓના આઘાતને સહન કરતો હું તરવા લાગ્યો.

કોઇ ઠેકાણે સમુદ્રની અંદર અસંખ્યાત આઘાતવડે ક્ષુભિત થઇ હું ડૂબતો હતો.

કોઇ ઠેકાણે ગ્રાહોવડે ગ્રહણ કરાતી ગોધિકાઓના મુખમાંથી હું બચી જતો હતો.

કોઈ સ્થળે મગરોના આઘાતથી ટુટી ગયેલી છીપોલીયેાના સંપુટમાંથી નીકળતાં મોતી મારી ઉપર પડતાં હતાં.

કોઇ ઠેકાણે તરંગોથી વિખરાતાં પરવાલોના જથા વડે હું રૂંધાઈ જતો હતો. ઉપરાઉપરી મોટી લહેરોવાળા તરંગોના વેગવડે હરણ કરાતો હું, હે નરેંદ્ર! પાંચ દિવસમાં સમુદ્રના કાંઠા ઉપર પહોંચી ગયો.

બાદ સૂર્યોદય થયો એટલે મારા શરીરમાંથી ઘણા દિવસની ભરાઈ ગયેલી ઠંડી ચાલી ગઈ. પછી ત્યાંથી ઉતરીને સારાં પાકેલાં કેળાં વિગેરે ઉતમ ફળોવડે મારી ક્ષુધા મેં નિવૃત્ત કરી. પશ્ચાત્ શુષ્ક ટોપરામાંથી કાઢેલા તેલવડે અભ્યંગ (મર્દન) કરીને સરોવરમાં મેં સ્નાન કર્યું.

પછી પ્રયત્નપૂર્વક ચંદનવૃક્ષના પલ્લવોના રસવડે કર્પૂર મિશ્રિત ચંદનનો શરીરે લેપ કર્યો. બાદ જાયફલ અને ઇલાયચીસહિત ઉત્તમ પ્રકારનું પાનબીડું લીધું.

એ પ્રમાણે શારીરિક ક્રિયાથી નિવૃત્ત થઇ હું ત્યાં

રહેલી એક રત્નશિલાની ઉપર બેઠો અને વિચાર કરવા લાગ્યો.

અરે ! દૈવગતિ વિચિત્ર છે. અકસ્માત્ હું ધન અને પરિજનરહિત શાથી થઇ ગયો ? વળી તે વહાણ ભાગી જવાથી તે મહાનુભાવની શી સ્થિતિ થઇ હશે ?

જો એના હાથમાં પાટીયું આવી ગયું હોય અને તે કદાચિત્ સમુદ્રની પાર ઉતરી ગયો હોય તો બહુ સારૂ થાય, એમ વિચાર કરતો હું કેટલાક દિવસ ત્યાં રહ્યો. તેટલામાં એક દિવસ મારા સાંભળવામાં આવ્યું,

હે ધનદેવ ! મહાશય ! તું આ પ્રમાણે ઉદ્વિગ્ન શા માટે રહે છે ?

હું સંભ્રાંત થઈ તે તરફ જોવા લાગ્યો, તો ત્યાં રહેલો ઉત્તમ ભાગ્યવાન એક દેવ મારા જોવામાં આવ્યો.

જેનું મુખકમલ બહુ જ પ્રફુલ્લ દેખાતું હતું, જેના મુકુટની ઉપર દેદીપ્યમાન નાગફણાના આકાર સમાન એક ચિન્હ શોભતું હતું અને જેના શરીરની કાંતિ અત્યંત રમણીય દેખાતી હતી.

તે તેજસ્વી દેવને જોઇ મેં તેને અભ્યુત્થાન આપ્યું, એટલે તે દેવ મને પ્રેમપૂર્વક ખૂબ ભેટી પડયો.

તેણે મને કહ્યું,

હે ભદ્ર ! તું મને ઓળખે છે કે ભૂલી ગયો ?

ત્યારપછી મેં કહ્યું,

હે દેવ ! હાલમાં હું આપને બરોબર ઓળખી શકતો નથી. માટે આપ કહો, તમે કોણ છો ? અને આપનો મેળાપ મને કયાં થયો હતો ?

દેવ બોલ્યો.

હે ભદ્ર ! જેના વચનથી **સુપ્રતિષ્ઠ** પલ્લીપતિના **જયસેન** પુત્રને યોગીની પાસમાંથી એક લાખ સોનૈયા આપીને તેં મુક્ત કર્યો હતો, તે જ હું **દેવશર્મા** છું.

તે પ્રસંગ **હસ્તિનાપુર**ની પાસે **મનોરમ** ઉદ્યાનમાં બન્યો હતો, તે સમયે તમે મને જોયેલો હતો.

વળી અટવીમાં જ્યારે તમારો સાર્થ લુંટાયો, ત્યારે તમે **સુપ્રતિષ્ઠ** પલ્લીપતિની પાસે આવ્યા હતા, તે વખતે ત્યાં બાલરક્ષણ તરીકે મને તમે જોયો હતો.

તેમજ વળી **કુશાગ્ર** પુરમાંથી વળતી વખતે તમે તે પલ્લીમાં આવ્યા, પરંતુ તે બળી ગયેલી સિંહગુહા-પલ્લીની બહાર અસ્થિપિંજરમાં રહેલો મને આપે જોયો હતો.

મારા બંને ચરણ કપાઈ ગયા હતા, તેમજ મોટા શસ્ત્રોના ઘા લાગવાથી મારૂં શરીર બહુ જીર્ણ થયેલું હતું. વળી તૃષા તો એટલી બધી લાગી હતી, કે જેથી મારા પ્રાણ પણ કંઠમાં આવી રહ્યા હતા.

તે વખતે પરોપકારમાં રસિક એવા આપે શ્રીઅરિહંત ભગવાન દેવ, સુસાધુઓ ગુરુ અને કેવળી કથિત ધર્મ

એ પ્રમાણે નિયમસહિત સમ્યક્ત્વવ્રત આપીને સંસાર-સાગર ઉતરવા નાવસમાન એવા નવકારમંત્રનું અત્યંત પ્રેમપૂર્વક જેને સ્મરણ કરાવ્યું હતું, તેજ હું દેવશર્માનો જીવ છું.

હે સુભગ ! તે નવકારમંત્રના પ્રભાવથી સામાનિક દેવતાઓ જેના ચરણકમલમાં નમન કરે છે, એવો હું વેલંધર નાગરાજની અંદર શિવક નામનો દેવ થયો છું.

ધનદેવનો પ્રશ્ન

ત્યારપછી મેં કહ્યું,

હે સુરોત્તમ ! આપના કહેવા પ્રમાણે હું સર્વ વાત સમજી ગયો. આપનું કહેવું સત્ય છે, પરંતુ મારે આપને એટલું પૂછવાનું છે,

હાલમાં કયા સ્થાનમાં તમે રહો છો, તે વૃત્તાંત મને કહો.

દેવ બોલ્યો, હે ભદ્ર ! મેરૂગિરિની દક્ષિણ દિશામાં કંઈક ન્યૂન બેતાળીસ હજાર યોજન પ્રમાણવાળા લવણ સમુદ્રને અવગાહીને રહેલો એક સુંદર પર્વત છે,

સત્તરસોને એકવીશ યોજન જેની ઊંચાઇ છે અને મધ્યમાં રત્નમય હોવાથી પોતાની કાંતિના વિસ્તારવડે સાડાસાત યોજન સુધી ચારે તરફ લવણસમુદ્રના પાણીને પ્રદીપ્ત કરે છે, એવા તે દકભાસ નામના પર્વતના શિખર ઉપર બહુ રમણીય એક ભવન છે.

જેની ઉંચાઇ બાસઠ યોજન છે અને અમૂલ્યરત્નોથી જેની શોભા બહુ જ પ્રસરી રહી છે, એવા તે ભવનમાં દશહજાર સામાનિક દેવોના પરિવાર સહિત હું રહું છું.

શિવક નામે હું વેલંધરાધિપતિ કહેવાઉં છું. અને એક પલ્યોપમનું મારૂં આયુષ છે. તેમજ લવણ સમુદ્રમાં બીજી પણ મારી શિવકા નામની રાજધાની છે.

જેનો વિસ્તાર ચારે બાજુએ બારહજાર યોજનનો છે. તેની અંદર અનેક દેવીઓના પરિવાર સાથે દીવ્યસુખનો વિલાસ કરતો હું ઘણીવાર રહું છે. તેમજ દઉભાસગિરિમાં પણ રહું છું. માટે હે ભદ્ર ! તારા પ્રસાદથી આવી ઉત્તમ ઋદ્ધિ મને પ્રાપ્ત થઈ છે.

હું દઉભાસ પર્વતમાં આવ્યો હતો. અવધિજ્ઞાન વડે રત્નદ્વીપમાં આવેલો તને જોઇ તારા દર્શન માટે હું અહીં આવ્યો છું. હવે મારે જે કંઈ કરવા લાયક કાર્ય હોય તે બતાવી મને તું કૃતાર્થ કર.

આ પ્રમાણે દેવનું વચન સાંભળી ધનદેવ પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યો,

અહો ! માત્ર નવકારસ્મરણનું આટલું બધું ફળ છે, તો શ્રી જૈનધર્મ પામીને હું દીક્ષાગ્રહણ કેમ નથી કરતો ? એમ તે ચિંતવન કરતો હતો, તેટલામાં ફરીથી પણ દેવ બોલ્યો.

હે મહાનુભાવ ! દેવનું દર્શન નિષ્ફલ હોતું નથી, માટે તું તૈયાર થા, જેથી આજે હું તને બહુ રત્નો

સહિત દીવ્ય વિમાનમાં બેસારીને **હસ્તિનાપુર**માં લઇ જઉં અને ત્યાં ગયા બાદ હે મહાભાગ ! તારો મનોરથ પણ પૂર્ણ થશે, તે પ્રમાણે દેવનો આગ્રહ જાણીને મેં કહ્યું,

ભલે આપની ઇચ્છા હોય તો એમ કરો.. બાદ તે દેવતાએ જલદી દીવ્ય વિમાન વિકુર્વીને ઘણાં રત્નો સહિત મને વિમાનમાં બેસારી દીધો.

હે નરેંદ્ર ! તે દ્વીપમાં રહેલાં અનેક પ્રકારનાં ઉત્તમ રત્નોનો સમૂહ આદર સહિત આપીને શિવકદેવે પોતે જ મને દિવ્ય વિમાનમાં બેસાર્યો અને ક્ષણમાત્રમાં તે મને **હસ્તિનાપુર**માં લાવ્યો.

સુરસુંદરીનો પશ્ચાતાપ

ધનદેવ વણિક **અમરકેતુ** રાજાની સમક્ષ સર્વ વૃત્તાંત કહેતો હતો, તે સમયે ત્યાં બેઠેલી **સુરસુંદરી** પણ તે વાત સાંભળી બહુ જ શોકાતુર થઇ ગઇ અને વિલાપ કરવા લાગી.

હા ! કેવલ દુઃખના નિવાસભૂત અને વજ્રથી ઘડેલા આ મારા હૃદયને ધિક્કાર છે કે; જે અશ્રાવ્ય વાર્તા સાંભળીને પણ સેંકડો ટુકડા થઈ જતા નથી.

તેમજ મનોવલ્લભના વહાણના ભંગ રૂપી અનિષ્ટને સાંભળીને દુઃખમય એવા આ પ્રાણોને ધારણ કરવાથી હાલમાં કંઈ પ્રયોજન નથી.

હે નાથ ! માત્ર દર્શનથી પણ તમોએ સ્નેહનો પ્રકર્ષ બતાવ્યો, કારણ કે **શત્રુંજય** રાજાએ રોકેલા મારા પિતાને આપે મુક્ત કર્યા.

હે નાથ ! જે દેવ મને હરી ગયો હતો, તેજ દેવે આપની વિદ્યાઓનો અપહાર કર્યો છે.

વળી હે પ્રિયવલ્લભ ! સમુદ્રની અંદર યાનપાત્રનો ભંગ થવાથી આપની કેવી સ્થિતિ થઈ હશે ?

હા ! નાથ ! આ પ્રમાણે હતવિધિ વિપરીત કાર્ય કરે છે, તો મંદ ભાગ્યવાળી હું ચંદ્રના કિરણ સમાન નિર્મળ એવું આપનું મુખારવિંદ કયારે દેખીશ ?

આ દુનિયામાં સ્ત્રીઓનો સ્નેહ અસ્થિર હોય છે, એવા પ્રકારનો આ લોકપ્રવાદ સત્ય છે. કારણ કે; આવું અનિષ્ટ વૃત્તાંત સાંભળીને હજુ સુધી હું પાપિણી જીવું છું.

સુરસુંદરીની મૂર્છા

ઇત્યાદિક ચિંતવન કરતી હું બહુ શોકના આઘાતથી નિશ્ચેતન થઇ ગઈ અને પાસ બેઠેલી **કમલાવતી** દેવીના ખોળામાં મૂર્છા વડે હું પડી ગઇ.

સંભવિત પુત્રના વિયોગથી શોકાતુર થયેલી **કમલાવતી** દેવી પણ પોતાના નેત્રોમાંથી અશ્રુ જળની ધારાઓ વરસાવવા લાગી અને રૂદ્ધકંઠે વિલાપ કરવા લાગી,

હા ! પુત્ર ! તે સમયે અરણ્યમાં મારા ખોળામાંથી જાત માત્રનો તારો કોઇ અપહાર કરી ગયો, હાલમાં

મારા દુષ્કૃત્યને લીધે તારું દર્શન થયું નથી, માટે તું કયારે દર્શન આપીશ ? અને તું કયાં ગયેા છે ?

હે પુત્ર ! જેણીને તારા મુખ કમળનું દર્શન થયું, તે આ બાળાને ધન્યવાદ ઘટે છે.

હા ! હા ! હું અધન્ય છું. કારણ કે; પુત્ર થયેા છતાં પણ મને તે દર્શન થયું નહીં, વળી યૌવન વયને પ્રાપ્ત થયેલેા તે કુમાર હસ્તિનાપુરમાં મળશે, એ પ્રમાણે પ્રથમ કુલપતિએ કહેલું વચન શું વૃથા થશે ?

એ પ્રમાણે વિલાપ કરતી **કમલાવતી** દેવી બહુ શેાકાતુર થઇ ગઈ.

અમરકેતુ રાજા

કમલાવતીના દીનતા ભરેલા વિલાપ સાંભળી પુત્રના શેાકથી ઘેરાઈ ગયાં છે અંગેા જેનાં અને હસ્ત-તલમાં સ્થાપન કર્યું છે નિસ્તેજ મુખ જેણે એવેા શ્રી **અમરકેતુ** રાજા પણ નેત્રેામાંથી અશ્રુજલ વરસાવવા લાગ્યેા.

તે સમયે પેાતાના હૃદયમાં શંકા થવાથી **ધનદેવે સુરસુંદરીને** પવન નાખતી એવી **હંસિકા** નામની વિલાસિનીને પૂછયું.

મૂર્છાથી મીંચાઈ ગયાં છે નેત્રો જેનાં, એવી અપૂર્વ રૂપવાળી આ કન્યા કેાણ છે ?

તે સાંભળી **હંસિકાએ** પણ આકાશમાંથી ઉદ્યાનમાં

પડી હતી, તે વિગેરે તેણીનું સર્વ વૃત્તાંત ધનદેવની આગળ નિવેદન કર્યું.

તે સાંભળીને તરત જ ધનદેવને સુમતિ નૈમિત્તિકનું વચન યાદ આવ્યું.

ત્યાર પછી તે બોલ્યો, હે નરેંદ્ર ! તમે શા માટે ઉદ્વિગ્ન થાઓ છો ? તેમજ હે દેવી ! તમારે પણ વિલાપ કરવાનું શું કારણ છે ?

શું તે સુમતિ નૈમિત્તિકે કહેલું વચન તમે ભૂલી ગયાં ? કુસુમાકર ઉદ્યાનમાં જ્યારે આકાશમાંથી કન્યા પડશે, ત્યારપછી થોડા દિવસમાં પોતાના પુત્ર સાથે તમારો સમાગમ થશે, એમ સુમતિએ કહેલું છે. માટે તમે ઉતાવળ કરશો નહીં. હાલમાં તે આપને મળશે, એમાં કોઇ પ્રકારનો સંદેહ નથી. કારણકે; તે સુમતિ નૈમિત્તિક યથાર્થવાદી છે, તેના ઘણા પરચા અમારા જોવામાં આવેલા છે. માટે વહાણના ભાગવાથી પણ તમારે તે સંબંધી બીલકુલ શોક કરવો નહીં.

સુમતિની સૂરિ

એ પ્રમાણે ધનદેવ વણિક ઉચિત વચનો વડે રાજાને શાંત કરતો હતો, તેટલામાં એકદમ ત્યાં દુંદુભિનો નાદ ઉછળવા લાગ્યા. નગરની બહાર આકાશમાંથી ઉતરતા દેવો દેખાવા લાગ્યા, તેમજ દેવાંગનાઓના ગીત ધ્વનિ સહિત જય જય શબ્દ સંભળાવા લાગ્યા,

તે સમયે સભામાં બેઠેલા લોકો આ શું છે ? આ શું છે ? એમ બોલવા લાગ્યા, તેટલામાં હર્ષથી વ્યગ્ર થયેલો સમંતભદ્ર ત્યાં આવ્યો અને રાજાને પ્રણામ કરી કહેવા લાગ્યો.

હે નરાધીશ ! આ નગરની ઈશાન દીશામાં કુસુમાકર ઉદ્યાનની અંદર મુનિજનને ઉતરવા લાયક સ્થાનમાં આજે સુપ્રતિષ્ઠ આચાર્ય પધાર્યા છે.

જેમની સેવામાં અનેક મુનિઓ રહેલા છે, સર્વ શાસ્ત્રાર્થોના સવિસ્તર વિધિમાં જેઓ બહુ જ પ્રવીણ છે;

તેમજ પરવાદીના સમુદાયરૂપી હાથીઓનો પરાજય કરવામાં કેસરીસમાન છે,

વિવિધ પ્રકારની તપશ્ચર્યાના વિધાનમાં અતિશય રાગવાળા છે,

વિશુદ્ધ ચારિત્ર અને સંયમ વડે યુક્ત છે.

અને જેઓ પરોપકારમાં એક રસિક છે.

તેમજ નાશ થયાં છે ઘાતિકર્મ જેમનાં એવા તે આચાર્યને હાલમાં અપ્રતિપાતિ એવું શ્રી કેવલજ્ઞાન પ્રગટ થયું છે.

માટે હે દેવ ! તે કેવલજ્ઞાનનો મહોત્સવ કરવા માટે દેવો આવેલા છે.

એ પ્રમાણે સમંતભદ્રનું વચન સાંભળી રાજાનું હૃદય બહુ આનંદથી ભરાઇ ગયું અને સૂરીશ્વરને વાંદવા જવા માટે તૈયાર થયો.

હે દેવી ! તું પણ **સુરસુંદરી** સહિત તૈયાર થા ! આચાર્ય ભગવાનને વંદન કરીને તું પોતાના પુત્રનું વૃત્તાંત પૂછજે.

એમ કહી સ્નાન વિલેપન કરી રાજા મોટા સુભટોના પરિવાર સહિત ઉત્તમ ગજેંદ્ર ઉપર આરૂઢ થઇને **કુસુમાકર** ઉદ્યાનમાં ગયા.

સમસ્ત પરિવાર સહિત **અમરકેતુરાજા** મુનીન્દ્રની ત્રણ પ્રદક્ષિણા કરી પશ્ચાત્ પ્રણામ કરીને આચાર્યની સન્મુખ ઉચિત સ્થાનમાં બેઠા.

ત્યાર પછી શ્રીકેવલીભગવાનનો મહિમા કરવામાં આવ્યો. પછી દેવ સહિત મનુષ્ય અને અસુરાદિકની સભામાં શ્રીકેવલીભગવાને ગંભીર વાણીવડે ધર્મદેશનાનો પ્રારંભ કર્યો.

ધર્મદેશના

આ અસાર સંસારમાં નારક, તિર્યંચ, માનવ અને દેવ, એ ચાર પ્રકારની ગતિઓમાં અનેક દુઃખથી પીડાયેલા પ્રાણીઓ બહુ કષ્ટવડે માનવભવને પામે છે.

અતિ દુર્લભ એવા મનુષ્યભવને પામીને પણ મિથ્યાત્વાદિવડે મોહિત થયેલા ઘણા મનુષ્યો વિષયરૂપી માંસમાં લુબ્ધ થયા છતાં પરલોકનું હિત સાધવામાં ઉદ્યુક્ત થતા નથી.

તેમજ જૈન સિદ્ધાંતના શ્રવણથી રહિત એવા તે મનુષ્યો કાર્ય અને અકાર્ય વિગેરેની વ્યવસ્થાને જાણતા નથી. ભક્ષ્ય, અભક્ષ્ય, પેય અને અપેયાદિકને પણ તેઓ ઓળખી શકતા નથી.

વિષયોમાં આસક્ત થયેલા તે નિર્મર્યાદ પુરૂષો ગમ્ય અને અગમ્યના વિભાગને બીલકુલ ગણતા નથી;

ધાર્મિક લોકો હિતને માટે તેઓને ઉપદેશ આપે છે, ત્યારે તેઓ કહે છે કે; તમે લોકો મૂઢ છો. ધૂર્ત્ત લોકોએ ધર્મને બહાને તમને છેતર્યા છે. કારણ કે,

આ દુનિયામાં સુખ દુઃખનો ભોકતા અથવા અમૂર્ત્ત જે પરલોકમાં જાય, તેવો કોઈપણ જીવ છે જ નહીં.

અને જ્યારે જીવનો અભાવ છે? તો આ જગત્માં હિંસાદિક કરેલું પાપ કોને થાય છે? માટે ભાઈઓ! નકામા આવા ધર્મના ઢોંગને તમે તો લઇ પડયા છો, છતાં બીજાઓને શા માટે હેરાન કરવા આવો છો?

તેમજ અન્યત્ર પણ ધર્મનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે, તે તરફ લગાર લક્ષ્ય આપો.

શયનને માટે સુકોમલ શય્યા, પ્રભાતમાં ઉઠીને પેય વસ્તુનો ઉપભોગ, મધ્યાહ્નસમયમાં ઉત્તમ પ્રકારનું ભોજન, અપરાન્હ કાળમાં દુગ્ધાદિકનું પાન, બાદ દ્રાક્ષાખંડ અને અર્ધરાત્રિના સમયે શર્કરાસેવન વિગેરે પદાર્થોનું યથાર્થ સેવન કરવાથી અંતસમયે મોક્ષગતિ પ્રાપ્ત થાય છે એમ શાકયસિંહનું કહેવું છે.

માટે ભાઇઓ ! અમારી આગળ તમારે ઉપદેશ કરવાની જરૂર નથી.

આ પ્રમાણે વિપરીત પરિણામવાળા અને જૈનધર્મમાં વિમૂઢ એવા તેઓ નિર્દયપણે જીવઘાત કરે છે,

જૂઠું બોલવામાં બીલકુલ અચકાતા નથી,

અદત્ત વસ્તુને ગ્રહણ કરે છે,

પરસ્ત્રી પ્રત્યે ગમન કરે છે.

બહુ પ્રકારના પરિગ્રહો કરવામાં હંમેશાં ઉદ્યુક્ત રહે છે, રાગ અને દ્વેષ વડે તેઓની બુદ્ધિ વિમૂઢ થઈ જાય છે,

રાત્રીભોજન તથા માંસમાં રક્ત હોય છે,

મધુ અને મદ્યપાનમાં નિરંતર લુબ્ધ થાય છે,

ક્રોધ, મદ. માયા અને લોભને આધીન થઇ બહુ પીડા પામે છે,

વળી ક્લિષ્ટ છે પરિણામ જેમનો એવા તે અવિરત મિથ્યાદૃષ્ટિએ અતિદારૂણ એવાં ક્લિષ્ટકર્મો ઉપાર્જન કરે છે.

વળી તે દારૂણકર્મોને વશ થયેલા તેઓ કાળ કરીને ઘોર નરકસ્થાનોમાં પડે છે.

નિરંતર ગાઢ અંધકારથી આવૃત તેમજ તીવ્ર એવા તાપ અને ઠંડકથી વ્યાપ્ત એવાં તે નરક સ્થાનોમાં ઉત્પન્ન થયેલા તે જીવોને કરૂણસ્વરે રૂદન કરતાં જોઈને પરમાધામિક દેવો તીક્ષ્ણ કરવત તથા તેજસ્વી કુહાડાઓ વડે સેંકડો પ્રકારે છિન્ન ભિન્ન ટુકડા કરે છે.

લાંબા અને તીક્ષ્ણ કાંટાઓથી વ્યાપ્ત એવી શાલ્મલી (સેંભળ) વૃક્ષની ગાઢ શાખાઓના મધ્યભાગમાં તેવા અધર્મી જીવોને સ્થાપન કરીને વારંવાર દોરડાઓ વડે તાણી બાંધે છે.

તેમજ નિર્દય છે મન જેમનું એવા તે પરમાધામિકદેવો કડકડતી એવી કુંભીઓ (તેલની કઢાઇઓ)ને વિષે તે જીવોને ઉકાળે છે.

તેમજ તૃષાની બૂમ પાડતા તે અધર્મીઓને ઉકળતું ત્રાંબુ પાય છે.

જ્યારે ક્ષુધા લાગે છે, ત્યારે અનાથ એવા તે નારકીઓના મુખમાં તેમના શરીરમાંથી કાપેલા માંસને અગ્નિસમાન તપાવીને ફેંકે છે.

હા! હા! માતા! એ પ્રકારે રટણ કરતા તે દીન જીવોને પરૂ, ચરબી અને રૂધિરથી પૂર્ણ ભરેલી વૈતરણી નદી બનાવીને તેની અંદર ચલાવે છે.

છાયાની ઈચ્છાવાળા તે જીવોને અસિપત્ર–તરવારની ધારાસમાન પત્રોના વનમાં ગમન કરાવે છે,

તેની અસહ્ય પીડાને લીધે તેઓ બહુ વિલાપ કરે છે, ત્યારે ખડ્ગ, તોમર અને ભાલારૂપ તીક્ષ્ણ શસ્ત્રો વડે તેમને છેદે છે.

તે સમયે અમારૂં રક્ષણ કરો? અમે આપને શરણે આવ્યા છીએ એ પ્રમાણે તેમની પ્રાર્થના સાંભળીને

પરમાધામિક દેવતાઓ તેમના પૂર્વભવનું વૃત્તાંત સ્મરણ કરાવીને ખૂબ મારે છે.

વળી અધિક શું કહેવું ? નરકસ્થાનમાં રાત્રીદિવસ પકાતા એવા નારકીઓને નિમેષમાત્ર પણ સુખ નથી, પરંતુ હંમેશાં દુઃખ જ હોય છે.

એ પ્રમાણે બહુ સમય સુધી દારૂણ દુઃખો અનુભવીને છેવટે મહાકષ્ટ વડે ત્યાંથી નીકળીને પણ તે નારકજીવો તિર્યંચની યોનિઓમાં ઉત્પન્ન થાય છે.

ત્યાં પણ ક્ષુધા, તૃષા, તાપ, શીત, વધ, બંધ અને રોગોની વેદનાઓ વડે બહુ દુઃખી થાય છે. તેમજ ભારારોપણ, નાથ દમન, અંકુશ અને તોત્ર (પરોણા) આદિનો ઘણો માર સહન કરવો પડે છે.

પરસ્પર એક બીજાનું ભક્ષણ અને તાડનાદિક અનેક પ્રકારનાં દુઃખો વિવિધ પ્રકારની યોનિઓમાં વારંવાર બહુ વખત તેમને ભોગવવાં પડે છે.

ત્યાર પછી જો કોઈપણ પુણ્યનો ઉદય હોય તો મહામુસીબતે તે જીવો દુર્લભ એવા મનુષ્યભવને પામે છે.

તે મનુષ્યભવમાં પણ શારીરિક અને માનસિક વિવિધ પ્રકારનાં દુઃખો ઉત્પન્ન થાય છે.

વળી દારિદ્રરૂપી મોટા મુદ્ગરના મારવડે દુઃખી થયેલા પ્રાણીઓ લેશમાત્ર કુત્સિત અન્ન મેળવવાની ઇચ્છાથી નીચ એવા પણ અન્યજનોની આજ્ઞામાં રહે છે.

તેમજ દ્રવ્યની આજ્ઞા વડે તે દીન પુરૂષો રાત્રી દિવસને ગણતા નથી.

બહુ વિષમ એવા અત્યંત દૂર દેશમાં પણ ચાલ્યા જાય છે.

અતિકઠિન એવાં ગુહાદિકના વિવરો (છિદ્રો)માં પ્રવેશ કરે છે અને સમુદ્રને ઉલ્લંઘન કરે છે.

તેમજ લોભરૂપી ગ્રહથી ગ્રસિત થયેલા મનુષ્યો ધનપ્રાપ્તિની ઇચ્છા વડે દુઃખને ગણતા નથી.

ચળકતા અનેક ભાલાઓથી વ્યાપ્ત એવા ભયંકર સંગ્રામમાં પણ પ્રવેશ કરે છે.

વળી ઈષ્ટજનોના વિયોગથી અને અનિષ્ટની પ્રાપ્તિથી તેમજ વિવિધ પ્રકારની આપત્તિઓથી જે દુઃખ થાય છે, તેનું વર્ણન કરવા તો કોણ સમર્થ થાય ?

અનેક પ્રકારના રોગાદિક વ્યાધિઓ વડે પીડાતા જીવો બીલકુલ નિવૃત્તિને પામતા નથી.

ત્યાર પછી વૃદ્ધત્વાદિક દુરવસ્થાને પ્રાપ્ત થાય છે.

પછી તેઓ બહુ દુઃખી થઈને મરણ પામે છે.

વળી જો કોઇ પણ પ્રકારે તેઓ દેવપણાને પામે છે, તો તે દેવભવમાં પણ ઇર્ષ્યા, ખેદ, ભય, શોક, લોભ, સંતાપ અને ચિંતા વડે બહુ દુઃખ થાય છે.

પર સમૃદ્ધિને જોતા એવા કેટલાક દેવો પોતાના સ્વામી વડે આજ્ઞા કરાયેલા ભૃત્યોની માફક દુઃખને અનુભવે છે.

પોતાના ચ્યવન (મરણ) સમયમાં દેવોને પણ ઘણું દુઃખ થાય છે.

ચોરાશી લાખ યોનિથી વ્યાપ્ત એવા આ સંસારમાં પરિભ્રમણ કરતા જીવોએ અનંતવાર જે સ્થાન પ્રાપ્ત ન કર્યું હોય, તેવું કોઇપણ સ્થાન નથી.

સર્વત્ર પણ જૈનધર્મથી રહિત એવા જીવો બહુ દુઃખી થાય છે.

માટે હે દેવાનુપ્રિય મહાશયો! શ્રીજિનેન્દ્રભગવાને કહેલા ધર્મનું આરાધન તમે કરો.

વળી તે ધર્મ બે પ્રકારનો કહ્યો છે, એક તો મુનિધર્મ અને બીજો ગૃહસ્થધર્મ.

એ બંને પ્રકારના ધર્મનું મૂલ કારણ શું છે?

સમગ્ર ગુણો જેમાં રહેલા છે, એવું સમ્યક્ત્વવ્રત. સમ્યક્ત્વ એટલે શું?

શુભ પરિણામરૂપ તત્ત્વાર્થની શ્રદ્ધા કરવી.

તત્ત્વ એટલે શું? જીવાદિ પદાર્થોને તત્ત્વ જાણવાં.

તત્ત્વો કેટલાં છે? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, એ નવ તત્ત્વો જાણવાં.

જીવતત્ત્વના કેટલા ભેદ છે? સૂક્ષ્મ એકેંદ્રિય, બાદર એકેંદ્રિય, બેઇન્દ્રિય ત્રીન્દ્રિય, ચતુરિંદ્રિય, અસંજ્ઞી પંચેંદ્રિય અને સંજ્ઞી પંચેંદ્રિય, એ સાતના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બંને પ્રકારના મળીને ચૌદ ભેદ હોય છે.

અજીવતત્ત્વના કેટલા ભેદ ? ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ, એ ત્રણેના સ્કંધ, દેશ અને પ્રદેશ, એમ ત્રણ ભેદે ગુણવાથી નવભેદ તેમજ દશમો સમયકાલ, વળી સ્કંધ, દેશ, પ્રદેશ, અને પરમાણુ એ ચાર પુદ્ગલદ્રવ્યના ભેદ ઉમેરવાથી અજીવતત્ત્વના ચૌદ (૧૪) ભેદ થાય છે.

પુણ્યતત્ત્વના કેટલા ભેદ ? સાતાવેદનીય, ઉચ્ચગોત્ર, સાડત્રીશ નામકર્મની શુભ પ્રકૃતિઓ અને આયુષકર્મની ત્રણ શુભ પ્રકૃતિયે મળીને કુલ બેતાળીસ (૪૨) ભેદ જાણવા.

જ્ઞાનાવરણીય કર્મના પાંચ અને અંતરાયકર્મના પાંચ, દર્શનાવરણીયકર્મના નવ, મોહનીયકર્મના છત્રીશ, નામકર્મના ચોવીશ (૨૪) અસાતાવેદનીય, નીચગોત્ર અને અશુભઆયુષ એ એકંદર મળીને બ્યાશી (૮૨) ભેદ પાપતત્ત્વના જાણવા.

પાંચ ઇંદ્રિય, ચાર કષાય, પાંચ અવ્રત, પચ્ચીશ ક્રિયાઓ અને ત્રણયોગ મળી, આ સંસારમાં બેતાળીશ (૪૨) ભેદ આસ્રવતત્ત્વના જાણવા.

પાંચ સમિતિ, ત્રણગુપ્તિ, યતિધર્મના દશભેદ, બાર-પ્રકારની ભાવના, બાવીશ પરિસહ અને પાંચચારિત્ર મળી સત્તાવન (૫૭) ભેદ સંવરતત્ત્વના કહેલા છે.

અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાય-કલેશ અને સંલીનતા (અંગોપાંગાદિક અવયવોનો કાબુ) એ છ બાહ્યતપ.

પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને

ઉપસર્ગોની સહનશીલતા, એ છ આંતરિકતપ. એમ બંને મળી બારપ્રકારના તપવડે નિર્જરા કહેલી છે.

અથવા કનકાવલી આદિના ભેદથી અનેક પ્રકારનાં તપો હોય છે.

પ્રકૃતિ બંધ, સ્થિતિ બંધ, અનુભાગ બંધ અને પ્રદેશ-બંધ, એ ભેદથી ચારપ્રકારનો બંધ કહેલો છે.

વળી આઠ પ્રકારના કર્મનો વિનાશ, તેને શાશ્વત્ મોક્ષ કહેલો છે.

એ સર્વ તત્ત્વોનું શ્રદ્ધાન, અરિહંત ભગવાન્‌દેવ, સમ્યક્ ચારિત્રધારી સાધુઓ ગુરુ.

એ પ્રમાણેના વિજ્ઞાનનું કારણભૂત સમ્યક્‌ત્વ હોય છે, એમ જાણવું.

મન, વચન અને કાયાના યોગો વડે સાવદ્ય યોગોનો ત્યાગ કરવો, તેને યતિધર્મ કહ્યો છે.

તે યતિધર્મ મંદબુદ્ધિવાળા પ્રાણીઓને દુઃખે કરી આચરવા લાયક થાય છે. કારણકે જે યતિધર્મને વિષે પૃથિવ્યાદિક છ એ પ્રકારના જીવોની દયા પાળવામાં આવે છે.

તેમજ સર્વ ઉપાધિથી વિશુદ્ધ એવું સત્ય વચન બોલવું.

અશુદ્ધ ચિત્તવડે તૃણ માત્ર પણ અદત્ત વસ્તુને ગ્રહણ કરવી નહીં.

હંમેશાં નવગુપ્તિ (વાડ) સહિત બ્રહ્મચર્યવ્રત પાળવું.

ધર્મનાં ઉપકરણ સિવાય કિંચિત્ માત્ર પણ પરિગ્રહ કરવો નહીં.

ચારે પ્રકારના આહારનો રાત્રીએ સર્વથા ત્યાગ કરવો.

પાંચ સમિતિ અને ત્રણગુપ્તિ, એ આઠે પ્રવચન માતાઓનું નિરંતર સેવન કરવું.

તેમજ ઉદયમાં આવેલા બાવીશ પ્રકારના પરીષહોનો સમ્યક્ પ્રકારે પરાજય કરવો.

આચાર્ય આદિક મુનિઓનું વૈયાવચ્ચ યથાશક્તિ કરવું.

તેમજ મનુષ્ય, તિર્યંચ અને દેવોના સમૂહોએ કરેલા ઉપસર્ગોને સહન કરવા, શબ્દાદિક વિષયોમાં રાગદ્વેષ કરવો નહીં, વેદની નિવૃત્તિ, વૈયાવચ્ચ, ઇર્યાશુદ્ધિ, સંયમ, પ્રાણવૃત્તિ, અને ધર્મચિંતા, એ છ કારણોને લીધે બેતાળીશ (૪૨) દોષોથી શુદ્ધ એવો આહાર મુનિઓએ ગ્રહણ કરવો,

સ્વાધ્યાય કરવો, સર્વવિકથાઓનો ત્યાગ કરવો,

નિરંતર બાહ્ય અને આભ્યંતર તપ કરવામાં ઉદ્યમ કરવો, આર્ત્ત ધ્યાન અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરીને ધર્મ ધ્યાન અને શુક્લધ્યાનનો અભ્યાસ કરવો.

અનિત્યાદિક ઉત્તમ પ્રકારની બાર ભાવનાઓનું ધ્યાન કરવું.

વિનયગુણનો હંમેશાં અભ્યાસ કરવો, સ્વચ્છંદતાને સ્વાધીન થઈ પાપકર્મ કરવાં નહીં.

ક્ષાંતિ, માર્દવ, આર્જવ, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ, નિષ્કિંચનતા અને બ્રહ્મચર્ય, એ દશે પ્રકારના યતિધર્મનું નિરંતર પાલન કરવું.

મુનિઓની સાથે હંમેશાં નિવાસ કરવો.

કુશીલ પુરૂષોનો કોઇ દિવસ સંસર્ગ કરવો નહીં.

મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા, એ પાંચ પ્રકારના પ્રમાદનો પ્રયત્નવડે પરિહાર કરવો. અન્યથા તેઓનું સેવન કરવાથી તે પાંચે પ્રમાદ જીવને પુનઃપુનઃ સંસારમાં પાડે છે.

વળી અધિક શું કહેવું ? દુર્બલ બુદ્ધિવાળા મનુષ્યોના મનને તાપ કરનાર એવા અઢાર હજાર શીલાંગભારને જીવે ત્યાં સુધી મુનિઓને વહન કરવાનો છે,

હે નરનાથ ! પાલન કરાતો એવો યતિધર્મ સ્વલ્પ સમયમાં મોક્ષસ્થાનમાં લઈ જાય છે. તેમજ શ્રાવકધર્મ પણ ઘણા કાળે મોક્ષસુખ આપે છે.

તે શ્રાવકધર્મ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત, એમ બાર પ્રકારનો કહેલો છે.

એ પ્રમાણે વિસ્તાર પૂર્વક બંને પ્રકારના ધર્મની વ્યાખ્યા આચાર્ય મહરાજે કહી.

અવસરના જ્ઞાતા એવા **શ્રી અમરકેતુ** રાજાએ પ્રસ્તાવ જાણી કેવલીભગવાનને પૂછયું.

અમરકેતુનો પ્રશ્ન

હે મુનીંદ્ર ! તે અટવીની અંદર જન્મતાની સાથે જ કમલાવતીના પુત્રને કોણ હરી ગયો હશે ? અને એની સાથે પૂર્વભવમાં એણે શું વૈર કર્યું હશે ? કે; જેનું સ્મરણ કરી તે દુષ્ટે આ અકૃત્ય કર્યું.

હે ભગવન્ ! તે કુમાર કયાં રહીને મોટો થયો હશે ? વળી તે અમને કયારે મળશે ? હે ભગવન્ ! કૃપા કરી વિસ્તારસહિત આ પ્રશ્નનો ખુલાસો અમને આપ સંભળાવો.

આ વૃત્તાંત કહેવાથી ઘણા લોકોને ઉપકાર થશે, એમ જાણી શ્રીકેવલીભગવાન્ બોલ્યા.

હે નરેંદ્ર ! તારા પ્રશ્નની હકીકત કહું છું, તે તું સાવધાન થઈ શ્રવણ કર.

ધાતકીખંડ દ્વીપમાં પશ્ચિમાર્ધ ભરતક્ષેત્ર છે, તેની અંદર બહુ પ્રાચીન અવરકંકા નામે નગરી છે.

તે નગરમાં અંબડ નામે વણિક્ રહે છે. તેની અક્ષુણ્ધા નામે ભાર્યા છે. તેણીને ઉત્કૃષ્ટ રૂપવાળા મંડણ, અલ્લણ અને ચંદણ નામે ત્રણ પુત્રો થયા. તેઓને અનુક્રમે ઉત્તમ રૂપવાળી લક્ષ્મી, સરસ્વતી અને સંપદા નામે સ્ત્રીઓ હતી.

વળી તે ભાઈઓ સ્વભાવથી જ ક્ષીણ કષાયવાળા હતા, તેમજ પરસ્પર એક બીજાની ઉપર બહુ પ્રેમાળ હતા, વળી દાન આપવામાં બહુ રાગવાળા અને સંતોષી એવા તે વણિક્પુત્રોના દિવસો સુખેથી વ્યતીત થતા હતા.

લક્ષ્મી શેઠાણી

બાદ એક દિવસે લક્ષ્મી શેઠાણી નિન્નક નામે કોઈક વંઠ (દાસ) 'પુરૂષના' જોવામાં આવી, તેણીનું રૂપ અને સૌંદર્ય જોઈ તે બહુ જ આસક્ત થયો, જેથી તે તેણીની પાસે જઇ બહુ પ્રાર્થના કરવા લાગ્યો; પરંતુ લક્ષ્મીએ મનવડે પણ તેની ઇચ્છા કરી નહીં.

અન્યદા લક્ષ્મી શેઠાણી પાણી ભરવા માટે તળાવ ઉપર ગઈ હતી, તેવામાં નિન્નક પણ ઘોડા ઉપર બેસી તેણીની પાછળ ગયો અને શૂન્ય પ્રદેશમાં તેને એકલી જાણીને બલાત્કારે પકડી પોતાના ઘોડા ઉપર બેસારી ત્યાંથી તે ચાલતો થયો.

તે પ્રસંગે લક્ષ્મી બહુ વિલાપ કરતી હતી, છતાં પણ બહુ વેગથી ઘોડાને દોડાવ્યો. ઝડપથી તે લંઠ પુરૂષ અટવીમાં ગયો.

તેટલામાં ત્યાં ભીલોની સાથે તેને યુદ્ધ થયું. ભીલલોકોનું બહુ જોર હોવાથી નિન્નકને તેઓએ મારી નાખ્યો અને લક્ષ્મીની પાસેથી સર્વ અલંકાર ખુંચી લઈને ભીલોએ તેને તે અટવીમાં મૂકી દીધી.

ત્યાર પછી તે લક્ષ્મી નિર્જન અરણ્યમાં દિગ્મૂઢ થઈ આમતેમ ચાલતી હતી, તેવામાં ક્ષુધાતુર થયેલો એક સિંહ તેની દૃષ્ટિગોચર થયો, કે તરત જ તે બિચારી કંપવા લાગી, નિર્દય સિંહે પોતાની ક્ષુધા શાંત કરવા માટે તેણીને પકડી લીધી અને તરત જ તે મરણ વશ થઈ ગઈ.

મલ્હણપત્ની સરસ્વતી

હવે **મલ્હણ** વણિકની સ્ત્રી **સરસ્વતી** પોતાના કાર્યમાં દક્ષ અને બહુ રૂપવતી હતી. તેણીના સ્વરૂપમાં મોહિત થયેલો **મોહિલ** નામે એક વણિક તેની પ્રાર્થના કરવા લાગ્યો.

તે વાત **સરસ્વતી**એ પોતાના સ્વામીની આગળ યથાસ્થિત નિવેદન કરી.

પછી **મલ્હણ** વણિક રાજાની પાસે ગયો અને તે સર્વ વૃત્તાંત તેણે રાજાની આગળ નિવેદન કર્યું.

રાજાએ તરત જ **મોહિલ**ને બોલાવીને તેનું સર્વ દ્રવ્ય પોતાને સ્વાધીન કરી તેને દેશ પાર કર્યો.

હવે **મંડણ, મલ્હણ** અને **ચંદણ** એ ત્રણે-ભાઇઓ બહુ પૂર્વલાખ વર્ષ સુધી પોતાનું આયુષ પાળીને કાળ કરી મનુષ્યભવનાં આયુષ બાંધીને આ ક્ષેત્રમાં ઉત્પન્ન થયા.

કનકરથકુમાર

આ જંબૂદ્વીપમાં ઐરવતક્ષેત્રની અંદર આર્યદેશમાં **મેખલાવતી** નામે વિશાળ નગરી છે. તેમાં **ભીમરથ** નામે રાજા રાજ્ય કરે છે. **કુસુમાવલી** નામે તેની રાણી છે,

તેણીની કુક્ષિએ **મંડણ** વણિક પુત્રપણે ઉત્પન્ન થયો.

તેનું રૂપ દેવકુમાર સમાન છે અને નેત્રો વિશાલ છે.

બાર દિવસ થયા બાદ **કનકરથ** એવું તેનું નામ પાડયું. અનુક્રમે તે યૌવનવયને પ્રાપ્ત થયેા.

ભીમરથ રાજાએ પુત્રની યેાગ્યતા જાણીને ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલી **રાજશ્રી** પ્રમુખ રાજકન્યાઓની સાથે તેને પરણાવ્યેા, પછી યુવરાજપદે તેને સ્થાપન કર્યો.

ત્યારપછી **કનકરથકુમાર** દેવલેાકને વિષે દેવની જેમ ઉત્તમ પ્રકારના ભેાગેાને ભેાગવવા લાગ્યેા.

સુબંધુ અને ધનપતિ

તે **મેખલાવતી** નગરીમાં વણિક્‌વર્ગમાં પ્રસિદ્ધ એવા **સાગરદત્ત** અને **સમુદ્રદત્ત** નામે બંને ભાઈઓ સાર્થવાહ તરીકે રહેતા હતા.

હવે તે અટવીમાં ભીલેાએ મારી નાખ્યેા હતેા, તે **નિન્નકનેા** જીવ તિર્યંચ જાતિઓમાં અનેક દારૂણ ભવ ગ્રહણ કરી, ત્યાંથી નીકળીને **સાગરદત્ત** સાર્થવાહને ત્યાં **ધન્ના** નામે તેની ભાર્યાને વિષે **સુબંધુ** નામે પુત્રપણે ઉત્પન્ન થયેા.

તેમજ **મલ્લણુનેા** જીવ પણ આયુષના અંતમાં કાલ કરીને **સમુદ્રદત્તની સુદંસણા** નામે ભાર્યાની કુક્ષિને વિષે **ધનપતિ** નામે પુત્રપણે ઉત્પન્ન થયેા.

ધનવાહન વણિક્‌

વળી તે જ ઐરવત ક્ષેત્રમાં **વિજયા** નામે નગરી છે. તેમાં બહુ સમૃદ્ધિથી પરિપૂર્ણ **ધનભૂતિ** નામે સાર્થ

વાહ હતો. તેને **સુંદરી** નામે સ્ત્રી હતી, તેણીને **સુધર્મ** નામે એક પુત્ર હતો.

તે **ચંદન** વણિક પણ ત્યાંથી મરીને **સુધર્મ**નો સહોદર **ધનવાહન** નામે નાનો ભાઈ થયો.

તે જ ઐરવતક્ષેત્રમાં **સુપ્રતિષ્ઠ**પુરની અંદર હરિદત્ત નામે શ્રેષ્ઠી હતો. વિનયગુણમાં પ્રધાન **વિનયવતી** નામે તેની ભાર્યા હતી, **વસુદત્ત** નામે તેણીનો પુત્ર હતો.

તે સમયે અટવીમાં સિંહે મારી નાખેલી **લક્ષ્મી** અનેક તિર્યંચોની યોનિમાં પરિભ્રમણ કરીને છેવટે કાળ કરી **વિનયવતી**ની કુક્ષિથી **સુલોચના** નામે પુત્રીપણે ઉત્પન્ન થઈ.

તે રૂપવડે દેવાંગના સમાન હતી. વળી તે **ચંદન** વણિકની ભાર્યા **સુંદરા** પણ ત્યાંથી કાળ કરીને **અનંગવતી** નામે **સુલોચના**ની નાની બ્હેન તરીકે ઉત્પન્ન થઈ.

મલ્હણ વણિકની ભાર્યા **સરસ્વતી** પણ મરીને તે બન્નેથી નાની **વસુમતી** નામે ઉત્પન્ન થઈ.

એ પ્રમાણે તે ત્રણે જણીઓ દૈવયોગથી એક જ સ્થાનમાં ઉત્પન્ન થઈ અને તે ત્રણે બહેનો પરસ્પર બહુ સ્નેહભાવથી વર્તતી હતી. અનુક્રમે તેઓ યૌવન અવસ્થાને પ્રાપ્ત થઈ.

માતાપિતાએ સમાન જાતિ, સુંદર રૂપ અને સમાન ગુણવાળા વરોની સાથે તેમને પરણાવી, તેમાં મોટી

સુલોચના, નિન્નકવંઠનો જીવ જે **સાગરદત્ત**નો પુત્ર **સુબંધુ** હતો, તેની સાથે પરણી.

બીજી **અનંગવતી**, વિજય નગરીમાં **ધનભૂતિ**નો પુત્ર અને પોતાના પૂર્વભવના સ્વામીનો જીવ જે **ઘનવાહન** હતો, તેની સાથે પરણી.

ત્રીજી **વસુમતી** પોતાના પૂર્વભવનો સ્વામી **મલ્લહણ**નો જીવ જે **સમુદ્રદત્ત**નો પુત્ર **ધનપતિ** હતો, તેની સાથે પરણી.

મોટી **સુલોચના** વિના બન્ને ભગિનીઓ ભવિતવ્યતાના યોગથી બહુ સ્નેહાલુ એવા પૂર્વભવના વલ્લભ સાથે જોડાણી.

સુલોચના પૂર્વભવના અભ્યાસથી **સુબંધુ**ની ભાર્યા થઈ, પરંતુ તે **સુબંધુ** તેણીના પૂર્વભવનો સ્વામી નથી. એ પ્રમાણે તેમના દિવસો બહુ આનંદ સાથે વ્યતીત થતા હતા.

કનકરથકુમાર

એક દિવસ **કનકરથકુમાર** પોતાના સુભટમંડલ સહિત અશ્વક્રીડા કરવા માટે ઘોડેસ્વાર થઈ રાજમાર્ગમાં ચાલતો હતો, તે સમયે નગરની યુવતીઓ પોતપોતાની હવેલીઓ ઉપર ચઢીને રાજમાર્ગે નીકળતા કુમારને જોવા લાગી.

અનેક વિલાસોનો આધારભૂત અને રૂપમાં કામદેવ

સમાન એવા તે કુમારને જોઈ કોઈક યુવતી વિચાર કરવા લાગી;

જેણીનો આ પતિ હશે, તે પ્રમદા જ આ દુનિયામાં પુણ્યવંતી અને કૃતાર્થ ગણાય.

તેમજ કુમારને જોવામાં લીન થયું છે ચિત્ત જેણીનું, ત્યાગ કર્યા છે અન્ય વ્યાપાર જેણીએ અને નિષ્પંદ છે નેત્ર જેનાં એવી કેટલીક સ્ત્રીઓ સુરવધૂની લીલાને વહન કરવા લાગી.

જેણીના હાથમાં મુક્તાફલનો સુંદર હાર રહેલો છે એવી કોઈક સ્ત્રી સ્ફટિકાક્ષની માળાને હસ્તમાં ધારણ કરી ધ્યાનમાં રહેલી યોગિનીની માફક શોભે છે.

કૌતુકને લીધે બહુ વેગમાં આવી ગયેલી અને વૃદ્ધજનોની શંકાને લીધે નિવૃત્ત થયેલી કોઈક યુવતી કુમારના નિર્ગમનમાં હિંડોલે આરૂઢ થયેલીની માફક શોભે છે.

લીલા વડે ચંચલ છે નેત્રો જેનાં એવા કુમારને જોઈ નિઃશ્વાસ મૂકતી અને કામદેવના બાણો વડે વિંધાયાં છે અંગ જેનાં એવી હોય ને શું ? તેમ કોઈક યુવતીને જાણીને ચતુર સખીઓ તેને જોયા કરે છે.

વળી કોઈક યુવતી પોતાના બાળકને ચુંબન કરે છે.

અન્ય કોઈ યુવતી પોતાની સખીના કંઠનું આલિંગન કરે છે.

કોઈક યુવતી ગાયન કરે છે,

કોઈક ઉચ્ચ સ્વરે ઉલ્લાપ કરે છે.

વળી લીલાવડે ચંચલ છે ગ્રીવા જેની એવો તે કુમાર ચાલતો ચાલતો જે તરફ દૃષ્ટિ કરે છે, તે તરફની પૌરાંગનાઓનો સૌભાગ્ય મહોત્સવ વૃદ્ધિ પામે છે.

એ પ્રમાણે કામાતુર થયેલી પૌરાંગનાઓની સુકોમલ દૃષ્ટિથી નિરીક્ષણ કરાતો તે કુમાર અનુક્રમે **સાગરદત્ત** શ્રેષ્ઠીના ઘરની નજીકમાં જઇ પહોંચ્યો.

તેટલામાં તેને જોવા માટે તૈયાર થઇ બેઠેલી **સુલોચનાની** દૃષ્ટિગોચર તે થયો. તેમજ તે કુમારની દૃષ્ટિ પણ તેણીની ઉપર પડી.

તે સમયે કજ્જલથી વ્યાપ્ત એવાં **સુલોચનાનાં** નેત્રો સ્નિગ્ધ અને વિશાલતાથી બહુ મનોહર શોભાને આપતાં હતાં.

પૂર્વભવના અભ્યાસને લીધે એકબીજાના દર્શનથી તે બંનેનો અનુરાગ ક્ષણમાત્રમાં બહુ વધી ગયો.

બાદ **સુલોચનાના** રૂપવડે હરણ કરાયું છે હૃદય જેનું, એવો અને ઘોડા ઉપર બેઠેલો તે કુમાર તરત જ ત્યાંથી નીકળી ગયો, પરંતુ તેનું ચિત્ત તો **સુલોચનાની** પાસે જ રહ્યું.

માર્ગમાં ચાલતાં ચાલતાં એણે પોતાના બાલમિત્ર **સુમતિને** પૂછ્યું.

હે મિત્ર ! હસ્તમાં દર્પણ લઇ જોવા માટે ઉભેલી તે યુવતી કોની છે ?

હે કુમાર ! **સાગરદત્ત**નો પુત્ર **સુબંધુ** વણિક છે. તેની તે **સુલોચના** નામે સ્ત્રી છે. એમ **સુમતિ**ના કહેવાથી અનુક્રમે ઘોડાઓને ખેલાવતો **કનકરથ** પોતાને ઘેર આવ્યો અને કામદેવના બાણો વડે જીર્ણ થયું છે અંગ જેનું એવો તે કુમાર **સુલોચનાની** પ્રાપ્તિનો ઉપાય કેવી રીતે કરવો, તેવા વિચારમાં પડી ગયો.

જો તેણીના મુખકમલને વિષે ભ્રમરની લીલાને ન વહન કરૂં તો, આ મારી સંપદાઓ, અંતઃપુર અને રાજ્યવડે શું ? અર્થાત્ તેણીના વિના સર્વ વ્યર્થ છે.

જો કે સત્ કુલમાં ઉત્પન્ન થયેલા ઉત્તમ પુરૂષોને આવું કાર્ય કરવું લોકમાં વિરૂદ્ધ ગણાય છે; તો પણ તેણીના વિયોગથી હું જીવી શકું તેમ નથી. માટે પ્રથમ દૂતિને મોકલી તેણીના હૃદયનો શો વિચાર છે, તે જાણ્યા બાદ જો તેની પણ ઈચ્છા હોય તો તેને લાવીને હું મારા અંતઃપુરમાં નાખી દઉં.

એ પ્રમાણે વિચાર કરી તેણે ચતુર એવી એક પ્રવ્રાજીકાને આજ્ઞા કરી;

હે ભગવતી ! જે પ્રકારે તે **સુલોચના** મારી સ્ત્રી થાય, તેવી રીતે તમે ગોઠવણ કરો.

પરિવ્રાજિકાનું ગમન

કુમારની આજ્ઞા લઇ પરિવ્રાજિકા પણ પોતાની હોંશીયારીથી તરત જ ત્યાં ગઇ અને એકાંતમાં **સુલોચના**ને

યુક્તિપૂર્વક, તેવી રીતે તેણીએ વાત કરી કે પોતાના હૃદયમાં રહેલા સત્ય વિચારને જલદી તે પ્રગટ કરે.

હે પુત્રી ! હાલમાં ઉદ્વિગ્નની માફક તું કેમ દેખાય છે ? તારે કોનું કામ છે ? તું શા માટે ચિંતા કરે છે ?

કારણ કે, પોતાની મંત્રશક્તિ વડે અતિ દુર્લભ એવા પુરૂષને પણ ક્ષણ માત્રમાં હું તને લાવી આપીશ.

એમ સાંભળી **સુલોચના** બોલી.

હે ભગવતિ ! મારૂં હૃદય અતિ દુર્લભ એવા જનની ઇચ્છા કરે છે. જેમ નિર્ભાગ્ય–રંક પુરૂષ ચક્રવર્તીના ભોજનની ઇચ્છા કરે તેમજ નિર્લજ્જ થયેલી કુતરી જેમ સિંહની સાથે સંગમની ઇચ્છા કરે,

તેમ હે ભગવતિ ! હું કનકરથ કુમારના સંગની ઇચ્છા કરૂં છું.

પરિવ્રાજિકા બોલી. હે પુત્રી ! મંત્રના બળવડે એને પણ હું અહીં લાવીશ. જ્યાં મારો મંત્ર સ્ફુરે છે, ત્યાં એ કોણ માત્ર છે ?

હે પુત્રી ! આ બાબતમાં તું ખેદ કરીશ નહીં. કુમારની સાથે તારો જલદી સંગ થાય, તેવી રીતે હું મંત્રનો જાપ કરીશ.

તે સાંભળી **સુલોચના** બોલી. હે ભગવતિ ! જેવી રીતે લોકોમાં મારી કોઇ વાતે લઘુતા ન થાય તેવી રીતે તમારે આ કામ કરવું.

એ પ્રમાણે તેણીએ કહીને પોતાનો મુક્તાવલી હાર પ્રવાજીકાને આપી દીધો.

ત્યાર પછી ત્યાંથી નીકળી તેણીએ કુમારની આગળ આવી આ સર્વ વૃત્તાંત નિવેદન કર્યું.

તે સાંભળી કુમાર પણ બહુ ખુશી થયો અને પોતાના પુરૂષો પાસે **સુલોચનાને** મંગાવી પોતાના અંતઃપુરમાં દાખલ કરી.

અહો! કામી પુરૂષોની ધૃષ્ટતાને ધિક્કાર છે, જેણે કામને આધીન થઈ લોકાપવાદને પણ ગણ્યો નહીં તેમજ પોતાની કુલમર્યાદા પણ સાચવી નહીં.

"કામી પુરૂષોને કાર્ય અને અકાર્યનો સર્વથા વિચાર રહેતો નથી." કહ્યું છે કે—

કમલસમાન નેત્રવાળી દેવાંગનાઓ શું નહોતી? જેથી સ્વર્ગપતિ ઈંદ્ર અહલ્યા નામની તાપસીને સેવતો હતો, એમાં કારણમાત્ર એટલું જ છે કે; હૃદયરૂપી ઘાસની ઝુંપડીમાં કામાગ્નિનો પ્રાદુર્ભાવ થયે છતે, પંડિત હોય તો પણ શું ઉચિત કે અનુચિતનો ખ્યાલ કરી શકે છે? અર્થાત્ નથી કરતો.

રાજશિક્ષા

સુલોચનાની આ વાત લોકોના જાણવામાં આવી એટલે નાગરિકો એકઠા થયા અને તેમણે વિચાર કર્યો,

રાજકુમાર કામાંધ થઈ આવા જુલ્મ કરે તે ઠીક

ગણાય નહીં. કારણ કે રાજાનો દોષ પ્રજાને બહુ દુઃખ-દાયક થઈ પડે.

માટે આપણે આ હકીકત નરેંદ્રને સંભળાવવી જોઇએ, અને એવા અવિનીતકુમારનો બંદોબસ્ત થવો જોઈએ.

પરસ્ત્રીહરણ એ સામાન્ય ગુન્હો ગણાય નહીં.

એમ વિચાર કરી નગરના કેટલાક મુખ્ય પુરૂષો રાજાની આગળ ગયા.

બાદ તેમણે વિનયપૂર્વક કુમારના અત્યાચારની બાબત સંભળાવી.

ત્યાર પછી રાજાએ પણ કુમારને બોલાવી મધુર વચનો વડે શિખામણ આપી, છતાં પણ તેણીને છોડવાની કુમારે સર્વથા ઇચ્છા કરી નહીં અને વિશેષમાં તેણે જણાવ્યું.

આ સંબંધીની વાત કોઇએ પણ મારી આગળ કરવી નહી.

આ પ્રમાણે કુનકરથનો આગ્રહ જાણીને રાજાએ નાગરિકોને કહ્યું.

ભાઇઓ ! અમે મધુર વચનો વડે કુમારને ઘણો સમજાવ્યો, પરંતુ તે પોતાનો આગ્રહ છોડતો નથી અને એનો દંડ કરવા પણ અમે શક્તિમાન નથી. તો હવે આ એક અપરાધ અમારા કુમારનો તમે દરગુજર કરો.

એ પ્રમાણે રાજાનું વચન સાંભળી નાગરિકોનાં મુખ પણ દીન થઇ ગયાં અને બહુ શોકાતુર થઇ વિલે મુખે જેમ આવ્યા હતા, તેમ તે રસ્તે સર્વ લોકો પાછા ગયા.

કનકરથનો વિલાસ

કનકરથ કુમાર પણ **સુલોચનાની** સાથે હંમેશાં ભોગવિલાસમાં આસક્ત મનવાળો એટલો બધો થઈ પડયો કે અનુક્રમે શેષ અંતઃપુરની રાણીઓના ભોગવિલાસથી તે પરાઙ્મુખ થઈ ગયો.

તેમજ રાજ્યસ્થિતિનો વિચાર કરતો નથી. પોતે બહાર નીકળતો નથી અને સભાસ્થાન પણ કોઈ ને દર્શન આપતો નથી. અર્થાત્ કોઈ ને પોતાની પાસે આવવા દેતો નથી. કેવલ વિવિધ પ્રકારની ક્રીડાઓ વડે **સુલોચનાની** સાથે રાત્રિદિન તે રહ્યા કરે છે.

એ પ્રમાણે તેણીની સાથે નવીન યૌવનના સુખ-વિલાસમાં આસક્ત છે ચિત્ત જેનું એવા તે **કનકરથ** કુમારનો બહુ સમય વ્યતીત થયો.

ત્યારપછી એક વખત કુમારની પ્રથમ બહુ ઇષ્ટ એવી **રાજશ્રી** રાણીના મનમાં વિચાર થયો કે; નવીન **સુલોચનાના** સંગમાં રહીને મારૂં પણ એણે અપમાન કર્યું. એમ જાણી તે બહુ કોપાયમાન થઈ ગઇ અને પોતાની પરિચિત એવી એક હોંશીયાર પરિવ્રાજીકાને તેણીએ કહ્યું.

કોઇ પણ રીતે નવીન સ્ત્રી સહિત આ કુમારને શિક્ષા થવી જોઇએ. તે સાંભળી પરિવ્રાજીકાએ ઉન્માદ કરનારૂં ચૂર્ણ તેણીને આપ્યું અને વિશેષમાં કહ્યું.

હે સુભગે! આ ચૂર્ણ તે બંનેના મસ્તક ઉપર તારે નાખવું. જેથી તેઓ બંને ગાંડા બની જશે.

એમ કહી પરિવ્રાજીકા પોતાના સ્થાનમાં વિદાય થઇ. પછી એકાંતમાં સૂઈ રહેલાં તે બંને સ્ત્રી પુરૂષના મસ્તક ઉપર મંત્રિત ચુર્ણનો પ્રક્ષેપ કરી **રાજશ્રી** રાણી નિવૃત્ત થઈ ગઇ.

ઉન્મત્તદશા

ચુર્ણના મહિમાથી તેઓ બંને જણ એકદમ ઉન્મત્ત થઇ ગયાં અને ગાંડાની માફક તેઓ ગાવા, હસવા અને જેમ ફાવે તેમ વિવિધ પ્રકારનાં વિપરીત વચનો બોલવા લાગ્યાં.

તેવી તેમની દુર્દશાને જોઈ **ભીમરથ** રાજા પણ ચકિત થઈ ગયો, અરે! એકદમ! એમ કેટલોક પશ્ચાતાપ કર્યા બાદ તેણે પુત્રના સ્નેહને લીધે મંત્ર અને તંત્ર પ્રયોગમાં કુશલ એવા અનેક પુરૂષોને બોલાવ્યા.

તેઓ પણ "આ તો ભૂતવિકાર થયેલો છે" એમ જાણી તેની શાંતિ માટે અનેક પ્રકારની ક્રિયાઓ કરવા લાગ્યા.

કેટલાક તો તેઓના શરીરની રક્ષા કરીને જોરથી

તેમને પકડીને તેમના મસ્તક ઉપર મોટી લપડાકો મારે છે, તેમજ ચાબુકોના પ્રહાર કરે છે.

વળી કેટલાક મંત્રવાદીઓ મંડલો ખેંચીને તેમની અંદર તેઓને બેસાડીને બહુ કાળજીપૂર્વક મંત્રીને સરષવના ઘાત વડે તેમને વારંવાર હણે છે.

કેટલાક તો ઓરડાની અંદર તેમને પૂરીને બિલાડીના બચ્ચાઓની વિષ્ઠા સહિત ગુગળ આદિકનો ધૂપ આપે છે.

વાયુના પ્રકોપને લીધે આ ઉન્માદ થયો હશે, એમ શંકા કરતા વૈદ્યોએ પણ બહુ પ્રકારના ઉપચાર કર્યા. પરંતુ તેમને કોઈ પ્રકારનો ગુણ થયો નહીં.

ત્યાર પછી પ્રણષ્ટચિત્તવાળાં તે બંનેનો સમય ઉન્મત્ત દશામાં ચાલ્યો જાય છે. રાજાએ તેમની રક્ષા માટે પ્રાહરિકોનો બંદોબસ્ત સારી રીતે કર્યો હતો.

એક દિવસ પ્રાહરિક લોકો રાત્રીના સમયે ઊંઘી ગયા, ત્યારે તેઓ પોતાના બેડી આદિક બંધનોને તોડી નાખીને ગુપ્ત રીતે નગરીમાંથી બહાર નીકળી ગયાં, અને શીતોષ્ણાદિક બહુ દુઃખથી પીડાતા એવાં તે બંને જણ જ્યાં ત્યાં ભમવા લાગ્યાં.

હે નરેંદ્ર! આ પ્રમાણે સંસારમાં આત્મા–જીવ પ્રથમ સુખીઓ થઇને પાછો દુઃખીઓ પણ થાય છે.

પોતે રાજા છતાં પણ પૃથ્વી ઉપર ભિક્ષા માટે પરિભ્રમણ કરે છે. તેમજ ઓઢવા પાથરવાના સાધન સિવાય નગ્ન દશામાં ભૂમિ ઉપર સૂઇ રહે છે.

ઉત્તમ પ્રકારનાં ભોજન, વિલેપન અને આભરણો વડે વિભૂષિત એવાં હોઇને પણ તેઓ દુઃખથી પીડાઈને દરેક ઘરે ભિક્ષા માટે આજીજી કરે છે.

વળી જેમનાં શરીર ધૂળથી છવાઇ ગયાં છે, જેમની ચેષ્ટાઓને જોઇ બાળકોના સમુદાય બહુ ઉપહાસ કરે છે, તેમજ જીર્ણ વસ્ત્રોના ટુકડાઓ શરીર વળગાડેલાં છે, એવાં તે દીન અવસ્થામાં ફર્યા કરે છે.

હે નરેન્દ્ર ! કર્મના દોષ વડે દુર્દશાને પ્રાપ્ત થયેલાં તે બંનેને જોઈ બાળકોના સમૂહ ગમ્મત સાથે બહુ હાસ્ય કરે છે અને ડાહ્યા માણસો બહુ શોકાતુર થાય છે.

હે નરેંદ્ર ! તું વિચાર કર. કર્મની ગતિ બહુ વિચિત્ર છે. કહ્યું છે કે–

આ જગત્માં પોતાના હિતને માટે અમે જે દેવોને નમસ્કાર કરીએ છીએ, તે દેવો પણ ખરેખર નિર્દય એવા દૈવને સ્વાધીન છે, માટે વિધિને પ્રમાણ કરવો ઉચિત છે.

વળી તે વિધિ પણ હંમેશાં કર્મને અનુસારે જ ફલ આપવામાં શક્તિમાન્ થાય છે.

જો ફલપ્રાપ્તિ કર્મને સ્વાધીન હોય છે, તો દેવો અને વિધિને નમન કરવાનું શું કારણ ?

ફલ આપવામાં સમર્થ એવાં તે કર્મોને જ નમસ્કાર કરવો ઉચિત છે. કારણ કે કર્મોની આગળ વિધિનું પણ સામર્થ્ય ચાલતું નથી.

એ પ્રમાણે શ્રીકેવલીભગવાનનું વચન સાંભળી રાજાએ કહ્યું.

હે ભગવાન ! આપનું કહેવું સત્ય છે.

ધનવાહનરાજા

શ્રીકેવલીભગવાન્ બોલ્યા. **વિજયા** નામે નગરી છે. તેની અંદર **ધનવાહનરાજા અનંગવતી**નામે પોતાની સ્ત્રી ઉપર બહુ પ્રેમ ધરાવતો છતો વિષયભોગ ભોગવે છે.

તેવામાં પોતાના જ્યેષ્ઠભાઇ **સુધર્મ**સૂરિના ઉપદેશથી તે પ્રતિબોધ પામ્યો.

બાદ **અનંગવતી**સહિત તેણે તે સૂરિની પાસે દીક્ષા ગ્રહણ કરી. વળી **ધનપતિ** પણ બહુ સ્નેહવાળી એવી **વસુમતી**ની સાથે પાંચ પ્રકારના માનુષ્યક ભોગોને ભોગવે છે.

તેમજ રાજાએ પોતાના દેશમાંથી કાઢી મૂકેલો તે મોહિલ વણિકનો જીવ તેવા પ્રકારના કોઈપણ શુભ ફલને ઉપાર્જન કરીને, વૈતાઢય પર્વતની ઉત્તર શ્રેણીમાં **વૈજયંત**-નગરની અંદર **ચિત્રાંગદ**ની પૃથિવીનામે સ્ત્રીની કુક્ષિને વિષે **સુમંગલ**નામે પુત્રપણે ઉત્પન્ન થયો.

અનુક્રમે બહુ પ્રકારની વિદ્યાઓને સિદ્ધ કરી તે **સુમંગલ** વિદ્યાધર આકાશ માર્ગે ચાલતો ચાલતો એક દિવસ ક્રીડાવડે **મેઘલાવતી** નગરીમાં આવ્યો.

ત્યાં હવેલીના ઉપરિભાગમાં સ્નાન કરતી **વસુમતી** તેના જોવામાં આવી.

પૂર્વભવના અભ્યાસને લીધે તે તેણીના રૂપમાં બહુ આસક્ત થઇ ગયેા.

ત્યાર પછી તે **સુમંગલે ધનપતિનું** સ્વરૂપ ધારણ કરીને અજ્ઞાત એવી **વસુમતીની** સાથે ભેાગવિલાસ કર્યો.

તેણીની સાથે વિષયભેાગમાં તલ્લીન થયેલેા **ધનપતિ** સ્વરૂપધારી તે વિદ્યાધર ત્યાં રહ્યો.

વળી પૂર્વભવમાં ઉપાર્જન કરેલા કર્મોના દોષવડે તે **ધનપતિ** વણિકને તે વિદ્યાધર આ ભરતક્ષેત્રમાં રહેલી **વિનીતા**નગરીમાં અપહાર કરીને મુકી આવ્યેા.

ત્યાં આગળ તે **ધનપતિ** વણિકે પેાતાને વૈરાગ્ય-ભાવ થવાથી ઋષભદેવ ભગવાનના વંશમાં જન્મેલા **દંડવીર્ય**નામે કેવલીભગવાનના ચરણકમલમાં દીક્ષા ગ્રહણ કરી.

ત્રીશલાખ પૂર્વ સુધી ઉગ્ર તપશ્ચર્યાઓ કરીને તે મુનિનેા જીવ ઈશાન દેવલેાકમાં **ચંદ્રાર્જુ**નનામે દેવ થયેા.

હવે પરસ્ત્રીના ભેાગમાં આસક્ત થયેલા તે **સુમંગલ**ની સર્વ વિદ્યાઓનેા પૂર્વનું વૈર સંભારી ક્રોધાયમાન થયેલા **ચંદ્રાર્જુન** દેવે વિનાશ કર્યો.

તેમજ તે દુષ્ટને ત્યાંથી ઉપાડીને માનુષ્યેાત્તર પર્વતની પેલી તરફ મૂકી દીધેા.

પછી તે દેવે **વસુમતીને** ઉપદેશ આપ્યેા. જેથી તે સંસારભાવથી વિરક્ત થઇ દીક્ષા માટે તૈયાર થઇ ગઈ.

આચાર્ય શ્રીસુધર્મસૂરિની પ્રવર્ત્તિની (મુખ્યસાધ્વી) ની પાસે તેણીએ દીક્ષાવ્રત ગ્રહણ કર્યું.

એ પ્રમાણે **વસુમતી** સાધ્વી સહિત **અનંગવતી** આર્યા **ચંદ્રયશા** પ્રવર્ત્તિનીની પાસમાં રહીને ઉગ્ર તપશ્ચર્યાઓ કરે છે.

કનકરથ અને સુલોચના

એક દિવસે તે બંને સાધ્વીઓ વિહારભૂમિએ બહાર ગઈ હતી, તેવામાં ત્યાં બહુ બાળકોથી વીંટાએલો ઉન્મત દશામાં રહેલો અને સુલોચના સહિત **કનકરથ** તેમના જોવામાં આવ્યો.

તેઓ ગાંડાની માફક ઉચ્ચસ્વરે વિવિધ પ્રકારનું ગાયન કરતા હતાં, અનેક પ્રકારે નૃત્ય પણ કરતાં હતાં અને શરીરે ધૂળ પણ બહુ વળગેલી હતી, એવી વિષમ સ્થિતિમાં રહેલાં તે બંનેને જોઈ બેદાતુર થઇ **અનંગ-વતી** બોલી.

હે આર્યે **વસુમતી**! આ સ્ત્રી આપણી બેન **સુલોચના**ના સરખી દેખાય છે. જેણીના શરીરે જીર્ણ ફાટેલા વસ્ત્રના ટુકડાઓ રહેલા છે,

વળી જે બીચારી ગ્રહગૃહિત (ભેંટ) પુરૂષની પાસમાં ઉભેલી છે. તે જોઇ **વસુમતી** બહુ વખત સુધી તપાસ કરીને શોકાતુર થઈ બોલી.

આ તો તે **કનકરથ**રાજા છે અને આ આપણી ભગિની **સુલોચના** છે. એમાં કોઇ પ્રકારનો સંદેહ નથી.

એમ જાણીને તે બંને જણીઓ તેમની પાસે ગઈ

અને મધુર વચનો વડે તેમને બોલાવ્યાં. એટલે તેઓ ઉચ્ચસ્વરે ગાવા મંડી પડયાં.

ક્ષણમાત્રમાં હસવા લાગ્યાં. તેમજ નૃત્યનો દેખાવ કરવા લાગ્યાં.

વળી જેમ ફાવે તેમ અયોગ્ય વચનો બોલવા લાગ્યાં.

બાદ તેમને જોઈ સાધ્વીઓના હૃદયમાં બહુ દયા આવી, જેથી તે બંનેને સાથે લઈ તે બંને સાધ્વીઓ ખેદ કરતી છતી શ્રી સુધર્મસૂરિની પાસે લઈ ગઇ અને અતિશય જ્ઞાની એવા પોતાના ગુરુને પ્રણામ કરી તેઓએ પૂછયુ.

હે ગુરુદેવ ! આ બંને જણની આવી ઉન્મત્ત દશા શાથી થઇ છે ?

પશ્ચાત્ ગુરુએ પણ તેમનો પૂર્વોક્ત સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો.

તે સાંભળી સાધ્વીઓએ કહ્યું કે;

હે ભગવાન્ ! જો કોઇપણ પ્રતિયોગ (ઉપચાર) આપના જાણવામાં હોય અને કંઈપણ ઉપકારદૃષ્ટિથી આપ જુવો તો એમને સ્વસ્થ કરો.

ત્યાર બાદ ગુરુએ ઉન્માદને નાશ કરનારો પ્રતિયોગ (ચૂર્ણયોગ) તેમને આપ્યો. જેથી તેઓ સ્વસ્થ ચિત્તવાળાં થઈ ગયાં.

પછી **વસુમતીએ** તેમની આગળ પૂર્વોક્ત સર્વ વૃત્તાંત નિવેદન કરી કહ્યું કે; આ ગુરુમહારાજના પ્રભાવથી તમારો ઉન્માદ નિવૃત્ત થઇ ગયો.

એ પ્રમાણે **વસુમતી**નું વચન સાંભળી તે સ્ત્રી પુરૂષ બંને જણ બહુ વિનય વડે શ્રીમાન્ **સૂધર્મ**સૂરિના ચરણકમલમાં વંદન કરવા લાગ્યાં.

સૂરીશ્વરે વિશેષમાં જણાવ્યું,

ભોગસુખના લાલચુ અને પરસ્ત્રીના સંગમાં લુબ્ધ એવા પુરૂષોને આલોક અને પરલોકમાં અનેક પ્રકારની વિડંબનાઓ ભોગવવી પડે છે.

વળી વિષયસુખની તૃષ્ણા વાળા અધીર પુરૂષો વધ, બંધ અને મરણાદિક અનેક દુઃખોને પ્રાપ્ત થાય છે.

એમ જાણી હે કુમાર ! તું ભોગતૃષ્ણાનો ત્યાગ કર. પરસ્ત્રીમાં લુબ્ધ થઈ તેં જે ચિકણું પાપ બાંધ્યું છે, તેના પરિણામથી આ રાજ્ય ભ્રંશાદિક જે દુઃખ તને પડયું, તે તો એક પુષ્પસમાન સમજવાનું છે.

વળી પરલોકમાં નારક અને તિર્યંચ આદિકની યોનિમાં તેથી પણ અનંતગણું દુઃસહ અને કટુક વિપાકવાળું દુરંત ફલ તારે ભોગવવું પડશે.

ચારિત્ર ગ્રહણ

સંસારનિવર્ત્તક અને દોષહારક એવો સૂરિમહારાજનો ઉપદેશ સાંભળી તે બંનેના હૃદયમાં ચારિત્રનો

પરિણામ પ્રગટ થયેા.

ચિત્તની વિશુદ્ધતા જોઇ ગુરૂશ્રીએ તે બંનેને સંસાર તારિણી શ્રીમતી ભાગવતી દીક્ષા આપી.

ત્યાર પછી પ્રવર્ત્તિની પાસે પેાતાની બંને બહેનેાની સાથે રહેલી **સુલોચના** ગુરુના વિનયમાં સમ્યક્‌પ્રકારે તત્પર રહી છતી અનેક પ્રકારની તપશ્ચર્યાઓ કરવા લાગી.

એ પ્રમાણે **ચંદ્રયશા**ની પાસે રહેતી એવી ત્રણે સાધ્વીઓનાં બહુ પૂર્વલાખવર્ષ ચાલ્યાં ગયાં.

તેમજ **ધનવાહનમુનિ**ની સાથે રહેલા **કનકરથ**-મુનિનાં પણ બહુ કેાડાકેાડીવર્ષ વ્યતીત થયાં.

શશિપ્રભ દેવ

ત્યાર પછી પેાતાના આયુષની સમાપ્તિના સમયે સૂરીશ્વરે અનશન વ્રત ગ્રહણ કર્યું. સમાધિપૂર્વક કાળ કરી બીજા દેવલેાકમાં **ચંદ્રાર્જુન** વિમાનનેા અધિપતિ **શશીપ્રભ** નામે તે દેવ થયેા.

ધનવાહનમુનિ પણ કાળ કરી તે **શશિપ્રભનેા વિદ્યુત્પ્રભ** નામે સામાનિક દેવ થયેા.

તેની સ્ત્રી મરીને **ચંદ્રરેખા** નામે તેની દેવી થઈ. તેમજ **વસુમતી** સાધ્વી પણ કાળ કરીને તે વિમાનમાં પ્રથમ ઉત્પન્ન થયેલા **ચંદ્રાર્જુન** દેવની **ચંદ્રપ્રભા** નામે દેવી થઈ.

સુબંધુનો ઉન્માદ

હવે તે **સુબંધુ** પોતાની સ્ત્રીના ભારે વિરહ દુઃખના આઘાતથી બહુ પીડાવા લાગ્યો.

દુકાન, ઘર કે ઉદ્યાનાદિક કોઈ પણ સ્થાનમાં તેને શાંતિ થતી નથી.

રાત્રી દિવસે તે શોકાતુર થઈ **કનકરથ** ને મારવાના અનેક પ્રકારના ઉપાય ચિંતવવા લાગ્યો. રૌદ્રધ્યાને વશ થઈને દીનમુખે તે રંકની માફક ભોગવિલાસના સમયે પ્રથમ કરેલી ક્રીડા, હાસ્ય વચન અને પ્રેમ સહિત આલિંગનાદિકને વારંવાર સંભારીને ગ્રહોથી ઘેરાયેલાની માફક ઉન્મત્ત થઈ ગયો, જેથી પોતાના ઘરમાં ક્ષણમાત્ર રહેતો નથી.

હે મૃગાક્ષિ ! મને એકલાને મૂકી તું ક્યાં ચાલી ગઈ છે ? તને કોણ હરી ગયો છે ? તું કેમ સંતાઇ ગઈ છે ?

એમ પ્રલાપ કરતો તે મૂઢની માફક ઉદ્યાન અને અરણ્યાદિક સ્થાનોમાં ભમવા લાગ્યો.

હે સુંદરી ! મારી ઉપર તું કેમ રીસાઈ ગઈ છે ? જેથી મને આત્મદર્શન જલદી તું આપતી નથી.

હું હવે તને ક્યાં જોઇશ ? આટલો બધો રોષ રાખવો તને ઘટતો નથી. હવે કૃપા કરી મને જલદી તું દર્શન આપ.

વળી જે જે પોતાને મળે છે, તે સર્વેને એમ પૂછે છે.

ભાઈ ! તમે મારી સ્ત્રીને દેખી ? એમ વિવિધ પ્રકારના વિલાપ કરતો **સુબંધુ** તે નગરીમાંથી નીકળી ગયો

અને ઉન્મત્ત સ્વરૂપમાં રહીને અનેક ગામ અને નગરાદિકમાં ભ્રમણ કરવા લાગ્યો.

તેમજ ક્ષુધા તૃષાની વેદનાથી બહુ પીડાવા લાગ્યો. વળી દીનતાને અનુભવતો તે નિર્જન પ્રદેશમાં બહુ દુઃખ ભોગવવા લાગ્યો.

મનોહર આશ્રમ

પ્રલાપપૂર્વક પરિભ્રમણ કરતો તે **સુબંધુ** એક દિવસ અનેક તાપસકુમારોથી ભરપુર અને વિવિધ પ્રકારના સેંકડો વૃક્ષો વડે દુર્ગમ્ય અને વિવિધ જાતિના ફલોના આધારભૂત એવા એક સુંદર આશ્રમમાં ગયો.

તે આશ્રમમાં રહેવાથી તેનું હૃદય કંઈક સ્વસ્થ થયું.

પછી કુલપતિએ પોતાના ધર્મનો તેને ઉપદેશ કર્યો. તેને પણ સારી રીતે પ્રતિબોધ થયો.

પછી તેણે કુલપતિની પાસે તાપસી દીક્ષા ગ્રહણ કરી.

પોતાની સ્ત્રીના વિરહ દુઃખથી તેના હૃદયમાં વૈરાગ્ય ભાવ પ્રગટ થયો, કંદ અને ફલોનો આહાર કરી તે **સુબંધુ** તાપસ ઘોર તપશ્ચર્યા કરવા લાગ્યો.

બે, ત્રણ અને ચાર માસ વગેરે અનેક પ્રકારની તપશ્ચર્યાઓ ઘણા કાલ સુધી તેણે કરી છતાં પણ તેનો વૈરાનુબંધ તુટયો નહીં.

છેવટે તેવી સ્થિતિમાં કાળ કરીને તે પરમાધાર્મિક દેવોની મધ્યે **અંબરીષ** નામે દેવ થયો.

ત્યાં ઉત્પન્ન થઇ તરત જ તેણે પોતાના પૂર્વભવનું સ્મરણ કર્યું. વિભંગ જ્ઞાન વડે પૂર્વ ભવના વૈરીને જાણીને બહુ કોપાયમાન થઇ તે સુર વિચાર કરવા લાગ્યો,

તે મારો વૈરી ક્યાં ગયો ? અને તે દુષ્ટા મારી સ્ત્રી પણ ક્યાં ગઇ ?

દુરાચારિણી તે પાપિની અનુરક્ત છતાં પણ મને ત્યજી દઈને કનકરથની ઉપર આસક્ત થઇ. માટે ખરેખર મારી પ્રથમ વૈરિણી તો તે સ્ત્રી છે.

દુષ્ટશીલવાળાં જેઓએ મને તે સમયે તેવું દુઃસહ દુઃખ દીધું છે, તે બંનેને પણ અહીંથી જઇને હું મારી નાખું.

એ પ્રમાણે વિચાર કરી એકદમ રોષવડે સ્ફુરણાયમાન છે હોઠ જેના એવો તે દેવ સંલેખના (વ્રત) વડે સુકાઈ ગયું છે શરીર જેમનું એવા કનકરથ સાધુ જ્યાં રહેલા છે, ત્યાં આગળ આવ્યો.

ઉપસર્ગ વિધાન

ધર્મધ્યાનમાં એકાગ્ર છે ચિત્ત જેમનું, તેમ જ પ્રતિમાને પ્રાપ્ત થયેલા અને સ્મશાનભૂમિમાં રહેલા એવા તે મુનિને તે દુષ્ટ સુર ઘોર ઉપસર્ગો કરવા લાગ્યો.

તીક્ષ્ણ કર્ત્રિકા (છરી) છે હાથમાં જેના એવો તે પાપી પિશાચનું રૂપ ધારણ કરી પૂર્વનું વૈર સંભારીને રૂધિરસહિત માંસના ટુકડાઓને તે મુનિના શરીરમાંથી વારંવાર કાઢે છે.

તેમજ ભયંકર એવા ખડખડાટ હાસ્યપૂર્વક મુનિને ઉંચે ઉછાળીને પૃથ્વી ઉપર પછાડે છે, દુઃખથી પણ નહીં સહન કરી શકાય તેવા તીક્ષ્ણ ચાબુકોના આઘાતવડે વારંવાર તાડન કરે છે.

ક્ષણમાં ધૂળની વૃષ્ટિ કરે છે.

ક્ષણમાં પાષાણના સમૂહ વડે તેમને પૂરી નાખે છે.

ક્ષણમાં અગ્નિની વૃષ્ટિ કરે છે.

ક્ષણમાં તેમનાં અંગ છેદવા મંડી પડે છે.

તેમજ હસ્તીનું રૂપ ધારણ કરી તે અસુર મુનિના અંગોને વીંધી નાખે છે,

વળી તેની દુષ્ટતાનું અધિક શું વર્ણન કરવું ? નિર્દય હૃદય વાળા તે અસુરે મુનિના શરીર ઉપર દુર્વિષહ એવી નરક સમાન વેદનાઓ કરી.

તે વેદનાને સહન કરતા તે મુનિનું ચિત્ત કિંચિત્ માત્ર પણ ધ્યાનથી ચલિત થયું નહીં. તેમજ પ્રશસ્ત છે શુભ લેશ્યા જેમની અને શુકલ ધ્યાનમાં આરૂઢ થયેલા તે મુનિ પોતાના દુશ્ચરિત્રને નિંદવા લાગ્યા.

તેમજ અનશનવ્રત ધારણ કરી તે મહાત્મા કાળ કરીને બીજા દેવલોકમાં ચંદ્રાર્જુન વિમાનને વિષે વિદ્યુપ્રભ નામે દેવ થયા.

ત્યારપછી અંબરીષ અસુર પ્રાણ વિમુક્ત એવા પણ તે મુનિના દેહના ઘણા રોષવડે સેંકડો ટુકડા કરીને પછી સુલોચના સાધ્વીની પાસે ગયો.

સુલોચના પણ પ્રભાતના સમયમાં કાયોત્સર્ગ કરી શુકલધ્યાનમાં આરૂઢ થઇ સાધ્વીઓના મધ્યભાગમાં રહેલી હતી.

ત્યાં જઈ તેણે પૂર્વનું દુશ્ચરિત્ર તેણીને સ્મરણ કરાવ્યું.

ત્યારપછી અગ્નિની જ્વાલાઓથી વ્યાપ્ત એવી લોઢાની એક પુરૂષની પ્રતિમા બનાવી તેણે કહ્યું,

પરપુરૂષમાં પ્રીતિવાળી એવી હે પાપે ! આ તારા સ્વામીનું તું આલિંગન કર.

એમ કહીને તે પ્રતિમાની સાથે તેણીને ગાઢબંધનોથી બાંધીને ધગધગતા દંડવડે પ્રહાર કરીને તત્કાલ તેણે મારી નાખી.

શુદ્ધભાવમાં અચલ રહેલી તે સાધ્વી કાલ કરીને તેજ વિમાનમાં **સ્વયંપ્રભા** નામે **વિદ્યુપ્રભ** દેવની બહુપ્રિય એવી દેવી થઈ.

હે નરેંદ્ર ! આ પ્રમાણે રાગદ્વેષનો દારૂણ વિપાક જોઇને દુષ્ટ એવા રાગ અને દ્વેષના સંગનો દૂરથી તું ત્યાગ કર.

અકસ્માત્ મુનિ તથા સાધ્વીનો વધ કરીને બહુ ખુશી થયેલો **અંબરીષ** સુરાધમ પણ પોતાના હૃદયમાં પોતાને કૃતાર્થ માનતો છતો જેમ આવ્યો હતો, તેવી રીતે પોતાના સ્થાનમાં ગયો.

અંબરીષ સુરાધમ

હવે તે **અંબરીષ** પોતાના પૂર્વભવના વૈરી મુનિ તથા સાધ્વીનો વધ કર્યા બાદ બહુ આનંદ માનવા લાગ્યો.

તેમજ તે સ્થાનમાં રહીને નારકના જીવોને નિરંતર બહુ પ્રકારની વેદનાઓ કરતો તે દુષ્ટ તેથી જ મોટો સંતોષ માનતો હતો.

એવા અકૃત્ય કરવાથી બહુ પાપકર્મ બાંધીને આયુષની સમાપ્તિ થઇ એટલે તે ત્યાંથી ચ્યવીને વિધવા એવી કોઇક પુંશ્ચલી (વ્યભિચારિણી) ના ગર્ભમાં ઉત્પન્ન થયો.

તે દુરાચારિણી ગર્ભની કાળજી તો રાખે જ શાની.. પરંતુ જેમ ફાવે તેમ ખાટા, ખારા અને તિખા પદાર્થોનું સેવન કરીને ગર્ભનું શરીર તેણીએ સડાવી નાખ્યું. જેથી તે રૌદ્ર ધ્યાનને આધીન થઇને મરણ પામ્યો.

ત્યાંથી સાત પલ્યોપમનું આયુષ બાંધીને પ્રથમ એવા નરકસ્થાનમાં તે ઉત્પન્ન થયો. નારકના ભવમાં બહુ તીવ્ર દુઃખો ભોગવી પોતાનું આયુષ સમાપ્ત કરીને ત્યાંથી પણ નીકળ્યો અને આ ભરતક્ષેત્રમાં બ્રાહ્મણને ત્યાં **દુર્ગત** નામે પુત્રપણે ઉત્પન્ન થયો.

તે વિપ્ર માત્ર દારિદ્રથી જ સંપૂર્ણ હતો, તેને ત્યાં અનુક્રમે **દુર્ગત** વૃદ્ધિ પામવા લાગ્યો. પરંતુ અતિ દરિદ્રતાના દુઃખથી બહુ ગભરાઇ ગયો, કોઇ પણ પ્રકારની શાંતિ તેના સ્વપ્નમાં પણ મળતી નહોતી, જેથી તે

અત્યંત પીડાવા લાગ્યો. અને અહર્નિશ પોતાના દુઃખની ચિંતામાંથી મુક્ત થતો નહોતો.

દરિદ્રતાની પીડાને લીધે વ્યાકુલ છે ચિત્ત જેમનાં, પુત્ર, પુત્રી અને સ્ત્રી વિગેરીની ચિંતામાં હંમેશાં ગુચાઇ ગયેલાં,

દુર્ભર એવા દેહના પોષણ માટે રાત્રી દિવસ ખેદ કરતા,

રાજાની આજ્ઞા પાળવામાં બુદ્ધિનો ઉપયોગ કરતા,

ક્ષણમાત્ર પણ વિશ્રાંતિને નહીં પામતા અને સર્વ પ્રકારના ઉપદ્રવોની શંકા જેમના હૃદયમાં રહેલી છે એવા પાપી પ્રાણીઓના જીવનને ધિક્કાર છે.

એ પ્રમાણે અનેક દુઃખોથી પીડાયેલો તે દુર્ગત બહુ કંટાળીને છેવટે તાપસોના આશ્રમમાં ગયો.

ત્યાં તાપસની પાસમાં પરિવ્રાજકની દીક્ષા તેણે ગ્રહણ કરી.

ત્યાર પછી તે દુર્ગત તાપસનો રોષ તો તેવોને તેવો જ ઉત્કૃષ્ટ સ્થિતિમાં હતો. પરંતુ અજ્ઞાન તપ કરીને ત્યાંથી કાળ કરી તે દુર્ગત ધરણેન્દ્રનો સામાનિક દેવ થયો.

જેનું આયુષ પલ્યોપમથી કંઇક અધિક હતું. તેમજ કાલબાણ એવું તેનું નામ હતું અને દીવ્ય સમૃદ્ધિ તેને પુષ્કળ મળી હતી, છતાં પણ ત્યાં તેને શાંતિ થઇ નહીં.

બહુ કષાયને લીધે પૂર્વનું વૈર સંભારતો તે કાલબાણ તે બંનેનું સ્થાન જાણવા માટે વિભંગજ્ઞાનનો ઉપયોગ કરવા લાગ્યો.

પરંતુ તેટલું જ્ઞાન તેનામાં નહીં હોવાથી તેમનો પત્તો લાગ્યો. નહીં. છતાં ફરીથી પણ તેણે તે સંબંધી હકીકત જાણવા માટે જ્ઞાનનો બહુ ઉપયોગ કર્યો; પણ બીજા દેવલોકમાં રહેલાં તે બંને તેના જોવામાં આવ્યાં નહીં.

હવે હે નરેંદ્ર! એ પ્રમાણે શેષ આયુષવાળા તેનો સમય ચાલ્યો જાય છે.

બાદ કઈંક ઓછા આઠ પલ્યોપમ સુધી દીવ્ય ભોગ ભોગવીને ઈશાન કલ્પવાસી તે **વિદ્યુત્પ્રભદેવ** ત્યાંથી ચવ્યો અને તારે ત્યાં **કમલાવતી**દેવીની કુક્ષિમાં તે પુત્ર પણે ઉત્પન્ન થયો.

હે નરેંદ્ર! સાતમા માસે **કમલાવતી**દેવીને દોહલો ઉત્પન્ન થયો, તેને પૂર્ણ કરવા માટે હાથી ઉપર બેસી આ દેવી નગરની અંદર ફરતી હતી, તેટલામાં જ્ઞાનના ઉપયોગ વડે **કમલાવતી**ના ગર્ભમાં રહેલો પોતાનો વૈરી **કાલભાણ**ના જોવામાં આવ્યો.

તે એકદમ ક્રોધાતુર થઇ ગયો. અને તરત જ **કાલભાણ** પોતાના સ્થાનમાંથી ત્યાં આવીને તેણે એકદમ હાથીના શરીરમાં પ્રવેશ કર્યો

તરત જ તે હાથી લોકોને મોટા ઉપદ્રવ કરતો છતો બહુ વેગવડે તેણે દોડાવ્યો.

ત્યાર પછી હે નરેંદ્ર! તે હાથી દોડતો દોડતો વડની નીચે ગયો એટલે તું તેની શાખા પકડીને ઉતરી ગયો.

પછી તે હાથી **કાલભાણ**ના પ્રભાવથી આકાશ માર્ગે ઉડી ગયો.

મણિ સહિત દેવીના હાથના પ્રહારવડે પીડયાં છે. અંગ જેનાં એવા કાલભાણે હાથીને છોડી દીધો અને પોતાની માતાની સાથે આકાશમાંથી પડીને તે વૈરી મરી જશે, એમ વિચાર કરતો તે સુર કૃતાર્થ થઇ પોતાના સ્થાનમાં ગયેા. દેવી પણ હાથી સહિત આકાશ માંથી સરેાવરમાં પડી.

ત્યાર પછી ત્યાંથી બહાર નીકળીને શ્રીદત્ત સાર્થવાહને મળી,

ત્યાર પછી હે નરેંદ્ર ! તે સાર્થની સાથે કુશાગ્ર નગર તરફ ચાલી. માર્ગમાં ભીલ લેાકેાએ સાર્થને લુંટી લીધેા.

ત્યાર પછી અટવીમાં પડેલી કમલાવતીએ તેજ અટવીમાં પુત્રનેા જન્મ આપ્યેા.

વિભંગ જ્ઞાનના ઉપયેાગ વડે પૂર્વના વૈરી દેવને ખબર પડી કે, મારા વૈરીનેા જન્મ થયેા છે. એમ જાણી ફરીથી પણ નિર્દય સ્વભાવવાળેા તે દેવ વૈરીનું સ્મરણ કરીને બહુ ક્રોધાતુર થઇ એકદમ દેવીની પાસમાં આવ્યેા,

રે પાપ ! આજ સુધી હું તારી તપાસમાં જ હતેા, પરંતુ આજે ઘણા સમયે તું મારા જોવામાં આવ્યેા છે, માટે આજે મારા વૈરનેા અંત હું કરીશ,

રે દુષ્ટ! હવે હાલમાં તું તારા દુષ્કૃત્યનું ફલ ભેાગવ.

હે નરેંદ્ર ! એ પ્રમાણે બેાલતેા કાલભાણ સુઇ ગયેલી કમલાવતીના ખેાળામાંથી તારા પુત્રને હરી ગયેા.

ત્યાર પછી કિલષ્ટ પરિણામવાળો તે દેવ પુત્રને લઇ વિચાર કરવા લાગ્યો.

આ શત્રુને મારા હાથવડે મર્દન કરીને હાલમાં હું મારી નાખું,

અથવા એના કકડા કરીને દિશાઓને બલિદાન આપી દઉં,

અથવા શિતલતા ઉપર એને હું પછાડું,

અથવા તિલતિલ જેવો એનો છુંદો કરી નાખું.

અથવા એમ કરવાથી તો બહુ સમય સુધી એને વેદના થશે નહીં, કારણ કે આ નાનું બાળક હોવાથી તત્કાળ તેના પ્રાણ છુટી જશે તેથી તે ઘણો દુઃખી થશે નહીં. માટે એમ કરવું ઠીક નથી.

પરંતુ કોઈ અરણ્યમાં જઈને નિર્જનસ્થાનમાં એને હું મૂકી દઉં, જેથી ક્ષુધાતૃષાથી બહુ પીડાઈને બહુ દુઃખવડે પોતાની મેળે જ તે મરી જશે.

એમ વિચાર કરી, હે નરાધીશ! વૈતાઢય પર્વતની શિલા ઉપર નિર્જન સ્થાનમાં તારા પુત્રને તેણે મૂકી દીધો.

ત્યાર પછી તે દેવ પણ પોતાના સ્થાનમાં ગયો,

હે નરેંદ્ર! હવે આ વાર્તા આટલેથી બંધ રાખું છું, પરંતુ એક બીજી વાર્તા હું કહું છું, તે તું સાંભળ.

શ્રી કુંજરાવર્ત્તનગર

ઈશાન દેવલોકમાંથી પોતાનું આયુષ્ય પૂર્ણ કરી વિદ્યુત્પ્રભ દેવ ચ્યવીને વૈતાઢયગિરિમાં દક્ષિણશ્રેણીના

આભૂષણરૂપ સુંદર સમૃદ્ધિમય **રત્નસંચય** નગરની અંદર **અકુલવતી**ની કુક્ષિએ **પવનગતિ** વિદ્યાધરના પુત્રપણે ઉત્પન્ન થયો.

તેનું નામ **ચિત્રવેગ** હતું, બાદ તે **ચંદ્રરેખા** દેવી પણ ત્યાંથી ચ્યવીને **શ્રીકુંજરાવર્ત્ત** નગરમાં **અમિતગતિ** વિદ્યાધરના પ્રિય ભાર્યા **ચિત્રમાલા**ની કુક્ષિએ **કનકમાલા** નામે બહુ પ્રિય એવી પુત્રીપણે ઉત્પન્ન થઈ.

હવે પૂર્વે કહેલો **વસુદત્ત** નામે જે **સુલોચના**નો ભાઈ હતો, તે પણ સંસારમાં પરિભ્રમણ કરીને **વૈતાઢ્ય** ગિરિમાં ગંગાવર્ત્ત નગરની અંદર **શ્રી ગંધવાહન** વિદ્યાધરની **મદનાવલી** ભાર્યાને વિશે **નલોવાહન** નામે પુત્ર થયો

પછી તે **કનકમાલા** ને **નલોવાહન** સાથે પરણાવવાનો ઠરાવ કર્યો હતો, પરંતુ **ચિત્રવેગે** કપટવડે તેણીનું અપહરણ કરીને તેની સાથે લગ્ન કર્યું.

ત્યાર પછી **નલોવાહને** નાગિની વિદ્યાવડે તે વિદ્યાધરને બાંધીને પડતો મૂકયો અને વિલાપ કરતી **કનકમાલા**ને પણ પોતાના નગરમાં લઇ ગયો.

નલોવાહનની અજ્ઞાનતા

હે નરેંદ્ર ! જો ! આ દુનિયાની અજ્ઞાનતા કેટલી છે ? પર્યાંયાતરને પ્રાપ્ત થયેલી અને પોતે નહી ઈચ્છતી છતાં પણ તે પોતાની બહેનની સાથે અજ્ઞાન દોષને લીધે ક્રીડા કરવા માટે તે **નલોવાહન** ઇચ્છે છે.

હે નરેંદ્ર ! આ પ્રમાણે આ સંસારમાં અજ્ઞાનથી અંધ બનેલા પ્રાણીઓ બહેન, પુત્રી, વધૂ (પુત્રની સ્ત્રી) અને પોતાની માતા સાથે પણ વિષયની ઈચ્છા કરે છે.

વળી જે સંસારમાં ભગિની પણ ભાર્યા, પિતા પણ પુત્ર, પુત્રી પણ માતા અને ભાર્યા પણ જનની થાય છે, તેવા સંસાર વાસને ધિક્કાર હો !

હે નરેંદ્ર ! એ સર્વ હકીકત તને **ધનદેવે** પ્રથમ કહેલી છે કે; ફરીથી પણ **ચિત્રવેગને કનકમાલા** જલદી લાવી આપી.

ત્યાર પછી બહુ પ્રકારની વિદ્યાઓ સાથે તે **ચિત્રવેગ** વિદ્યાધરેન્દ્ર થયો અને તે વૈતાઢયગિરિમાં પોતાની સ્ત્રી સાથે વિષયસુખનો અનુભવ કરે છે,

ચિત્રગતિ વિદ્યાધર

ચંદ્રાર્જુન દેવ પણ ત્યાંથી ચ્યવીને વૈતાઢ્યની ઉત્તર શ્રેણીમાં **ચમરચંચા** નગરીમાં **ચિત્રગતિ** નામે વિદ્યાધરપણે ઉત્પન્ન થયો.

ચંદ્રપ્રભા દેવી પણ તેની **પ્રિયંગુમંજરી** નામે ભાર્યા થઈ. તેણીની સાથે માનુષ્યક ભોગોનો તે વિદ્યાધર વિલાસ કરે છે. અને તે **ચિત્રગતિને ચિત્રવેગે** બહુ સ્નેહના સંબંધને લીધે વિદ્યાઓ સાથે ઉત્તરશ્રેણીનું રાજ્ય આપ્યું.

તે સર્વે બહુ આનંદ પૂર્વક વૈતાઢ્યગિરિમાં રહે છે. હવે પૂર્વભવના અભ્યાસથી સ્નેહરૂપી સારને ધારણ કરતાં

તે બંનેના વિષયસુખનો અનુભવ કરતાં ઘણો સમય વ્યતીત થયો.

બાદ કોઈ એક સમયે કનકમાલા સ્ત્રી સહિત તે ચિત્રવેગ વિદ્યાધર અષ્ટાપદ ગિરિમાં શ્રી જિનેંદ્ર ભગવાનને વંદન કરવા માટે ગયો.

ત્યાં ભરતરાજાએ કરાવેલી શ્રી જિનેંદ્ર ભગવાનની પ્રતિમાઓને ભક્તિપૂર્વક વાંદીને ત્યાંથી તે પાછો આવતો હતો.

તે સમયે ત્યાં શિલા ઉપર પડેલો અને વૈતાઢ્ય-ગિરિના વનનિકુંજને પોતાની કાંતિવડે વિકાસ કરતો તેમજ ગળામાં બાંધેલા દિવ્યમણી વડે વિભૂષિત અને નેત્રોને આનંદ આપતો એવો તે બાળક તેના જોવામાં આવ્યો. વીંટીમાં રહેલા તે દિવ્યમણીને જોઇ તે વિસ્મિત થઇ ગયો. અને તે બોલ્યો !

હે પ્રિયે ? જેના પ્રભાવથી પ્રથમ સર્પોથી વીંટાયેલો પણ હું જીવતો રહ્યો હતો.

તેજ આ દેવે આપેલો દિવ્યમણિ છે.

આ બાલકના કંઠમાં આ મણિ કોણે બાંધ્યો હશે ? અથવા આ બાલકનો જન્મ થયો હશે કે, તુરતજ એની માતાએ રક્ષા માટે એના કંઠમાં બાંધ્યો હશે.

ત્યાર પછી કોઈ એક વૈરીએ અપહાર કરી એને અહીં મૂકયો છે. માટે હે પ્રિયે ! તું એને લઈ લે; તારે

પુત્ર નથી, માટે તારો પુત્ર થયો, જરૂર આ કોઈક દેવનો જીવ ઉત્પન્ન થયેલો છે.

એમ કહી હે નરેંદ્ર ! તે બાલકને લઈને તેઓ બંને પોતાના નગરમાં ગયાં.

ત્યાર પછી વધામણીઓ કરાવીને સમસ્ત નગરમાં પ્રસિદ્ધ કર્યું કે; ગુપ્ત ગર્ભવતી કનકમાલાને હાલમાં પુત્ર જન્મ્યો છે.

ઉચિત સમયે **મકરકેતુ** એવું નામ પાડયું.

હે નરેંદ્ર ! એ પ્રમાણે તારો પુત્ર વિદ્યાધરને ત્યાં મોટો થાય છે.

સ્વયંપ્રભા દેવી

બાદ તેની **સ્વયંપ્રભા** દેવી દેવલોકમાંથી ચ્યવીને આ **સુરસુંદરી** ઉત્પન્ન થઈ છે.

હે નરેંદ્ર ! અનુક્રમે આ **સુરસુંદરી** પણ વૃદ્ધિ પામવા લાગી અને યૌવનવયને તે દીપાવવા લાગી.

વળી તે સમયે વિદ્યાધર તેણીને હરીને રત્નદ્વીપમાં લઈ ગયો હતો, તેજ **હરિદત્ત** નામે **સુલોચના**ના જન્મમાં તેણીનો પિતા હતો.

હે નરનાથ ! જે સંસારની અંદર પિતા પણ પોતાની પુત્રી સાથે વિષયભોગની ઈચ્છા કરે છે; એવા આ દુઃખના સ્થાનભૂત સંસારનું સ્વરૂપ કેવું વિચિત્ર છે ! તે તું જોઈ લે.

વળી તેજ કાલબાણુઅસુરે પિશાચનું સ્વરૂપ ધારણ કરીને વિદ્યાઓનો અપહાર કરી તારા પુત્રને સમુદ્રમાં ફેંકી દીધો.

ત્યારપછી પોતાના હૃદયમાં સંતોષને માનતો તે પિશાચ સુરસુંદરીનું પણ અપહરણ કરી આકાશમાર્ગે તે ચાલતો હતો.

તેટલામાં; હે નરેંદ્ર! તેનો ચ્યવનકાલ આવી પહોંચ્યો. એટલે તરત જ ત્યાંથી તેનું ચ્યવન થયું. તેથી આ બાલા આકાશમાંથી આ ઉદ્યાનમાં નીચે પડી.

તે પછી તારો પુત્ર સમુદ્રમાં તરતો હતો, ત્યાં ધનદેવ વણિકનું વહાણ જતું હતું, તેને તે મળી ગયું.

તે પછી વહાણ ભાગી ગયું. સમુદ્રની અંદર લોકો વિખરાઈ ગયા. તારા પુત્રના હાથમાં પાટીયું આવી ગયું, જેથી સમુદ્ર પાર કરીને કિનારે તે આવી પહોંચ્યો.

ત્યાર પછી પ્રિયવંદાએ તેને જોયો અને તે પોતાના સ્થાનમાં તેને લઈ ગઈ.

વળી તે તારો પુત્ર આજે વિકાલ સમયે તને મળશે.

હે નરેંદ્ર! જે તે પૂછયું, તેનો પ્રત્યુત્તર મેં તને કહી સંભળાવ્યો.

એ પ્રમાણે આચાર્ય મહારાજનું વચન સાંભળી રાજા, સુરસુંદરી અને દેવી, એ સર્વે બહુ આનંદ પામ્યાં તેમજ સર્વ સભાના લોકો પણ સંસારની વિચિત્રતા સાંભળી વૈરાગ્યદશામાં આવી ગયા.

ત્યારપછી રાજા બોલ્યો,

હે મુનીંદ્ર! જ્યાં સુધી પુત્રનો સમાગમ થશે, ત્યાં સુધી અહીં આપના ચરણકમલમાં રહીને મનુષ્યપણાને અમે કૃતાર્થ કરીશું.

ધનદેવનો પ્રશ્ન

બાદ ધનદેવવણિક્ પ્રણામ કરી સુપ્રતિષ્ઠિત આચાર્યને કહેવા લાગ્યો, જ્યારે કનકવતીના સૈનિકોએ ઘોર સંગ્રામ કરી પલ્લીનો ભંગ કર્યો અને સર્વ ભીલ સુભટો ત્યાંથી નાસી ગયા, ત્યારે આપ કયાં ગયા હતા? અને આ શ્રમણપણું તમે કેવી રીતે પ્રાપ્ત કર્યું?

ગુરુ મહારાજ બોલ્યા.

હે ધનદેવ! તે સંબંધી વૃત્તાંત તું સાંભળ,

તે સમયે સૈનિકોની સાથે હું યુદ્ધમાં ઉતર્યો હતો. શત્રુઓના અનેક બાણોથી વૃષ્ટિથી મારું શરીર લાસ થઈ ગયું, જેથી હું પૃથ્વી ઉપર પડી ગયો.

ત્યાર પછી તે સ્થાનમાં આવેલા ચિત્રવેગ વિદ્યાધરે મને જોયો. બહુ સ્નેહના સંબંધને લીધે તે મને વૈતાઢય ગિરિમાં લઇ ગયો. તત્કાળ તેણે ઔષધિના પ્રભાવથી મને સ્વસ્થ કર્યો.

ત્યારપછી પૂર્વના ઉપકારનું સ્મરણ કરી તેણે મને ઉત્તમ પ્રકારની પ્રજ્ઞપ્તિ નામે એક વિદ્યા આપી. મેં પણ ત્યાં રહીને વિધિપૂર્વક તે વિદ્યાને સિદ્ધ કરી.

ત્યારપછી હું વિદ્યાધર સહિત સિદ્ધપુર નગરમાં આવ્યો.

ત્યારપછી હે **ધનદેવ**! **કનકવતી** સહિત **સુરથને** દેશમાંથી કાઢી મૂકીને સિદ્ધપુરનો હું રાજા થયો.

કેટલાક કોડાકોડી વર્ષ સુધી ત્યાં રાજ્યપાલન કરીને મેં પોતાના પુત્ર **જયસેનને** રાજ્યાસને સ્થાપન કર્યો.

બાદ મને તીવ્ર વૈરાગ્ય થવાથી શ્રી **ઘનવાહન** કેવલીની પાસે પાંચસો રાજકુમારોની સાથે મેં દીક્ષા ગ્રહણ કરી. સાધુની ક્રિયાઓનો હું અભ્યાસ કરવા લાગ્યો, અનુક્રમે દ્વાદશાંગીનો જાણકાર હું થઈ ગયો.

સૂરિ પદવી

શ્રી **ઘનવાહન** કેવલીએ સૂરિપદને લાયક મને જાણી સૂરિપદવી આપી.

ત્યારપછી હે ભદ્ર **ધનદેવ**! અમારા ગુરુશ્રી કેવલી-ભગવાન્ શૈલેશી વ્રત ધારણ કરી શેષ રહેલાં ચાર ઘાતી કર્મોનો ક્ષય કરી નિર્વાણ (મોક્ષ)પદ પામ્યા.

એ પ્રમાણે **સુપ્રતિષ્ઠ** સૂરિ પોતાનું વૃત્તાંત કહેતા હતા, તેટલામાં આકાશમાંથી એક વિદ્યાધર ત્યાં ઉતર્યો.

પ્રથમ સુરિમહારાજને પ્રણામ કરી વિનીત એવા તે વિદ્યાધરે પ્રણામ પૂર્વક કહ્યું.

વૈતાઢય પર્વતમાંથી આપને વર્ધાપન (વધામણી) આપવા માટે હું આવ્યો છું.

સકલ (સમગ્ર) વિદ્યાઓ જેણે સિદ્ધ કરેલી છે એવા મકરકેતુ નામે તમારા પુત્રને દીક્ષા ગ્રહણ કરવામાં ઉત્સુક એવા **ચિત્રવેગ** રાજાએ પોતાના સ્થાનમાં સ્થાપન કર્યો છે. અને તે **મકરકેતુ** અનેક વિદ્યાધરોના સમૂહ સહિત આપનો ચરણ સેવક આજે આ નગરમાં આવશે.

એમ હું આપની આગળ પ્રિયવૃત્તાંત નિવેદન કરૂ છું.

એ પ્રમાણે વિદ્યાધરનું વચન સાંભળી રાજાનાં રોમાંચ પ્રફુલ્લ થઈ ગયાં. અને તેણે પોતાના અંગ ઉપરના સર્વ અલંકાર તેમજ પુષ્કળ દ્રવ્ય તેને બક્ષિશમાં આપ્યા.

બહુ આનંદમાં મગ્ન થયેલી દેવી તે વિદ્યાધરનાં વારણાં લેવા લાગી. તેમજ **સુરસુંદરીને** એટલો બધો હર્ષ થયો કે; તેણીના અંગોમાં પણ સમાઇ શકયો નહીં.

ત્યારપછી **અમરકેતુ** રાજા સૂરિને પ્રણામ કરી પરિવાર સહિત પોતે નગરમાં ગયો.

નગરશોભા

નગરમાં ગયા બાદ ભૂપતિએ નગરપાલકને આજ્ઞા કરી કે જલદી નગરને સુશોભિત કરાવો.

સર્વ ઠેકાણેથી કચરાઓને દૂર કરી જલદી સર્વ શેરીઓના રસ્તાઓ સાફ કરાવો.

કસ્તુરી અને કુંકુમથી મિશ્રિત એવા જલવડે દરેક માર્ગો છંટાવો,

સરસ કમલો સહિત સુગંધિત અને મનોહર એવાં પુષ્પોના ઉપચાર કરાવો.

આકાશને આચ્છાદન કરનારી ઉત્તમ દુકાનોની શોભાઓ કરાવો.

દરેક મંદિરોમાં નાના પ્રકારની વંદનમાલાઓ બંધાવો.

સુંદર હવેલીઓની પંક્તિઓને વિચિત્ર રંગો વડે તમે જલદી વિભૂષિત કરાવો.

સર્વ ગૃહદ્વારોમાં નિર્મળજળથી ભરેલા સોનાના કલશોની સ્થાપનાઓ કરાવો.

તેમજ દરેક ભવનદ્વારમાં વિવિધ પ્રકારની પતાકાઓ ઉર્ધ્વભાગમાં લટકાવો.

વળી આ મુખ્ય માર્ગમાં ઉત્તમ પ્રકારનાં પુષ્પ તોરણ તેમજ મંચોની ગોઠવણ કરાવો.

ગોરોચન, સરસવ અને દુર્વાઓના પ્રક્ષેપ સહિત સાથીયાઓની રચનાઓ કરાવો.

તેમજ કેટલાંક અન્ય કાર્ય પણ જે કરવાનાં હોય તે સર્વ તમે જાતે કરો અને નગરના લોકો પાસે પણ કરાવો.

આ પ્રમાણે નરેંદ્રના કહેવાથી તેઓ વિશેષ પ્રકારે કામ કરવા લાગ્યા.

તેમજ કામની બહુ ઉતાવળને લીધે ચાકર લોકો નગરની અંદર ચારે તરફ ફરવા લાગ્યા.

સર્વત્ર કાર્યના સમારંભ થવા લાગ્યા.

તે જોઈ નાગરિક લોકોના ઉમંગ બહુ વૃદ્ધિ પામવા લાગ્યા.

પ્રિયંવદાનું આગમન

એ પ્રમાણે નગર શોભાની તૈયારી થઇ રહી છે, તેવામાં રાજાના અંતઃપુરની અંદર એકદમ પ્રિયંવદા આવી.

તેને જોઇ હર્ષથી ભરાઇ ગયાં છે અંગ જેનાં એવી સુરસુંદરી બહુ પ્રેમથી તેને ભેટી પડી.

પછી તેણીને આસન આપ્યું. તે ઉપર તે બેઠી. ત્યારપછી સુરસુંદરીએ પૂર્વનું વૃત્તાંત તેણીને પૂછયું.

પ્રિયંવદા બોલી, હે સુભગે ! જ્યારે તે દુષ્ટ વૈતાલ તને ઉપાડીને આકાશ માર્ગે ચાલ્યો ગયો હતો, ત્યારે હું દુષ્ટના હુંકારાથી મૂર્ચ્છિત થઈ ભૂમિ ઉપર પડી ગઇ હતી.

ત્યારપછી ક્ષણમાત્રમાં મારી મૂર્છા શાંત થઇ એટલે હું બહુ જ શોકાતુર થઇ ગઇ અને વિલાપ કરવા લાગી.

હા ! મારી બહેન ક્યાં ગઈ હશે ? તે મારો ભાઇ પણ હજુ સુધી કેમ ન આવ્યો ?

જરૂર તે પિશાચે કંઈ પણ એનું અનિષ્ઠ કર્યું હશે, એમ ચિંતવન કરતી હું તારી શોધ કરવા લાગી.

ત્યારપછી તે રત્નદ્વીપમાં ચારે બાજુએ ફરીને સર્વ ઠેકાણે મેં તપાસ કરી. પછી આકાશ માર્ગે ચાલતાં સમુદ્રની અંદર બહુ બહુ તપાસ કરી પણ તારો પત્તો લાગ્યો નહીં.

પરંતુ સમુદ્રની અંદર અનેક તરંગોના વેગથી ઉછળતું છે શરીર જેનું અને એક પાટીયાને વળગેલો મારો ભાઇ મકરકેતુ મારા જોવામાં આવ્યો. એટલે

તરત જ હું તેને ત્યાંથી લઈને તે શ્રી આદિનાથ ભગવાનના મંદિરમાં ગઇ.

બાદ મેં તેને પૂછયું,

હે ભાઇ! તું સમુદ્રમાં શાથી પડી ગયેા હતેા? ત્યારપછી તેણે વૈતાલના દર્શનથી આરંભીને મારી વિદ્યાનેા તેણે નાશ કર્યો વિગેરે સર્વવૃત્તાન્ત કહી સંભળાવ્યેા.

ત્યારપછી તેણે પણ મને પૂછયું,

સુરસુંદરી કયાં ગઇ? મેં પણ તેને કહ્યું.

હે ભાઇ! તેણીને પણ કેાઇક પિશાચ હરી ગયેા છે.

એમ મારૂં વચન સાંભળી માેટા મુદ્દગરથી હણાયેલાની માફક એકદમ તે મૂર્છિત થઇ ગયેા.

પછી તેની પાસે રહેલા વિદ્યાધરેાએ શીતલપવનાદિકના ઉપચારેા વડે મહા મુશીબતે તેને સ્વસ્થ કર્યો, છતાં પણ ફરીથી તે મૂર્છિત થઇ ગયેા.

તેટલામાં વિદ્યાધરેાએ મારા પિતાને આ વૃત્તાંત ત્યાં જઈને કહ્યો, એટલે તે પણ એકદમ બહુ શેાકાતુર થઈ અમારી પાસે આવ્યા. બાદ બહુ પ્રયત્નેા વડે સચેતન કરી વૈતાઢય પર્વતમાં લઈ ગયા.

ત્યારપછી મારા પિતાએ બહુ ખેચર કુમારેાને આજ્ઞા કરી કે;

છ ખંડ ભરતક્ષેત્રની અંદર ગામ, આકાર, નગર અને પટ્ટણાદિકમાં પરિભ્રમણ કરીને **સુરસુંદરી**નું યથાસ્થિત વૃતાંત જાણી જલદી તમે અહીં આવેા.

એ પ્રમાણે કહીને મારા પિતાએ ઘણા વિદ્યાધરોને તારી શોધ માટે મોકલ્યા છે. કુમારને પણ પિતાની આજ્ઞા વડે તેના મિત્રો વિનોદ કરાવે છે.

પ્રિયાના વિરહને લીધે બહુ શોકથી પીડાતા એવા કુમારના કેટલા દિવસો વ્યતીત થયા.

દમઘોષ ચારણમુનિ

તેટલામાં એક દિવસ તે નગરમાં ચાર જ્ઞાનના ધારણ કરનાર અને દ્વાદશાંગીમાં પ્રવીણ એવા **દમઘોષ** નામે એક ચારણમુનિ આવ્યા. અને તે સહસ્રામ્રવનમાં ઉતર્યા.

તેમને વાંદવા માટે કુમારસહિત મારા પિતા ઘેરથી નીકળીને ત્યાં ગયા. તેમને વંદન કરીને પોતાના પરિવાર સહિત પૃથ્વી ઉપર બેઠા.

મુનિએ તેમની આગળ સંસારરૂપી મહાસાગરને તારવામાં નાવસમાન અને નિરવદ્ય એવી ધર્મદેશનાનો પ્રારંભ કર્યો.

શારીરિક અને માનસિક દુઃખોનો ક્ષય ઈચ્છનાર પુરૂષોએ મન, વચન અને કાયાવડે પ્રાણીઓને અભયદાન આપવું.

જે મનુષ્યો હંમેશાં નિરવદ્ય એવું સત્ય વચન બોલે છે, તેઓ જરા મરણના દુઃખથી ભરેલા સંસારને લીલા વડે તરી જાય છે.

વળી જેઓ અદત્તવસ્તુને ગ્રહણ કરતા નથી, તે પ્રાણીઓને દારિદ્ર, વ્યાધિ, જરા, મરણ, શોક અને પ્રિયવિરહ વિગેરે દુઃખ થતાં નથી.

જે પ્રાણીઓ મન વચન અને કાયાવડે અબ્રહ્મ (મૈથુન) નો ત્યાગ કરે છે, તેઓ સર્વ કર્મોનો ક્ષય કરીને મોક્ષ સ્થાનમાં જાય છે.

જે મનુષ્યો ધર્મનાં ઉપકરણો સિવાય બાકીના પરિગ્રહનો સર્વથા ત્યાગ કરે છે, તેઓ ભવસાગરને તરીને અજરામર (મોક્ષ) સ્થાનને પામે છે.

માટે હે ભવ્યાત્માઓ! અનેક દોષોના કારણભૂત એવા પરિગ્રહનો ત્યાગ કરવો ઉચિત છે.

આ જગત્માં શાંતિનો ભયંકર દુશ્મન, અધૈર્યનો ખાસ મિત્ર, મોહરાજાને વિશ્રાંતિનું મુખ્ય સ્થાન, પાપોનું ઉત્પત્તિસ્થાન, આપત્તિઓનું મૂળસ્થાન; અસદ્ધ્યાનનું ક્રીડાવન, મિથ્યાવાદનો નિધિ; મદનો કારભારી, શોકનું મૂળકારણ અને કલેશનું ક્રીડાગૃહ એવા અનેક દોષોથી ભરેલા પરિગ્રહનો આત્માર્થી પુરૂષોએ સર્વદા ત્યાગ કરવો જોઇએ.

એ પ્રમાણે શ્રીજિનેંદ્રભગવાને કહેલા ધર્મનો ઉપદેશ મુનિમહારાજે કર્યો. બાદ અવસર જાણીને કુમારે મુનિને પૂછ્યું.

હે ભગવન્! તે દેવે મારી વિદ્યાઓનો ઉચ્છેદ શા માટે કર્યો?

ત્યારબાદ મુનિએ પણ વૈરનું સમગ્ર કારણ કહી સંભળાવ્યું.

તે પછી મુનીંદ્રનું વચન સાંભળી **અમરકેતુકુમારને** ઉહાપોહ કરતાં જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. પોતાના પૂર્વભવનું સ્મરણ કરીને કુમારે કહ્યું કે;

હે ભગવન્! આપનું કહેવું સત્ય છે.

વળી ફરીથી તેણે પૂછયું

હે ભગવન્! તે દેવે અપહરણ કરીને **સુરસુંદરી** ક્યાં મૂકી છે?

મુનિએ કહ્યું, ચ્યવનકાળના સમયે તે દેવના હાથમાં રહેલી **સુરસુંદરી** આકાશમાંથી કુસુમાકર ઉદ્યાનમાં પડી હતી.

હે કુમાર! હાલમાં તે હસ્તિનાપુરમાં **કમલાવતી** નામે તારી માતાની પાસે રહેલી છે.

તે સાંભળી કુમાર બોલ્યો.

હે મુનીંદ્ર! શું મારા પિતા અને આ **કનકમાલા** મારી માતા નથી!

ત્યારપછી મુનિએ તેના સંશયને દૂર કરવા માટે દેવે અપહરણ કર્યું, વિગેરે સર્વવૃત્તાંત તેને કહી સંભળાવ્યું.

પછી મુનિના વચનવડે શુદ્ધ થયું છે હૃદય જેનું એવા **ચિત્રવેગ** રાજાએ કહ્યું.

હે કુમાર ! પૂર્વભવના વૈરી એવા દેવ વડે અપહરણ કરાયેલો તું **ચિત્રવેગ** વિદ્યાધરેંદ્રના ત્યાં મોટો થઇશ, એ પ્રમાણે દેવભવમાં રહેલા તેં મને જે પ્રથમ કહ્યું હતું, તે હાલમાં તને કેમ સાંભરતું નથી ? માટે તે વાત સત્ય થઇ.

વળી હે પુત્ર ! ફરીથી તે વિદ્યાઓને તું સિદ્ધ કર.

હવે તું શોક કરીશ નહી. કારણ કે; હું મારા સ્થાનમાં તને સ્થાપન કરીશ.

વિષ સમાન વિષય સંગનો સર્વથા ત્યાગ કરીને સંસાર ભ્રમણથી ખિન્ન થયું છે હૃદય જેમનું, એવા અમે હાલમાં નિરવદ્ય એવા દીક્ષાવ્રતને ગ્રહણ કરવામાં ઉત્સુક થયા છીએ.

ધરણેન્દ્રનું આગમન

હે **સુરસુંદરી** ? આ પ્રમાણે કુમારને પિતા કહેતા હતા, તેટલામાં **દમઘોષ** મુનીંદ્રને વંદન કરવા માટે ત્યાં **ધરણેન્દ્રનું** આગમન થયું.

મકરકેતુને જોઇ બહુ સમય સુધી ધ્યાન દઇ ધરણેન્દ્રે કહ્યું,

હે કુમાર ! તું જાણે છે ? **ભીમરથ** નામે હું પૂર્વ ભવમાં તારો પિતા હતો; તું મને બહુ જ પ્રિય હતો

તારી માતાનું નામ **કુસુમાવળી** અને તારૂં નામ **કનકરથ** હતું.

સ્ત્રી સહિત તું ઉન્મત થઈને દેશાંતરમાં નીકળી ગયેા. તારી શેાધ માટે અમે ઘણી તપાસ કરાવી, છતાં કેાઇપણ ઠેકાણેથી તારેા પત્તો મળ્યેા નહી.

પછી તારા લઘુબંધુ **વજ્રરથને** રાજ્યગાદીએ બેસાડયેા. વૈરાગ્યની ભાવના વડે મેં ગુરુની પાસે દીક્ષા લીધી.

વિધિપૂર્વક દીક્ષાવ્રત પાળીને હું **સૌધર્મ** દેવલેાકમાં સાત પલ્યેાપમનું આયુષ્ય બાંધી દેવપણે ઉત્પન્ન થયેા.

આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવીને આ **ભરત** ક્ષેત્રમાં **ચંપાનગરીને** વિષે **દધિવાહન** રાજાની **કુસુમશ્રી** ભાર્યાની કુક્ષિમાં પુત્રપણે હું ઉત્પન્ન થયેા.

ગર્ભનેા સમય પૂર્ણ થયેા એટલે શુભ સમયમાં મારેા જન્મ થયેા, **પ્રભંકર** મારૂં નામ પાડયું.

વિમલમંત્રી

રાજ્યની ઇચ્છાવાળા **વિમલમંત્રીએ** મદ્યપાનમાં આસક્ત થયેલા મારા પિતાને મારી નાખ્યા અને રાજ્યલક્ષ્મી તેણે પેાતે જ સ્વાધીન કરી.

તે સમયે હું ત્રણ માસનેા હતેા.

મારી માતા બહુ ભયભીત થઇ ગઇ. ત્યાં રહેવાની તેની શક્તિ રહી નહીં,

ત્રણ માસનેા મને લઈ મારી માતા તે દુષ્ટના ભયને લીધે ત્યાંથી નાઠી. અને **વિજયપુર** નગરમાં પેાતાના

ભાઈ શંખરાજા રહેતો હતો, તેની પાસે તે ગઈ; ત્યાં રહ્યા બાદ અનુક્રમે હું યૌવન અવસ્થામાં આવી ગયો.

પશ્ચાત્ શંખરાજાને સાથે લઈ હું ચંપાનગરીમાં ગયો, સંગ્રામ કરીને મેં વિમલ મંત્રીને યુદ્ધમાં મારી નાખ્યો. અને ચંપાનગરીમાં રાજ્યાસને હું બેઠો. વિમલના પુત્રો પણ મારા ભયથી કંપીને ત્યાંથી નાશી ગયા અને હસ્તિશીર્ષ નગરમાં જઇને જિતશત્રુ રાજાની સેવા કરવા લાગ્યા.

પ્રભંકર રાજા

રાજગાદીએ બેઠા પછી હું નીતિપૂર્વક રાજ્ય ચલાવતો હતો, પક્ષપાત રહિત પ્રજાનું સંરક્ષણ કરતો હતો. તેમજ મારા પરાક્રમને લીધે કોઈપણ શત્રુઓ મારી દૃષ્ટિગોચર થતા નહોતા.

વળી બાહુબળના ગર્વને લીધે હું હાથીઓની સાથે ત્યાં ક્રીડા કરતો હતો. તેથી સર્વદેશોમાં મારી પ્રસિદ્ધિ થઈ.

આ ભરતક્ષેત્રમાં પ્રભંકર રાજાના સરખો બીજો કોઇ બળવાન નથી, જે રાજા રૂષ્ટ અને મદોન્મત એવા ગજેંદ્રને એક બાહુવડે પકડી રાખે છે.

બાદ હું પણ ઘણા કાળ સુધી તે ચંપાનગરીમાં રાજ્ય કરીને સદ્ગુરુની પાસે પ્રતિબોધ પામ્યો.

પછી પોતાના પુત્રને રાજ્યમાં સ્થાપન કરી મેં દીક્ષા ગ્રહણ કરી.

મેં ગુરુની પાસે એવો અભિગ્રહ લીધો કે, યાવત્ જીવં (જીવનપર્યંત) માસે માસે પારણું કરવું.

હસ્તિશીર્ષ નગર

અન્યદા વિહાર કરતો કરતો કદાચિત્ હું હસ્તિશીર્ષનગરમાં ગયો. પારણાના દિવસે ભિક્ષા માટે તે નગરમાં હું પરિભ્રમણ કરતો હતો.

તેવામાં એક ગર્વિષ્ઠ સાંઢના ઝપાટામાં હું આવી પડયો. જેથી હું ઘાયલ થઇને પૃથ્વી ઉપર પડી ગયો. તે જોઇ ત્યાં ઉભેલા વિમલના પુત્રોએ મારૂં ઉપહાસ કર્યું. અને તે દુષ્ટોએ કહ્યું.

ગજેંદ્રોને પીડવામાં એક રસિક એવું તમારૂં તે પ્રચંડ બળ હાલમાં કયાં ગયું ? એમ બોલતા તે સર્વે પોતાના પિતાનું વૈર સંભારીને લકુટ અને પથરાઓ હાથમાં લઈ મને મારવા માટે દોડવા લાગ્યા.

હું પણ તેમને આવતા જોઇને અજ્ઞાનતાના દોષવડે એકદમ કોપાયમાન થઈ, ત્યાં પડેલો એક સ્તંભ ઉપાડીને તેમના સન્મુખ હું દોડયો.

મેં તેમને કહ્યું, રે ! રે ! નામર્દો ! સિંહના બળને શીયાળીઆઓ ખંડન કરી શકે ખરા ?

જો કે; હું શરીરે દુર્બલ થઇ ગયો છું, તો પણ મારી પાસે તમે આવવા લાયક નથી. કારણ કે; ક્ષણ માત્રમાં સન્મુખ આવેલા એવા તમને તમારા પિતાના માર્ગ પ્રત્યે હું મોકલી દઇશ.

એમ કહી તેમને મૃત પ્રાય કરી નાખ્યા, બાદ પ્રાયશ્ચિત્તને માટે મેં અનશનવ્રત ગ્રહણ કર્યું, પરંતુ લજ્જાને લીધે તે દુશ્ચરિત્રને મેં ગુરુની આગળ પ્રગટ કર્યું નહીં.

તેથી આલોચના કર્યા સિવાય મારૂં ચારિત્ર ખંડિત થયું.

ત્યાર પછી હે કુમાર! હું કાળ કરીને ધરણેન્દ્ર થયો. તે જ હું પોતે હાલમાં અહીં આવ્યો છું.

માટે હે કુમાર! હવે તું ખેદ કરીશ નહીં. હું તને પ્રજ્ઞપ્તિ વગેરે સર્વ વિદ્યાઓ આપુ છું. તે વિદ્યાઓ સાધના કર્યા વિના પણ તને સિદ્ધ થશે.

એ પ્રમાણે ધરણેન્દ્રનું વચન સાંભળી "મહાપ્રસાદ" એમ કહીને મસ્તકે હાથ જોડી કુમાર ધરણેંદ્રના ચરણ-કમલમાં પ્રણામ કરવા લાગ્યો.

સર્વ વિદ્યાધરોએ તેમજ પિતાએ તેનો બહુ મહિમા (સત્કાર) કર્યો, બાદ તે ધરણેન્દ્ર પોતાના પરિવાર સહિત પોતાના સ્થાનમાં ગયો.

ચક્રવર્તી પદવી

વિદ્યાધરો સહિત **ચિત્રવેગ** ચક્રવર્ત્તીએ તેમજ **ચિત્રગતિએ** પણ મોટા વૈભવ સાથે પોતાના સ્થાનમાં કુમારનો રાજ્યાભિષેક કર્યો અને વૈતાઢય પર્વતમાં તે કુમારેન્દ્ર વિદ્યાધરોનો ચક્રવર્તી થયો.

સર્વ વિદ્યાધરોએ પોતપોતાની કન્યાઓ તેને આપી. બાદ **મકરકેતુ**એ તેમને કહ્યું, જ્યાં સુધી **નરવાહન** રાજાની તે કન્યા (સુરસુંદરી)ને હું પરણ્યો નથી, ત્યાં સુધી અન્ય કન્યાઓને પરણીશ નહીં.

પછી **ભાનુવેગે** કહ્યું. હાલમાં હું **કુશાગ્ર**નગરમાં જાઉ છું અને **નરવાહન** રાજાની પાસે માંગણી કરીને તારા માટે **સુરસુંદરીને** લાવું છું.

મકરકેતુએ કહ્યું.

એ બાબતમાં તમે હવે વિલંબ કરશો નહીં. અમે પણ પિતાની આજ્ઞા લઈ **હસ્તિનાપુરમાં** જઇએ છીએ. હજુ સુધી માતાપિતાનાં કોઇપણ સમયે મને દર્શન થયાં નથી. માટે તેમના ચરણકમલને અમે વંદન કરીએ, એવી અમારી ઇચ્છા છે.

એ પ્રમાણે કુમારનું વચન સાંભળી તે **ભાનુવેગ** એકદમ આકાશમાર્ગે ગમન કરવા લાગ્યો.

રાજનિદેશ

મકરકેતુરાજાને પિતાએ આજ્ઞા કરી કે,

હે પુત્ર! આજે વિકાલ સમયે ઉત્તમ પ્રકારનું મુહૂર્ત છે, માટે તે ઉત્તમ સમયમાં માતાપિતાનાં દર્શન તું કર.

એ પ્રમાણે પિતાના કહેવાથી સમગ્ર વિદ્યાધરો તે જ વખતે પ્રયાણની સામગ્રી તૈયાર કરવા લાગ્યા.

હે **સુરસુંદરી** ! એટલામાં હું પણ પિતાની આજ્ઞા લઈને બહુ ઉતાવળથી આ સમાચાર કહેવા માટે તારી પાસે આવી છું

આ પ્રમાણે **પ્રિયંવદાનું** વચન સાંભળી દાસીઓએ રાજાની પાસે જઈને આ સર્વ હકીકત તને નિવેદન કરી.

સામૈયાની તૈયારી

બાદ રાજા પણ આ વાત સાંભળી બહુ હર્ષાતુર થઈ ગયો. અને રાજપુરૂષોને આજ્ઞા કરી કે; રાજકુમારનું સામૈયું કરવાનું છે, માટે જલદી તૈયારી કરાવો.

અધિકારી લોકોની પ્રેરણાથી એકદમ ઉત્તમપ્રકારનાં ગીતગાનની સાથે વિવિધપ્રકારનાં વાજીંત્રો વાગવા લાગ્યાં.

નૃત્યમાં કુશળ એવી અનેક વારાંગનાઓ નૃત્ય કરવા લાગી.

નટવિટાદ્દિક કૌતુકિના વર્ગોએ નાના પ્રકારનાં કૌતુકોનો પ્રારંભ કર્યો.

એમ અનેક પ્રકારના આડંબરવડે નગરની અંદર મહાન કોલાહલને પ્રગટ કરતો અને ચતુરંગ બલસહિત **શ્રી અમરકેતુ** રાજા ગજેંદ્ર ઉપર બેસી પુત્રના સ્વાગત માટે સર્વ પ્રકારના વૈભવ સાથે નગરમાંથી નીકળ્યો.

સર્વ લોકોસહિત રાજા નગરની બહાર આવ્યો, તેટલામાં ત્યાં આકાશમાર્ગે આવતું ધ્વજ છત્રાદ્દિકનાં ચિન્હો જેમાં અનેક પ્રકારનાં રહેલાં છે અને અનેક પ્રકારનાં

વાહનો છે જેમાં, એવું વિદ્યાધરોનું સૈન્ય પણ દેખાવા લાગ્યું.

તે સૈન્યના મધ્યભાગમાં રહેલા અનેક પ્રકારના મણિ-રત્નોથી વિભૂષિત અને વિચિત્રવર્ણ તથા રૂપાદિકથી મનોહર એવા કુમારના વિમાન આગળ અનેક વિદ્યાધરોના સમુદાય દોડતા હતા.

પિતાપુત્રનો સમાગમ

બાદ મકરકેતુ વિદ્યાધરેંદ્ર પોતાના પિતાને આગળ આવતા જોઈને એકદમ આકાશમાંથી નીચે ઉતરી પિતાના ચરણોમાં પડયો.

પછી શ્રી અમરકેતુ રાજા સ્નેહ પૂર્વક પુત્રને આલિંગન દઈ આનંદના અશ્રુજળને વરસાવતો છતો મસ્તકને ચુંબન કરવા લાગ્યો.

બાદ સર્વ સહચારી વર્ગની સાથે સંભાષણ કરી ઉત્તમ વિદ્યાધરોનો યથાયોગ્ય સત્કાર કર્યો.

પછી પોતાના પિતા સાથે કુમારે નગરમાં પ્રવેશ કર્યો, તે સમયે સેંકડો માગધ લોકો સ્તુતિઓ કરતા હતા. તેમજ અનેક પ્રકારના માંગલિક ઉપચારો કરવામાં આવ્યા હતા.

અનુક્રમે નાગરિક નરનારીઓના નેત્રોને આનંદ આપતા કુમારનો શ્રીઅમરકેતુ રાજાએ પોતાના મંદિરમાં પ્રવેશ કરાવ્યો. તેમજ બાકીના વિદ્યાધરોને પોતપોતાને લાયક નિવાસસ્થાન આપ્યાં.

પછી કેટલાક વિદ્યાધરો સહિત કુમારને રાજા પોતાના અંતઃપુરમાં લઈ ગયો.

પુત્રાવલોકનમાં ઉત્સુક બનેલી પોતાની માતાના ચરણમાં કુમાર બહુ પ્રેમથી નમન કરવા લાગ્યો.

જનનીએ સુકોમલ એવા પોતાના હાથવડે કુમારને ગ્રહણ કરી પોતાના ખોળામાં બેસાડયો.

બાદ તે અપૂર્વ હર્ષને લીધે બહુ આલિંગન કરી, તેના મસ્તક ઉપર બચ્ચીઓ કરવા લાગી. અને આનંદાશ્રુને વરસાવતી તે કહેવા લાગી;

હે પુત્ર ! તારી જનનીનું હૃદય ખરેખર વજ્રથી ઘડાયેલું છે. કારણકે; તારા વિરહમાં પણ તે અખંડિત રહ્યું છે.

તે સાંભળી મકરકેતુ બોલ્યો, હે અંબે ! દૈવની ઘટના બહુ વિચિત્ર છે. તેની આગળ આપણે શું કરીયે ? કારણ કે કર્મને આધીન થયેલા પ્રાણીઓને આવા પ્રકારનાં દુઃખો આવી પડે છે.

કહ્યું છે કે,

અહો ! આ જગત્માં કર્મની સત્તા એટલી બધી પ્રબલ છે કે; જેણે બ્રહ્માને બ્રહ્માંડરૂપી પાત્રોને બનાવવાની અંદર કુલાલની માફક નિયમિત કર્યા છે.

તેમજ શંકરને કપાલરૂપી હસ્ત સંપુટમાં ભિક્ષાટન કરવાનો અધિકાર આપેલો છે,

વિષ્ણુને દશ અવતાર ગ્રહણ કરવાની મોટી વ્યથામાં નાખેલા છે.

જેના પ્રતિબંધથી સૂર્યને હંમેશાં આકાશમાં પરિભ્રમણ કરવું પડે છે. એવા કર્મને નમસ્કાર થાઓ.”

માટે હે માતા! હવે ગતવાતનો શોક તમારે કરવો નહીં.

ત્યારપછી સ્થૂલ આકૃતિવાળી મૌક્તિક (મોતી)ની પંક્તિઓથી વિભૂષિત એવી એક મનોહર ચોકીની ઉપર અનેક પ્રકારનાં મણિરત્નોની કાંતિઓવડે વ્યાપ્ત અને દિવ્ય આકૃતિમય સિંહાસન મૂકીને તેની ઉપર કુમારને બેસાર્યો.

પછી પુત્ર સમાગમના હર્ષથી રોમાંચિત થયેલી દેવીએ માંગલિક ઉપચારો કર્યા. તે સમયે તેમને પુત્રના સમાગમમાં જે કંઈ સુખ થયું, તેને કહેવા માટે મોક્ષના સુખની માફક કોણ સમર્થ થાય?

નરવાહન રાજા

હવે **ભાનુવેગ** વિદ્યાધરે કુશાગ્ર નગરમાં જઈને **નરવાહન** રાજાની આગળ આ સર્વ વૃત્તાંત નિવેદન કર્યું.

તે સાંભળી **નરવાહન**રાજાએ કહ્યું કે; એટલા જ માટે એ કન્યાને આપણે રાખેલી છે. પ્રથમ ઘણા રાજાઓએ એની માગણી કરેલી હતી, છતાં પણ બીજાઓને એ કન્યા આપી નથી.

તેમજ તેણીના જન્મ દિવસે જ્ઞાનધારી દિવ્ય પુરૂષોએ કહેલું કે; એ કન્યા વિદ્યાધરોના ચક્રવર્તીની ભાર્યા થશે.

તેમજ શત્રુંજયરાજાએ મને અહીં રોકયો હતો, તે વખતે એણે મને જીવિતદાન આપ્યું છે, તેથી સુર-સુંદરી મેં તેને આપેલી છે, તો એમાં પૂછવાની હવે શી જરૂર છે ?

એમ કહી તરત જ તેણે જોષીને બોલાવરાવ્યો. જોષી પણ તૈયાર થઈ ત્યાં આવ્યો.

ભૂપતિએ કહ્યું. હે જ્યોતિર્વિદ્ ! સમગ્ર દોષોથી શુદ્ધ એવા ઉત્તમ લગ્ન દિવસનો નિર્ણય કરી અમને શુદ્ધ મુહૂર્ત્ત કાઢી આપો.

યોગાયોગનો વિચાર કરી જોષીએ કહ્યું.

હે નરેંદ્ર ! આજથી ત્રીજે દિવસે રાત્રીના છેલ્લા પ્રહરમાં બહુ સારૂ લગ્ન આવે છે. એના જેવું બીજું શુભ મુહૂર્ત્ત હાલમાં આવતું નથી.

રાજાએ પણ કહ્યું કે; લગ્નનો ટાઇમ બહુ નજીકમાં આવે છે, તો તેટલી ટુંક મુદ્દતમાં વિવાહની સઘળી સામગ્રીઓ આપણે શી રીતે તૈયાર કરીશું ?

માટે હે ભાનુવેગે ! હવે તું બોલ આપણે અહીં કયો ઉપાય કરવો ?

ભાનુવેગ બોલ્યો હે નરનાથ ! પ્રથમ આપણે હસ્તિનાપુરમાં જવું. ત્યાં ગયા બાદ બધુએ સારૂં થશે. એમ કહી તરત જ ભાનુવેગે દિવ્ય વિમાન બનાવ્યું. તેની અંદર તત્કાલ ઉચિત વિવાહની સામગ્રી લઈ પોતાના પરિવાર સહિત રાજા બેસી ગયો.

એટલામાં **ચિત્રગતિ અને ચિત્રવેગ** પણ પોત-પોતાના વિદ્યાધરોના પરિવાર સહિત આ વૃત્તાંત જાણીને ત્યાં આવી પહોંચ્યા.

વિવાહ મહોત્સવ

અમરકેતુ રાજાએ પોતાને ત્યાં આવેલા તે સર્વ જનોનો સારી રીતે સત્કાર કર્યો.

પછી ખાદ્ય અને પેયાદિક વિવિધ પ્રકારના પદાર્થો સહિત વિવાહ સામગ્રીને પોતે તૈયાર કરાવવા લાગ્યો.

લગ્નના દિવસે પોતાના કુલાચાર પ્રમાણે માંગલિક ઉપચારો કરવામાં આવ્યા.

ત્યારપછી નગરના સમસ્ત લોકોને આનંદ કારક તથા વિલાસિની જનોના નૃત્ય વડે સુશોભિત તેમજ અનેક પ્રકારના વાજીંત્રો તથા આતોદ્ય વગેરેના ગંભીર-નાદવડે દિશાઓને ગર્જાવતો, તે વરકન્યાનો શુભલગ્ન મહોત્સવ મોટા વૈભવ સાથે કરવામાં આવ્યો.

પછી ભૂપતિએ સમયોચિત સંભાવના વડે વિદ્યા-ધરોનું સન્માન કર્યું તેમજ યાચકજનોને મોટાં દાન આપ્યાં.

નગરના લોકોને સત્કારપૂર્વક જમાડ્યા.

સર્વ જિન મંદિરોમાં બહુ પ્રેમપૂર્વક મહોત્સવ કરાવ્યા.

શ્રી જિનેંદ્રભગવાનની પ્રતિમાઓની વસ્ત્રાદિક વડે મહાપૂજાઓ કરવામાં આવી.

સર્વ ઉપાધિથી શુદ્ધ એવાં ઉત્તમ પ્રકારનાં વસ્ત્ર, પાત્ર, કંબલ અને આસનાદિક વડે મુનિસંઘનો પણ બહુ ભક્તિપૂર્વક સત્કાર કર્યો.

તે સમયે રાજાએ સામંત લોકોને યથાયોગ્ય હાથી, ઘોડા, ઉત્તમ પ્રકારના રથ, ગામ, આકર, નગર અને પત્તનાદિકને એનાયત કર્યા.

આચાર્ય દર્શન

અન્યદા વિદ્યાધર તથા પરિજન સહિત **શ્રી અમરકેતુ** રાજા મોટી વિભૂતી સાથે આચાર્ય મહારાજને વંદન કરવા માટે નીકળ્યો.

પ્રથમ સૂરીશ્વરને વંદન કરી પશ્ચાત્ સર્વ મુનિઓને વાંદીને નરેંદ્ર સહિત સર્વ લોકો પણ ભૂમિ ઉપર બેસી ગયા.

બાદ ગુરુએ શ્રી જિનેંદ્રભગવાને પ્રરૂપેલા ધર્મનો ઉપદેશ આપ્યો.

હે ભવ્યાત્માઓ ! આ પાંચ ભૌતિક શરીરોની સુંદર આકૃતિ જોઈ તમે મોહિત થશો નહીં. કારણ કે; તેઓ નિત્ય સ્થાયી ભાવે રહેવાનાં નથી.

ક્ષણમાં જે દૃષ્ટ હોય છે, તે સ્થિતિનું ક્ષણાંતરમાં રૂપાંતર જોવામાં આવે છે.

તેમજ વૈભવ એટલે સંપદાઓના સંયોગ પણ શાશ્વત-નિરંતર એક સરખા રહેતા નથી; માટે બુદ્ધિમાન્ પુરુષોએ

કેવલ તેના સંગ્રહમાં જ લક્ષ્ય રાખવો નહી; દાનાદિક સત્કાર્યો કરીને તેનો સદુપયોગ પણ કરી લેવો;

વળી મૃત્યુરૂપ સુભટનો મારો હંમેશાં પ્રાણીઓના નજીક ભાગમાં રહેલો છે, તે મારનો અમલ આજે અથવા કાલાન્તરે થવાનો, તે સંબંધી વિશેષ માહિતી સિવાય અન્ય પ્રાણીઓને હોતી નથી, માટે હંમેશાં ધર્મ સંગ્રહ કરવો.

ધર્મમાં જેઓ પ્રમાદ કરે છે, તે મૂર્ખની નિશાની છે. માટે હે મહાનુભાવો ! દુર્લભ એવો આ મનુષ્યભવ પામી ભવસાગર તરવાને આ નૌકાસમાન શ્રીમતી પારમેશ્વરી દીક્ષાને ગ્રહણ કરી માનવભવ સફલ કરવામાં તમે ઉદ્યુકત થાઓ ! એ પ્રમાણે ગુરુ મહારાજનો ઉપદેશ સાંભળીને **કમલાવતી** દેવીએ સૂરિને વંદન કરી પૂછયું.

હે ભગવન્ ! મેં જન્માંતરમાં તેવું શું પાપ કર્યું હશે ? કે, જેનાં પ્રભાવથી દુઃસહ એવું આ પુત્ર વિયોગનું દુઃખ મને પડયું.

શ્રીકેવલી ભગવાન્ બોલ્યા, હે દેવાનુપ્રિયે ! તે સંબંધી હકીકત તું સાંભળ.

અર્જુન અને બંધુશ્રી

અવરકંકા નગરીમાં **મંડણ, મલ્લણ** અને **ચંદણનો** પિતા, તેમજ **અક્ષુબ્ધા** છે ભાર્યા જેની એવા જે **અંમડ** વણિકનું વૃત્તાંત મેં પ્રથમ કહેલું છે, તે **અંમડ** વણિક ઘણા ભવ ભ્રમણ કરીને આ ભરતક્ષેત્રમાં રહેલા મરૂ દેશમાં હર્ષપુર ગામની અંદર **અર્જુન** નામે ગામેતી ઉત્પન્ન થયો.

બાદ **અક્ષુબ્ધા** પણ વિવિધ પ્રકારના ભવોમાં જન્મ ધારણ કરીને તે **અર્જુનની બંધુશ્રી** નામે ભાર્યા થઈ.

સ્વભાવથી જ ક્ષીણ છે કષાય જેમના, દયાધર્મ પાલવામાં તત્પર અને કૃષિ [ખેતી] કાર્યમાં રક્ત એવાં તે બંનેનો સમય પરસ્પરના પ્રેમ વડે બહુ આનંદમાં ચાલ્યો જાય છે.

તેવામાં વર્ષાઋતુનો સમય આવ્યો. મેઘની ગર્જનાઓ શરૂ થવા લાગી, અનુક્રમે વૃષ્ટિ થવાથી પાણી બહુ ભરાઇ ગયાં. બાદ સ્ત્રી સહિત **અર્જુને** પણ પોતાની સીમમાં ખેતીનો પ્રારંભ કર્યો.

મૃગ અને મૃગલી

તે **અર્જુન** જ્યાં ખેતી કરતો હતો, તેની પાસમાં એક મૃગ પોતાની સ્ત્રી સહિત રહેતો હતો. વળી તે મૃગલી સગર્ભા હતી.

તે સીમાડાના પ્રાંતભાગમાં પોતાની સ્ત્રી સહિત મૃગલો ઘાસનો ચારો ચરતો હતો. એક દિવસ તે મૃગનું જોડલું ચરતાં ચરતાં તેના ક્ષેત્રમાં જઈ પહોંચ્યું.

પોતાના ક્ષેત્રમાં પેઠેલા તે મૃગના જોડલાને જોઈ **અર્જુન** એકદમ હાંકારા કરતો તેમને કાઢવા માટે દોડતો ચાલ્યો. ભયવડે ગર્ભના ભારથી બહુ ભારે થયેલી મૃગલી એકદમ વેગથી દોડવા લાગી.

પ્રસવનો સમય પણ તેણીને નજીકમાં આવેલો હતો. તેથી બહુ વેદના વડે વિહવલ થઈ તે બિચારી પૃથ્વી ઉપર પડી ગઇ.

મૃગલો પણ વારંવાર **અર્જુન** તરફ દૃષ્ટિ કરતો બહુ ભયને લીધે નાશી ગયો. પરંતુ પોતાની સ્ત્રીના વિયોગ વડે તેનું હૃદય બહુ બળવા લાગ્યું અને તે શોકાતુર થઈ ગયો.

અર્જુન મૃગલીની પાસે ગયો. તેના હૃદયમાં દયા આવી, તેથી તે મૃગલીને **અર્જુન** પોતાના સ્થાનમાં લઇ ગયો. ઠંડા પાણી વડે તેણીના શરીરે સિંચન કર્યું. તેથી તે સચેતન થઈ ગઇ.

તેણીને પ્રસવ થયો, કોદ્રાના સરખો છે વર્ણ જેનો અને મુગ્ધ સ્વભાવવાળો તે બાળક પોતાની પાસે ગોથાં ખાવા લાગ્યો, મૃગલીએ પુત્રના પ્રેમવડે તે બાળકને ધાવવા માટે પોતાનો સ્તન (આંચળ) આપ્યો.

મનોહર આકૃતિ વાળા તેમજ વિશાલ અને સ્નિગ્ધ નેત્રો વડે સુશોભિત એવા તે મૃગના બચ્ચાને જોઈ **બંધુશ્રી**એ કહ્યું.

આ મૃગ બાલક તો મારે રમવાનું રમકડું થશે. ત્યારબાદ તેણીએ તે બચ્ચાના ડાબે પગે એક સુંવાળી દોરી બાંધી મૃગલી પણ પીડાથી મુક્ત થઈ એટલે તે બચ્ચાને ત્યાં મુકીને ભયને લીધે પલાયન થઈ ગઇ. અને પોતાના સ્વામીને તે મળી ગઈ.

બાદ તે મૃગલી બચ્ચાના સ્નેહથી વારંવાર ત્યાં જાય છે, પરંતુ ભયને લીધે તે સ્થાનમાં તેની પાસે જઇ શકતી નથી.

વળી બચ્ચાના સ્નેહ વડે હૃદયમાં બહુ ઉદ્વેગ કરતી તે બીચારી શોકને લીધે ઘાસ ચરતી નથી, પાણી પણ પીતી નથી, માત્ર ખેદાતુર થઈ ત્યાં આજુબાજુએ ભમ્યા કરે છે.

બીજે દિવસે પણ તે જ પ્રમાણે બહુ દુઃખથી ભ્રમણ કરતી તે મૃગલીને જોઇ **બંધુશ્રી**ને દયા આવી, તેથી તે બચ્ચાને તેણે બંધનથી મુક્ત કર્યો.

તે પછી છુટો થયેલો તે મૃગબાલ ભય અને સ્નેહને ધારણ કરતી એવી પોતાની મા પાસે જઇને મળી ગયો. મૃગલી તેને જોઈ બહુ શાંત થઇ ગઈ, અર્થાત્ અપૂર્વ સુખ માનવા લાગી.

મધ્યમ પ્રકારના ગુણો વડે યુક્ત એવો તે **અર્જુન** કૃષિકાર દયાના પ્રભાવથી કાળ કરીને **અમરકેતુ** રાજા થયો.

વળી હે ભદ્રે! **બંધુશ્રી** પણ મનુષ્યનું આયુષ બાંધી, ત્યાંથી મરીને અહીં તું **કમલાવતી** દેવી થયેલી છે.

આ પ્રમાણે પૂર્વભવના અભ્યાસથી તમારે બંનેને પરસ્પર બહુ પ્રીતિ બંધાણી છે અને જીવદયા કરવાથી તમને બહુ વિશાલ ભોગસંપત્તિઓ પ્રાપ્ત થયેલી છે.

એક ક્ષણ માત્ર મૃગલાનો મૃગલી સાથે પૂર્વભવમાં તેં વિયોગ કર્યો હતો, તે કર્મના ઉદયથી રાજાનો તારી સાથે વિયોગ થયો.

તેમજ મૃગલીનો પોતાના બાળક સાથે આઠ પ્રહર સુધી વિયોગ કર્યો હતો, તેથી તેં પૂર્વભવમાં પુત્રવિરહના દુઃખરૂપી ફલને આપનાર કર્મ બાંધ્યું.

તેના ઉદયથી જન્મસમયે જ પુત્રની સાથે તારો વિરહ થયો. આઠલાખ વર્ષ વડે આજે તે કર્મ ક્ષીણ થયું.

પ્રાણીઓના ભાવની વિશેષતા લીધે ક્ષણ માત્ર કરેલું શુભ અથવા અશુભ કર્મ બહુ લાંબા વખત સુધી વિપાકને ઉત્પન્ન કરે છે.

એ પ્રમાણે હે ભવ્યાત્માઓ ! પ્રમાદથી ઉપાર્જન કરેલા કર્મનો વિપાક જાણીને કર્મબંધના કારણ ભૂત પ્રમાદનો દૂરથી પ્રયત્ન પૂર્વક તમારે ત્યાગ કરવો.

આ પ્રમાણે ગુરુમહારાજનું વચન સાંળળી સર્વ સભાના લોકો પણ વૈરાગ્ય રસનો અનુભવ કરવા લાગ્યા અને સંસારના દુઃખોથી ભય પામીને તેઓ સંસારતારિણી દીક્ષા લેવા તૈયાર થયા.

વળી વિશુદ્ધ લેશ્યાઓવડે વર્તમાન એવાં રાજા અને રાણીને ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

પોતાના પૂર્વભવનું સ્મરણ કરવાથી તે બંનેનાં હૃદય સંવેગરંગથી વાસિત થઇ ગયાં અને ચારિત્રાવરણીય-કર્મનો ક્ષય થવાથી ચારિત્રનો પરિણામ જાગ્રત્ થયો.

દીક્ષા ગ્રહણ

સંસારવાસથી ભીરૂ એવો અમરકેતુરાજા પોતાના પુત્રનો રાજ્યાભિષેક કરી, તે સમયને ઉચિત એવાં અન્ય કાર્ય સંપાદન કરીને નિવૃત્ત થયો.

પુત્રને શિખામણ આપી પોતાના સમગ્ર પરિવારને પૂછીને **કમલાવતી**દેવી સહિત તેણે તીવ્ર વૈરાગ્ય વડે ગુરુની પાસે દીક્ષા લીધી.

શ્રીદેવનામે પોતાના પુત્રને કુટુંબ ભાર સોંપીને પોતાની સ્ત્રી સહિત **ધનદેવ**શ્રેષ્ઠીએ રાજાની સાથે દીક્ષાવ્રત ગ્રહણ કર્યું.

કામભોગોથી નિવૃત્ત થયેલા **ચિત્રવેગે** પણ **ચિત્રગતિ** આદિક વિદ્યાધરો સહિત ગુરુમહારાજના ચરણ કમલમાં ભવભેદિની એવી પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

કનકમાલા વિદ્યાધરીએ પણ સૂરિના પ્રવચનથી પ્રતિબોધ પામીને **પ્રિયંગુમંજરી** પ્રમુખ બહુ વિદ્યાધરીઓ સહિત ચારિત્રવ્રત ગ્રહણ કર્યું.

નરવાહનરાજા પણ **મકરકેતુ**ને રાજ્ય આપી, **સુપ્રતિષ્ઠ** કેવલી ભગવાનની પાસે દીક્ષિત થયો.

એ પ્રમાણે **અમરકેતુ**રાજાની સાથે વિદ્યાધર અને રાજાઓ મળી દશહજાર તેમજ **કમલાવતી** પ્રમુખ સ્ત્રીઓ વીશહજાર, એમ એકંદર ત્રીશહજાર ને શ્રીકેવલી ભગવાને એક સમયે સાથે દીક્ષા આપી.

તે સમયે સંનિહિત દેવે તે સર્વ ભવ્ય જીવોને વસ્ત્રપાત્રાદિક મુનિનાં ઉપકરણો આપ્યાં.

મકરકેતુ રાજા

દીક્ષા પ્રદાન થયા બાદ **મકરકેતુ** રાજા બોલ્યો.

હે ભગવન ! સર્વ વિરતિરૂપ ચારિત્રવ્રત પાળવાને હું અશક્ત છું, માટે કૃપા કરી ગૃહસ્થને ઉચિત એવા ધર્મનો ઉપદેશ અમને આપો.

ગુરુમહારાજ બોલ્યા. હે જીજ્ઞાસુઓ ! એકાગ્ર વૃત્તિએ તમે પ્રભુ વચનામૃતનું પાન કરો.

હે ભવ્યાત્માઓ ! જેઓ નિરપરાધી સ્થૂલ જીવોને દંડ કરતા નથી, તેઓ પણ મોક્ષપદને પામે છે.

જેઓ સ્થૂલ અસત્ય ભાષાને મન, વચન અને કાયાવડે બોલતા નથી, તેઓ દેવેંદ્ર અને નરેંદ્રના સુખ ભોગવીને અંતે નિર્વાણપદને પ્રાપ્ત કરે છે.

જેઓ મન, વચન અને કાયા વડે હંમેશા સ્થૂલ અદત્તનો ત્યાગ કરે છે, તેઓ સર્વાર્થની અક્ષય સંપત્તિવાળા થઇને સિદ્ધસ્થાનમાં જાય છે.

પોતાની સ્ત્રીને વિષે સંતોષ અથવા પરસ્ત્રીનો ત્યાગ કરવાથી દેવાંગનાઓનાં સુખ ભોગવીને નિર્વાણપદ પામે છે તેમજ દેવ તથા નરેન્દ્રના ભવમાં ઘણી સમૃદ્ધિઓ પામીને જેઓ ઇચ્છાનું પ્રમાણ કરે છે, તેઓ અનુક્રમે મોક્ષપદ પામે છે.

એ પ્રમાણે અતિ વિસ્તારપૂર્વક ગૃહસ્થધર્મનું સ્વરૂપ શ્રી કેવલી ભગવાને કહે છતે **મકરકેતુ** રાજાએ કહ્યું.

હે ભગવન્ ! આ પ્રમાણે ગૃહીધર્મ પાળવાને હું શક્તિમાન્ છું. એમ કહી **સુરસુંદરી** અને **મકરકેતુ** વિગેરે કેટલાક જનોએ ગુરુની પાસે સમ્યકત્વ રત્ન છે મૂલ જેનું એવા શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો.

ચિત્રવેગ સૂરિ

ચિત્રવેગ પ્રમુખ સર્વ મુનિઓ સૂરીશ્વરના ચરણ કમલમાં રહીને ગ્રહણ અને આસેવના રૂપ શિક્ષાનો

અભ્યાસ કરવા લાગ્યા. તેમજ **કમલાવતી** આદિ સર્વ સાધ્વીઓ **સુવ્રતા** નામે પ્રવર્ત્તિનીની પાસે મુનિઓની ક્રિયાનો તથા દ્વાદશ અંગોનો અભ્યાસ કરવા લાગી.

છઠ્ઠ, અઠ્ઠમ, દશમ અને દ્વાદશાદિક વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ કરવા લાગી. તેમજ સર્વમુનિઓ ગુરુમહારાજનો વિનય તથા સમ્યક્પ્રકારે વૈયાવચ્ચ કરવા લાગ્યા.

દરેક ગુણોમાં વિનયગુણ મુખ્ય ગણાય છે, માટે વિનયગુણનું પ્રધાનપણે સેવન કરવું.

વિનયનું મુખ્ય કારણ જિતેંદ્રિયત્વ કહેલું છે. જેઓ ઇન્દ્રિયોનો વિજય કરે છે, તેમને વિનયગુણ સ્વાભાવિક પ્રાપ્ત થાય છે. અને જ્યારે વિનયનો પ્રાદુર્ભાવ થાય છે, ત્યારે તેઓના હૃદયમાં સદ્ગુણોનો વિકાસ થાય છે.

વળી ગુણવાન્ પુરુષની ઉપર દરેક પ્રાણીઓનો પ્રેમભાવ પ્રગટ થાય છે. તેમજ પ્રેમાનુસારી મહાત્મા પુરુષોને સ્વર્ગાદિ સંપત્તિઓ સુલભ થાય છે. માટે ગુરુજનોનો વિનય કરવો, એ મુખ્યસૂત્ર ગણવામાં આવ્યું છે.

ગુરુના પ્રસાદથી સર્વવિદ્યાઓ સિદ્ધ થાય છે.

ચિત્રવેગમુનિએ ગુરુની પાસે રહી ચતુર્દશ પૂર્વનો અભ્યાસ શરૂ કર્યો, થોડા સમયમાં કંઈક ન્યૂન પૂર્વધર તે થયા.

સુપ્રતિષ્ઠસૂરિ ચિત્રવેગમુનિને સૂરિ પદવી આપીને અનશન વ્રત ગ્રહણ કરી વિશુદ્ધ આત્મભાવે ઉત્તમ એવા નિર્વાણ પદને પામ્યા.

ચિત્રવેગ સૂરિ ગામ, આકર અને નગરોથી વિભૂષિત એવી પૃથ્વી ઉપર ભવ્યજનોના સમુદાયને બોધ આપતા છતા પ્રતિબંધ રહિત વિહાર કરવા લાગ્યા.

હવે **સુવ્રતા** પ્રવર્ત્તિની સ્વર્ગસ્થ થયે છતે સર્વ સાધ્વીઓના સમુદાયને સંમત એવી **કનકમાલા** સાધ્વીને સર્વસંઘે પ્રવર્તિની તરીકે ગુરુણીના સ્થાનમાં સ્થાપન કરી.

ભવ્યલોકોને બોધ આપતા તથા તપશ્ચર્યા વડે શરીરને ક્ષીણ કરતા તેમજ સમગ્ર રાગના ત્યાગી, સદ્ધ્યાનમાં આરૂઢ થયેલા અને સ્વસિદ્ધાંતના વિધિ પ્રમાણે મુનિઓને સિદ્ધાન્તોનું સ્મરણ કરાવતા તથા મુમુક્ષુજનોને શ્રીજિનેંદ્રોએ પ્રરૂપેલા ધર્મનો ઉપદેશ આપતા, તેમજ સંયમના પાલન ઉદ્યુક્ત અને શ્રમણોમાં પુરંદર સમાન તેજસ્વી એવા **ચિત્રવેગ** સૂરીશ્વર પૃથ્વી ઉપર વિહાર કરવા લાગ્યા.

મકરકેતુની ધર્મ પ્રવૃત્તિ

નીતિધર્મમાં કુશલ એવો **મકરકેતુ** રાજા પ્રજાઓના અભ્યુદયને માટે પોતાનો પ્રતાપ પ્રસારવા લાગ્યો.

દેશવિદેશમાં જેની કીર્ત્તિનો સ્થાયી ભાવ થવા લાગ્યો. જેના યશથી ઉજ્વલ બનેલા વિદ્યાધરોએ આપેલી કન્યાઓને તે પરણવા લાગ્યો.

એમ કેટલીક વિદ્યાધરોની કન્યાઓની સાથે લગ્ન કર્યાબાદ તેણે વિદ્યાધરોને યોગ્યતા પ્રમાણે ઘણાં ગામ નગરાદિક બક્ષિશમાં આપ્યાં.

અર્દ્ધ ભરતક્ષેત્રમાં રહેલા સમસ્ત રાજાઓને પોતાની આજ્ઞામાં પ્રવર્ત્તાવ્યા. તેમજ તેણે સમગ્ર દેશવિભાગોને ડમર અને ચોરોના ભયથી વિમુક્ત કર્યા.

આર્ય દેશોમાં રહેલાં ગામ, આકર અને નગરાદિકના સમૂહોને ઘણાં ઉંચાં, કાંતિમાં શ્વેત અને દેખાવમાં બહુજ રમણીય એવાં અનેક જિન ચૈત્યભવનોવડે વિભૂષિત કર્યા.

તેમજ સમગ્ર શ્રાવક વર્ગને અનેક પ્રકારના કર (વેરા) અને શુલ્ક (દાણ)થી વિમુક્ત કર્યા.

જૈનશાસન તથા જૈનસંઘના સમસ્ત શત્રુઓને નિમૂલ કર્યા.

સર્વ દેશોમાં મુનિઓના અસ્ખલિત (નિર્વિઘ્ન) વિહાર પ્રવર્તાવ્યા. સાધર્મિકજનોના વાત્સલ્યમાં પોતાના સામંતોને નિયોગ કર્યો.

દરેક દેશમાં દરેક સ્થાને વિવિધપ્રકારની ભોજનશાલાઓ સ્થાપન કરી. તેમજ સત્રાગારો (દાનશાલાઓ)ની અંદર મનુષ્યોની ઇચ્છા પ્રમાણે ઉત્તમ પ્રકારની સર્વ વસ્તુઓ આપવામાં આવે છે.

તેમજ અનવદ્યકાર્યમાં રક્ત, પ્રજાને પાલવામાં જ મુખ્ય પ્રવૃત્તિ કરતો, દુષ્ટ, ધૃષ્ટ, લંઠ અને ભૃત્યવર્ગનો પ્રચંડપણે નિગ્રહ કરતો, નમ્રજનોને સંતોષ આપતો, સમગ્ર શત્રુજનોને વશ કરતો, સર્વ પ્રાણીઓના સમુદાયને આનંદ આપતો, સમસ્ત દુર્ગમ્યમાર્ગોને સુગમ કરતો એવો મહાન પરાક્રમી મકરકેતુ રાજા રાજ્યનું પાલન કરવા લાગ્યો.

બાદ **સુરસુંદરી** પ્રમુખ પોતાની રાણીઓ સાથે **મકરકેતુ**રાજા ધર્મ અર્થ અને કામને વિષે સારભૂત એવા વિષયસુખનો અનુભવ કરતો હતો.

કદાચિત્ નિર્મલ કિરણોવડે દશ દિશાઓને પ્રકાશ આપતાં અને ઉત્તમ શિલાતલથી ઘડેલા શ્રીજૈનમંદિરોને બહુ ભક્તિવડે બંધાવતો હતો.

કદાચિત્ ભિન્ન ભિન્ન વર્ણોથી સુશોભિત, નિર્મલ મણિ, રત્ન અને સુવર્ણથી બનાવેલી સંસારસાગરમાં ડૂબતા પ્રાણીઓને તારવામાં નાવસમાન અને ઉત્તમપ્રકારની શોભાને ધારણ કરતાં એવાં શ્રીજિનબિંબોને બહુ દ્રવ્ય આપીને સંતુષ્ટ કરેલા અને શિલ્પશાસ્ત્રમાં કુશળ એવા અનેક વૈજ્ઞાનિક પુરુષોવડે તૈયાર કરાવતો હતો.

કદાચિત્ આગમોક્ત વિધિવડે પ્રાણીઓની રક્ષા કરતો હતો.

કદાચિત્ ઉત્તમ પ્રકારના સંઘની પૂજા કરતો હતો.

કદાચિત્ શ્રીજિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવા માટે આજ્ઞા કરતો હતો.

કદાચિત્ કપૂર, અરાસ, ગોશીર્ષ ચંદનથી મિશ્રિત એવાં હરિચંદનાદિ દ્રવ્યોવડે શ્રીજિનેંદ્રભગવાનની પ્રતિમાઓનું વિલેપન કરતો હતો.

કદાચિત્ બહુ સુગંધને પ્રસરાવતા ચંચર્ગી પુષ્પોના સમૂહ વડે વિવિધપ્રકારની શ્રીજિનેંદ્રભગવાનની પૂજાઓ કરતો હતો,

કદાચિત્ ઉત્તમ પ્રકારના નગરોની બનાવટવાળાં,

અમૂલ્ય અને ઘણાં સારાં વસ્ત્રોથી સુશોભિત એવા અનેક પ્રકારના ચંદરવાઓ શ્રીજૈનમંદિરોમાં કરાવતો હતો.

કદાચિત્ કારાગારમાં રહેલા પુરુષોને મુક્ત કરતો તેમજ શ્રીજિનેંદ્ર ભગવાનના મંદિરોમાં આનંદ સહિત રથયાત્રાઓનું વિધિપૂર્વક નિરીક્ષણ કરતો હતો.

કદાચિત્ શ્રીજિનયાત્રાના સમયે આવેલા કૃપણ અનાથ અને દીનલોકોના મનોરથોને શ્રેષ્ઠ પદાર્થોના દાન વડે પૂર્ણ કરતો હતો.

કદાચિત્ રથયાત્રામાં આવેલા સાધર્મિકજનોને બહુ પ્રેમપૂર્વક ભોજન, વસ્ત્ર અને અલંકારાદિકના દાન વડે સંતુષ્ટ કરતો હતો.

કદાચિત્ અંતઃપુરમાં જઇને વિવિધપ્રકારના ક્રીડા વિલાસમાં પ્રવીણ એવી પોતાની સ્ત્રીઓ સાથે વિષય સુખને સેવતો હતો.

કદાચિત્ હોંશીયાર એવી વારાંગનાઓએ કરેલા હાવભાવવડે રમણીય અને સુંદર ગીતવાળા નાટયકલાનું અવલોકન કરતો હતો.

વળી એ સિવાય અન્ય પણ શિષ્ટપુરુષોને સંમત, પોતાના પૂર્વજોએ આચરેલું, પોતાના કુલને અવિરૂદ્ધ, પોતાની ઉંમરને લાયક, સજ્જનોને વખાણવા લાયક, લૌકિક આગમથી અવિરૂદ્ધ અને પ્રાચીન રાજાઓએ આચરેલું જે જે કાર્ય હતું, તે સર્વને પોત પોતાના સમયમાં પ્રતિપાદન કરતો, સુખસાગરમાં મગ્ન થયેલો, દુઃખરહિત છે પ્રકૃતિ જેની, એવો તે મકરકેતુરાજા શ્રી જિનશાસનની સેવામાં નિરંતર ઉદ્યમશીલ રહેતો હતો.

સુરસુંદરીની સાથે સ્નેહ પૂર્વક નિવાસ કરતા તે **મકરકેતુ**રાજાનાં કેટલાએ લક્ષપૂર્વ વર્ષ વ્યતીત થયાં.

પોતાની પુણ્યપ્રકૃતિને લીધે તેની ધાર્મિક પ્રવૃત્તિઓ નિર્વિઘ્નપણે સિદ્ધ થતી હતી. કહ્યું છે કે;—

જ્યાં સુધી પ્રાણીઓનું પુણ્ય જાગ્રત હોય છે, ત્યાં સુધી ચંદ્રબલ, ગ્રહબલ, તારાબલ, પૃથ્વીબલ, અને સમસ્ત અભિવાંછિત અર્થો સિદ્ધ થાય છે.

તેમજ સજ્જનોનું સજ્જનપણું ત્યાં સુધી ટકી રહે છે.

મુદ્રામંડલ, તંત્ર અને મંત્રનો મહિમા અને કરેલું પરાક્રમ પણ ત્યાં સુધી જ સિદ્ધ થાય છે.

વળી જ્યારે પુણ્યનો ક્ષય થાય છે, ત્યારે તેઓમાંથી કોઈપણ દૃષ્ટિગોચર થતું નથી, માટે પુણ્યનો પ્રભાવ આ દુનિયામાં અલૌકિક હોય છે.”

સ્વપ્ન અવલોકન

અન્યદા કોઈ એક રાત્રીએ રાજાની સાથે **સુરસુંદરી** દેવી પોતાના આવાસમાં સુતી હતી. પ્રભાતના સમયે તેણીને સ્વપ્ન આવ્યું.

કોઈપણ કાળો સર્પ નરેંદ્રસહિત મને કરડીને મારા ઉદરમાં પેસી ગયો.

એવું સ્વપ્ન જોઇ તરત હું જાગી ઉઠી અને હું વિચાર કરવા લાગી. અરે! આ સ્વપ્ન બહુ અનિષ્ટ ફલ આપનાર છે. માટે રાજાની આગળ આવું ખરાબ સ્વપ્ન કહેવાથી શું ફલ?

એમ હું ચિંતવન કરતી હતી, તેટલામાં તે સમયમાં નિયુક્ત કરેલા સ્તુતિપાઠકો ગંભીરપટહોના નાદ સાથે ગીતોના ધ્વનિ સહિત પ્રાભાતિક વાદ્ય વગાડવા લાગ્યા.

વાજીંત્રોના નાદ સાંભળી મકરકેતુરાજા જાગત્ થઈ ગયો, પોતાના હૃદયમાં પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરીને તત્કાલ ઉચિત શરીર શુદ્ધિ કરી.

ત્યારપછી તે રાજા મણિ અને રત્નોની કાંતિવડે નષ્ટ થયું છે અંધારૂં જેનું અને શ્રીજિનેંદ્રભગવાનની પ્રતિમાઓવડે રમણિય એવા વિશાલ ચૈત્ય ભવનમાં ગયો.

વિધિપૂર્વક ભગવાનની પૂજા કરી, બાદ ચૈત્યવંદન કરી યથોચિત પચ્ચક્ખાણ વ્રત લીધું

પછી પોતાનું આવશ્યક કાર્ય આટોપીને રાજા વારાંગનાઓથી વ્યાપ્ત એવા આસ્થાન મંડપમાં ગયો.

. ત્યાં વારાંગનાઓએ સમયોચિત રાજાના શરીરે ચંદનાદિકનો વિલેપ કર્યો, ક્ષણમાત્ર ત્યાં બેસીને ત્યાંથી ઉઠી ગયો.

પછી તેણે વિદ્યાવડે સુંદર વિમાન બનાવ્યું. સુરસુંદરી પ્રમુખ સ્ત્રીઓ સહિત રાજા વિમાનમાં બેસીને વિદ્યાધરોના સમુદાય સાથે હિમાલયના શિખરમાં જલદી ગયો.

ત્યાં અનેક ગોશીર્ષચંદનના વૃક્ષોથી વ્યાપ્ત અને નંદનવનના સરખો રમણીય એવા ઉદ્યાનમાં ક્રીડામાટે તે નીચે ઉતર્યો.

કેળોના વનોની અંદર રહેલી અને ભવ્ય આકૃતિવાળી રત્નમય શિલાઓના પૃષ્ઠભાગ ઉપર પ્રવર્તમાન ગીત, વાદ્ય અને નાટચના રસથી ખેંચાયું છે ચિત્ત જેનું એવા પોતાના અંતઃપુર સહિત શ્રી **મકરકેતુ** રાજાનો હિમાલયમાં મધ્યાહ્ન સમય થઈ ગયો.

ભોજનનો સમય થવાથી રસોઇઆએ સૂચના આપી. પછી ત્યાંથી નિવૃત્ત થઇ રાજા વિધિપૂર્વક શ્રીજિનેંદ્ર પૂજા તથા ચૈત્યવંદન કરીને વિદ્યાધરોના પરિવાર સહિત ભોજનગૃહમાં ગયો.

વિવિધ જાતનાં સુંદર ભોજન કરી **સુરસુંદરી** સહિત તે રાજા પુનઃ કદલીગૃહમાં ચાલ્યો ગયો. ક્ષણ માત્ર વિષય ક્રીડા કરીને શયનાસન ઉપર તેઓ બંને જણ સુઇ ગયાં.

ત્યારપછી જાગ્રત થયેલી **સુરસુંદરી**એ રાજાને કહ્યું.

હે પ્રિયતમ! ક્ષણમાત્ર આપણે અહીં વિબુધજનોને લાયક એવો વિનોદ કરવો ઉચિત છે માટે કંઈપણ તમે પ્રશ્નોત્તર બોલો.

પ્રશ્નોત્તર વિનોદ

વિનોદ છે પ્રિય જેને એવી **સુરસુંદરી**નો અભિપ્રાય જાણીને રાજા બોલ્યો.

હે **સુંદરિ**! આકાશમાં કોણ જાય છે? (૧) મનુષ્ય કોને ઇચ્છે છે? (૨) ચંદ્રની ગતિ કયાં હોય છે? (૩) હંમેશાં શાથી પ્રીતિ વખણાય છે?

આ પ્રમાણે રાજાના પ્રશ્ન સાંભળી **સુરસુંદરી** બોલી.

હે પ્રિયતમ! અનેક અર્થ વાચક એક જ શબ્દવડે તમારા પ્રશ્નોનો ઉત્તર તમે આપો.

પછી રાજાએ કહ્યું.

હે દેવિ! તે ઉત્તર તારા જાણવામાં આવી ગયો છે.

ત્યારપછી દેવીએ જણાવ્યું.

તમારા પ્રશ્નોનો ઉત્તર 'વી–સં–ભે' એ શબ્દથી સિદ્ધ થાય છે.

જેમકે 'વિ' (પક્ષી) આકાશમાં જાય છે. (૧) મનુષ્ય 'સં' (સુખને) ઇચ્છે છે. (૨) ચંદ્ર 'ભે' (નક્ષત્ર) ને વિષે ગતિ કરે છે. અર્થાત્ નક્ષત્રને આશ્રિને તેની ગતિ હોય છે. (૩) મનુષ્યોની પ્રીતિ વિસંભ (વિસ્રંભ=વિશ્વાસ) થી વખણાય છે.

આ પ્રમાણે પ્રશ્નોનો ઉત્તર સાંભળી રાજાએ કહ્યું.

હે દેવિ! આ પ્રશ્નોત્તર તને જલદી યાદ આવ્યો. માટે હવે તું પ્રશ્ન બોલ.

પછી દેવી બોલી. હે નરનાથ! તીસા શબ્દમાં પ્રથમ અક્ષર કયો? (૧) કોના વિનાશથી રાજાનો વિનાશ થાય? (૨) એક વાર ગયેલું શું હોય છે? (૩) હે નાથ! અશ્વ કોને પ્રિય હોય? (૪) લક્ષ્મીના સંબોધનનું રૂપ શું? (૫) ગાયનમાં મધુર સ્વરવાળી કોણ હોય છે? (૬) તમોએ આપેલા પ્રશ્નોત્તરની તંત્રાવલી (વર્ણપંક્તિ) કઇ છે?

એ પ્રમાણે દેવીના પ્રશ્ન સાંભળી રાજાએ કહ્યું.

હે દેવિ ! તું પ્રશ્નોત્તર કરવામાં બહુ કુશલ છે કારણકે, તંત્રવલી અને પ્રશ્નોત્તર પણ તેં જલદી કહી દીધા.

વળી હે દેવિ ! તારા પ્રશ્નોનો ઉત્તર તી–તં–તે–એ તંત્રાવલી ઉપરથી થઈ શકે છે.

જેમકે–બેવાર અનુલોમવડે ભિન્ન અક્ષનો લેવા, તેમજ પ્રતિલોમવડે એક વાર વ્યસ્ત (ભિન્નભિન્ન) અક્ષરો લેવા અને એક વખત અનુલોમવડે સમસ્ત પાઠ લેવો એમ ચાર વાર આવર્ત્તન કરવાથી પ્રશ્નોત્તર સિદ્ધ થાય છે.

તે આ–તીસા શબ્દમાં પ્રથમ અક્ષર (તી) હોય છે.

(૧) તંત્ર (દેશ)નો વિનાશ થવાથી રાજાનો વિનાશ થાય છે.

(૨) એકવાર ગયેલો, તીત (અતીત)=ભૂતકાલ હોય છે.

(૩) અશ્વ–ઘોડો, તે(તેમને) પ્રિય છે.

(૪) લક્ષ્મીનું આમંત્રણ, હેતે ? (હે લક્ષ્મી)થાય છે.

(૫) ગાયનમાં, તંતી (તંત્રી=વીણા) મધુર સ્વર-વાળી હોય છે,

(૬) મારા પ્રશ્નોત્તરની તંત્રાવલી, તી–તં–તે, એ પ્રમાણે સમજવી.

ફરીથી રાજા બોલ્યો, હે દેવિ ! સર્વ લોકો શું ઇચ્છે છે ? (૧) ઇંદ્રનું આયુધ શું છે ? (૨) પથિકજનો

શું ગ્રહણ કરે છે ? (૩) આ પ્રશ્નનો ઉત્તર પણ તું કહે.

સુરસુંદરી બોલી.

હે દેવ ! સં–ખ–લ–એ અક્ષરોમા એકેક વધારવાથી અનુક્રમે તમારા પ્રશ્નનો ઉત્તર આવી જાય છે.

જેમકે, દરેક જણ, સં(સુખ) ઈચ્છે છે, (૧)

ઇંદ્રનું આયુધ સખ (વજ્ર) હોય છે. (૨)

પથિક લોકો માર્ગમાં સંબલ (ભાતુ) ગ્રહણ કરે છે, (૩)

રાજાએ કહ્યું હે દેવિ ! હવે તું બોલ, પછી દેવી બોલી.

હે પ્રિયતમ ? લક્ષ્મીનું સંબોધન શું ? (૧)

ક્યાં રહેવાથી લોકોની બુદ્ધિ નષ્ટ થાય છે ? (૨)

સુભટ કયા સ્થાનમાંથી નાસતો નથી ? (૩)

આ પ્રશ્નોનો ઉત્તર આપ કહો.

રાજા બોલ્યો હે સુંદરિ ! 'સં–ગા–મે, આ અક્ષરોને ઉલટી રીતે એક એક વધારવાથી પ્રશ્નોત્તર સિદ્ધ થાય છે;

જેમકે–લક્ષ્મીનું સંબોધન, મે (હે લક્ષ્મી) થાય છે (૧)

ગામ (ગામડાં)માં રહેવાથી બુદ્ધિનો નાશ થાય છે (૨)

સંગામ (સંગ્રામ)માંથી સુભટ નાસતો નથી (૩)

ફરીથી નરેંદ્રના કહેવાથી **સુરસુંદરી** બોલી.

હે નરાધીશ ! પૂર્ણચંદ્ર કોને ધારણ કરે છે ? (૧)

પામરલોકો ક્ષેત્રમાં કોની ઈચ્છા રાખે છે ? (૨)

અંતગુરુનું સંબોધન શું ? (૩)

સુખવાચક શબ્દ કયો છે ? (૪)

પુનઃ સુખવાચક શબ્દ કયો છે ? (૫)

લોકોના મનને રંજન કરનાર પુષ્પવન કોને જોઈને વિકસ્વર થાય છે ? (૬)

આ પ્રશ્નનો ઉત્તરપણ આપણે જાણવો જોઈએ.

રાજાએ કહ્યું.

હે દેવિ 'સ–સં–ક'આ અક્ષરોને બેવાર વ્યસ્ત (પૃથક્ પૃથક્) અને બેવાર સમસ્ત આવર્ત્તન કરવાથી તારા પ્રશ્નોનો ઉત્તર સિદ્ધ થાય છે–

જેમકે–પૂર્ણચંદ્ર, 'સસ'(શશ=મૃગ)ને ધારણ કરે છે. (૧)

પામર લોકો ક્ષેત્રમાં 'ક' (જલ)ની ઈચ્છા રાખે છે, (૨)

અંતગુરુ સગણનું સંબોધન, 'રા' (હેસ) થાય છે, (૩)

'સ' (સુખ) (૪) 'ક' (સુખ) એ બંને શબ્દો સુખ-વાચક છે (૫)

'સસંક' (શશાંક) ચંદ્રને જોઈ પુષ્પવન ખીલે છે (૬)

પરસ્ત્રી, 'સસંક' (સશંક) શંકિત થઇને જારપુરૂષો સાથે ક્રીડા કરે છે. (૭)

આ પ્રમાણે પ્રશ્નોત્તરની વ્યાખ્યાના રસમાં જ આસક્ત છે હૃદય જેમનું એવાં રાજા અને રાણી બંને જણ વિનોદ કરતાં કદલીગૃહમાં બેઠાં હતાં.

સર્પદંશ

તેવામાં અકસ્માત મોટો એક કાળો સર્પ ત્યાં આવ્યો.

પૂર્વનો વૈરી એવો તે દુષ્ટ સર્પ, તે બંનેના પૃષ્ઠ-ભાગમાં બહુ રોષવડે દંશ કરી ત્યાંથી ચાલતો થયો.

તે સર્પ સુરસુંદરીના જોવામાં આવ્યો, કે તરત જ તેણીએ બુમ પાડી કે 'સર્પ, સર્પ'

એ પ્રમાણે તેણીનો કોલાહલ સાંભળી હાથમાં ખડ્ગ લઇ તેના અંગરક્ષકો દોડતા આવ્યા અને પોતાના અપ-રાધને લીધે કંપતું છે શરીર જેનું એવા તે સર્પને નાસતો જોઈ તેમણે આ દુષ્ટે મોટો અપરાધ કર્યો છે, એમ જાણી તેના તિલ જેવડા ટુકડા કરી નાખ્યા.

ક્ષણમાત્રમાં તેના પરિજનનો મોટો કોલાહલ રાજા અને રાણીના શરીરમાં રહેલા વિષ વિકારની સાથે ઉચ્છળવા લાગ્યો.

વિષઘાતક ઉપચાર

રાજા અને રાણીના શરીરમાં વિષવિકાર પ્રસરી ગયો. જેથી તેઓ અચેતન સ્થિતિમાં આવી પડયાં.

તે જોઇ અધિકારી પુરૂષોએ તરત જ તેની શાંતિ માટે મંત્રવાદી પુરૂષોમાં શ્રેષ્ઠ એવા મુખ્ય ગારૂડિકોને ત્યાં બોલાવ્યા.

કેટલાક તો મંત્ર જાપ કરવા બેસી ગયા,

કેટલાક તો જડીબુટ્ટીઓ મંગાવવા લાગ્યા. વળી તે ઔષધીઓના મંત્રેલા જલવડે તે બંનેના શરીરે સિંચન કરવા લાગ્યા.

તેમના શરીરે કંટક નામની ઔષધીઓને બાંધવા લાગ્યા. તેમજ ઔષધોની સામગ્રી તૈયાર કરવા લાગ્યા,

એ પ્રમાણે ગારુડિકોના સમુદાય સાથે સર્વ વિદ્યાધરોએ ઘણા ઉપચાર કર્યા. પરંતુ ઘૃત સિંચનથી અગ્નિની માફક ઉલટો વિષવિકાર બહુ જ પ્રબલ થઇ ગયો.

ત્યારપછી રાજા ત્યાં નિરીક્ષણ કરતા એવા વિદ્યાધરોને 'દિવ્યમણી લાવો' એમ અવ્યક્ત ઉચ્ચાર પૂર્વક કહેતો હતો, તેટલામાં એકદમ તે અચેતન થઇ ગયો.

આ સર્વ હકીકત જાણીને રાજાની પ્રિય ભગિની પ્રિયંવદા બોલી.

હે બાહુવેગ! જલદી તું જા! જા! શ્રી કુંજરાવર્ત્ત નગરમાં ભાનુવેગનો પુત્ર ચંદ્રવેગ નામે વિદ્યાધર છે, તેની પાસે જઇ મારા વચનવડે તું કહેજે કે;

તમે જે દિવ્યમણિ પ્રથમ મારી પાસેથી લઈ ગયા હતા, તે હાલમાં મને જલદી પાછો આપો.

એ પ્રમાણે પ્રિયંવદાનું વચન સાંભળી બાહુવેગ બહુ ઉતાવળો ત્યાં ગયો અને તે ક્ષણમાત્રમાં દિવ્યમણિ લઇ ચંદ્રવેગની સાથે પાછો આવ્યો.

બાદ તે દિવ્યમણિના જળનું તે બંનેને પાન કરાવ્યું, તેમજ શરીરે છાંટવાથી તે બંને જણનો એક સાથે સમગ્ર વિષવિકાર દૂર થઇ ગયો.

સર્વ વિદ્યાધરો, પ્રિયંવદા તેમજ સમસ્ત પરિવાર વર્ગમાં બહુ આનંદ ફેલાઇ ગયો.

મકરકેતુરાજા પણ સંસારસ્વરૂપનું ચિંતવન કરતો છતો નગરમાં આવ્યો.

તેમજ પૂર્વાપર વિવિધપ્રકારની આપત્તિઓવડે નષ્ટ થયો છે જીવનસાર જેમનો એવા પ્રાણીઓને સર્વજ્ઞકથિત ધર્મ સિવાય અન્ય કોઇ શરણ નથી.

શૂલ, સર્પવિષ, વિસૂચિકા (કોલેરા) તીક્ષ્ણશસ્ત્ર અને અગ્નિના આઘાતોવડે મુહૂર્ત્તમાત્રમાં પ્રાણીઓ દેહાંતરનું સંક્રમણ કરે છે.

એ પ્રમાણે જીવિતનું ચંચલપણું છે, છતાં પણ મોહગ્રહથી ગ્રસ્ત થયેલા અને વિષયોમાં મોહિત એવા પ્રાણીઓ ધર્મસાધનમાં પ્રમાદ કરે છે.

ત્યારપછી વિદ્યાધરો વિચાર કરવા લાગ્યા, અહો! આ એક રાજા અને રાણી ઉપર મોટી આપત્તિ આવી હતી, તે ધર્મપસાયે દૂર થઈ ગઇ, તે બહુ સારૂં થયું.

એમ આનંદ માનતા કેટલાક વિદ્યાધરો હસ્તિનાપુરમાં ગયા અને રાજાને શાંતિની વધામણી આપી.

ગર્ભધારણ

સુરસુંદરી દેવી પણ તે જ દિવસે સગર્ભા થઈ. અને તે દુષ્ટ ગર્ભના પ્રભાવથી **સુરસુંદરી**નો સ્નેહ પોતાના સ્વામી ઉપરથી નષ્ટ થઈ ગયો.

જેમ જેમ ગર્ભની વૃદ્ધિ થવા લાગી, તેમ તેમ દેવી પણ ગર્ભના પ્રતાપથી નિષ્ઠુર હૃદયવાળી થઈ ગઈ અને પોતાના હાથથી રાજાને હું મારી નાખું, એમ તે ચિંતવન કરવા લાગી.

રાજા પોતે તેને બોલાવે છે, તો પણ તે રીસાય છે અને નિષ્ઠુર વચનો બોલ્યા કરે છે.

ભોગવિલાસની ઇચ્છા કરતી નથી.

હોઠ પીસીને ભ્રકુટી બહુ ભયંકર ચઢાવે છે.

એણીના સામું જોવાથી વિપરીત મુખ કરીને તે બેસી રહે છે.

એ પ્રમાણે તેણીનું વિપરીત સ્વરૂપ જોઈ પ્રિયંવદા કહેવા લાગી.

હે ભદ્ર! તું એકદમ સ્નેહ વિનાની થઇને રાજાનો તિરસ્કાર કેમ કરે છે?

તે સાંભળી **સુરસુંદરી** બોલી દુષ્ટ એવા આ ગર્ભના દોષ વડે તેમજ મારા કર્મને લીધે રાજાની ઉપર મને બલાત્કારે દ્વેષ ઉત્પન્ન થાય છે.

તું રાજાની પાસે જા અને તેમને તું કહે, કે જેથી સ્નેહહીન એવી મને જોઈ તે મારી ઉપર અન્યથા ભાવ ચિંતવે નહીં.

વળી બીજું પણ તારે તેમને કહેવું કે;–

જ્યાં સુધી આ દુષ્ટ ગર્ભનો પ્રસવ થાય નહીં, ત્યાં સુધી મારૂં પાપિણીનું મુખ તમારે જોવું નહીં.

એ પ્રમાણે તેણીનું વચન સાંભળી પ્રિયવંદા રાજાની પાસે ગઇ અને આ સર્વ વાર્તા તેણીએ મકરકેતુને સંભળાવી.

તે વાત સાંભળી રાજા પોતાના હૃદયમાં બહુ વિસ્મિત થઇ ગયો અને ચિંતવન કરવા લાગ્યો.

અહો! જે દેવી નિમેષ માત્ર પણ મારા વિરહને સહન કરવા અશક્ત હતી, તે હાલમાં ગર્ભના પ્રભાવથી એકદમ નિષ્ઠુર હૃદયવાળી થઈ ગઈ અને મારા દર્શનની પણ સ્પૃહા રાખતી નથી.

શું તે પૂર્વનો વૈરી એવો આ ભવિતવ્યતાને લીધે દેવીના ગર્ભમાં આવેલો સુબંધુનો જીવ તો નહીં હોય?

એમ વિચાર કરતો મકરકેતુ રાજા દેવીને દર્શન પણ આપતો નથી અને પોતાના વૈરીની શંકાને લીધે પોતાના હૃદયમાં બહુ જ શોકાતુર રહ્યાં કરે છે.

ગર્ભચિન્હ

ગર્ભના દિવસો કેટલાક વ્યતીત થયા, બાદ અશુભ અધ્યવસાયને લીધે ક્રૂર મનવાળી દેવીને જોઇ રાજાના પ્રિય મિત્રોની માફક હું માનું છું કે, તેણીના સ્તન શ્યામ મુખવાળા થઈ ગયા.

નરેંદ્રના ઉત્કૃષ્ટ અને શુભ એવા સંગમ સુખના વિરહ વડે ઉત્કંઠિત હોય ને શું ? એવા દેવીના ગંડસ્થલ શ્યામકાંતિનો ત્યાગ કરી પાંડુરંગના થઈ ગયા.

રાજાના વૈરીનો ઉદય જાણી અન્ય સર્વ અંગોને ગૌરવપણું પ્રાપ્ત થયું.

માત્ર મને જ ન થયું એવા હેતુથી જેમ ઉચિત સમયે તેણીનું ઉદર પણ વૃદ્ધિ પામ્યું, બાદ ઉદરનું પણ ગૌરવપણું જોઈ પ્રકટ થયો છે અભિમાન જેને એવું તેણીનું નિતંબસ્થળ 'મારા પરાજયને તે મા કરો' એવી ચિંતાથી વૃદ્ધિ પામવા લાગ્યું.

પ્રસવ કાલ

અનુક્રમે પ્રસવનો સમય લગભગ આવી પહોચ્યો. ચંદ્રની ગતિ મૂલ નક્ષત્રમાં ચાલતી હતી. લગ્નસ્થાનમાં પાપગ્રહો રહેલા હતા અને અશુભસૂચક વિષ્ટિ નામે કરણ ચાલતું હતું, તે સમયે સુરસુંદરીને મહાકષ્ટ વડે પુત્રનો જન્મ થયો.

બાદ રાજાનું હૃદય બહુ ત્રાસ પામવા લાગ્યું અને તરત જ તેની હકીકત જાણવા માટે ભૂપતિએ ઉત્તમ જ્યોતિષિકને બોલાવ્યો.

તેણે પૂછયું કે, હે નૈમિત્તિક ! આ પુત્રનો જન્મકાલ કેવા રૂપમાં છે ? એનામાં ગુણો કેવા રહેલા છે ?

એ પ્રમાણે રાજાનું વચન સાંભળી મસ્તક ધુણાવીને જોષીએ કહ્યું કે;

હે નરેંદ્ર ! આવા સમયમાં જન્મેલો બાળક પિતાને સુખકારી થતો નથી. આ બાળક પિતાને ઘેર મોટો થાય, તો કુલનો તથા રાજ્યલક્ષ્મીનો નાશ કરે, એમાં સંદેહ નથી;

વળી હે દેવ ! મારા કહેવાથી આપ રોષ કરશો નહીં. વિશેષમાં મારે એટલું આપને જણાવવાનું છે કે;

જ્યાં સુધી આપ એને જોશો નહીં, ત્યાં સુધી જ આપનું કુશલ છે અને જ્યારે એને દેખશો, કે તરતજ તમારા પ્રાણનો પણ સંશય થશે.

ભૂપતિએ કહ્યું; હે ભદ્રક ! સત્ય વાતમાં ક્રોધ શા માટે કરવો પડે ?

શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલાં મધ્યસ્થ તત્ત્વોના જાણકાર દૈવજ્ઞ પુરુષો જે વાત કરે છે, તે યથાર્થ હોય છે.

માટે હે દૈવજ્ઞ ! શાસ્ત્રબુદ્ધિથી કહેલાં તારાં વચનો ઉપર તેમજ તારી ઉપર મને બીલકુલ રોષ નથી. એમ કહી ભૂપતિએ સત્કાર કરી તેને વિદાય કર્યો.

મદનવેગ કુમાર

દૈવજ્ઞના ગયા બાદ નરેંદ્રને બહુજ સંતાપ થવા લાગ્યો. હવે મારે શું કરવું ? આ પુત્રને કોઈ પણ સ્થાનમાં વિદાય કરવો ઠીક છે. કારણ કે, એનું સુખાવલોકન થવું ન જોઇએ.

એમ વિચાર કરી રાજાએ બોલાવીને સુખાસનમાં બેઠેલી પોતાની બહેન પ્રિયંવદાને કહ્યું,

પ્રથમ પુત્રના જન્મ દિવસે માતાપિતાને ઘણો હર્ષ થાય છે. પરંતુ અમારા દુર્દૈવને લીધે તે પ્રસંગ અમને વિપરીત ફલદાયક થઇ પડયો.

માટે હે ભદ્ર! ધાવમાતા સહિત આ બાળકને લઇ તું પોતાના સાસરે જલદી ચાલી જા અને ત્યાં એને મોટો કરવો,

એ પ્રમાણે પોતાના ભાઇની આજ્ઞા સ્વીકારીને પ્રિયંવદા સુરનંદન નગરમાં તેને લઈ ગઇ.

બાદ જવલનપ્રભ વિદ્યાધરેંદ્રની પ્રિયભાર્યા ચંદ્રલેખાની કુક્ષિએ ઉત્પન્ન થયેલા જલકાંત નામે પોતાના સ્વામીની આગળ તેણીએ તે સર્વ વાર્તા કહી. તેણે પણ એણીનું બહુમાન કર્યું.

ત્યારપછી જલકાંત વિદ્યાધરે પણ જન્મ મહોત્સવાદિ સમસ્ત કાર્ય કરીને શુભ દિવસે મદનવેગ એવું તે બાળકનું નામ પાડયું.

પ્રતિદિવસે વૃદ્ધિ પામતો તે અનુક્રમે યૌવન અવસ્થાને શોભાવવા લાગ્યો. પરંતુ એનામાં અંશમાત્ર પણ વિનય તો હતો જ નહીં.

દુરાચારમાં પૂર્ણ હતો. અકાર્ય કરવામાં જ કેવલ પ્રીતિ રાખતો હતો. તેમજ ઉપકારીનો અપકાર કર્યા સિવાય તે રહેતો નહી.

વળી કંચનદેવીના ગર્ભથી ઉત્પન્ન થયેલો જલવેગ નામે જલકાંત વિદ્યાધરનો પુત્ર હતો, હવે તે મદનવેગ

અને જલવેગ બંને ભણવા રમવામાં સાથે રહેતા હતા, તેથી એક બીજાના પ્રેમને લીધે તે બંને મિત્ર તરીકે વર્તતા હતા.

અનંગકેતુ કુમાર

અન્યદા **સુરસુંદરીને** સિંહના સ્વપ્નથી સૂચિત એવો બીજો પણ પુત્ર ઉત્પન્ન થયો. જન્મ સમયે તિથિ, નક્ષત્ર અને કરણાદિકનો યોગ બહુ ઉત્કૃષ્ટ હતો.

વળી તે પુત્ર રૂપમાં અનંગ [કામ] સમાન હતો. પ્રતાપમાં સૂર્ય સમાન હતો. શૂરવીર તેમજ દાની હતો. પ્રિયવાદી, દક્ષ અને માતાપિતાનો વિનય સાચવનાર થયો. **અનંગકેતુ** તેનું નામ હતું.

અનુક્રમે તે યુવાસ્થાને પ્રાપ્ત થયો. પિતાએ તેને યુવરાજપદ ઉપર સ્થાપન કર્યો. બાદ સર્વ વિદ્યાઓને સિદ્ધ કરી તે **અનંગકેતુ** પોતાની ઇચ્છા પ્રમાણે વિદ્યાધરોના નગરોમાં વિલાસ કરે છે.

વસંત સમય

અન્યદા **મકરકેતુ** રાજા વસંતઋતુનો પ્રાદુર્ભાવ જાણી પોતાના અંતઃપુર સહિત અષ્ટાહિકા મહોત્સવ કરવા માટે વૈતાઢ્યગિરિના શિખર ઉપર ગયો, તેમજ વૈતાઢ્યવાસી સર્વે વિદ્યાધરો પણ મોટા ઉત્સવ વડે ત્યાં ગયા, ગાંધર્વ લોકોના નૃત્ય સાથે મોટા વિસ્તારથી અઠ્ઠાઇ મહોત્સવ ચાલે છે.

તે સમયે **ગંગાવર્ત્ત** નગરમાંથી અનેક વિદ્યાધરોના પરિવાર સહિત અને સુંદર રૂપવાળી **અનંગવેગા** નામે એક કન્યા ત્યાં આવી. યુવરાજની દૃષ્ટિ તેણીની ઉપર પડી અને **અનંતવેગા**એ પણ સ્નિગ્ધ દૃષ્ટિપાત વડે કુમારને જોયેા. કામનાં બાણેાથી વીંધાયેલેા કુમાર તરત જ પરાધીન થઈ ગયેા.

બાદ **અનંગકેતુ** કુમારે **વસંત** નામે પેાતાના મિત્રને પૂછયું.

હે ભદ્ર! આ સુંદર રૂપવાળી સ્ત્રી કેાની છે? એણીના પિતાનું નામ શું છે? તેમજ એણીનું નામ શું છે?

એ પ્રમાણે કુમારનું વચન સાંભળી **વસંત** બેાલ્યેા. **ગંગાવર્ત્ત** નગરમાં **શ્રીગંધવાહન** રાજા છે. **મદનાવલી** નામે તેની સ્ત્રી છે.

તેણીને પ્રથમ **નરવાહન, મકરકેતુ** અને **મેઘનાદ** એમ ત્રણ પુત્રો હતા. તેઓ વિદ્યાના બલથી બહુ ગર્વિષ્ઠ અને શૂરવીર હતા. પેાતાના પિતાની સાથે **નરવાહન** રાજાએ દીક્ષા લીધી એટલે **મકરકેતુ** રાજ્યગાદીએ બેઠેા.

ત્યારપછી તે પણ વિદ્યા સાધવા માટે નિર્જન અરણ્યની અંદર વંશજાલીમાં બેઠેા હતેા, ત્યારે મારા પિતાએ પેાતાના પ્રમાદને લીધે વાંસના જાળાને કાપતાં તેને મારી નાખ્યેા.

તે જોઇ બહુ દયાને લીધે તારા પિતાએ તે **મેઘનાદને** તેના રાજ્યમાં સ્થાપન કર્યો અને એને ઘણાં નગર તથા ગામો આપ્યાં.

ત્યારપછી **ચિત્રગતિ** વિદ્યાધરની ઉત્તમ રૂપવતી **પદ્મોદરા** નામે પુત્રી તેને આપી. તેણીની આ મદનવેગા નામે કન્યા છે.

પરંતુ હે કુમાર ! **કંચનદેવી**ના ગર્ભથી ઉત્પન્ન થયેલો અને **જલકાંત** વિદ્યાધરનો પુત્ર **જલવેગ** વિદ્યાધર તેણીનાં માતાપિતાની પાસે તેણીની માગણી કરે છે, તે તેને આપી કે નહી ? એ હું ચોક્કસ જાણતો નથી.

અનંગકેતુનો લગ્ન મહોત્સવ

એ પ્રમાણે **વસંત**નું કહેવું સાંભળી કુમાર બોલ્યો, હે મિત્ર ! મારી સત્ય હકીકત તું સાંભળ, એ કન્યારત્ન જો મને નહીં મળે તો મારા જીવિતની આશા મને નથી. વળી જો મારા જીવિતનું કામ હોય અને હું તને પ્રિય હોઉં, તો તું જલદી મારા પિતાની પાસે જા અને તેવી રીતે તું કહે, જેથી ટુંક મુદ્દતમાં આ કાર્ય સિદ્ધ થાય.

બાદ તે બાલમિત્ર કુમારનો નિશ્ચય જાણી રાજાની પાસે ગયો અને યથાસ્થિત આ સર્વ વાત તેને સંભળાવી.

રાજાએ પણ તરત જ **મેઘનાદને** પોતાની પાસે બોલાવીને તે કન્યાની માગણી કરી.

આ વાત સાંભળી પ્રફુલ્લ થયું છે મુખારવિંદ જેનું એવા તે **મેઘનાદે** પણ પોતાની કન્યા તેને આપી.

બાદ તેણે **ગંગાવર્ત્ત** નગરમાં મોટા વૈભવ સાથે લગ્ન મહોત્સવ કર્યો. બાદ **મદનવેગાને** લઇ કુમાર પોતાના નગરમાં આવ્યો.

જલવેગનો ઉપદ્રવ

હવે **જલવેગ** તે બંનેનું પાણિગ્રહણ સાંભળીને પોતાના મનમાં બહુ જ શોકાતુર થઇ ગયો અને તે કન્યાના વિયોગ વડે દુઃખી થયો છતો નરક સમાન પીડાને અનુભવવા લાગ્યો. તેમજ બહુ કોપાયમાન થઈ તે દુષ્ટ **અનંગકેતુને** મારવા માટે અનેક પ્રકારના ઉપાય ચિંતવવા લાગ્યો.

બહુ વિચાર કરતાં તેને એક ઉપાય યાદ આવ્યો. જેથી તે **મદનવેગની** પાસે જઇ કહેવા લાગ્યો.

હે મિત્ર! તે વાતને તું જાણતો નથી. તું **મકરકેતુ** રાજાનો મોટો પુત્ર છે અને તારી માતાનું નામ **સુરસુંદરી** છે. તારા જન્મદિવસે તને અહીં લાવેલા છે.

હે મિત્ર! એ લોકોએ આ તારૂં મોટું અપમાન કરેલું છે. વળી નિષ્ઠુર હૃદયના તારા પિતાએ તારા નાનાભાઇને યુવરાજ પદવી આપેલી છે.

તારાં માતાપિતા તારા દર્શન માત્રને પણ કોઈ દિવસ ઇચ્છતાં નથી, દૂરદેશમાં તું રહેલો છે, છતાં પણ હંમેશાં તેઓ તને વૈરીસમાન જાણે છે.

જે સ્થાનમાં તારા પિતા રહે છે, તે દિશામાં પણ તારે જવાનો અધિકાર નથી. માટે હે મિત્ર! પિતાથી પરાજિત થયેલા તારા જીવિતનું શું ફલ?

ઇત્યાદિ વચનોરૂપી મધ અને ઘી વડે હોમેલો **મદનવેગ**નો મહાન્ દ્વેષાગ્નિ જન્માંતરની પરંપરાથી બાંધેલા સંબંધના યોગ વડે એકદમ પ્રજ્વલિત થયો.

રોષને સ્વાધીન થઇ તેણે કહ્યું.

હે મિત્ર! તે વૈરી મારો પિતા ક્યાં છે? ચાલ મને તું બતાવ; તેથી તે પાપીને તેની અવજ્ઞાનું ફલ હું બતાવું.

તે સાંભળી મનમાં બહુ ખુશી થઈ જલવેગ બોલ્યો. તીક્ષ્ણધારાઓથી દેદીપ્યમાન અને વિશાલ ખડ્ગ તથા ગદાઓને ધારણ કરતા અનેક વિદ્યાધરો તારા પિતાની રક્ષામાં હાજર રહે છે. માટે ત્યાં તારા જેવાનો પ્રવેશ પણ દુર્લભ છે.

હે મિત્ર! રૂપપરિવર્ત્તિની કુલ પરંપરાથી પ્રાપ્ત થએલી એવી એક વિદ્યા હું તને આપું છું. તેનો તું સ્વીકાર કર. જેથી તું સ્વલ્પ સમયમાં પોતાના મનોરથોને સિદ્ધ કરીશ. એમ કહી તેને વિદ્યા આપી.

મદનવેગે પણ અરણ્યમાં જઇને અનુક્રમે તે વિદ્યા સિદ્ધ કરી.

મદનવેગનો પરાજય

પછી વિદ્યાના ગર્વથી **મદનવેગ** હસ્તિનાપુરમાં ગયેા. તેમજ વિદ્યાના પ્રભાવવડે દાસીનું સ્વરૂપ તેણે ધારણ કર્યું અને દેવીના નિવાસગૃહમાં તે રહ્યો.

લલિતા નામે **સુરસુંદરીની** દાસીનો અપહાર કરીને તેને બહુ દૂરદેશમાં તે મૂકી આવ્યેા. અને તેણીનું સ્વરૂપ કરી તેણીના સ્થાનમાં તે રહ્યો.

તે દુષ્ટ હંમેશાં રાજાને મારવાના ઉપાયેા ચિંતવવા લાગ્યેા. રાજાને કૃષ્ણ સર્પે દંશ કર્યો, ત્યારથી આરંભીને તે પેાતાની આંગળીએથી દીવ્ય મુદ્રિકાને ખસેડતેા નથી. માત્ર મૈથુનાદિકના સમયે તેનેા ત્યાગ કરે છે.

એક દિવસ રાજા ભેાજન કરીને વિદ્યાધર અને કંચુકી સહિત દેવીના સ્થાનમાં ગયેા. ત્યાં તે દુષ્ટ દાસીએ તેને જોયેા.

અંગરક્ષકેાને બહાર મૂકી દેવી સહિત રાજા દેવીના રત્નમય વાસગૃહમાં ગયેા અને તેનાં દ્વાર બંધ કરી દીધાં.

ક્ષણમાત્ર પરિહાસાદિક ગેાષ્ઠી કરીને રાજાએ મૈથુન-ક્રિયાના આરંભ સમયે દેવીના ડાભડામાં પેાતાની મુદ્રિકા મૂકી દીધી.

પછી મૈથુનનેા પ્રારંભ કર્યો એટલે એકદમ ખડ્ગ ખેંચીને દાસીના વેષવડે રહેલેા તે પુત્રરૂપી કૃતાંત (યમ) ત્યાં ગયેા.

જનનીના સંભોગમાં આસક્ત થયેલા પોતાના પિતાને મારવા માટે પુત્ર તૈયાર થયો.

હા ! હા ! મહાકષ્ટ, આવા અકાર્યને ધિક્કાર છે. આ સંસારવાસને પણ ધિક્કાર હો ! પોતાનો પુત્ર જાણતો છતો પણ દ્વેષને લીધે માતાસહિત પિતાને મારવા તૈયાર થયો છે.

આ એક આશ્ચર્ય છે કે; જે દ્વેષથી દુરંત એવો આ દોષ ઉત્પન્ન થાય છે.

રાગથી દ્વેષ થાય છે.

દ્વેષથી વૈરનો સંબધ થાય છે.

વૈરથી પ્રાણીઓના ઘાત થાય છે.

પ્રાણીઓના ઘાતથી ગુરુ એવા પાપકર્મોનો બંધ થાય છે.

પાપકર્મથી ભારે થયેલા પ્રાણીઓ તિર્યંચ તેમજ નરકના દારૂણ દુઃખોમાં પડે છે.

દુઃખથી પીડાયેલા તેઓ પાપકર્મ કરીને પુનઃ સંસાર ભ્રમણ કરે છે.

નરકમાંથી નીકળીને તિર્યંચમાં અને તિર્યંચમાંથી પુનઃ નરકમાં ગમન કરતો જીવ, સેંકડો દુઃખોથી ભરેલા ભવસાગરમાં વારંવાર ભ્રમણ કરે છે.

હે ભવ્યાત્માઓ ! આ પ્રમાણે દારૂણ એવી ભવસ્થિતિને જાણી રાગદ્વેષનો તમે ત્યાગ કરો. જેથી સેંકડો ભવોના કલેશમય સંસારસાગરને તમે ઉતરી જાઓ.

હે ભવ્યાત્માઓ ! આ જગત્માં શ્રીજિનેંદ્ર ભગવાનને બલવાન એવા પણ જે રાગાદિક શત્રુઓને પોતાના આત્મિક બલવડે અત્યંત જીતી લીધા છે, તેઓને જે જડબુદ્ધિવાળા પુરુષો પોતાના મનોગૃહની અંદર પોષે છે, તેવા મૂઢ પ્રાણીઓને જગત્પતિ એવા શ્રીવીતરાગ પરમાત્મા કેવી રીતે પ્રસન્ન થાય ? અર્થાત્ તેઓ શી રીતે શિવસુખ પામે !" વસ્તુતઃ ન જ પામે.

મદનવેગને શિક્ષા

હવે ખડ્ગ ઉગામી ઊભી રહેલી સ્ત્રીને જોઇ વિસ્મત થયેલો રાજા પણ વિચારમાં પડયો આ ધૃષ્ટાએ મને મારવા માટે અહીં કેવી રીતે પ્રવેશ કર્યો ?

એમ ચકિત થયેલા રાજાએ ભંયકર હુંકારા સાથે સ્તંભિની વિદ્યાવડે તે દુષ્ટાનો દેહ એકદમ સ્તબ્ધ કરી નાખ્યો. જેથી તે ચિત્રમાં રહેલી મૂર્ત્તિની માફક ચેષ્ટા-રહિત થઈ ગઇ.

દેવી પણ પોતાના હૃદયમાં વિસ્મિત થઈ બોલી.

હે લલિતે ! તેં આ શું આરંભ્યુ છે ! હે પાપે ! રાજાનો ઘાત કરવા માટે તને કયા દુષ્ટપુરુષે મોકલી છે !

રાજા બોલ્યો. સ્ત્રીને વિષે આટલું બધુ સાહસ સંભવતું નથી. માટે હે દેવિ કોઇ પણ આ દુષ્ટપુરૂષ હોવો જોઇએ.

એનો કાળ હવે આવી પહોંચ્યો છે, એમ કહી રાજાએ પરવિદ્યાઓનો ઉચ્છેદ કરનારી વિદ્યાનું આવાહન

કરી ઘણા કાળની સાધેલી તે દુષ્ટની વિદ્યાઓનો વિચ્છેદ કર્યો. તેથી તે પોતાના સ્વરૂપમાં આવી ગયો. અર્થાત્ મદનવેગપણે પ્રગટ થયો.

તેનું શરીર ભયથી બહુ કંપવા લાગ્યું, તેને જોઈ રાજાએ કહ્યું.

હે દેવિ ! એની આકૃતિ કુમારના સરખી દેખાય છે. માટે જરૂર આ તારો પ્રથમ ઉત્પન્ન થયેલો મોટો પુત્ર છે, પરંતુ આ કોઈ અન્ય નથી,

એ પ્રમાણે રાજાનું વચન સાંભળી દેવી ભય, લજ્જા અને શોકથી સંભ્રાન્ત થઈ ગઇ,

હવે તેજ દિવસે **સુરનંદન** નગરમાંથી **સ્ફુટવચન** નામે **જલકાંત** રાજાનો દૂત રાજકાર્યને માટે ત્યાં આવેલો હતો. તેને બોલાવીને રાજાએ પૂછ્યું.

હે ભદ્ર ! **પ્રિયવંદાની** સાથે જન્મ્યો કે તરત જ જે પુત્રને નૈમિત્તિકના કહેવાથી અમે મોકલાવ્યો હતો, તે આ છે ?

સ્ફુટવચન બોલ્યો. હા તે જ આ **મદનવેગ** છે.

એ પ્રમાણે દૂતનું વચન સાંભળી રાજા શોકાતુર થઇ ગયો અને ચિંતવવા લાગ્યો.

હજુ પણ પૂર્વનો વિરોધી દુષ્ટ શત્રુ મારો પૃષ્ટ ભાગ છોડતો નથી.

સંસારની સ્થિતિને ધિક્કાર છે. પોતાનો પુત્ર પણ છતાં દારૂણ વૈરી થયો છે. જુઓ તો ખરા ! કારણ સિવાય ક્રોધને વશ થયેલો આ દુરાત્મા આવું પાપ કરે છે.

બાદ મંત્રીઓની સાથે ખાનગી વિચાર કરીને તેમના કહેવાથી રાજાએ **મદનવેગને** કાષ્ટગૃહમાં નાખી દીધો અને તેની રક્ષા માટે પોતાના હિતકારી પુરૂષોનો નિયોગ કર્યો.

પરંતુ કલુષિત છે હૃદય જેનું અને પોતાના પિતૃ-વધના પરિણામમાં નિશ્ચિત છે બુદ્ધિ જેની અને ક્રોધાગ્નિથી ધમધમતો એવો **મદનવેગ** મહા કષ્ટથી દિવસો નિર્ગમન કરવા લાગ્યો.

મદનવેગનો છુટકારો

અન્યદા પર્યુષણપર્વનો સમય આવ્યો. ભૂપતિની આજ્ઞા થવાથી કારાગૃહમાં રહેલા બંદીજનોને મુક્ત કર્યા.

બાદ કાષ્ટગૃહમાં રહેલા પોતાના જ્યેષ્ઠપુત્રનું રાજાને સ્મરણ થયું અને તે વિચાર કરવા લાગ્યો.

હા ! હા ! મહાકષ્ટ છે. મારે આ પ્રમાણે પુત્રને દુઃખ આપવું યોગ્ય ગણાય નહીં.

જો કે તે મારો પુત્ર બહુ અપરાધી તેમજ દુરાચારી છે, છતાં પણ તેને રૂંધી રાખીને હું મારા રાજવૈભવના સુખને વખાણતો નથી.

વળી જ્યાં સુધી તે બંધનમાં રહેલો છે, ત્યાં સુધી મારૂં પર્યૂષણ પર્વ પણ ખરેખર શુદ્ધ ગણાય નહીં.

એમ વિચાર કરી રાજાએ તને બંધનમાંથી મુક્ત કર્યો. અને મધુર વચનો વડે તને બોલાવીને કહ્યું.

હે પુત્ર ! હવે તું ખેદ કરીશ નહીં, કુમારને લાયક એવી ભોગ્ય વસ્તુઓમાં તું આનંદ માન.

હું જ્યારે દીક્ષા ગ્રહણ કરીશ, તે સમયે પોતાના રાજ્ય સ્થાનમાં તને સ્થાપન કરીશ. એમ કહી તેને સો ગામડાં આપીને પોતાના વિશ્વાસુ પુરૂષોની સાથે છેવટના દેશમાં મોકલી દીધો. તો પણ તેના હૃદયમાંથી વેરભાવ ગયો નહિ.

ધૂમ્રમુખ યોગી

દૂરદેશમાં રહેલો અને કૃતઘ્ન એવો તે **મદનવેગ** વિવિધ પ્રકારના ઉપાયો વડે પોતાના પિતાને મારવાની ચિંતા કર્યા કરે છે. કૂટકર્મોનું ચિંતવન કરતો એવો તે દુષ્ટ રાત્રીએ ઉંઘતો પણ નથી.

પર્વતની ખીણમાં પલ્લીની પાસે રહેતો, તેવામાં ત્યાં મૂળીઆઓની શોધ કરતો **ધૂમ્રમુખ** નામે એક યોગી આવ્યો.

મદનવેગે શયન, આસન, પાન અને ભોજનાદિક વડે બહુ તેની સેવા કરી. તેથી તે યોગી તેની ઉપર પ્રસન્ન થયો.

તેણે **મદનવેગને** અદૃશ્ય અંજન આપ્યું. બંને નેત્રોમાં અંજન આંજ્યું એટલે તે અદૃશ્યરૂપ થઇ ગયો. પછી તે હૃદયમાં વિચારવા લાગ્યો

હવે હું વૈરીને મારી નાખું. જેથી મારૂં મન શાંત થાય. કારણ કે, મારા પોતાના હાથથી પિતાને મારવા એજ મારો રાજ્ય લાભ છે. વૈરીએ આપેલું રાજ્ય ભોગવવું, તે નરકસમાન ગણાય છે.

અદૃશ્ય મદનવેગ

હવે તે **મદનવેગ** અદૃશ્યરૂપવડે પોતાની પાસમાં રહેલા સમસ્ત રક્ષકપુરૂષોને છેતરી હસ્તિનાપુરમાં આવ્યો અને રાજાનાં છિદ્રો જોયા કરે છે.

અદૃશ્યરૂપે તે જાજરાની અંદર રહ્યો હતો, તેવામાં શરીર ચિંતાને માટે ત્યાં આવેલા રાજાને દિવ્ય મણિ રહિત જોઈ તેના પૃષ્ઠ ભાગમાં તેણે છરીનો ઘા કર્યો કે; તરત જ તે દુષ્ટ તો અંજનના પ્રભાવથી જોવામાં આવ્યો નહીં, પરંતુ રાજા પોતે અંદરથી એકદમ બહાર નીકળી ગયો. અને તેણે કહ્યું કે; જાજરૂનાં દ્વાર બંધ કરી દો. કારણ કે; એની અંદર અદૃશ્યરૂપે કોઇપણ દુષ્ટ પુરુષ રહેલો છે.

એ પ્રમાણે નરેંદ્રની બૂમ સાંભળી, મારો ! મારો ! એમ બોલતા અને ભાલાઓને ધારણ કરતા એવા રક્ષક-પુરુષોએ એકદમ તેનાં દ્વાર બંધ કરી દીધાં.

મદનવેગ મરણના ભયને લીધે તે જાજરૂરવિષ્ટાના કૂવામાં પડી ગયો.

ક્રૂર પરિણામવાળો પુરુષ વૈરી લોકોનું પાપ (ખરાબ) ચિંતવે છે, પરંતુ અન્યના પુણ્યો વડે તેને પોતાને જ દુઃખ આવી પડે છે.

અંગરક્ષકોએ ઔષધિના ઉપચારપૂર્વક વ્રણ (ઘા)ને રૂઝાવનાર પાટો તે જ વખતે બાંધી દીધો. તેમજ દિવ્ય-મણિના જલસિંચનથી ભૂપતિની બેહના દૂર થઈ ગઈ.

તેટલામાં દેશાંતરથી પોતે મોકલેલા રક્ષકો પણ ત્યાં આવી પહોંચ્યા અને તેઓ બોલ્યા;

હેનરદેવ ! તે **મદનવેગ** અદશ્ય થઈ ને અમારી પાસેથી નાઠો છે.

એ પ્રમાણે સંસારની વિચિત્રતા જોઈ રાજા સંવિગ્ન થઈ વિચાર કરવા લાગ્યો. પુત્રનું આવું આચરણ હું જાણું છું, છતાં પણ હજુ હું ધર્મકાર્યમાં ઉદ્યુક્ત થતો નથી, એ કેટલી મારી ભૂલ ગણાય ?

મકરકેતુનો વૈરાગ્ય

વિષયભોગમાં આસક્ત અને જૈનધર્મરહિત એવો હું જો આર્ત્તધ્યાનમાં પડી કોઇપણ કારણને લીધે તે વખતે મરી ગયો હોત તો મારી શી ગતિ થાત ?

એક દિવસે રાજા સભામાં બેઠો હતો; તેવા પ્રસંગે પોતાનો સેવક વિદ્યાધર ત્યાં આવ્યો અને વિનંતિ કરવા લાગ્યો,

હે દેવ ! **કુસુમાકર** ઉદ્યાનમાં **ચિત્રવેગસૂરિ** પધાર્યા છે. તે સાંભળી રાજા બહુ ખુશી થયો. તેને પારિતોષિક આપીને વિદાય કર્યો.

પછી રાજા અંતઃપુરસહિત વંદન કરવા માટે સૂરીશ્વરની પાસે ગયો,

ત્રણ પ્રદક્ષિણા કરી વિનયવડે નમ્ર છે મસ્તકરૂપી કમલ જેનું એવા મકરકેતુએ મુનીંદ્રને વંદન કર્યું.

તેમજ અમરકેતુ વગેરે અન્ય મુનિવરોને ભક્તિવડે વંદન કરીને પરિવાર સહિત રાજા સૂરિની આગળ બેઠો.

ચિત્રવેગ સૂરિ

વિશુદ્ધચારિત્રપાલક, લોકોપકારી અને પરમ કૃપાળુ ચિત્રવેગસૂરિએ દેશનાનો પ્રારંભ કર્યો.

હે ભવ્યાત્માઓ ! આ અસાર સંસારમાં દુર્લભ એવો મનુષ્યભવ પામીને રાગ દ્વેષનો તમે ત્યાગ કરો, કારણ કે જ્યાં સુધી રાગ દ્વેષરૂપી શત્રુઓનો હૃદયગૃહમાં વાસ હોય છે, ત્યાં સુધી ધર્મમિત્રનો સમાગમ થવો બહુ દુર્લભ છે, વળી ધર્મ વિનાના મનુષ્યોને પશુ સમાન જાણવા. અન્યત્ર પણ કહ્યું છે

"હે જીજ્ઞાસુઓ ! આહાર, નિદ્રા, ભય અને મૈથુન, એ ચારે ક્રિયાઓ મનુષ્ય અને પશુજાતિમાં સમાનભાવે રહેલી છે. માત્ર મનુષ્યોને ધર્મક્રિયા અધિક હોય છે. તેથી તેઓ પશુ કરતાં વિશેષ પ્રભાવિક ગણાય છે. માટે જેઓ એટલા માટે ધર્મરહિત હોય છે, તેમને તો પશુસમાન જ ગણેલ છે.

હે મુમુક્ષુઓ ! ભવોદધિ તરવાને નૌકાસમાન એવી ધર્મક્રિયામાં તમારે પ્રમાદ કરવો નહીં. પ્રમાદ સેવનથી મોટા અનર્થ સેવવા પડે છે.

હે સજ્જનો ! આ દુનિયામાં મોટામાં મોટો શત્રુ અને મોટામાં મોટું વિઘ્ન કોણ છે ? તો બરોબર પ્રમાદ

જ છે; કારણ કે; બાહ્ય શત્રુ અને વિષ તો એક વખત દુઃખ સહન કરવા આપી શકે છે અને પ્રમાદજન્ય પીડા તો ભવાંતરમાં પણ વારંવાર લાગુ પડે છે.

પ્રમાદને મોક્ષપુરીનો કટ્ટો ચોર ગણ્યો છે.

પ્રમાદને નરકસ્થાન સમાન ગણવામાં આવ્યો છે. માટે આવા અનર્થદાયક પ્રમાદથી દૂર રહેવું.

હે ધર્માધિકારિઓ ! પ્રમાદને મોટો વિષધર (સર્પ)ની ઉપમા આપી છે, પરંતુ તેઓમાં મોટું અંતર દેખાય છે;

કારણ કે, પ્રમાદ સેવનથી દરેક ભવમાં મૃત્યુ થાય છે અને સર્પથી તો થાય અથવા ન પણ થાય.

માટે શાસ્ત્રકારોએ પ્રમાદ સેવનનો સર્વથા નિષેધ કરેલો છે. એમ જાણી શ્રીવીતરાગ ભગવાને પ્રરૂપેલા ધર્મનું તમે આરાધન કરો.

એ પ્રમાણે સંસારનો ઉદ્વેગ કરનારી, રાગદ્વેષ રૂપી શત્રુઓને નિર્મૂલ કરનારી અને વૈરાગ્યજનક ધર્મદેશના ગુરુમહારાજે આપી.

તે સાંભળી વિરક્ત થયેલો રાજા બોલ્યો.

હે ભગવન્ ! મારો પુત્ર મદનવેગ મારી ઉપર વૈર કરે છે, તેનું શું કારણ ? અને હાલમાં તે ક્યાં છે ?

સૂરિમહારાજ બોલ્યા. હે નરેંદ્ર ! જે સુબંધુનો જીવ કાલબાહુસુર થયો હતો, તે તારી વિદ્યાઓનો વિચ્છેદ કરી સુરસુંદરીનું હરણ કરીને જતો હતો તે સમયે

તેનું આયુષ ક્ષીણ થવાથી ચ્યવીને વનમહિષ (જંગલી-પાડો) થયો.

પછી તે અરણ્યમાં દાવાનળથી બળીને મરી ગયો.

ત્યાર પછી તે તીક્ષ્ણ તુંડવાળા અનેક કીડાઓથી વ્યાકુલ અને ક્ષુધાતુર એવી કુતરીના ગર્ભમાં કુતરાપણે ઉત્પન્ન થયો.

તેને જન્મે પાંચદિવસ થયા એટલે તેની મા મરી ગઈ. ત્યારબાદ બચ્ચાઓની પીડાના દુઃખને લીધે બહુ ભુખનો માર્યો તેણીનો પુત્ર તે બીચારો કુતરો પણ મરી ગયો.

ત્યાંથી તે બ્રાહ્મણને ત્યાં ગળીઓ બળદ થઈને જન્મ્યો.

ત્યાં પણ તેને ચલાવવા માટે પરોણા આદિકના માારથી તે બહુ પીડાવા લાગ્યો.

બાદ બ્રાહ્મણ પણ મથાકૂટ કરીને થાકયો એટલે તેણે ઘાંચીના ઘેર તેને વેચી માર્યો.

ઘાંચી પણ રાત્રીદિવસ ઘાંણીમાં તેને ચલાવે છે. ક્ષણ માત્ર પણ છોડતો નથી. જેથી તે બળદ બહુ દુર્બલ થઈ ગયો.

પછી તેના શરીરે કીડા પડયા અને આખું શરીર સડી ગયું. છેવટે તે બહુ સમય સુધી પગ ઘસીને મરી ગયો.

બાદ ગોશીર્ષચંદનનાં અનેકવૃક્ષોથી વ્યાપ્ત એવા હિમાલયમાં તે સર્પ થયો.

હે નરેંદ્ર ! **સુરસુંદરી**ની સાથે તું પ્રશ્નોત્તર કરતો હતો, તે પ્રસંગે તેણે પૂર્વના વૈરથી તને દંશ કર્યો.

પછી તારા અંગરક્ષકોએ તેને મારી નાખ્યો.

ત્યાંથી મરીને તે **મદનવેગ** થયો, તે તારો પુત્ર છતાં પણ પૂર્વના વૈરથી તને મારવામાં ઉદ્યુક્ત થયો. અદૃશ્ય રૂપ કરીને જાજરાની અંદર તને મારવા આવ્યો, તે સમયે ભાલાઓથી હણાયેલો તે ભયને લીધે વિષ્ઠાના ખાડામાં પડી ગયો.

વિષ્ઠાના કીડાની માફક તે તેમાં ઘણો વખત રહ્યો.

પછી કોઈક સમયે અશુદ્ધિને સાફ કરનાર પુરુષોએ તેનું દ્વાર જ્યારે ખુલ્લું કર્યું, ત્યારે ત્યાંથી રાત્રીના સમયે નીકળીને હે રાજન્ ! તારા ભયથી તે બહાર નાશી ગયો.

પાપના ઉદય વડે અનુચિત આહાર કરવાથી તેને કોઢરોગ થયો છે. અને તેના દુઃખથી પીડાયેલો તે હાલમાં બહુ દુઃખી થઈ ફર્યા કરે છે.

મકરકેતુનો વૈરાગ્ય

એ પ્રમાણે સુરીંદ્રનું વચન સાંભળી, વૈરાગ્યભાવથી ઉત્પન્ન થયો છે વિરતિનો પરિણામ જેને એવો **મકરકેતુ** રાજા **સુરસુંદરી**ના દ્વિતીયપુત્ર **અનંગકેતુ**ને રાજ્યાસને સ્થાપન કરી પોતે ગૃહકાર્યમાંથી નિવૃત્ત થયો.

બાદ તેણે જિનેંદ્ર ભગવાનની પૂજા કરી. વિવિધ પ્રકારનાં દીનાદિકને દાન આપ્યાં. વસ્ત્રાદિક વડે મુનિ સંઘની ભક્તિ કરી.

પછી તીવ્ર સંવેગધારી એવા ભૂપતિએ બહુ વિદ્યાધરો સહિત શુભલગ્નમાં **ચિત્રવેગસૂરિ**ના ચરણકમલમાં દીક્ષા ગ્રહણ કરી.

સુરસુંદરી એ પણ વૈરથી ઉત્પન્ન થયેલું દારૂણ દુઃખ સાંભળીને **કનકમાલા** ગુરુણીની પાસે દીક્ષા વ્રત લીધું.

એ પ્રમાણે વ્રતની સિદ્ધિ વડે ત્રણે પૂર્વભવની બહેનો અહીં એકઠી થઇ. તેમજ તેમના પૂર્વ ભવના સ્વામી એવા તે ત્રણે મિત્રોનો મેળાપ થયો.

મકરકેતુ મુનિ

મુનિશ્રી **ચિત્રગતિ** વાચક (ઉપાધ્યાય)ની પાસે **મકરકેતુ** મુનિ અંગ તથા અન્ય સૂત્રોનો અભ્યાસ કરવા લાગ્યા.

અનુક્રમે **ચિત્રવેગ** આચાર્યની પાસે મૂલ અર્થ સાંભળવા લાગ્યા. કેટલાક સમયમાં બુદ્ધિની તીવ્રતાને લીધે તે મહાસત્વ સૂત્રોના અર્થની તુલના કરવા લાગ્યા.

તપની ભાવના વડે ભાવિત છે આત્મા જેમનો, એવા તે મુનિ સત્વભાવનાનો અભ્યાસ કરતા છતાં રાત્રીએ પ્રેતવન (સ્મશાન)માં કાયોત્સર્ગ કરવા લાગ્યા.

ચંપાનગરી

તેટલામાં વિહાર કરતા શ્રીમાન્ **ચિત્રવેગ** આચાર્ય **ચંપાપુરી**માં ગયા. **મકરકેતુ** મુનિ હંમેશાં સ્મશાન-ભૂમિમાં રહે છે.

ચિત્રગતિ ઉપાધ્યાય પણ વાચનાના સમયે મુનિઓના મધ્યભાગમાં બેઠા હતા, તે સમયે વિકથામાં પ્રમત્ત થયેલા તેમને જાણીને કોઇ એક દેવ હરી ગયો.

બાદ વિસ્મિત થયેલા મુનિઓ ગુરુની પાસે ગયા અને ઉપાધ્યાયના અપહરણની વાર્તા તેમને સંભળાવી.

ગુરુએ પૂર્વગત જ્ઞાનના ઉપયોગ વડે તે વૈરીનું વૃતાંત જાણીને સર્વ મુનિઓ તથા સાધ્વીઓ સહિત પ્રવર્ત્તિનીને ઉદ્દેશીને કહ્યુ

હે સાધુ સાધ્વીઓ ! વૈરબુદ્ધિનો બહુ દૂરથી તમે ત્યાગ કરો. કારણ કે વૈરને લીધે અનેક દુઃખો ભોગવવાં પડે છે.

પરભવમાં રૂષ્ટ થયેલો **ધનપતિ**નો જીવ જે થયો હતો, તે પૂર્વના વૈરને લીધે મહા ક્રોધ વડે **મોહિલ**નો જીવ જે **સુમંગલ** થયો, તેને માનુષ્યોત્તર પર્વતની અપર બાજુએ મૂકી આવ્યો હતો.

તે ત્યાંથી ચાલતો ચાલતો નિર્જન અરણ્યમાં આવ્યો, એટલે ત્યાં આગળ તેને કુક્કુટ જાતિના સર્પે દંશ કર્યો. જેથી તે મરીને સંસારમાં પરિભ્રમણ કરવા લાગ્યો.

પછી નારક, તિર્યંચ અને મનુષ્યના ભવોમાં દારૂણ દુઃખો અનુભવીને **સિદ્ધપુર** નગરમાં **સુરથ**ના નામે તે **કનકવતી**નો પુત્ર થયો.

બાદ ક્ષયના રોગથી તેના **સુગ્રીવ** રાજા મરી ગયા એટલે તે રાજા થયો.

તેના કર્મના ઉદય વડે તે રાજ્યને **સુપ્રતિષ્ઠે** પોતાને સ્વાધીન કર્યું. રાજ્યથી ભ્રષ્ટ થયેલો તે **સુરથ ચંપાનગરી**માં આવ્યો.

કીર્તિધર્મ ભૂપતિએ પોતાનો ભાણેજ જાણી તેને દેશના છેવટના ભાગમાં સો ગામ આપ્યાં.

ત્યાં પણ તે બહુ અનીતિ કરવા લાગ્યો.

બાદ **ભીમ** નામે **કીર્તિધર્મ** રાજાનો પુત્ર હતો. તેણે તે દુરાચારીને ગામડાં ખુંચી લઈને દેશ બહાર કર્યો.

પછી પરિભ્રમણ કરતો તે **સુરથ** બહુ દુઃખી થયો. છેવટે અજ્ઞાનતપ કરીને તે જ્યોતિષવાસી શનિશ્ચર દેવ થયો.

ત્યાં તે પોતાનું પૂર્વ વૈર સંભારીને અહીં **ચિત્રગતિ** મુનિની પાસે આવ્યો અને તેમનાં હંમેશાં છિદ્ર ગવેષણ કરતો હતો.

આજે વિકથામાં પ્રમાદ સેવતા જોઇ તે દુષ્ટ તેમને ઉપાડી ગયો અને લવણ સમુદ્રમાં તેમને નાખી દીધા છે.

વળી શુભ પરિણામવાળા તે મુનિ શુકલ ધ્યાન વડે કર્માંશને બાળી હાલમાં અંતકૃત કેવલી ભગવાન થયા છે. જેમને સંસારનો ભય હવે રહ્યો નહીં.

એ પ્રમાણે આચાર્ય મહારાજનું વચન સાંભળી મુનિઓ તથા સાધ્વીઓ પરમ વૈરાગ્ય ભાવના ભાવતાં હતાં.

તેટલામાં સ્મશાન ભૂમિમાંથી શ્રી **અમરકેતુ** મુનિ ત્યાં આવ્યા અને તેમણે કહ્યું

હે ભગવન્ ! ગુરુની આજ્ઞા વડે પ્રભાત કાલમાં **ધનદેવ** સહિત હું પ્રેતવનમાં **મકરકેતુ** મુનિની પાસે ગયો હતો. પરંતુ ત્યાં આગળ તે મારા જોવામાં આવ્યા નહીં, પણ જાજવલ્યમાન અંગારાવાળી એક ચિતા બળતી જોઇ. તેમજ ત્યાં આગળ ગંધોદક અને પુષ્પોનો સુગંધ બહુ જ પ્રસરી રહ્યો છે.

આ વાત સાંભળી આચાર્યશ્રીનો સંવેગ દ્વિગુણ થઈ ગયો.

બાદ પોતાના જ્ઞાન વડે સત્ય હકીકત જાણીને સૂરિ પણ કહેવા લાગ્યા, હે મુનિ !

બહુ દુઃખથી પીડાતો તે **મદનવેગ** ચાલતો ચાલતો અહીં આવ્યો અને પ્રેતવનમાં કાયોત્સર્ગમાં ઊભેલા પોતાના પિતાને જોઇ તે પાપી ચિંતવવા લાગ્યો.

હવે આ વૈરીને હણીને પોતાનો જન્મ હું સફલ કરૂં. ત્યાર બાદ ત્યાં આગળ લાકડા ભરેલું ગાડું લઈ કોઇક બેડુત જતો હશે.

તેવામાં તે પ્રેતવનની નજીકમાં તે ગાડું ભાંગી ગયું, જેથી તે બેદુત અસુર મોડું થવાને લીધે પોતાના બળદ લઇ ગાડાને ત્યાં પડતું મૂકી ગામમાં ચાલ્યો ગયો.

પછી બહુ અંધારૂ થયું એટલે તે પાપીએ ગાડામાંથી લાકડા લાવીને મુનિની ઉપર ખડકીને અગ્નિ સળગાવી સાધુને બાળી મૂક્યા.

અગ્નિએ દેહને બાળ્યો અને પોતે પણ સમભાવના રહીને શુકલ ધ્યાન વડે કર્મોને બાળી નાખ્યાં. પછી તે અંતકૃત કેવલી ભગવાન્ થયા.

આ પ્રમાણે ઉપદેશ આપતા અને ઉલ્લાસમાન છે વીર્ય જેમનું એવા **ચિત્રવેગ** સૂરિનાં ચાર કર્મ ક્ષીણ થઈ ગયાં, જેથી કેવલજ્ઞાન પ્રગટ થયું.

તેમજ શુભભાવમાં રહેલા **શ્રી અમરકેતુ** મુનિ, **ધનદેવમુનિ, કનકમાલા કમલાવતી, સુરસુંદરી** અને **પ્રિયંગુમંજરી** એ સર્વેને પણ વિશુદ્ધ એવું કેવલજ્ઞાન પ્રગટ થયું.

તે સમયે દેવોએ અપૂર્વ વૈભવ સાથે કેવલજ્ઞાનનો મહોત્સવ કર્યો અને ઉચિત સમયે તે સર્વે મોક્ષ સુખ પામ્યાં.

વળી પોતાના દુષ્ટ કર્મ વડે **મદનવેગ** અનંત સંસાર પરિભ્રમણ કરશે.

માટે હે ભવ્યાત્માઓ ! રાગ અને દ્વેષરૂપી કટ્ટા શત્રુઓનો તમે સર્વથા ત્યાગ કરો.

વળી હે મહાશયો ! રાગદ્વેષથી વિમુક્ત એવા જિનેંદ્ર ભગવાન્‌ને તમે ભક્તિ પૂર્વક પ્રણામ કરો જેથી આ ભવ સમુદ્રનો પાર આવી જાય.

એ પ્રમાણે બોધ આપતી આ પ્રાચીન **સુરસુંદરી** કથા સમાપ્ત કરવામાં આવે છે.

ગ્રંથકાર સૂચના

હંમેશાં જેમના અવલોકનમાં આસક્ત થયેલા, વળી તેઓમાં જ લીન થયેલા અને ત્યાગ કર્યા છે અન્ય પ્રકારના વ્યાપાર જેમણે એવા પુરુષો, અર્થ (પદાર્થ=ધન) પ્રદાન રહિત છતા જેમના વચનને પણ પામતા નથી, તેમજ પોતાનો અર્થ (પદાર્થ=ધન) આપે છે, તો પણ [સ્નેહ] હીન અને આસક્ત ચિત્તવાળી જેઓ મુગ્ધ પુરુષોને પોતાનો સદ્‌ભાવ આપતી નથી, વળી સુવર્ણ [સોનું=અક્ષર] રત્ન [રચના=રત્નો] વડે ઉચ્છળતી છે શોભા જેમની એવી વારાંગનાઓ સરખી કથાઓમાં જે કે વિદગ્ધ [ચતુર] પુરુષોનું હૃદય હંમેશાં આસક્ત હોય છે, તો પણ સરલ એવા હે સજ્જન પુરૂષો ! અહીં મારી એક વિનતિ તમે સાંભળો !

અલંકાર રહિત, ઈચ્છા પ્રમાણે વર્તનારી, સુંદર અને કોમળ છે, શરીર જેનું, તેમ જ દરિદ્રીની ઉત્તમ એવી કુલ બાલિકા સરખી આ **સુરસુંદરી** કથા અન્યમાં આસક્ત છે, તો પણ તેમને નિવારીને હે સજ્જનો ! તમારી આગળ મેં મૂકી છે, માટે હે સત્પુરુષો ! અવિદગ્ધ

[અકુશલ=અપ્રસિદ્ધ] છતાં પણ તે વિદગ્ધ (પ્રસિદ્ધ) થાય તેવી રીતે તમે પ્રયત્ન કરો.

ગ્રંથકાર પ્રશસ્તિ

જગદ્બંધુ, તીર્થાધિપતિ, વીતરાગ અને સંસાર સમુદ્રમાં ડૂબતા પ્રાણીઓને તારવામાં યાનપાત્ર સમાન શ્રી **વર્દ્ધમાન** નામે જિનેંદ્ર ભગવાન્ હતા.

તેમના શિષ્ય **શ્રી સુધર્મ** સ્વામી થયા.

તેમના શિષ્ય શ્રી **જંબૂસ્વામી** થયા,

તેમના શિષ્ય શ્રી **પ્રભવ** સ્વામી થયા,

એ પ્રમાણે આચાર્યોની પરંપરાએ શ્રી **વજ્રસ્વામી** થયા,

તેમની શાખામાં લોક વિખ્યાત શ્રી **જિનેશ્વરસૂરિ** થયા.

તેમના શિષ્ય શ્રી **અહ્લક** ઉપાધ્યાય થયા, જેમના ગુણો બહુ નિર્મલ હતા.

વળી તેમના શિષ્ય દોષ [દોષ=રાત્રી] નો અંત કરનાર અને નિરંતર ગુણ સંપદા વડે વૃદ્ધિ પામતા સૂર્ય સમાન **શ્રી વર્દ્ધમાનસૂરિ** થયા.

જેમનો ધર્મ ઉપર બહુ જ રાગ હતો અને પાપ ક્રિયામાં દ્વેષ હતો. તેમજ જેમની મિત્રો અને શત્રુઓ ઉપર સમાન દૃષ્ટિ હતી. એવા તે મુનીંદ્રના બે શિષ્યો થયા હતા.

વળી તે સૂરિ દુર્વાર એવા વાદીરૂપ હસ્તીઓનો ગર્વ ઉતારવામાં પ્રચંડ કેસરી સમાન અને શ્રીજિનેંદ્ર ભગવાને પ્રરુપેલા પવિત્ર સિદ્ધાંતોની પ્રરુપણા કરવામાં પ્રવીણ હતા.

તેમજ અત્યંત રમણીય છે પદ સંચાર જેના, સુંદર છે વાણી જેની, શ્લેષ, (શબ્દાલંકાર=વિશેષ આલિંગન) માં અતિ સુકોમલ, વિવિધ અલંકારો વડે વિભૂષિત, સારા વર્ણોની રચનાઓ વડે મનોહર છે સમસ્ત અંગ જેનાં અને લોકોના મનને આનંદ આપનાર લીલાવતી નામે જેમની રચેલી કથા, સુવર્ણ અને રત્નોવડે વિભૂષિત છે, સમગ્ર અવયવ જેના એવી વારાંગનાની માફક જયવંત વર્ત્તે છે, એવા તે આચાર્યના બે શિષ્યો પૈકી એક તો શ્રીજિનેશ્વરસુરિ સૂર્યસમાન ઉત્કટપ્રતાપી હતા.

અને બીજા તેમના સહોદર **શ્રીબુદ્ધિસાગરસૂરિ** હતા. શરદ્ઋતુના પૂર્ણ ચંદ્રસમાન મનોહર એવા પોતાના યશોરાશિ વડે પૂર્ણ કર્યું છે ભુવનતલ જેમણે, અને **શ્રીજિનેંદ્ર**ભાષિત સિદ્ધાંતોના તત્વરાશિમાં આસકત છે હૃદય જેમનું એવા જે **બુદ્ધિસાગર**સૂરિના મુખરૂપી ગુફામાંથી નિકળેલી, અર્થરૂપી જલવડે સુશોભિત, પંડિતરૂપી ચક્રવાકો વડે સંયુક્ત, દુર્ગાહ્ય એવા અર્થરૂપી તરંગો જેમાં ઉછળી રહ્યા છે; તટસ્થાનમાં રહેલા અપશબ્દરૂપી વૃક્ષોને નિર્મૂલ કરવામાં સમર્થ અને અધ્યાયરૂપી ઉત્તમ સોપાન (પગથીયાં) નીરચના જેમાં રહેલી છે એવી નદી સમાન ઉત્તમ પ્રકારની પંચગ્રંથી (પાંચગ્રંથો) વિદ્યમાન છે.

તેમના શિષ્યપ્રવર **શ્રીધનેશ્વરમુનિએ** ચદ્રાવલીપુરીમાં રહીને પોતાના ગુરુશ્રીની આજ્ઞાવડે વિક્રમ સંવત્ ૧૦૯૫ ની સાલમાં ભાદ્રપદ કૃષ્ણ દ્વિતીયા ગુરુવારે ધનિષ્ઠા નક્ષત્રમાં આ સુરસુંદરી કથા પાઠાંતરવડે પ્રાકૃત [માગધી] ભાષામાં રચી છે, શ્રી માન ધનેશ્વરમુનિએ રચેલી સુબોધ ગાથાઓના સમૂહ વડે મનોહર અને રાગ તથા દ્વેષરૂપી અગ્નિ અને વિષધરને શાંત કરવામાં જળ અને મંત્રસમાન આ

સુરસુંદરી કથા સમાપ્ત થઈ.

સુંદર અને રસપ્રચુર શ્રી સુરસુંદરી ચરિત્રનું વાચન અને મનન કરી, વાચકો હૃદયના મેલને દૂર કરી માનવ જન્મને સફલ કરવા પ્રયત્ન કરી, ગ્રન્થકાર મહાત્માશ્રીનો પ્રયત્ન સફળ કરો એજ અન્તરની શુભેચ્છા સહ શુભ ભાવના.....શિવમસ્તુ સર્વ જગતઃ ।

સમાપ્ત



અધ્યાત્મિક તથા કથા સાહિત્ય

પાંચો____પંચાવો____પસાવો_____

પુસ્તક નું નામ	કિંમત	રચયિતા
૧ કર્મયોગ ભા-૧-૨-૩	૫૦-૦૦	પૂ.આ શ્રીમદ્ બુધ્ધિસાગર સૂરિ.મ.સા.
૨ આનંદઘન પદ ભાવાર્થ ભા.૧.૨.૩	૭૫-૦૦	" "
૩ ભક્તિ પદસંગ્રહ	૫-૦૦	" "
૪ શ્રાવક ધર્મ સ્વરૂપ	૫-૦૦	" "
૫ ષડ્ દ્રવ્ય વિચાર	૫-૦૦	" "
૬ પરમાત્મ જ્યોતિ	૧૧-૦૦	" "
૭ પરમાત્મ દર્શન	૨૧-૦૦	" "
૮ તત્વ અને દ્રવ્ય	૧૦-૦૦	" "
૯ પાથેય	૫-૦૦	" "
૧૦ જિન સ્તુતિ-ચતુર્વિંશતિકા તથા ઐન્દ્ર સ્તુતિ	૧૦-૦૦	પૂ.આ.શ્રીમદ્ અમૃતસાગર સૂરિ.મ.સા. " "
૧૧ લઘુસ્તોત્ર રત્નાકર	૫-૦૦	" "
૧૨ તરંગાવતી (પ્રત) સંસ્કૃત	૨૦-૦૦	" "
૧૩ ગીત રત્નાકર	૫-૦૦	" "
૧૪ ગીત પ્રભાકર	૫-૦૦	" "
૧૫ આંબાઝરી આગ [ભીમસેન ચરિત્ર]	૨૦-૦૦	" "
૧૬ સુર સુંદરી ચરિત્ર-ભા-૧-૨	૪૦-૦૦	" "
૧૭ ઘંટાકર્ણ-કલ્પ [સંસ્કૃત-ગુજરાતી]	૨૦-૦૦	પૂ.આ શ્રીમદ્ શાન્તિ ચન્દ્રોપાધ્યાય સૂરિ.મ.સા

પ્રાપ્તિસ્થાન

- મહુડી જૈન શ્વે.મૂ.પૂ.ટ્રસ્ટ મહુડી તા.(વિજાપુર) ફોન.નં-૫૬
- શ્રી બુધ્ધિસાગર સૂરિ જૈન સમાધિ મંદિર,સ્ટેશનરોડ,વિજાપુર(ઉ.ગુ.) ૩૮૨૮૭૦,ફોન.૨૦૬
- શ્રી બુધ્ધિ-કીર્તિ-જ્ઞાન-પ્રકાશન ટ્રસ્ટ. ફોન.નં.૪૧૨૨૨૮.
  'સુલકોષા' નવપદ સોસાયટી, નવા વિકાસગૃહ સામે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
- નવનીત જે. મહેતા. સાગર પ્રીન્ટર્સ પાદશાહ કી પોળ,અમદાવાદ-૩૮૦૦૦૧.

મુદ્રક: દીલા પ્રીન્ટર્સ, અમદાવાદ-૨૦.